ગુજરાતી પંચની
૧૯૪૧ ની ભેટ

પ્રતિજ્ઞા

[illegible]

લેખક :

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી

મૂલ્ય રૂપિયા બે

'ગુજરાતી પંચ'ની ૧૯૪૧ ની ભેટ

પ્રતિજ્ઞા

[રહસ્યમય સામાજિક નવલકથા]

લેખકઃ

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી

: પ્રકાશક :

સોમાલાલ મંગળદાસ શાહ

અધિપતિ–'ગુજરાતી પંચ' ગાંધી માર્ગ, અમદાવાદ.

મુદ્રક અને પ્રકાશક :
સોમાલાલ મંગળદાસ શાહ

મુદ્રણાલય :
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ

મુદ્રણ અને પ્રકાશનસ્થાન :
[illegible]વાળી પોળ, પાંચકુવા, ચાર રસ્તા,
ગાંધીરોડ-અમદાવાદ

પ્રત : ૩૫૦૦
માર્ગશીર્ષ પૂર્ણિમા : સં. ૧૯૯૮

બે બોલ

ગુજરાતી પંચનું ૪૧ વર્ષ દરમ્યાનનું આ ૪૬ મું ભેટ પુસ્તક 'પ્રતિજ્ઞા', ગઈ સાલ અમારા ગ્રાહકોને આપેલા વચન અનુસાર ૩૨૦ ઉપરાંત પૃષ્ઠનું પ્રકટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તક પ્રકટ થતા અગાઉ ચાલુ સાલ ૧૯૪૧ માં એપ્રિલ માસમાં રમખાણો દરમ્યાન 'ગુજરાતી પંચ' ની ઓફિસ બળી જવાથી અમને ઘણું મોટું આર્થિક નુકશાન પહોંચ્યું છે. અમારી ઓફીસના તમામ જુના રેકર્ડ, પેપરના ૪૧ સાલના અંકોની તમામ ફાઈલો, હિસાબકિતાબના ચોપડા, ચોપડીઓનો ઘણો મોટો જથ્થો અને ઓફીસમાં રહેલી નાણાંની સિલિક વગેરે બળી જવાથી ઓફિસ અંગેની કોઈ ચીજ બચવા પામી નહતી. આને પરિણામે અમારે 'ગુજરાતી પંચ' કેટલોક વખત બંધ રાખવું પડયું અને જ્યારે વ્યવસ્થિત રીતે તે પાછું ચાલુ કરી શકાયું ત્યારે બીજી મોટી આફત અમને નડી.

ચાલુ યુદ્ધ અંગે કાગળોની સખ્ત મોંઘવારીની એ આફત હતી. ચાલુ પેપરના અંકો અંગે કાગળોની સગવડ કરવા ઉપરાંત ભેટ–પુસ્તક માટેના કાગળો મેળવવા એ તો મહામુશિબત ભરેલું થઈ પડયું હતું. જોઈતી જાતના કાગળોના જથ્થાનો અભાવ બજારમાં જણાયો અને જ્યાં તે હતો ત્યાં તેના ભાવો હદથી વે જ્યાદા હતા. પણ અમારે અમારૂં પેપર ચાલુ કર્યાં પછી અમારા ગ્રાહકોને આપેલું વચન કોઈ પણ જોખમે પાળવું જ જોઈતું હતું.

એટલે મોંઘા ભાવે પણ કાગળો મેળવીને અમે આ ભેટ–પુસ્તક પ્રકટ કર્યું છે. આ પુસ્તક પાછળ ચાલુ સમયમાં જે ખર્ચ આવે તે કરતાં યે ઘણું વધારે ખર્ચ થઈ ગયું છે. તેમ છતાં પણ અમે ગ્રાહકોને તે વિના મૂલ્યે આપ્યું છે.

પ્રકાશક

અનુક્રમણિકા

આટલું તો સુધારજો

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬	૧૦	"સુરેશ	"સુરેશ
૧૩	૧૫	પ્રત્યે	પ્રત્યે
૧૯	૨૧	'વિક્રમોર્વશી'	'મૃચ્છકટિક'
,,	૨૨	ઉર્વશી	વસંતસેના
,,	૨૪	નાટ્ક	નાટક
૨૦	૧૬	જંદગી	જિંદગી
૨૭	૧૪	તેને	તને
૩૫	૯	કલકત્તાવાસી એ	કલકત્તાવાસીએ
૩૮	૧૪	આમ કહીને	કહીને
,,	૨૧	તારા	તમારા
૩૯	૧૪	કોઈ બીજા કોઈને	બીજા કોઈને મેં બીજું જ કોઈ
૫૧	૨૬	આચિંતી	ઓચિંતી
૮૬	૬	સાચી	સાચા
૯૫	હેડલાઈન	નીચિંતુ	ઓચિંતુ
૯૬	૧૧	બાલાવ્યો	બોલાવ્યો
૧૦૪	૧૭	હિતેચ્છુ!	હિતેચ્છુ!"
૧૦૬	૧૬	અવસ્ય:	અવશ્ય
૧૦૯	૨	તને સુંદર	તમને સુંદર
૧૩૯	૧૦	્ણાભર્યું	ઘૃણાભર્યું
૧૪૨	૧૧	"બોલ્યો:	બોલ્યો:"
૧૪૪	૧૯	સુરેશભુભન	સુરેશભુવન
૧૭૫	૫૩	વસંતરાય	વસંતરાય સાથે
૨૦૯	૮	ચહરો	ચહેરો



મેલેરીયા તથા દરેક જાતના તાવ માટે:—
ફીવરોડાઉન
વાપરો.
ફાર્મસી
અમદાવાદ
દરેક દવાવાળાને ત્યાંથી મળશે.

ગુજરાતી પંચની ભેટો

૧ માલતી અથવા આર્યોના સાંસારિક દુર્ગુણોથી થતી ખુવારી ... ...
૨ શ્રી ગીતા અથવા વીજળી ગામડીયણ ... ...
૩ સંસાર યાત્રા... ... ...
૪ શૈલપુરની સુંદરી ... ...
૫ અયોધ્યા અને અંગ્રેજ ...
૬ અલક્ષ્ય જ્યોતિ ... ...
૭ ઉષાકાન્ત ... ...
૮ પદ્મનાભ ... ...
૯ મધુકર ... ...
૧૦ જ્યોતિપુંજ ... ...
૧૧ શાન્તિદા ... ...
૧૨ પ્રિયકાન્ત ... ...
૧૩ સિતારનો શોખ અને સુરબાળા ... ...
૧૪ લલિત મોહન ... ...
૧૫ શ્વેતભાનુ ... ...
૧૬ સુવર્ણકુમારી... ... ...
૧૭ સત્યસિંહ ... ...
૧૮ કુંજબાળા ... ...
૧૯ કરણસિંહ ... ...
૨૦ મધુરા કિંવા બ્રહ્મસંજ્ઞા ...
૨૧ સ્નેહલતા યાને ભેદ ભર્યું ખૂન ...
૨૨ ભોળો ભીમદેવ ... ...
૨૩ મંજરી ... ...
૨૪ વીર રમણી ... ...
૨૫ શલ્યાની અહલ્યા ... ...
૨૬ ભીષ્મ પ્રતિજ્ઞા ... ...
૨૭ દિવ્ય જ્યોતિ ... ...
૨૮ નિર્મળા ... ...
૨૯ અનુપમ-ઉષા ... ...
૩૦ સુધા સુંદરી ... ...
૩૧ લક્ષ્મી અથવા જન્મભૂમિની જયગર્જના ... ...
૩૨ સોરઠના સિતારા ... ...
૩૩ અંગ્રેજી રાજ્યનો ઉષ:કાળ ...
૩૪ નવો જમાનો ... ...
૩૫ ઉર્મિલાદેવી ... ...
૩૬ સીતાનાથ ... ...
૩૭ સમદર્શી સમ્રાટ ... ...
૩૮ વસમાં વનબાલ ... ...
૩૯ શૈવાલિની ... ...
૪૦ વલ્લરી ... ...
૪૧ ક્ષિતીશ ... ...
૪૨ વસન્ત કુંજ ... ...
૪૩ બન્ધન ... ...
૪૪ કલંકશોભા ... ...
૪૫ જીવન સંગ્રામ ... ...

ત્રિપાઠી ધનશંકરનાં પુસ્તકો

૧ ચોખેરવાલી (ટાગોર)
૨ ડૂબતું વહાણ (,,)
૩ સ્વદેશ (,,)
૪ વિભાવરી (,,)
૫ ટાગોરની ટૂંકી વાતો (,,)
૬ સત્તરમી સદીનું ફ્રાન્સ (મો. એ. ડૂમા)
૭ દિવાની કે શાણી ? (વિલ્કિ કૉલિન્સ)
૮ રાજસ્થાનની રાજખટપટ ('નવી રોશની'ની ભેટ)
૯ જય ગુજરાત (ઐતિહાસિક કથા)
૧૦ રૂપેરી રાજહંસ (ડીટેક્ટિવ કથા)
૧૧ આત્માનાં તેજ ('તણખા'ની ભેટ)
૧૨ દિવ્ય જ્યોતિ (ગુ. પં. ની ભેટ)
૧૩ અનુપમ ઉષા (,,)
૧૪ લક્ષ્મી (,,)
૧૫ નવો જમાનો (ગુ. પં. ની ભેટ)
૧૬ સમદર્શી સમ્રાટ (,,)
૧૭ સોરઠના સિતારા (,,)
૧૮ વસમાં વનબાલ (,,)
૧૯ લોહીનાં આંસુ (ટૂંકી વાર્તાઓ)
૨૦ વાર્તા-વૃક્ષ (,,)
૨૧ કુસુમ-કુંજ (,,)
૨૨ સુમનસંચય (પદ્યો)
૨૩ અલક-કિશોરી
૨૪ પ્રબોધકુમાર (સયાજીવિજયની ભેટ)
૨૫ સંસાર બંધન (સયાજીવિજયની ભેટ)
૨૬ લહેરી લુંટારો (ડીટેક્ટિવ કથા)
૨૭ તરતાં ફૂલ (ટૂંકી વાર્તાઓ)
૨૮ મસ્તાન માયાવિની ('આરામ'ની ભેટ)
૨૯ પ્રતિજ્ઞા

પ્રતિજ્ઞા

પ્રકરણ ૧

વર્ષો અગાઉ

વર્ષો અગાઉની એ વાત હતી. મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં એ ભણતો હતો. યુવાની, સંપત્તિ અને સરખી વયના મિત્રોની ખુશામદને યોગે એ પોતાને સૂર્ય અને આસપાસના મિત્રોને ગ્રહમંડળ સમજતો હતો. પિતાએ તો ભણવા સારૂ એને કૉલેજમાં દાખલ કર્યો હતો. પણ ભણવા માટે કાંઈ શ્રીમંતોના પુત્રો કૉલેજમાં દાખલ થતા નથી, એવુંજ એ કહેતો. કારણ કે ભણીને એને નોકરી કરવાની નહતી. જીવનગુજારી માટે એને ફાંફાં મારવાનાં નહતાં. સોનાને ચમચે દૂધ પીતો એ જન્મ્યો હતો. સોનાને ઘૂઘરે રમ્યો હતો. અદ્યાપિપર્યંત એને જે કાંઈ જોઈતું તે પિતા તરફથી મળી રહેતું. ઈશ્વરની કૃપાથી હજીયે એના પિતા પર લક્ષ્મીદેવીની કૃપા હતી અને ભવિષ્યમાં પણ એ કૃપાથી વંચિત થવાનો કંઈ સંભવ નહતો. પરિણામે, કેવળ ઈચ્છાનુસાર આનંદ માટે એ કૉલેજજીવન ગાળતો હતો.

મધ હોય ત્યાં મધમાખીઓ ખેંચાઈ આવે છે. સુરેશની આસપાસ એવી રીતે હમેશાં મિત્રમંડળ વીંટળાઈ વળતું. કોઇ નવી ફિલ્મ આવે તો એના સંગાથીઓ સહિત એ જોવા ગયા વિના રહ્યોજ નહોય. કોઇ પ્રસિદ્ધ નર્ત્તકીનાં નૃત્ય હોય; કોઈ અવનવું સુંદર નાટક રંગભૂમિ પર આવ્યું હોય તો તેમાં તે મિત્રો સહિત હાજર હોયજ. સુરેશને મુંબાઇમાં ઘણાં કુટુંબો સહિત પરિચય થઈ ગયો હતો. તેની જ્ઞાતિનાં જે કુટુંબોમાં કુંવારી કન્યાઓ હતી તેઓ અવારનવાર તેનો પરિચય સાધતાં; કૉલેજમાં ભણતી એવી કેટલીક કન્યાઓ પણ તેની મૈત્રિણી બનવા કોશિષ કરતી. પરંતુ સુરેશે સૌને નિરાશ કર્યા હતાં. જાણે એને સ્ત્રીઓમાં રસ નહોય એમ એ વર્ત્તતો.

વર્ષો વહ્યાં. પિતા તરફથી દર મહિને એને સારી રકમનો મની ઑર્ડર મળતો. કોઇવાર આવશ્યકતા ઉભી થતાં વધારે રકમ મંગાવે તો તાર મારફત પણ પૈસા મોકલવામાં આવતા અને એમ કરતાં તે જુનિયર બી. એ. માં આવ્યો.

એક સાયંકાલે એક પરિચિત સજ્જનને ત્યાંના નિમંત્રણને માન આપી તેને ત્યાંથી સુરેશ એકલો પાછો ફરતો હતો. તે પગે ચાલીને એક ભરચક્ક રાજમાર્ગમાંથી પસાર થતો હતો એવામાં એક તરૂણી એક મકાનમાંથી બહાર આવીને સામેના ફુટપાથ પર જવા લાગી. સુરેશનું એના તરફ ખાસ ધ્યાન નહતું પણ કુદરતે એ તરૂણીને એના જીવનમાં આવવાના લેખ લખ્યા હશે તેથી એક ઓચિંતા બનાવે તેના તરફ સુરેશને આકર્ષ્યો.

એ રાજમાર્ગમાં વાહનોનો પુષ્કળ વહેવાર ચાલુ હતો. ટ્રામ ગાડીઓ, ખાનગી મોટરવાહનો, ભાડુતી ઘોડાગાડીઓ, સાઇકલો અને પગે ચાલતા રાહદારીઓની જબરી ભીડ હતી. તરૂણીને અચિંતજ ઉતાવળે સામેના ફુટપાથ ઉપર જવાની જરૂર હોવી

જોઈએ; એટલે જાણે એ વાહનવહેવારની દરકાર કર્યા વિના તે સામે પહોંચવા મથતી હોય તેમ જવા લાગી. એવામાં એક મોટરે ભૂંગળું વગાડયાથી એક ઘોડાગાડીનો ઘોડો ભડકયો અને હણહણાટ કરતો તે ઉંચો થઈ ગયો. તરૂણી મોટરની અને ઘોડાગાડીની વચમાં હતી. એણે ગભરાટથી એકાએક તીણી ચીસ પાડી. સુરેશે તે સાંભળી; વસ્તુસ્થિતિ તરફ તેનું ધ્યાન ગયું અને તે દોડયો તરૂણી તરફ! એણે જોયું કે, એ તરૂણીને એ સ્થળેથી અદ્ધર ઉપાડી લેવામાં આવે તોજ એ બચે–નહીંતર જરૂર એને છૂંદાઈ જવું પડે. સ્ફુર્તિથી સુરેશે એને બચાવી લીધી અને જયાંથી પ્રથમ પોતે પસાર થતો હતો તે ફુટપાથ પર લઈ આવ્યો.

"શાબાશ, યુવાન્!" "તેં ઠીક સમયસૂચકતા વાપરી!" "આ વાહનવાળાઓ તો ધોળે દહાડે આંખો મીંચીને હાંકે છે!" ઇત્યાદિ શબ્દોથી અનેક રાહદારીઓએ આ પ્રસંગ સંબંધે પોતાનો અભિપ્રાય આપ્યો પણ સુરેશનું ધ્યાન એ તરૂણીની કાળજીમાંજ રોકાઈ રહ્યું હતું. નરી નિર્દોષતાની મૂર્ત્તિ જેવી, ચંદ્ર સરીખડા સુડોલ અને સુંદર વદનવાળી એ તરૂણી કેવલ આઘાતને યોગે અર્ધમૂર્ચ્છિત થઈ ગઈ હતી. એને કયાંયે વાગ્યું નહતું એટલું સારૂં હતું. તરૂણીની દેહલતા સુરેશના હાથમાં હતી. થોડી વારે તરૂણીએ આંખો ઉઘાડીને સુરેશ તરફ જોયું ત્યારે એમાંથી આભારભાવ નીતરતો હતો. તે ભાનમાં આવી છે, એવું જોઈને સુરેશે તેને જમીન ઉપર ઉભા રહેવામાં મદદ કરતાં કહ્યું:

"ગભરાશો નહીં. તમે સુરક્ષિત છો. તમારે કયાં જવાનું છે?"

આસપાસ આમ તેમ જોઇને તે બોલી: "હું રહું છું આ મકાનમાંજ" અને જે માળામાંથી તે નીકળી હતી તેના તરફ તેણે આંગળી ચીંધી.

"પણ તમે તો કયાંક સામે જતાં હતાં."

"હા. ત્યાં મારી શાળા છે. હું ત્યાં ગઈ હોત; પણ......"

"હું તમને સુરક્ષિત રીતે ત્યાં મૂકી આવીશ. તમે મારી આંગળી ઝાલજો. નિર્વિઘ્ને હું તમને પહોંચતાં કરીશ."

"આભાર" તે બોલી અને તેની સાથે જવા તૈયાર થઈ.

સુરેશે કહ્યું હતું તેમ, તે તેને નિર્વિઘ્ને સુરક્ષિત રીતે ઠેઠ તેની સંગીતશાળામાં મૂકી આવ્યો.

એ પ્રસંગ પછી એ તરૂણીનું જીવન સુરેશના જીવન સાથે વણાઈ ગયું. તે માતાપિતાવિહોણી એક અનાથ બાળા હતી. એક ખાનગી સંગીતવર્ગ ચલાવીને પોતાનું જીવનનાવ વહાવતી હતી. મધ્યમ સ્થિતિની હતી, પણ સંગીતના અભ્યાસમાં તે પારંગતા હતી એટલે એના સંગીતવર્ગનો લાભ ઘણી કન્યાઓ લેતી હતી; સંગીત સહિત જેઓને વાદન, નૃત્ય આદિ શીખવાં હોય તેઓને તે પણ શીખવતી. મહિને દહાડે એને દોઢસો–પોણાબસોની આવક થતી, પણ એમાંથી બચત બહુ થોડી રહેતી. બાળાના બ્લોકનું ભાડું, સંગીતવર્ગનું ભાડું, તે અંગેનાં સાધન અને સાજ વસાવવા પાછળનું કાયમી ખર્ચ અને પોતાના જીવનનિર્વાહ તેમજ કપડાંલત્તાં પાછળનું ખર્ચ, એ બધાં ખર્ચને લીધે માંડ પ્રતિમાસે દશ–પંદર રૂપીઆની બચત એની પાસે રહેતી.

અકસ્માતના પ્રસંગ પછી સુરેશ ઘણે ભાગે એના મિત્રમંડળમાં ગેરહાજર માલુમ પડવા લાગ્યો. મિત્રોએ એક રાત્રિક્લબ કાઢી હતી. ઘણુંખરૂં તેઓ તેમાં એકઠા થઈ પત્તાં ખેલતા અને ચાપાણી કરી ગપ્પાંસપ્પાંમાં આનંદ મેળવતા. એ કલબમાં સુરેશની અવારનવાર રહેતી ગેરહાજરી ચર્ચાનો વિષય થઈ પડયો. પણ સુરેશનું એ કલબમાંનું મુરબ્બીપદ કાયમ હતું. એ કલબના મકાનનું ભાડું એ ચૂકવતો; એના નોકરોના પગાર એ આપતો. ક્લબમાં રોજિંદો નાસ્તો, ચાપાણી અને વાર તહેવારે મિજબાનીઓ,

એના જ પૈસામાંથી થતી રહેતી. એટલે સુરેશની કામચલાઉ ગેર-હાજરી કડવી ટીકા નોતરતી નહીં. ઘણાંક મિત્રો મનમાં એમ માનતા કે, 'કોઇક જાળમાં એ ફસાયો હશે' અને ઘણાક એવું આશ્વાસન લેતા કે, 'હોય; પૈસાદારનાં ફરજંદ સંબંધી તો એમજ ચાલે !'

ધીમે ધીમે મિત્રમંડળમાં એ વાત ફેલાઇ ગઇ કે, કાલબાદેવી ઉપર રહેતી સંગીતશિક્ષિકા યમુના સાથે સુરેશને પ્રીતિ બંધાઈ છે અને સુરેશ તેને ત્યાંજ ઘણુંખરૂં રહે છે. એ વાત ઠેઠ સુરેશના પિતા સુધી પહોંચી. અમૃતનગરના ઇનામદાર અમૃતરાય, આ વાત જાણીને ગુસ્સે થઈ ગયા. "શું છોકરાને આ માટે મેં મુંબાઈ મોકલ્યો છે ? ભણવાનું નામ અને ઊલટાં કામ !' અમૃતરાયનો એક મિત્ર નામે યદુરાય વહેવારૂ જુવાન હતો. એણે આ સંબંધમાં મુંબાઇ જવા અને તપાસ કરવા માથે લીધું. અમૃતરાયને ભય હતો કે, 'રખેને સુરેશ, આજકાલના યુવાનોની રીતે એ મધ્યમ સ્થિતિની પ્રેમી પંખીણીને પરણી બેસશે, તો કુળની આબરૂને બટ્ટો લાગશે.' યદુરાયે એવું નહીં થવા દેવા ખાત્રી આપી અને 'યેન કેન પ્રકારેણ' બેને છૂટાં પાડવા માથે લીધું. અમૃતરાયે એને નાણાંની કોથળી આપી અને એ પ્રેમી બાઈનું મોં એ કોથળીથી બંધ કરવા જણાવી, સુરેશને ઇનામી વતનમાં પાછો લાવવા ફરમાવ્યું.

યદુરાય મુંબાઈ આવ્યો અને એણે જાણ્યું કે, સુરેશ તો યમુનાના પ્રેમમાં પૂરો પાગલ બની ચૂકયો છે; એનાથી જન્મભર વિખુટા નહીં પડવાની પ્રતિજ્ઞા લઇ બેઠો છે. એનાં સબળ કારણો પણ હતાં. યમુના સાથે જોકે એણે છડેચોક લગ્ન કર્યું ન હતું, પણ લગ્ન કરવાનું એણે એને વચન આપ્યું હતું. 'જો લગ્ન નહીં કરો તો હું આપઘાત કરીશ' એમ યમુનાએ કહ્યું હતું અને સુરેશ, એને મરેલી જોવા તૈયાર ન હતો.

યદુરાયે એક વિશેષ વાત જાણી અને તે ચોંક્યો. યમુના એક બાલિકાની માતા બની ચૂકી હતી! યદુરાય મુત્સદ્દી હતો. એની જબાનમાં અમૃત હતું. સુરેશ ઉમ્મરે પહોંચ્યો હતો એટલે એને બેશક એની ઇચ્છામાં આવે એમ કરવાનો અધિકાર હતો પણ એક રાજહંસ તો મોતીનો ચારો ચરે: તેમ ખાનદાન શ્રીમાનોએ એવાંજ કુળની કન્યાઓને પસંદ કરવી જોઈએ. એને બદલે આ સામાન્ય સ્થિતિની બાળા!

"એ બધાં તમારાં બંધનોમાં હું માનતો નથી. આત્માએ જેને ઓળખી એજ જીવનસંગાથિની, એટલું જ હું સમજું. હું એની કન્યાનો પિતા છું. હું એની સાથે લગ્ન કરીશ. "સુરેશે મક્કમતાથી જાહેર કર્યું.

યદુરાયે કહ્યું: "પછી ઘેર ઘેર ભીખ માગતો ભટકીશ, ભાઈ? પિતાજી પૈસોયે નહીં પરખાવે! નોકરી કરવાની તારામાં આવડત નથી; મજુરી કરવાની તાકાદ નથી. જીવન વૈભવમાં વીતાવ્યું છે. એવી રીતે વીતાવવા માટે તું સર્જાયો છે; છતાંયે ધૂળમાં આળોટવું છે? અને જેની સાથે પ્રેમ કર્યો, એના પૈસા પર જીવીશ? બેશક, એ સંગીત–વિદ્યામાં પ્રવીણ છે, પણ તું એના જીવનમાં આવ્યો નહતો ત્યારે તે એકલી હતી. હવે તેમાં બે જણ વધારે ભળશે! વાહ! જીવનકમાણી તો સરસ કરી!"

સુરેશ મુંઝાઈ ગયો. વ્યવહારની આ વાતનો એને ખ્યાલ ન હતો. "પ્રેમ આંધળો છે, એવું અનુભવીઓ કહી ગયા છે, તે આનું નામ!" એટલું જ કહી એની વધુ ચર્ચા નહીં કરતાં યદુરાયે વહેવારૂ મુદ્દો રજુ કર્યો: "હું હવે જે કાંઈ વ્યવસ્થા કરૂં એમાં તારે સંમતિ આપવી જોઈશે. આ બાળા પ્રત્યેની તારી લાગણીનો બદલો પૈસાથી હું આપવા માંગું છું. મને ખાત્રી છે કે, એ માની જશે."

સુરેશે કહ્યું: "એ નહીં માને. અમારો કોલ છે કે, એક બીજા સાથે પરણવું."

યદુરાયે હસીને એનાથી વિખુટાં પડતાં યમુનાની મુલાકાત લીધી. એકાંતમાં એની આગળ પરિસ્થિતિ રજુ કરી દીધી. આ લગ્ન આફતો લાવશે! પસાની આફતો લાવશે! પૈસાનો આનંદ એમાંથી મુદ્દલે મળશે નહીં અને ગરીબીમાંજ જીવન વીતાવવું પડશે, એ વાતો એને સ્પષ્ટ કહી દીધી. પ્રથમ તો "પ્રેમ"માં તે દૃઢ રહી—પ્રેમીઓ આફતથી ડરતાં નથી—ભલેને આખું જગત તેમની સામે હોય તોપણ પ્રેમને વળગી રહે છે, એવી બધી ઉર્મિ-પ્રધાન વાતો એણે કરી; પણ યદુરાયે એને રૂ. દશ હજાર રોકડા આપવા કહ્યું એટલે સહેજ વિચારમાં પડી ગઇ. મનની અનેક બળતરાઓ, ખૂબ બળાપાઓ, પુષ્કળ વાંધાઓ, પુનઃ વિચારણા, અને વહેવારપણું ઇત્યાદિને અંતે યમુના એ રકમ સ્વીકારવા તૈયાર થઈ ગઇ પણ કાયમને માટે કલકત્તા જઇને રહેવાની શરતે યદુરાયે એ રકમ તેને આપી. એક બાજુ યમુના પોતાની બાળકી સાથે કલકત્તા ગઇ અને બીજી બાજુ સુરેશ કરાચી તરફ ગયો. બન્ને પાસેથી યદુરાયે વચન મેળવ્યાં હતાં કે, કદાપિ હવે તેઓ એક બીજાના સંસર્ગમાં નહીં આવે.

મુંબાઇના સુરેશના જીવનનો અહીંથી અંત આવ્યો. યુવાનીના ઉંબરમાં પગ મૂકતાં સુરેશ જે પ્રેમજ્યોતથી પાવન થયો, એની યાદ કેટલાંક વર્ષ સુધી એને રહી ખરી; પણ નવા પરિચિતોના વર્તુલમાં ધીમે ધીમે એ બધું વિસરી ગયો અને થોડાંક વર્ષ બાદ યદુરાયની સમજાવટથી તે પિતૃગહે પાછો ફર્યો. પિતા અમૃત-રાય મોતને કિનારે ઉભા હતા. એમનો જીવનઅભિલાષ હતો કે સુરેશ કોઈ શ્રીમંતની કન્યા સાથે પરણે. યદુરાય સુરેશને એમ કરવા સમજાવવામાં પણ સફળ નીવડયો; અને એક શ્રીમંત

કુળવાન ખાનદાનની કન્યા સાથે સુરેશનું લગ્ન થયું. પિતાએ, એને આખરે ઠરીઠામ થયેલો જોઈ સુખથી દેહોત્સર્ગ કર્યો.

સુરેશનો ગૃહસ્થાશ્રમ બહુ થોડો વખત ટક્યો; અને પછી પાયામાંથી તૂટી પડ્યો. બાબત એમ બની કે, એક વેળા એની પત્નીને એણે કોઈની સાથે વાત કરતી જોઈ. એ કોણ હતો, એવો ખુલાસો માગતાં પત્નીએ તે આપવા ના પાડી. સુરેશ ગુસ્સે થઇ ગયો. પત્ની પર એણે તહોમત મૂક્યું: "તું બેવફા નીવડી છે!" પત્નીનું સ્વમાન ઘવાયું. એ એક બાળકીની માતા હતી. એક રાતે પોતાની બાળકી સહિત તે ગૃહત્યાગ કરી ગઈ. પ્રાતઃકાલે સુરેશે જોયું તો, એક મેજ ઉપર ફુલના કુંડા નીચે દાબીને એક પત્ર મૂકેલો હતો. તેમાં લખ્યું હતું:

"તમે મારૂં સ્વમાન હણ્યું છે. કેટલીક બાબતો એવી હોય છે કે, જે તદ્દન નિર્દોષ હોવા છતાં વહેમીઓને દોષિત લાગે છે. આ બાબત એવીજ હતી. જેની સાથે મારો મેળાપ થયો હતો તેના પ્રત્યે મને હજી પણ વિશુદ્ધ પ્રેમ છે. એ સ્વર્ગીય પ્રેમ છે. પવિત્ર પ્રેમ છે. એ તમારા પ્રત્યેના પ્રેમથી નિરાળો પ્રેમ છે. એ કોણ હતો, એનો સ્ફોટ હું નથી કરી શકી—નહીં કરી શકું. તમારા પ્રત્યે હું બેવફા ન હતી—નથી—અને નહીં થાઉં. તમને વિશ્વાસ ન રહ્યો. ધીરજ ન રહી. લાચાર. તમે મારૂં સ્વમાન-ભંગ કર્યું છે. તેથી હું ગૃહત્યાગ કરી જાઉં છું. મારા પિતાને ત્યાં હું શું મોઢું લઇને જઇ શકું? ત્યાં નથી જવાની; અથવા બીજા કોઈ સ્નેહીસંબંધીને ત્યાં પણ નથી જવાની. પ્રભુ જ્યાં લઈ જશે ત્યાં એકલી જઉં છું. સાથે મારી બાળકી લીલા છે. હું અજ્ઞાત રહેવા માગું છું. જે સ્થિતિમાં પ્રભુ રાખશે તેમાં રહીશ અને જીવીશ ત્યાં સુધી કદાપિ તમારા ઘરમાં પગ નહીં મૂકું પરંતુ સદાયે તમારૂં કલ્યાણ વાંછતી રહીશ—વાસંતી."

એ પત્ર વાંચીને સુરેશનું ચિત્ત ભ્રમિત થઈ ગયું. એ પત્રથી તો વાસંતી નિર્દોષ હોય એમ લાગતું હતું ! પણ જો એમ જ હોય તો શા વાસ્તે તે પેલા માણસ સંબંધી સ્પષ્ટ સ્ફોટ નથી કરતી ? સુરેશ ભારે મુંઝાઈ ગયો. વાસંતી દોષિત કે નિર્દોષ, એ સમસ્યાનો ઉકેલ એ ન્ કરી શક્યો. એના મસ્તક પર ખૂબ ચિંતાભાર રહ્યો.

થોડાક દિવસ વીત્યા અને એ પણ ગૃહત્યાગ કરીને જતો રહ્યો. યદુરાયે તજવીજ કરાવી કે, એ ક્યાં ગયો પણ એનો પત્તો ના મળ્યો. યદુરાયે એની મિલ્કત સંભાળી. સ્વ. અમૃતરાયે યદુરાયની મહેનતનો સારો બદલો આપેલો હતો. એ સુખમાં હતો. એણે સુરેશના ગૃહસ્થાશ્રમ દરમ્યાન પણ સુરેશની જાગીર સંભાળી હતી. હવે પણ, વાસંતી અને સુરેશ ચાલ્યાં ગયાં તે પછી પણ, તેમનામાંથી કોઇકના પણ પુનરાગમનની રાહ જોતો, તે જાગીર સંભાળી રહ્યો.

વર્ષો વીત્યાં પણ કોઈ પાછું ફર્યું નહીં. યદુરાયને એક પુત્ર હતો. એનું નામ હતું વસંત. જેમ જેમ યદુરાય વૃદ્ધ થતો ગયો, તેમ તેમ વસંતને તેણે સુરેશની જાગીરના વહીવટમાં પાવરધો બનાવ્યો.

વીસ વર્ષના વહાણાં વાયાં અને એક રાતે સુરેશભવનમાં દીવા પ્રગટ્યા. શાથી ?

પ્રકરણ ૨

●

"લીલાને શોધી લાવ"

●

સુરેશભવનમાં જાણે દીપોત્સવી હોય એમ રોશની પ્રગટી હતી. તેના બગીચામાં એક લતામંડપ પાસે બે ખુરશીઓમાં બે વૃદ્ધ બેઠા હતા. એક હતો યદુરાય. એની ઉમ્મર ૮૦ વર્ષની થઈ હતી. બીજો હતો સુરેશ. એની ઉંમર તો હતી ૫૧ વર્ષની; પણ જીવનનો અર્ધ ઉપરાંત ભાગ એણે ભટકેલ સ્થિતિમાં અને ચિત્તની અશાંતિમાં ગાળ્યાથી એના ઉપર વૃદ્ધાવસ્થાએ વહેલો હુમલો કર્યો હતો.

"વીસ વીસ વર્ષે તારું પુનરાગમન, મને આનંદ ઉપજાવે છે, ભાઇ?" યદુરાયે કહ્યું: "મેં તો તારું ઘર અને તારી જાગીર આબાદ રાખ્યાં છે—એ આશામાં કે, તારો વંશવેલો, એ ભોગવે અને તું તેમને જોઇને સુખી થાય, આજ તારું પુનરાગમન જાહેર કરવા માટે જ મેં આ રોશની કરાવી છે."

"માણસને વતનનો સાદ કોઈવાર હચમચાવી મૂકે છે, યદુરાય કાકા" સુરેશે કહ્યું; "મેં એકાદ દરિયામાં ઝંપલાવીને જીવન પૂરું કર્યું હોત; અથવા તો, કોઈ નદીના પૂલ ઉપરથી પડતું મૂકીને કે કોઈ ટ્રેન નીચે પડીને મેં તેનો અંત આણ્યો હોત; પણ એકજ વિચારે મને એમ કરતાં રોકયો છે: 'મારી લજ્જિતા પત્નીને મેં કરેલા અન્યાયનો ખંગ વાળવો.' અને એટલા માટે હું વતનમાં પાછો ફર્યો છું."

"તેં ઘણું સારું કર્યું, ભાઈ" યદુરાયે કહ્યું: "તેં અવિચારીપણું વાપર્યું હતું. એટલે અમારું શું ચાલે? બાકી,

તું જે માણસને માટે વહેમાયો હતો, તે તો તારી પત્નીનો ભાઇ હતો ! ”

“ હેં ? ! શું એનો ભાઇ હતો ? ”

“ હા. તે લફંગાઓની ટોળીનો આગેવાન હતો અને તેથી તેને જેલની સજા થઇ હતી. જેલમાંથી નાસી છુટીને તે પોતાની બહેનને મળવા આવ્યો હતો. ”

“ તમે કેવી રીતે જાણ્યું ? ”

“ વાસંતીના જવા પછી અને તારા જવા પછી આઠ દિન બાદ મારા ઉપર એક પત્ર આવ્યો હતો. એ પત્ર મેં જાળવી રાખ્યો છે. જો, આ રહ્યો તે. તું વાંચ એટલે તને ખ્યાલ આવશે કે, વસ્તુસ્થિતિ શી હતી ? ” યદુરાયે એમ કહીને સુરેશના હાથમાં એક પત્ર મૂકયો.

સુરેશે રોશનીના અજવાળામાં એ પત્ર વાંચ્યો. એ પત્ર વાસંતીના ભાઈએ આપઘાત કરતા પહેલાં લખ્યો હતો. તેમાં યદુરાયે કહી તેજ હકીકત વિસ્તારથી લખેલી હતી.

“ અરેરે ! ” સુરેશ બોલ્યો: એની બહેન પોતાના કારણે જતી રહી, એવું લાગ્યાથી આ ગુનેગારે આપઘાત કર્યો હતો ! આ જાણીને મારી ગ્લાનિમાં વધારો થયો ! ”

યદુરાયે કહ્યું: “ એને અમે બચાવી શકયા નહીં કારણ કે, આગગાડી નીચે પડતું મૂકીને એણે આપઘાત કર્યો હતો અને એની લાશના ટૂકડા જ સત્તાવાળાઓને હાથ આવ્યા હતા—વાસંતીએ તારી આગળ એના વિષે કશો સ્ફોટ કેમ ન કર્યો, એ હવે તું સમજી શકયો હોઈશ. એની હાલત ‘ સુડી વચ્ચે સોપારી જેવી ’ હતી. રખેને, એના ભાઈને તું પોલિસને સ્વાધીન કરી દે, એવો એને ભય ઉપજ્યો હોવો જોઈએ; તેથીજ તેણે સાચી વાત કહી નહીં અને તારો રોષ વહોર્યો. ”

સુરેશે કહ્યું: "એ પુરુષ વાસંતીનો ભાઈ હતો એવું મેં સહેજ વહેલું જાણ્યું હોત તો ઠીક થાત. પણ તમે શું કરો? તમને મારા સરનામાની જાણ નહતી એટલે તમે ક્યાં લખો? વાસંતી ક્યાં હતી એ મેં એક પખવાડીઆ ઉપર જ જાણ્યું, ત્યારે મારા આત્માને ઘણું કકળાણ થયું. મેં એક ગુપ્તચરને એની તસ્વીર આપીને શોધ માટે રોકયો હતો. એક પખવાડીઆ ઉપર મને એણે લખી જણાવ્યું કે, 'અત્યાર સુધીનું આખુંયે જીવન વાસંતીએ ગરીબીમાં વીતાવ્યું છે. એક શ્રીમંતને ત્યાં તે રસોયણ તરીકે જીવન વીતાવી રહી હતી. એ શ્રીમંત પ્રવાસી વેપારી હતો. કોઈવાર તે મદ્રાસ જતો; તો કોઇ વાર મહિસુર; કોઈવાર નિઝામ હૈદ્રાબાદ તો કોઇવાર સિકંદ્રાબાદ; કોઈવાર દિલ્હી કે ઢાકા જતો. વાસંતી પોતાની બાળકી સહિત તેને ત્યાં રહેતી હતી. થોડાક જ દિવસ ઉપર એ બિચારી ક્ષયરોગથી મરણ પામી. પણ એ પછી લીલા વેપારીને ત્યાંથી જતી રહી.' ગયે અઠવાડીએ મને ગુપ્તચરે ફરીથી ખબર આપી કે, 'હું એને પુનઃ શોધી શકયો છું, અને તેની પાછળ જાઉં છું. ઈશ્વર કરશે તો, થોડા રોજમાં શુભ સમાચાર પાઠવીશ. તમે નિરાંતે તમારા વતનમાં હવે જઈ શકો છો.' એ માણસના આશાભર્યા પત્રથી હું વતનમાં પાછો ફર્યો છું. મારું અંતઃકરણ કહે છે કે, એ છોકરી મળશે, અને જો તેમ થશે તો મારી પત્નીને અન્યાય કરીને મેં જે સખ્ત ક્રૂરતા વાપરી છે તેનો પૂરો ખંગ વાળી આપીશ. એ છોકરીને હું એક રાજકુમારીની પેઠે ઉછેરીશ. એનું જીવન નિષ્કંટક સુખમાં વહે એવી તમામ કોશિષ કરીશ."

"તારા હૃદયમાં આખરે ભગવાન વસ્યા છે, એ જાણીને મને સંતોષ થાય છે. તારી આશા ફળશે, એમ મારું હૃદય પણ કહે છે. હું તો ખૂબ ઘરડો થઈ ગયો છું એટલે મારા દેહનું શું ઠેકાણું? પણ એક વાર એ કન્યાનો ચહેરો

હું જોવા પામું એટલા દિવસ પ્રભુ મને જીવતો રાખે તો ઠીક. મારી ઉમેદ એ પછી એકજ રહેશે. "

" શી ઉમેદ ? " સુરેશે પૂછ્યું.

" મારી મરણપથારી પર હું તને એ કહીશ. જો તું તે પૂરી કરીશ તો મારૂં મોત સુખમાં થશે; અને નહીં માને તો જેવું વસંતનું કિસ્મત ! "

" વસંતનું કિસ્મત ?! લીલા આવે તે પછી વસંત સંબંધી તમારી કઈ ઉમેદ બર આવવી જોઇએ ? " આ સવાલ કરતાં અચાનક સુરેશના મનમાં એક વિચાર સ્ફુર્યો. યદુરાયની ઉમેદનો એ તર્ક કરી શક્યો અને સ્મિત કરતાં એણે કહ્યું: " સાચું કહેજો, કાકા, તમારી ઉમેદ વસંતનું લગ્ન લીલા સાથે થયેલું જોવાની છે કે નહીં ? "

" જીવતો રહે, ભાઈ ! તેં તો મારૂં હૃદય ભેદીને મારી ઇચ્છા બહાર કાઢી બતાવી ! પણ........"

" નિરાશ ના થશો. મારા પ્રત્યે તમે પુત્રવત્ મમતા રાખો છો, એથી હું વાકેફ છું. આજ સુધી મારી જાગીર જાળવી રાખીને તમે તેનો સુંદર વહીવટ કર્યો છે. તેનો યોગ્ય બદલો મારે તમને આપવો જોઇએ. આથી હું ઇશ્વરસાક્ષીએ પ્રતિજ્ઞા લઉં છું કે, જો લીલા મળશે તો તેનું લગ્ન તમારા વસંત સાથેજ કરીશ. "

વૃદ્ધ યદુરાયની આંખ હર્ષથી આંસુભીની બની. હર્ષની લાગણીને લીધે એના હોઠ બહાર કોઈ હરફ નીકળી શક્યો નહીં પણ સુરેશ તરફ એ પોતાની આંસુભીની આંખે પણ પૂર્ણ સંતોષથી જોઈ રહ્યો.

" અને આ પ્રતિજ્ઞા લીધા બાદ હું ઇચ્છું છું કે—વસંતે મારી લીલાને શોધી લાવવા માટે નીકળી પડવું. હું એને મારા

ગુપ્તચરના પત્રો બતાવું. અને જે કેડીએ ગુપ્તચર ગયો છે તે કેડીએ જઈને "એકથી બે ભલા" એ નિયમે એણે વેળાસર લીલાને શોધી લાવવી."

"સુરેશભાઈ, આમાં તેં શી મોટી વાત કહી? જો તું સ્થળની માહિતી આપીશ તો વસંત પલકારામાં તેને શોધી લાવશે. હું એને બોલાવી લાવું." યદુરાય આમ કહીને ઉઠયો અને થોડી વારે ૨૮ વર્ષના એક જુવાન સહિત પાછો ફર્યો.

યદુરાયે એનો પરિચય કરાવ્યો. એજ વસંત હતો. સુરેશની આંખ એને જોઈને ઠરી. લીલા તો જરૂર સૌન્દર્યમૂર્ત્તિ હશે. એને લાયકજ આ સુંદર જુવાન છે. વળી સદ્ગત પિતાના એકનિષ્ઠ મિત્રનો પુત્ર છે એટલે સોનું અને સુગંધ એકઠાં મળશે.

સુરેશે વસંતને તેની કામગિરી સોંપીઃ "લીલા ઢાકાનગરમાં ગઈ હોય એમ ગુપ્તદૂતે તેના છેલ્લા પત્રમાં લખ્યું હતું. ગુપ્તદૂત તે નગર તરફ ગયો છે. તને હું ગુપ્તદૂતનો પત્ર આપું છું. લીલાને જલદી શોધી લાવ."

પ્રકરણ ૩

●

વનમાલા

●

અમૃતનગરમાં સુરેશભુવનમાં જે વખતે રોશનીની પૂર બહારમાં મિજબાનોની મોટી ઠઠ જામી હતી અને જાગીરદાર સુરેશ વર્ષો બાદ તેમાં વસવા આવ્યો હતો તેની ખુશાલીમાં એક બાજુ ગાનતાન ચાલતાં હતાં તો બીજી બાજુ નાસ્તા માટે કરેલી વ્યવસ્થાની વાનીઓને ઇન્સાફ આપવામાં આવતો હતો, તે વખતે દૂર દૂર કલકત્તાનું આલીશાન ભવ્ય અને મનોહર નાટયગૃહ 'રિપન થીએટર' પ્રેક્ષકોથી ચિકાર ભરાઇ ગયું હતું. એમાં રતિપૂર પણ જગ્યા ખાલી નહતી. ટિકિટોના ત્રણ ત્રણ ગણા ભાવ આપવા માટે અને ઉભે ઉભે પણ નાટયપ્રયોગ નિહાળવા માટે ઘણાઓ રાજી હતા પણ લાચાર! અમુક સંખ્યા ઉપરાંત વધુ માણસોને નાટયગૃહમાં બેસાડવામાં આવે તો કાયદાનું શાસન તૈયાર હતું; નાટક કંપનીના માલિકને ભારે દંડ થવાનો ભય હતો; એટલે સંખ્યાબંધ પ્રેક્ષકોને નિરાશ થવું પડયું હતું.

શહેરના અદનાઆલા તમામ વર્ગના પ્રેક્ષકો આજનું નાટક જોવા આકર્ષાઈ આવ્યા હતા. એમનું આકર્ષણ શું હતું? એ નાટકની મુખ્ય નટી વનમાલા! એ નટીએ કલકત્તામાં વસતા ગૂજરાતી વર્ગ ઉપરજ માત્ર નહી બલ્કે અન્ય પ્રાંતવાસીઓ ઉપર પણ પોતાના ઉત્તમ અભિનયથી, અને કોકિલ કંઠથી અદ્દ્ભુત અસર કરી હતી. ફક્ત થોડાકજ દિનથી, એ નૂતન અભિનેત્રીએ રંગભૂમિ ઉપર દેખાવ દીધો હતો પરંતુ જેણે એક વાર એનું કામ જોયું તે ફરીથી ને ફરીથી જોવા ગયા વિના રહી શકયોજ નહતો.

સંગીત પર એને અચ્છો કાબૂ હતો. એના સંગીતની શાસ્ત્રીયતા અને આલાપપદ્ધતિમાં ખામી કાઢવાના ઈરાદાથી કેટલાક સંગીતના ઉસ્તાદ ગણાતા પ્રેક્ષકો મથ્યા હતા પરંતુ 'એનું સંગીત સંપૂર્ણ છે—અત્યુત્તમ છે; ભવ્ય છે; અતિ સુંદર છે,' એવો અભિપ્રાય ઉચ્ચાર્યા સિવાય, એ સંગીતજ્ઞોને પણ ચાલ્યું નહતું. એ વાત જનતામાં પ્રસર્યાથી વનમાલાની કીર્તિમાં ઔર વધારો થયો હતો. વનમાલાના કંઠને કાનુડાની બંસી કહેવી; કે કોકિલાનો સ્વર કહેવો, એ વિષે પ્રેક્ષકોમાં ખૂબજ રસભરી ચર્ચા ચાલતી. કોઇ પ્રેક્ષક કહેતા કે, એનો કંઠ કાનુડાની બંસી સમોયે નથી; કે કોકિલા સમોયે નથી પણ ગાંધર્વ લોકમાંથી ઉતરી આવેલી કિન્નરીનો છે; તો કોઇ કહેતા કે, સાક્ષાત્ વાગીશ્વરીએ સંગીત દેવતાને સપ્ત લોકના મંજુલ સ્વરોનો રણકાર મિશ્ર કરીને ભૂલોકને આહ્લાદવા અવતાર ધારણ કરાવ્યો છે. અને બધાયે વાદને ભ્રમ ઠરાવતો એક વાદ એવો પ્રચલિત હતો કે, વનમાલાનો કંઠ અનુપમેય છે. એને વાસ્તે કોઇ ઉપમાજ અસ્તિત્વમાં નથી.

આજના નાટકમાં મળેલી ચિકાર મેદનીમાં બોક્સ વિભાગમાં એક કૉચ ખાલી હતો. એના ઉપર "રિઝર્વ્ડ" એવી ચિઠ્ઠી લગાડેલી હતી. એ બોક્સમાં બીજા ત્રણ કૉચ હતા, જેમાં દરેકમાં ત્રણ ત્રણ પ્રેક્ષક બેઠેલા હતા. એ ખાલી કૉચ વિષે તેઓ વાતચીત કરતા હતા.

"જગદીશ આજ મોડો પડ્યો."

"હા. એ આશ્ચર્યજ કહેવાયને? ખેલ શરૂ થવાની પાંચ મિનિટ પહેલાં હંમેશાં એ આવી જાય છે."

"કોઈ ખેલમાં એણે હાજરી આપી ન હોય એમ બન્યુંજ નથી. કદાચ બિમાર થઈ ગયો હશે!"

"બિમાર ? એને પ્રેમની બિમારી તો લાગુ પડેલીજ છે ને ?"

"એમ કેમ ?" એક પહેલવહેલાજ આવનાર પ્રેક્ષકે પૂછ્યું.

"એને મિસ વનમાલાની મોહિની લાગી છે ! તેથી તો, ખેલની દરેક રાત્રે તે અચૂક અહીં આવે છે અને તેની આ અનામત જગ્યાએ બેસે છે !"

"પણ એની પાંચ હઝાર રૂપીઆની શરતમાં એ જરૂર હારી જવાનો છે !"

"પાંચ હઝાર રૂપીઆની શરત ? શા વાસ્તે ?"

"બાબત એમ છે" સૌથી પહેલા બોલનારે કહ્યું: "કે, અમારા મિત્ર જગદીશે અમારી સાથે શરત લગાવી છે કે, એક અઠવાડીઆની અંદર મિસ વનમાલા સહિત મૈત્રિ બાંધવી અને અને શહેરમાં એની સાથે ફરવું !"

"ઓહો ! એમાં તે શી મોટી વાત છે ? ત્રણ ટકાની એક એક નટી તો સહેલાઈથી વશ થાય !"

"સુઘોષ બાબુ, આપની ભૂલ થાય છે. પાંચ હઝારનો માસિક પગાર મેળવતી આ કિન્નરી કોઈ ફાલતું ઓરત નથી. એ મદમસ્ત માનુની લેખાય છે. એનો સંપર્ક સાધવા અસંખ્ય શ્રીમંતો પણ નિષ્ફળ નીવડયા છે. તે કોઇને મળતી નથી. કોઈની કાંઈ ભેટ સ્વીકારતી નથી—પછી ચાહે તો તે અધલાખનો કીંમતી રત્નહાર કાં ન હોય ?—તેને જીતવી સહેલી નથી !"

"એમ ? એ છે કોણ ? ક્યાંની રહીશ છે ?"

"કોઇને ખબર નથી કે, એ કોણ છે, અથવા એનું વતન કિયું છે ? પણ કહેવાય છે કે, એ કોઇ ખાનદાન કુળની કન્યા છે, રંગભૂમિને ઉચ્ચ કક્ષાએ લઇ જવા વાસ્તેજ તે અભિનેત્રી બનેલી છે."

"ત્યારે તો, તમારા કહેવા મુજબ, જગદીશ પોતાની શરતમાં હારી જવાનો !"

"બેશક. કોઇને જેમાં ફત્તેહ મળી નથી તેમાં એને ફત્તેહ મળવા સંભવજ નથી પણ...ઓહ ! આ આવ્યો મારો મિત્ર જગદીશ..."

અને આશરે ૩૦ વર્ષના એક ઉંચા સુંદર તરૂણને એ બોલનારે આવકાર આપ્યો. ઇંગ્લિશ પોષાકમાં સજ્જ થયેલો એ તરૂણ સ્મિત કરતો પોતાની 'હેટ' હાથમાં લઇને પોતાની અનામત જગ્યાએ બેઠો અને હજી તો તે કાંડા-ઘડીઆળમાં નજર કરવા પોતાનો હાથ ઉંચો કરે છે ત્યાં મુખ્ય પડદો ઉપડવાની છેલ્લી ઘંટડી વાગી.

જેમ મિસ વનમાલા કોણ હતી અને કયાંથી બંગાળમાં આવી હતી એ કોઇ જાણતું નહતું તેમ જગદીશ કોણ હતો અને કયાંનો નિવાસી હતો, તે ય કોઇ જાણતું નહતું. સુપ્રતિષ્ઠિત અને શ્રીમંત જનતામાં તે એક ધનવાન, સંસ્કારી, ઉચ્ચ કુલોત્પન્ન અને મિલનસાર યુવક તરીકે ઓળખાતો હતો. "જેન્ટલમેન્સ કલબ" નામે એક મિત્ર મંડળ, જેમાં માસિક ૫૦ રૂા. ફી હતી તેમાં તે થોડાક વખતથી સભ્ય તરીકે દાખલ થયો હતો. તે ગૂજરાતના કોઇક શ્રીમંતનો પુત્ર છે; અને માનાં સહિત ગ્રેજ્યુએટ થયેલો છે, એટલુંજ એના વિષે જાણીતું હતું. એણે હિંદ અને યૂરોપમાં ઘણાં સ્થળોએ પ્રવાસ કરેલો હતો; એનું વાંચન વિશાળ હતું; એને અપાર વિવિધ માહિતીઓ હતી; એ લલિત કલાઓમાં માત્ર રસ ધરાવતો હતો એમ નહતું બલ્કે એ કલાઓમાં પારંગત હતો. કલબમાં એ 'જીવતો જ્ઞાનકોષ' લેખાતો. કોઈ પણ વિષયની ચર્ચામાં એ રસભર્યો ભાગ લઇને પોતાનું વિશાળ જ્ઞાન દાખવતો. એનું મિલનસારપણું, એને લોકપ્રિય બનાવી ચૂક્યું હતું.

નાટકશાળામાં એ આવ્યો તે અગાઉ બોક્સમાં એના વિષે ચર્ચા ઉપાડનાર યુવકે, એના બેઠા બાદ એને કહ્યું: "મિત્ર જગદીશ, આજ તું મોડો આવ્યો. મેં તો ધાર્યું'તું કે, તું નહીં આવે."

"હા. હું રોજ કરતાં આજ ચાર મિનિટ ને ચાલીસ સેકન્ડ મોડો થયો છું. કલાકાર અવનીન્દ્રમોહનના કલા–સંગ્રહમાં મારે એક ચિત્રની ચર્ચામાં રોકાઈ જવું પડયું હતું."

એક બીજા યુવકે કહ્યું: "તમે આવશો એવી મને તો ખાત્રી જ હતી. તમારી શરતનું શું થયું?"

"એમાં તો જ્યાં હતો ત્યાંનો ત્યા જ છું!" સ્મિત કરતાં જગદીશે જવાબ દીધો.

"પણ તેં તો મિસ વનમાલાને એક કીમતી રત્નહાર મોકલ્યો હતો, એમ મેં સાંભળ્યું હતું!" પ્રથમ યુવકે કહ્યું.

"હા. મેં મોકલ્યો હતો" મુખપર ગ્લાનિના ભાવ લાવતાં, ધીમા અને ખેદયુક્ત સ્વરે જગદીશ બોલ્યો: "પણ જેની તે સ્થિતિમાં એ રત્નહારની પેટી મને પાછી મોકલવામાં આવી! સાથેનો પત્ર પણ ખોલ્યા વિના પાછો મોકલાયો!"

"ત્યારે તો..."

"મારા પાંચ હઝાર ડૂલ થશે!"

આ ક્ષણે રંગભૂમિ પર નાન્દી સમાપ્ત થઈ અને નાટયારંભ થયો. નાટયનું વસ્તુ જાણીતા સંસ્કૃત નાટક 'વિક્રમોર્વશી' નું હતું પણ એની રજુઆત, સર્વતોપ્રિય ગણાઈ ચૂકી હતી. ઉર્વશી તરીકે વનમાલાનું કામ આહ્લાદક હતું. પ્રેક્ષકગણ એના અભિનયને ખાતર, અને એના સંગીતને ખાતર આ નાટક જોવા આવતો. અવશ્ય એમાં અનેક એવા પ્રેક્ષક પણ હતા, જેઓ કેવળ એ સૌન્દર્યમૂર્તિને જોવા ખાતર જ આવતા.

નાટક ત્રિઅંકી હતું. પહેલેથી તે છેલ્લે સુધી એની ભજવણી દરમ્યાન પ્રેક્ષકો એમાં રસતલ્લીન બની ગયા. એમાં જ્યાં જ્યાં વનમાલાનું સંગીત આવતું ત્યાં "વન્સમોર" માટે તેઓનો ખૂબ જ ઉત્સાહભર્યો આગ્રહ દેખાઇ આવતો. તાળીઓના ગગડાટ અને વિચિત્ર બૂમો તેમજ સિસોટીઓથી છેલ્લો વર્ગ ભારે ધાંધલ કરી મૂકતો. પરંતુ ઉચ્ચ વર્ગ તો, અદ્દભુતતાનું રસપાન કરનાર જેમ તેમાં એકાગ્ર થતાં ચૂપકીદીથી કેવળ દિગ્મૂઢ બની જાય છે તેમ મંત્રમુગ્ધ બની જતો. છેલ્લા અંકનું વિસર્જન થતાં જગદીશને એના મિત્રોએ પૂછયું: "નાટક કેવું ?"

"અપૂર્વ ! અદ્દભુત ! અત્યંત સુંદર ! મનોમુગ્ધકર !"

અને જેણે પહેલીજ વાર વનમાલાને આ નાટકમાં જોઇ હતી તેણે કહ્યું: "સાચેજ આવું નાટક મેં અદ્યાપિપર્યંત કદી પણ ભજવાયલું જોયું નહતું ! વનમાલાનું શું વખાણવું એ કહેવું મુશ્કેલ છે. એનાં રૂપ વખાણું તો, બ્રહ્માએ એને ફુરસદની વેળાએજ ઘડી હશે એમ કહેવું પડે. એનો કંઠ વખાણું તો મારી જંદગીમાં એવો સરસ કંઠ મેં ક્યાંય સાંભળ્યો નથી એમ કહેવું જોઇએ. અને અભિનય ? અતિશય જાદૂગારો ! અતિ ઉત્તમ !"

નાટયગૃહમાંથી વિખરાતી મેદનીમાં કોઈ પણ એવું નહતું જે આ નાટક વખાણતું નહોય. દરેક જણને એ નાટક કંઈ ને કંઈ રીતે પસંદ પડયું હતું.

જગદીશ, નાટક પૂરૂં થતાં પોતાના સ્થાનમાંથી ઉઠીને નાટયગૃહ બહાર આવ્યો; અને જ્યાં ગાડીઓ થોભી હતી ત્યાં જઈ પહોંચ્યો. હારકતારમાંથી અમુક એક ગાડી આગળ એ પહોંચ્યો એટલે એના હાંકનારે એને સલામ કરીને બારણું ઉઘાડયું. એની સલામ ઝીલીને ગાડીમાં બેસતાં તે બોલ્યો: "નાટકશાળાની પાછલી ગલીને નાકે લઈ જઈને ઉભી રાખ. તારે તે પછી એક ગાડીની

પાછળ હાંકવાની છે—એમાં બેસનારને ખબર ન પડે કે, તું તેની પૂંઠ લઈ રહ્યો છે, એવી રીતે ! સમજ્યો, ગિરધારી ?"

ગાડીવાન ગિરધારી જગદીશને દરેક ખેલ વખતે અહીં લાવી, પાછો એને ઘેર મૂકી આવતો. એ પરિચિત ગાડીવાને એની સૂચનાના જવાબમાં કહ્યું: "વારુ; શેઠ." અને એણે ગાડી હાંકીને ગલીને નાકે ઉભી રાખી.

વીસ મિનિટ વીતી અને વનમાલાની ગાડી તે ગલીમાંથી નીકળી એટલે જગદીશે તેની પાછળ પોતાની ગાડી હંકાવી. નગરના વિશાલ રસ્તાઓ પસાર કરીને નગર બહાર વસેલા એક પરામાં એક બંગલા આગળ વનમાલાની ગાડી થોભી. એની પાછળજ જગદીશની ગાડી આવીને ઉભી રહી અને વનમાલા તેની ગાડીમાંથી ઉતરે તે પહેલાંજ સ્ફુર્તિથી પોતાની ગાડીમાંથી જગદીશ ઉતર્યો અને છલંગ મારીને તેની ગાડી સમક્ષ જઈને તે ઉભો રહ્યો. તેની ગાડીનું બારણું તેણે પોતે ઉઘાડ્યું.

બાલા ચોંકી ઉઠી. એના વદનસરોજ પર ક્રોધના ભાવ દેખાયા. પણ કંઈજ ન બોલતાં, ગાડીમાંથી ઉતરીને ઉન્નત મસ્તકે, તે પોતાના બંગલાના દરવાજા આગળ ગઈ. જ્યાં તે દરવાજો ખોલવા માટે હાથ લંબાવતી હતી ત્યાં તરતજ જગદીશે તે ખોલી નાંખ્યો.

"કોણ છો, તમે ? ઉદ્ધત ! ચાલ્યા જાઓ, અહીંથી ?" અભિનેત્રીએ ગુસ્સામાં કહ્યું.

"હું એક સદ્‌ગૃહસ્થ છું. એક ક્ષણ માટે આપની સાથે વાત કરવાની રજા માગું છું." જગદીશે અદાબેર પોતાનો હાથ પોતાની છાતી પર મૂકતાં અને કમ્મરમાંથી અર્ધ ભાગે લચી જતાં મસ્તક નમાવીને કહ્યું.

"મારે કોઈની સાથે વાત કરવાની નથી. મને કશાની પરવા નથી." વનમાલા એમ કહીને દરવાજામાં પેઠી. એની પાછળ જ

અંદર દાખલ થઈને જગદીશ બોલ્યો: "આપના મૌખિક ચૂકાદા પર હું આપના અંતરાત્માની અદાલતમાં અપીલ નોંધાવું છું કે, મને ન્યાય મળવો જોઈએ."

ઘડીભર એના તરફ પોતાની ચમકદાર આંખોવતી તાકી રહ્યા પછી તે બોલી: "તમારી વાણી એક સંસ્કારી સજ્જનની છે..."

તરત જ અધવચ્ચે જગદીશે નમન કર્યું અને કહ્યું: "તેથી જ હું સુજનતાને નામે..."

"સાંભળી લ્યો." તેને અટકાવીને તે રૂપસુન્દરીએ રોષભર્યા સ્વરે કહ્યું: "આ રંગભૂમિ નથી. એક આબરૂદાર કુટુંબની સ્ત્રીનું ઘર છે. જો તમે સજ્જન હો તો આવી રીતે અત્યારે કવખતે મને ત્રાસ આપવાથી તમારે વિમુખ રહેવું જોઇએ."

"મેં આપને ૨૫ હઝારનો રત્નહાર મોકલ્યો હતો, હું જગદીશચંદ્ર પંડિત બી. એ; (ઓનર્સ)..."

"શરમ છે તમારી પદવીને! મેં તમારો રત્નહાર પાછો મોકલ્યો તોય તમે લાંબાં લાંબાં ટાયલાંવાળો પત્ર લખતાં લજ્જિત ના થયા? શું આ વ્યામોહ–પત્રો લખવાનો ધંધો કરવા સારૂ તમે પદવી લીધી છે?"

"વ્યામોહ–પત્રો શબ્દ સામે મારો સખ્ત વાંધો છે, સન્નારી! હૃદયમાંથી વહેતા નિર્ઝરને સુભાષિતોથી ભરપૂર, વિવેકી પણ જોશીલી ભાષામાં રજૂ કરવામાં આવે એને જો ટાયલાં જ કહેશો તો પછી શબ્દ–કોષો અગ્નિમાં જલાવી દેવા જોઈશે!"

"મને કહેશો કે, તમે શા હેતુથી મારો પીછો પકડી રહ્યા છો?"

"એક પવિત્ર એકરાર કરવા માટે!"

"શબ્દ–જાળ છોડો!"

"શ્રીમતી વનમાલા, તમને ક્યાંથી ખબર હોય કે, હું એક દૃઢ નિશ્ચયી માણસ છું."

"મને એ સાંભળવાની જરૂર નથી."

"તોપણ હું કહીશ અને તમારે સાંભળવું જોઇશે. મારા અત્યાર સુધીના જીવનમાં મેં જે ઈચ્છયું છે તે મેળવ્યા વિના હું રહ્યો નથી—કોઈ વાર સહેલાઈથી; તો કોઇ વાર દુસ્તર કંટકો પણ દૂર કરીને! મારી પ્રકૃતિના માણસોને વિઘ્નોનાં વંટોળ વિમાસણ કરાવતાં નથી—વિનોદ આપે છે! થોડાકજ દિવસ ઉપર 'રિપન' નાટકશાળામાં 'મૃચ્છકટિક' નાટક જોવા હું આવ્યો હતો. ફક્ત એક કલાક જ બેસવાનો મારો ઈરાદો હતો. હું આખુંયે નાટક જોવા બેઠો! શા માટે? વસંતસેનાની વાણી સાંભળવા માટે; સંગીત સાંભળવા માટે; અદ્વિતીય અદ્ભુત અભિનય નિહાળવા માટે. તમે એ રાતે પહેલવહેલાંજ રંગભૂમિ ઉપર ઉતર્યા હતાં. હઝારો પ્રેક્ષકોએ તમારી પ્રશંસા કરી હતી પણ હું? ત્યાર પછી એવી એક પણ રાત્રિ ખાલી નથી ગઈ કે જેમાં તમે રંગભૂમિ ઉપર ઉતર્યા હો અને હું તે નાટક જોવા આવ્યો ન હોઉં—"

તેના વદન પર, જગદીશના આટલા બધા શબ્દોએ સહેજ પણ કોમળ ભાવ પ્રદીપ્ત ના કર્યો. તે બેપરવાઈથી જવા તત્પર થઈ અને જગદીશે સહેજ ઉચ્ચ સ્વરે કહ્યું: "થંભો! ત્રણ રાત્રિ તમારાં નાટક જોયા પછી, તમે એક સમ્રાજ્ઞીને છાજે એવા વૈભવ માટે યોગ્ય છો, એવો નિર્ણય કરીને મેં મારા મિત્રસમુદાય સમક્ષ આહ્વાન ફેંક્યું. મેં જગદીશચંદ્ર પંડિત બી. એ. ઓનર્સે તમારા માટે એવી શરત લગાવી કે, આઠ દિવસમાં તમારી સાથે મૈત્રિ બાંધીને મારે મોટર–ગાડીમાં જાહેરમાં ફરવું—જો એમાં હું હારૂં તો પાંચ હઝાર રૂપીઆ ડૂલ કરૂં! આજ પાંચ દિવસ થયા એ શરતને! 'કંઈ લાખ્ખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે' એ ગઝલને અનુલક્ષીને હું તમારી સમક્ષ આજે હાજર થયો છું. હૃદયમાં એકજ તમન્ના છે કે, કાં તો 'હા' મેળવું—નહીં તો જીવ્યું વૃથા છે."

"તમારા જેવો પાગલ દુનિયાભરમાં કોઇ નહીં હોય ! જે અનિશ્ચિત છે તે મેળવવા મથવું, એ પાગલપણાની સીમા ઓળંગવા બરોબરજ છે."

"અને એ સીમા ઇતિહાસમાં ઓળંગાઇ ચૂકી છે ! લાચાર કે, હું મોડો જન્મ્યો ! મારા પહેલાં આંગ્લ–કવિ શેક્સપિયરનો રોમિયો, પ્રેમી પાગલ તરીકે વિશ્વભરમાં યશ લઈ ગયો ! ફરહાદ મઝનુ, પુન્હુ, એમણે પોતાના અટલ અને અચૂક પાગલપણાથી અમર કીર્ત્તિ મેળવી !"

"તમે ગણાવેલી સંખ્યા પ્રમાણે તમે પાંચમા છો !"

"જો તમારો અંતરાત્મા આ ચુકાદો આપતો હોય કે, દીપ પર પ્રાણ ઓવારતા પતંગની પેઠે મારે પણ ડૂલ થવું, તો અવશ્ય હું તે મસ્તકે ચઢાવીશ. પણ તમારી આંખો મને ના પાડે છે. એમાંનો વિનોદ–ભાવ મને એમ કહેવા પ્રેરે છે કે, શ્રીમતી વનમાલા ! કૃપા કરો. પવિત્ર આર્યસંસ્કાર અનુસાર મારો કર સાહો અને જુઓ કે, જન્મભર હું એ લગ્નબંધનથી બંધાઇને તમારો દાસ થઈને રહું છું કે નહીં ?"

"મિથ્યા વાતો ના કરો. લગ્ન જેવા પવિત્ર શબ્દને તમારા જેવાં વ્યામોહનાં પતંગીઆ લજવે છે ! તમારી માગણીને હું ઠોકરે મારૂં છું. અને હવે આપણા વચ્ચે કાંઇ કહેવાનું રહેતું ન હોવાથી તમને વિદાય લેવા વિનતિ કરૂં છું."

"જો હું વ્યામોહથી ઘેરાયલો પાગલ યુવક હોઉં તો કદાપિ લગ્નબંધનથી જોડાવા તત્પર થાઉં નહીં. છતાં જો મારી કસોટી કરવા તમારો ઇરાદો હોય તો તમારી ઇચ્છામાં આવે તે શરત એની સામે રજૂ કરો. એ શરતમાં હું પાર ના પડું તે પછીજ તમે લગ્નની 'ના' પાડી શકો. તે પહેલાં નહીં."

વનમાલાના મુખ પર સહેજ કોમળ ભાવ દેખાયા. જગદીશે એ જોતાં ઉર્મિશીલ સ્વરે કહ્યું: "સંસ્કારી, પ્રતિષ્ઠિત અને પૈસાપાત્ર કુટુંબોને નામે જગતમાં ઘણીવાર દ્રોહના બનાવો બને છે. લગ્નની આશા આપીને લગ્નબંધનથી બંધાવા ઘણાઓ ના

પાડે છે. અબળાઓ પ્રત્યે ચલાવાતા એ દુષ્ટ વહેવારોને હું ધિક્કારૂં છું અને તેથીજ મેં સીધી માગણી કરી છે. તમારા સંબંધી એક પ્રશ્ન સુદ્ધાં મેં પૂછયો નથી. કેવલ તમારા ગુણે મને આકર્ષ્યો છે. એ ગુણના બલમાં મને શ્રદ્ધા છે કે, ઉપરથી ભલે નકાર દર્શાવાયો છે, પણ અંદરખાનેથી હકાર બહાર આવવા ઉછાળા મારે છે! કહો તો, અત્યારે અને કહો તો, પ્રાતઃકાલમાં લગ્નવિધિથી સંયુક્ત થવા હું તૈયાર છું."

છેલ્લું વાકય સાંભળીને તેણે સ્મિત કર્યું. તે કંઈક બોલવા જતી હતી એવામાં મકાનના અંદરના ભાગમાંથી "સુરેશ! સુરેશ! આવું પા...પ...!" એવી ચીસો સંભળાઈ.

વનમાલા મકાનની અંદર દોડી ગઈ. એની પાછળજ જગદીશ અંદર પેઠો. એક ઓરડાના ઉંબરમાં વનમાલા ઉભી રહી. અને જગદીશ તરફ જોઈ તેણે આંગળી નાકે અરકાડી.

કુતૂહલ વૃત્તિથી જગદીશ ઉંબરા નજદીક ગયો. ઓરડામાં એણે નજર કરી. એક બિછાનામાં એક સ્ત્રી સુતેલી હતી. હજી તો તે કાંઈ પૂછે એટલામાં એ સુતેલી સ્ત્રીના મુખમાંથી ફરીથી શબ્દો સંભળાયાઃ "દયા! સુરેશ! દયા! વનમાલાની ખાતર દયા...ઓહ! હા!..."

બિછાનામાં તે એકદમ સફાળી બેઠી થઈ ગઈ. વનમાલા તુર્તજ તેની નજદીક જઈ પહોંચી અને તેના હાથ ઝાલીને તેને બિછાનામાં ફરીથી સુવાડતાં બોલીઃ "મા! મા!..."

એ સ્ત્રીને સુવાડયા પછી તુર્તજ વનમાલા બારણા તરફ આવી અને જગદીશને ધીમા પણ કડક સ્વરે રોષભર્યે ચહેરે કહેવા લાગીઃ "જાઓ, ચાલ્યા જાઓ. નથી સાંભળતા?"

જગદીશ નિરાશ થઈ ગયો. એક સજ્જન તરીકે સજ્જનની રીતે તેણે નમન કર્યું અને ત્યાંથી તે જતો રહ્યો.

●

પ્રકરણ ૪

●

પ્રતિજ્ઞા

●

વનમાલાને જગદીશ પીગળાવી શક્યો નહીં. પૈસાએ તેને ચલિત કરી નહતી. ફરહાદ કે મઝનુ જેવી હાલતની જગદીશની વાતો એણે હાંસીમાં ઉડાવી હતી. યુવતીઓ પાછળ ઘેલા થતા યુવકોના પ્રેમને એણે વ્યામોહ કહ્યો હતો. માત્ર અબળાઓ પ્રત્યે ચલાવાતા દ્રોહના દુષ્ટ વ્યવહારની વાત અને લગ્નબંધનની જડપરતાની વાત વખતે એ સહેજ કોમળ દેખાઈ હતી પણ એની માંદી માને જોયા પછી એ કઠોર બની ગઈ હતી. જગદીશને ભારે કડવો અનુભવ થયો. દુઃખી અંતઃકરણે તે ચાલ્યો ગયો, અને એ બાદ વનમાલા પોતાની માના બિછાના પાસે જઈ તેનું મસ્તક દાબવા લાગી.

કરોચળીવાળા ફિક્કા હાથ વનમાલાના હાથને અડક્યા. કરુણ-ભાવ યુક્ત બે આંખો વનમાલા તરફ જોઈ રહી.

" વનુ, તું આજ વહેલી આવી ? "

" ના, મા. હું સહેજ મોડી છું. તેં ઉંઘમાંથી ઝબકીને બૂમો પાડી ને હું આવી. "

" મને ખરાબ સ્વપ્નું આવ્યું હશે. " અને એક નિસાસો નાંખીને તે પડી રહી.

એ મા અને એ દીકરીને જોનાર એકદમજ કહી શકે કે, એમનાં વદન જોકે ગોરાં હતાં; પણ એમના ચહેરામાં ખાસ સામ્ય નહતું. છતાં, ઉભયેની આંખોમાં ખાસ તફાવત નહતો. વનમાલાની ચમકદાર કાળી આંખો એની માતાની આંખો કરતાં સહેજ મોટી હતી. પણ જ્યારે એ માતાની આંખો ઉઘડતી અને એમાં કંઈક ચમક આવતી ત્યારે વનમાલાને પોતાની આંખ

ચમકાવવાનો વારસો ક્યાંથી મળ્યો હતો એ સહજ કલ્પી શકાતું હતું. વનમાલા માતા પ્રત્યે એકાદ ક્ષણ નિહાળી રહ્યા પછી બોલીઃ "આજ તારી તબિયત ઘણી બેચેન છે. ખરૂં ને મા ?"

"હા." ક્ષીણ સ્વરે માતા બોલીઃ "મને લાગે છે કે, મારો જીવન-દીપ બુઝાવાની ક્ષણો હવે આવી લાગી છે—"

"એવું ગાંડું ગાડું ના બોલ, મા! મને બીક લાગે છે. તેં દવા પીધી હોય એમ નથી લાગતું. લાવ, હું દવા આપું." અને બિછાના પાસે પડેલી ત્રિપાઈ પરથી શીશીમાંની દવા ગ્લાસમાં રેડીને તેણે માતાને પાઈ. દવા પીને માએ સહેજ ખુંખારો કર્યો. એની ફિક્કી આંખમાં સહેજ કીરણ દેખાયું.

"મા, તને જરૂર મટી જશે" પુત્રીએ એમ કહીને હરખભેર પોતાનું ગોરૂં વદન, માના વદન સાથે અરકાડયું. માના માંદલા હાથ પુત્રીના ચહેરા પર ફરી રહ્યા. પુનિત સ્નેહઝરણમાં સ્નાન કરતી સુન્દરી વનમાલા બોલીઃ "હજી તો તને ૪૩ મું વર્ષ પણ બેઠું નથી. તું જીવીશ—એંશી—નેવું—સો વર્ષ જીવીશ."

"બેટા, એટલાં બધાં વર્ષ જીવીને મારે શું હજી યે વધારે માનસિક યાતના ભોગવવી? ના. જેટલાં કાઢયાં છે તેટલાં તો શું, હવે એક દિવસ પણ વધુ વીતાવવાનું જોમ મારામાં નથી. હું જાણું છું કે, મારા જેટલી વયે તો ઘણી યૌવનાઓ મદમસ્ત હોય છે; એટલું જ નહીં પણ પચીસ ત્રીસ વર્ષની પૂર્ણ યૌવન મૂર્તિ સમી દેખાય છે—અને હું?...હા! સાઠ વર્ષની હોઉં એવી દેખાવાનું મારા ભાગ્યમાં સર્જાયું હતું, બેટા! મારાથી માત્ર શરીરનો વ્યાધિ જ નહીં પણ માનસિક વ્યાધિ નથી જીરવી શકાતો. હું મનથી થાકેલી છું અને જેના મનને થાક લાગ્યો, એનાથી વધુ ના જીવાય!" અત્રે એણે નિસાસો નાંખ્યો. એના ગાલ પર એક બિંદુ ટપકયું, વનમાલાથી માના દુઃખના એ બોલ સહ્યા ગયા ન હતા, તેનું હૃદય રડી ઉઠયું હતું. હૃદયનું એ રૂદન આંસુ રૂપે આંખમાંથી બહાર આવ્યું હતું.

મા સમજી ગઈ. પોતાનો હાથ દીકરીની આંખો પર લઈ જઈને તેણે વાત ફેરવીઃ "આજ કિયું નાટક ભજવી આવી, બેટા? શાકુન્તલ?"

"ના. મા! મૃચ્છકટિક."

"ત્યારે તો બેટા! વસંતસેનાની ભૂમિકા તેં બહુજ સરસ ભજવી હશે. ચારુદત્ત પર તનમનધન ન્યોછાવર કરતી એ વાર-વનિતાનું પાત્ર બધાંજ સંસ્કૃત નાટકોમાં મને સૌથી વિશેષ પસંદ છે, બેટા! અને તેથી જ મેં તને એની ભૂમિકા વધારે સરસ ભજવવા માટે કેળવી છે."

"મા, તારી તાલીમ ખૂબ સફલ નીવડી છે. પ્રેક્ષકોમાં એક પણ એવો ન હતો, જેણે એ ભૂમિકા વખાણી નહીં હોય; પણ ...આ જીવન!..." તેનો અવાજ કરૂણ બન્યો: "ક્યાં સુધી આ નાટકી જીવન મારે ગાળવું પડશે..."

"જાણે આ જીવનથી તું કંટાળી ગઈ હોઉં, એમ શા માટે બોલે છે? તે જોયું હશે, અને મને ખાત્રી છે કે, પતંગીઆંની માફક જનતા તારી પાછળ ઘેલી બની હશે—રાયથી માંડીને રંક સુધી. કીર્ત્તિ, માન, ધન, અને એને અંગે સર્વ સુખોપભોગ... વનુ, તને હું જે આપી શકું તેમ ન હતું તે જગત પાસેથી અપાવવા મેં તને મારાથી શકય એટલી સંગીત–નૃત્યની તાલીમ આપી; ઉત્તમ ઉસ્તાદો રોકીને પણ મેં તારી કલાને પોષી; છતાં, તું શાથી કંટાળી ગઈ હોય એમ બોલે છે? તું તો હજી યૌવનને ઉંબરે ઉભી છે, બેટા! તારૂં મન લેશમાત્ર થાકવું ન જોઈએ."

"મા, મને નિરંતર, ચોવિસે કલાક તારી તહેનાતમાં હાજર રહેવું છે; તને તારી તંદુરસ્તી પાછી આપવી છે. મારાથી એ નથી થઈ શકતું તેથી આ નાટકી જીવન પર કંટાળો આવે છે."

"મારી તંદુરસ્તી તું પાછી લાવવા માગે છે? બેટા, એ તો કેવું કઠણ કામ છે, એનો તને ક્યાંથી ખ્યાલ હોય? નેવાંનાં નીર

મોભે પાછાં ન ચઢે; કરમાયલાં ફૂલ કદી પાછાં ન ખીલે; ગયેલું યૌવન પાછું ન આવે અને ગુમાવેલું મનનું સુખ લાખ્ખો રૂપીઆ ખર્ચે પાછું ન મળે! તું આ નાટકી જીવનથી કંટાળે એ અકુદરતી નથી; કારણ કે, તું આ જીવન માટે સર્જાયેલી નથી. તારૂં સ્થાન નાટયગૃહો નથી; ચાર આઠ આનાના પ્રેક્ષક વર્ગની તાળીઓ અને તેમનાં અભિનંદન માટે તું નથી સર્જાઇ, બલ્કે ચાર આઠ કરોડના આસામીની તું પુત્રી છે!"

"મા" અચાનક જ વનમાલાની આંખો ચમકી: "તું કહેતી હતી કે, એકવાર, એકાદ સમયે, તું મને એ વિષે કાંઇક કહીશ. આજ તેં વાત કાઢી છે તો તે પૂરી કર ને? મને હમેશાં ઝંખના રહ્યા કરી છે કે, મારાં અન્ય કોઈ સગાંસંબંધી કોણ હશે? ક્યાં હશે?"

મા સહેજ વાર ચૂપ રહી. થોડીવારે જાણે ઘેરા ગૂંબજ માંથી અવાજ આવતો હોય એવો ધીમો પણ કરૂણાજનક અવાજ સંભળાયો: "કહું? એને એ રહસ્ય કહું? હા...શા માટે હવે ન કહું? એણે એ જાણવું જ જોઈએ–બલ્કે એનું વેર લેવું જોઈએ!" અચાનક રોષભર્યા સ્વરે તે બોલી: "વનુ, આજ હું તને એ કરૂણ–કથા કહું છું. વર્ષો સુધી મેં સેવેલી અંતર્વ્યથામાં હું તને આજ ભાગીદાર બનાવું છું; પણ એ પહેલાં મારે તારી પ્રતિજ્ઞા જોઈએ."

"પ્રતિજ્ઞા? શા વાસ્તે?"

"જેણે મને અન્યાય કર્યો છે તેનું વેર તારે લેવાનું છે. હું તારી પાસેથી–રે, મારી મરણપથારી પરથી—"

"મા! મા!—"

"વચ્ચે ના બોલ, બેટા! મારી મરણપથારી એ શબ્દ–પ્રયોગ મેં ઉચિતજ વાપર્યો છે; કારણ કે, મારી અકળામણ આજ ઘણી વધી ગઈ છે. તને બધુંજ કહેવાનો સમય આજે અને

અત્યારેજ છે એમ મારો મનોદેવતા કહે છે. પણ તું પ્રતિજ્ઞા દે કે, તું વેર લઈશ; તોજ હું તને એ હકીકત કહીશ."

"હું પ્રતિજ્ઞા લઉં છું" ધીમા પણ મક્કમ સ્વરે વનમાલા બોલી: "કે જેણે તને અન્યાય કર્યો છે તેનું વેર લઈશ, મા!"

પોતાના ઉભયે કરથી પુત્રીનું મસ્તક ઘડીભર પોતાના હૈયા સરસું ચાંપી રાખીને માતાએ મૌન સેવ્યું. જાણે, એ પ્રતિજ્ઞાથી હઝારો વર્ષનો અંતરનો ઉકળાટ શમી ગયો હોય, એવા ભાવ એના વદન ઉપર તરવરી રહ્યા અને થોડીવાર પછી તે બોલી:

"પ્રેમ, પૈસો કે જીવનના કોઈ કૂંળા અભિલાષ પણ આ પ્રતિજ્ઞાને ડગમગાવે નહીં, એની કાળજી રાખજે. આ વેરનો પંથ વિકટ છે. પણ એની વચ્ચે કોઈ અંતરાય આવવો જોઈએ નહી. બેટા! મારી અમર આશા તું છે—તારી પ્રતિજ્ઞા છે. હું જો આજ મરી જાઉં...પણ ના, હવે તને એ વાત ઘડીએ ઘડીએ કહીને હું કંટાળો નહીં આપું. સાંભળ, એ કથની કે જેમાં એક પુરુષે, પૈસાદાર પ્રતિષ્ઠાપાત્ર પુરુષે નિર્દોષ નારીને દ્રોહ દીધો છે, પોતાની બાળકીને દ્રોહ દીધો છે; પોતાનો કૉલ નહી નિભાવી પરમેશ્વરને દ્રોહ દીધો છે......"

સંસ્મરણ તાજાં કરવા અને બોલવાની શક્તિ મેળવવા માતા ઘડીભર થંભી અને પછી તેણે એ હકીકત વનમાલાને કહી કે જે આ કથાના પ્રથમ પરિચ્છેદમાં વાચકો સમક્ષ રજૂ થઈ છે.

એ હતી સંગીત શિક્ષકા યમુના; કૉલેજીઅન સુરેશની પ્રેમિકા; વનમાલાની માતા. યદુરાયે દશ હઝાર રૂપીઆ આપીને એને કલકત્તા મોકલી દીધી ત્યાં સુધીની હકીકત કહ્યા પછી યમુના બોલી:

"વનુ, યાદ રાખવાનું છે કે, મારું હૃદય ભાંગીને મને પ્રતિષ્ઠાને નામે મારા પ્રેમીથી વિખુટી પાડવામાં આવી હતી. જીવનનો એ મારો પ્રથમ જ સાથી હતો. મારો સર્વ પ્રેમ મેં એને ચરણે ન્યોછાવર કર્યો હતો. એનો બદલો લગ્નનો કૉલ નહીં પાળ-

વામાં એણે આપ્યો! મારા તરફથી એને મુંબાઈ ખાતે અને એના વતન અમૃતનગર ખાતે કેટલાયે પત્રો લખવામાં આવ્યા હતા પણ તેમના જવાબ કદી અપાયા ન હતા. કેટલાક પત્રો 'માલિક મળતો નથી' એવા પોસ્ટ ખાતાના શેરા સાથે પાછા મળ્યા હતા. મારૂં સ્વમાન એ પછી ઘવાયું. મેં યે મનમાં પ્રતિજ્ઞા લીધી કે, કદી આ જીવનમાં એની ઝંખના પળભર પણ ના કરૂં! તો ય, બેટા, આખરે હું નારી છું ને? નારીહૃદયની કુંળાશ હું કોઈ ક્ષણે ના અનુભવું એમ બને ખરૂં? આજે જ મને સ્વપ્ન આવ્યું હતું, જેમાં એ દ્રોહીના પ્રેમનું પીંજણ ચાલ્યું હતું! મુંબાઈના અમારા જીવનનાં દૃશ્ય આવતાં હતાં અને મને એનાથી વિખુટી પાડવામાં આવી ત્યારના મારા કલ્પાંતને પ્રસંગે તું આવી ચઢી..."

"બેટા" થોડીવાર ચૂપકીદી ધારણ કર્યા પછી યમુનાએ આગળ કહેવા માંડયું: "એ સ્વપ્નની વાત કરતાંયે સાચી વાત અગત્યની છે. કલકત્તામાં આવ્યા પછી, મારા અનેક પત્રોના જવાબો ન મળ્યા પછી મેં એનું વેર લેવાનો નિર્ણય વધુ દૃઢ કર્યો. મેં કેટલાક ઓળખીતાઓને પત્રો લખીને એના જીવનથી વાકેફ થવા માંડયું. એ પુનઃ વતનમાં આવ્યો. એક સ્ત્રીને પરણ્યો. એને એક પુત્રી જન્મી અને પછી એના જીવનમાં આગ મૂકાઈ! ઇર્ષ્યાથી કુશંકા કરીને એણે સ્ત્રી પર બેવફાઇનો આરોપ મૂકયો. સ્ત્રી નાસી ગઈ. એને આજ સુધીમાં હું ત્રણ વખત મળી હતી. જુદાં જુદાં શહેરોમાં અમારો મેળાપ થયો હતો. એનું જીવન ગરીબીમાં અને માનસિક યાતનાઓમાંજ વહ્યું હતું. એ પણ મારા જેવીજ સ્વમાનિની હતી. પતિને ઘેર કોઇવાર ન જવું એવો એણે દૃઢ નિશ્ચય કરેલો હતો. તે થોડાકજ વખત ઉપર મરણ પામી છે. એની પુત્રી જીવે છે. પણ એ ભાગ્યવતી થવાની છે; કારણ કે, લજ્જિતા પત્નીની પુત્રીની શોધ એનો પિતા કરી રહ્યો છે!"

યમુના એકદમ મોટા સ્વરે અને ક્રોધના ભાવથી અત્રે બોલવા લાગી: "એ છોકરી લીલા જાગીરદાર તરીકે ઓળખાય છે. વનમાલા! જ્યાં તારૂં સ્થાન હોવું જોઈએ ત્યાં એ જશે. કદાપિ એમ ન બનવું જોઈએ. જો મારૂં ચાલે તો એ છોકરીનું ગળું હું..."

"મા! મા! શાન્ત થા. આપણને સંસ્કારી જનોને એ ન છાજે." વનમાલાએ માના માથા પર હાથ ફેરવતાં કહ્યું.

"મને જેણે રખડતીરઝળતી મૂકી તેને હું કે મારી પુત્રી લવલેશ પણ યાદ આવતાં નથી અને બીજાં યાદ આવે છે? ! કેવો અન્યાય! મારી સાથે એણે લગ્ન નહોતું કર્યું માટેજ હું અવગણવા યોગ્ય! લગ્નનો કૉલ એણે પાળ્યો નહીં, એમાં એનો દોષ કંઈજ નહીં! મારૂં સ્થાન મને એણે ન આપ્યું તો કંઈ નહીં; પણ મારી પુત્રીને એણે શું યોગ્ય સ્થાન આપવું ન જોઇએ? એનો પિતા એક કરોડપતિ છે. જો પિતૃત્વની એ ના પાડતો હોય તો એ દ્રોહીને, દુષ્ટને..." માતાએ બે હાથની મુઠ્ઠીઓ વાળી; દાંત કચકચાવ્યા: એને સખ્ત કંપારી આવી.

"મા! શાન્ત થા. વેરની ધૂનમાં તારી તબિયત વધારે બગડશે." વનમાલા બોલી.

"મને હવે મારી પરવા નથી. મારે તને સુખી જોવી છે. લીલા જાગીરદાર જો સુરેશ અમૃતરાય જાગીરદારની પુત્રી તરીકે સ્વીકારાય તો તેને સ્થાને વનમાલા સુરેશ જાગીરદાર હોવી જ જોઇએ. એનું પહેલું અને મોટું સંતાન, વનુ, ! તું જ છે. એ સંતાનને યોગ્ય સ્થાન જો એ ના આપે તો તેં મારી સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે તું એનું વેર લેજે. બસ, આ મારો અંતિમ આદેશ છે—મરણ સમયનો આદેશ છે...ઓ...રામ...શ્રી...હરિ...સહા... ય...થ જે...વનુ...આશિ...ષ..."

અને એક છેલ્લા ડચકા સમેત એનું પ્રાણપંખેરૂં દેહપિંજર-માંથી ઉડી ગયું.

●

પ્રકરણ ૫

●

લીલા જાગીરદાર

●

કલકત્તા શહેરમાં બે બનાવોએ ચર્ચા જગાડી. જગદીશચંદ્ર પંડિત પાંચ હજાર રૂપીઆની તેની શરતમાં હાર્યો હતો; કારણ કે મિસ વનમાલા એકાએક કલકત્તામાંથી ચાલી ગઈ હતી. જગદીશ પોતે પણ ક્યાંક જતો રહ્યો હતો. બન્નેએ, એમ છતાં, પોતપોતાનાં ઋણ અદા કર્યાં હતાં. જગદીશે પોતાના જે મિત્ર સાથે શરત લગાવી હતી કે, વનમાલાને આઠ દિનની અંદર જાહેરમાં મારી સાથે ફેરવું, તે મિત્રને રૂ. ૫ હજારનો ચેક તેણે મોકલી આપ્યો હતો. નાટક મંડળીના માલિકને વનમાલા તરફથી એક રજીસ્ટર્ડ પત્ર મળ્યો હતો, જેમાં અનિવાર્ય સંયોગોને યોગે પોતાને કલકત્તા ત્યજી જવું પડે છે તેથી નાટકમાં પાઠ ભજવવાનો કરાર તોડવો પડે છે એમ જણાવીને કરાર તોડવા બદલ નુકશાનીની રકમ રોકડી મોકલી દેવામાં આવી હતી. નાટક મંડળીના માલિકને આથી ઘણો જ ખેદ થયો. વનમાલાના વસવાટના એકાન્ત સ્થાને તે ગયો ત્યારે તેને ખબર મળી કે, તેની માતાનું ઓચિંતું અવસાન થયાથી આ કરાર તોડવાની તેને ફરજ પડી હતી.

કલકત્તામાં વનમાલાએ જે યશસ્વી કારકીર્દીની શરૂઆત કરી હતી તેનો એકાએક અંત આવ્યો; એથી રંગભૂમિરસિક જનતાને અપાર ગ્લાનિ ઉપજી. જગદીશના મિત્રમંડળને જગદીશની મોટી ખોટ પડી; કેમકે તેણે એક સદ્‌ગૃહસ્થને છાજતી કારકીર્દી કલકત્તામાં ગાળી હતી. તે આવ્યો ત્યારથી મિત્રોમાં માનીતો થઇ પડયો હતો અને ગયો ત્યારે પણ પોતાનું વચન પાળીને પોતાની નિષ્ફળતા

બદલ પૂરેપૂરાં નાણાં ચૂકવીને ગયો હતો. મિત્રોએ એના સંસ્મ
તરીકે રૂ. ૫૦૦૦ ના વ્યાજમાંથી "સફળ વાર્તાલાપ ઇનાઃ
દર વર્ષે આપવાનું જાહેર કર્યું.

આ ઉભયે બનાવોની ચર્ચા જે વખતે કલકત્તામાં ચા
હતી તે વખતે રેલ્વે લાઇન ઉપર એક મેઇલટ્રેન અને માલગા
થયેલા અકસ્માતે તે ચર્ચામાં ભાગ પડાવ્યો.

વનમાલા 'બેંગોલ મેલ'માં મુંબાઈ જવા માટે ઉપડી
તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે, એનું એ પછીનું જીવન રોમ
અને રહસ્યમય વહેવાનું હતું.

મળસ્કાના આશરે પાંચ વાગ્યાનો એ સમય હતો. મંદ
પવનની લહરીઓ ચોમેર વાઈ રહી હતી. જંગલો અને મેદાને
નિરવ શાન્તિમાં ફક્ત આગગાડીનો ઘૂઘવાટ સંભળાતો હ
અચાનક એ વેળા કાન ફાડી નાંખે એવો મોટો ધડાકો થયો—ચી
ચીસ, કીકીઆરીઓ અને બૂમરાણ સંભળાયાં; ધરા ધ્રુજી :
કંઇક માઇલો પર્યન્ત એ ધડાકાનો પ્રતિધ્વનિ સંભળાયો. જે
એ તે સાંભળ્યો તેઓના કર્ણમાં તે અવારનવાર અથડાતો રહ

પાટા ફેરબદલ કરનાર 'કેબિનમેન'ની સરતચૂકથી મે
ટ્રેન અને માલગાડી એક સ્ટેશન નજદીક અથડાઇ પડયાથી
ઉપર્યુક્ત ધડાકો થયો હતો. આ અકસ્માતે પુરુષો, સ્ત્રીઓ,
બચ્ચાં ઇત્યાદિ અનેકની ખુવારી કરી. જેમનાથી બચવું શકય
તેઓ બચી છૂટયાં; બીજાઓને બચાવવાની જેઓને તક
તેઓએ તેમને બચાવ્યાં અને ઘણાકથી બચવું અશકય નીવ
તેઓ અકસ્માતમાં છુંદાઇ ગયાં.

અકસ્માતના સ્થળથી આશરે ૫૦૦ કદમ દૂર એક છાપ
બે બાળાઓ એ વખતે આશ્રય લઇ રહી હતી. એમાંની
જમીન પર પડેલી હતી. એના માથા પર પાટો બાંધેલો હતો

તે લોહીખરડયો બની ગયેલો હતો. એના પગ અને હાથ ઉપર પણ એવીજ રીતે પાટા બાંધેલા હતા. પાટા માટે એ બાળાની સાડી જ ઉપયોગમાં લેવાયલી હતી. બીજી બાળા તેની પાસે બેસીને નજીકના એક વહેળીઆના પાણીમાં ભીંજવી લાવેલી પોતાની સાડી વડે, એ ઘવાયલી બાળાના ઘા ધોઈ નાંખીને એની સેવા કરી રહી હતી.

બન્ને બાળાઓના મુખ સરખાં હતાં. તેઓને જોનારનું ધ્યાન પહેલી જ નજરે એ એકસરખાપણા ઉપર ગયા વિના રહેજ નહીં: અને બેઠેલી બાળાને જો અત્યારે કોઈ કલકત્તાવાસી એ જોઈ હોય તો, તે તેને નામીચી નટી વનમાલા કીર્તિકર તરીકે પિછાન્યા વિના રહે નહીં, કે જેણે કલકત્તાનગરને સ્વર્ગીય સુખનું સ્વપ્ન આપ્યું હતું અને તે જ સ્વપ્ન ઉરાડીને તે ત્યાંથી અલોપ થઈ ગઈ હતી.

ધીમે ધીમે પાણીનો સ્પર્શ ચહેરા પર થતાં અને થોડુંક પાણી આંખો તેમજ મોંની અંદર જતાં જમીન પર સુતેલી ઘવાયલી બાળા જાગ્રત થઇ. ક્ષણભર પોતાની સારવાર કરનાર તરફ જોઈ રહ્યા પછી તે ક્ષીણ સ્વરે બોલી:

" હજી તમે...મારી પાસે જ બેસી રહ્યાં છો ? "

" કેમ ન બેસું, બહેન ? તને આ હાલતમાં હું છોડી જઉં એમ સ્વપ્ને પણ ન માનીશ. "

" તમે કેવાં માયાળુ છો ? મને યાદ આવે છે કે, તમે જબરી બહાદુરી બતાવી હતી. આપણે વાતો કરતાં બેઠાં હતાં. અચાનક અકસ્માત થયો. ગાડી કડુડુભૂસ ઉથલી પડી. " ઓ મા ! " એમ મેં બૂમો મારી. તમે મારો હાથ ખેંચી કૂદી પડયાં. હું પડી ગઈ. પછી મારા ઉપર કોઇક મોટો બોજો પડયો. મને આછું આછું યાદ છે કે, " ન ગભરાઇશ, બહેન. તને બહુ વાગ્યું નથી. તું બચી

ગઈ છે " એવો તમારો સ્વર સંભળાતો હતો અને પછી તો ...પછી તો...મને કશું યાદ નથી. અત્યારે જોઉં છું તો તમે મારી પડખે બેઠેલાં છો."

"મેં કંઈ જ બહાદુરી બતાવી નથી. સમયસૂચકતા વાપરીને હું કૂદી પડી. તને મેં મારી સાથે ખેંચી પણ તારા પર ગાડીનાં પાટીઆં પડયાં. મેં મારામાં જેટલું જોર હતું તેટલું જોર લાવીને તને બહાર કાઢી. તું બહુ ઘવાઈ હતી. હું એકાન્ત શોધતી તને ઉઠાવીને અહીં લાવી. પાસે જ એક વહેણ છે, એથી મારામાં હિમ્મત આવી. તારા ઘા પર પાણી રેડીને મેં બન્યું તેટલું લોહી વહેતું બંધ કર્યું છે અને પાટા બાંધી દીધા છે."

"પણ મને બહુ જ સણકા આવે છે. મને ઘણી જ નબળાઈ લાગે છે. મારી આંખે જાણે અંધારાં આવતાં હોય, એમ ભાસે છે. બહેન, તમારૂં ઋણ અદા કરવા હું જીવીશ કે કેમ એની મને શંકા છે."

"એવું ના બોલ. તને જરૂર સારૂં થઇ જશે. કદાચ નજદીકના શહેરમાંથી મદદ આવી પહોંચશે. બીજાં બહુયે જણ અહીં ઘવાયલાં પડયાં છે."

"બધાંમાંથી તમે મને જ સારવાર માટે પસંદ કરી એ પ્રભુનો આભાર. પણ બહેન, આપણે કયાં છીએ ?"

"ઢાકાથી ત્રણેક સ્ટેશન દૂર."

"અરેરે ! ત્યારે તો, મનની મનમાં રહી જવાની ! ન સગાં, ન કુટુંબી, કોઇની યે જાણ વિના...હાય...મારૂં માથું ! ...જાણે કોઇ તેના પર ખૂબ હથોડા ટીપતું હોય...ઓહ !"

તેણે આંખો મીંચી દીધી. તે ઉહકારા બોલાવતી રહી. વનમાલાએ તેને કહ્યું : "હિમ્મત રાખ, બહેન, તું વર્ષો સુધી જીવતી રહીશ. તારાં સ્વજન,સ્નેહીઓ, સૌને તું મળી શકીશ..."

ઘવાયલી બાળાએ આંખો ઉઘાડી અને કહ્યું : " તમે મને કેવાં આશાભર્યા વેણ કહો છો ? પણ હું જાણું છું, કે એ આશા ખોટી છે. હું મરી જવાની છું એમાં સંદેહ નથી પણ બહેન, તમે મને બચાવવા માટે તનતોડ મહેનત કરી હતી—એક સાચી બહેનની માફક તમે મને ઉગારવા મથ્યાં હતાં, એ યાદ મારા હૃદયમાં મરતાં મરતાં પણ જડાયલી રહેશે. હું સુખી યાદ સાથે મરીશ. તમારૂં ગોરૂં, સ્નેહાળ અને મધુર મુખ પરલોકમાંયે મને યાદ રહેશે. ના ફેરવો, તમારી નજર ના ફેરવો. મારા તરફ જ જોઈ રહો. મારી આંખમાં તમે આખર સુધી વસેલાં રહો, એમ હું ઇચ્છું છું. ઓહ ! જ્યારે માનો આશ્રય ગયો, ત્યારે માની જગ્યા એક બહેને લીધી. હું કેવી સુખી ?...હાં, હવે તમે ઠીક કર્યું." અને વનમાલાનો ચહેરો પોતાના તરફ એકીટશે જોઈ રહ્યો છે એવું નિહાળીને એ બાળાએ પોતાના બેય કોમળ કર લંબાવ્યા : " મને એક છેલ્લી ચૂમી લઈ લેવા દો. મારી અજાણી બહેન ! હું તમને ચૂમીઓ કરતી ભલે મરી જાઉં..." વનમાલાએ એની કાકલુદીભરેલી વાણીથી પીગળીને પોતાનું વદન નીચું કર્યું–એના બેય કરમાં જવા દીધું. સહેજ ઉંચી થઈને એ બાળાએ એને પાંચ છ સ્નેહદાન દીધાં.

" હા...શ ? તમે મને બહુ વહાલાં લાગો છો ! તમે ઢાકાથી આવો છો ? તમારાં બા ઢાકામાં રહે છે ? "

" ના. મારી માતા હમણાં જ ગુજરી ગઈ છે ! "

" હમણાં જ ? હુંયે હમણાંજ મા વિનાની બની છું. તમારૂં નામ શું, બહેન ? "

" વનમાલા. "

" વનમાલા ? કેવું સરસ નામ ! બહેન, તમારે મા નથી. મને યે મા નથી. પણ તમારાં બીજાં સગાં તો હશેજ ને ? સૌ તમારી ઝંખના કરતાંજ હશે ને ? "

"ના. જગતમાં મારૂં કોઈ સગું નથી."

"મારી જ પેઠે તમારી હાલત છે! પણ...પણ..." તે સહેજ વાર ચૂપ રહી અને પછી બોલીઃ "મારાં સગાં મુંબાઈ પાસે અમૃતનગરમાં છે. દાખલા તરીકેઃ મારા પિતા......"

"એમ? તો, તેમને હું તમારા વિષે ખબર આપીશ."

ડોકું ધુણાવતી અજાણી બાળા બોલીઃ "પણ એમને ખબર નથી કે, હું જીવું છું કે નહીં? વર્ષોથી મારી બા, એમનાથી જૂદી પડી ગઈ હતી. ગરીબીમાં રહીને અમે જીવન વીતાવતાં હતાં. ગરીબીમાં જ મા મરણ પામી. મારા પિતાને એ વિષે કશી ખબર નથી......અમારા દુઃખી જીવનની, અમારાં સંકષ્ટની સર્વ કહાણી મેં એક નોંધપોથીમાં લખી રાખી છે. બહેન, એ નોંધપોથી હું તમને, મારી યાદ રૂપે, આપું છું. તમે જેને બચાવી છે તે ગરીબ, અનાથ, દુઃખી બાલિકાની યાદ રૂપે, એ ભેટ સ્વીકારશો?" આમ આમ કહીને એ બાળાએ પોતાના કબજાના ખિસ્સામાંથી એક નાની નોંધપોથી બહાર કાઢી અને વનમાલા તરફ ધરતાં ધરતાં કહ્યુંઃ "શ્રીમંતોને કદાચ મારી આ દુઃખી જીવનકહાણી વાંચીને હસવું આવે; અમારા જેવાં કૂતરાંનાં જીવન ગાળનાર ગરીબો......"

"એવું ના બોલ, બહેન. દરેક આત્મા સરખો છે. પ્રભુ આગળ કોઈ નાનું નથી; કોઈ મોટું નથી. માનવી કે અવાચક પ્રાણી. સર્વમાં વસેલો એક આત્મા, પરમાત્માનું પ્રતિબિંબ છે."

"તારા ભાવભર્યા શબ્દો મારા ઉકળેલા હૈયાને શાન્તિ આપે છે. પણ આ નોંધપોથી વાંચીને મારા પર બેજ—ફક્ત બેજ સ્નેહનાં આંસુ તમે સારશો તો મારો આત્મા પરમ શાન્તિ અનુભવશે."

અચાનક એ વખતે એના માથાના ઘામાં થતી વેદનાથી એ બાળાએ મોટી ચીસ નાંખીઃ "શાંત, બહેન, શાંત. ધીરજ રાખ.

હિંમત રાખ" એમ કહેતાં વનમાલાએ એના મોંમાં કપડાવતી થોડુંક પાણી નીચોવ્યું; તેણે શાંતિ અનુભવી.

"બહેન, તારા પિતાનું શું છે? અને તારું નામ શું છે?"

"મારું નામ લીલા જાગીરદાર. મારા પિતાનું નામ સુરેશરાય અમૃતરાય જાગીરદાર..."

જાણે સેંકડો વીંછીએ દંશ માર્યા હોય અને એથી દુઃખ થાય એવું દુઃખ વનમાલાએ અનુભવ્યું. એણે એક તીણી ચીસ પાડી હોત પણ મોં પર હાથ રાખીને તેણે તે દાબી દીધી.

એનાં ગાત્ર જાણે ગળી ગયાં હોય એવી સ્થિતિ એણે અનુભવી. સર્વ દિશાઓ અંધકારમય અને શૂન્ય બની ગઈ હોય એમ એને લાગવા માંડયું.

"લીલા જાગીરદાર!" ખોખરે અવાજે એણે પૂછ્યું.

"હા. એજ મારું ખરું નામ છે." ઘવાયલી બાલાએ સરળ ભાવે કહ્યું: "કોઈ બીજે વખતે કોઈ બીજા કોઈને મેં બીજું જ નામ આપ્યું હોત. શા માટે? હું કેટલુંક તો તમને કહી ચૂકી, વહાલી બહેન! અને બાકીનું બધું તમે મારી નોંધપોથીમાંથી વાંચજો. એ કલંકકથા કોઈને કહેવા જેવી નથી. તમે એ નોંધપોથી લીધી? નથી લીધી. લ્યો, અને જ્યારે તમે મારાથી દૂર દૂર હો, જ્યારે તમને આ દુઃખી છોકરીને બચાવવા ભારે શ્રમ લીધો હતો છતાંય તે મરી ગઈ, એમ યાદ આવે ત્યારે જરૂર એ નોંધપોથી વાંચજો. ઈશ્વર તમારું કલ્યાણ કરો, બહેન."

પણ લીલાના આ બધા શબ્દો વનમાલાએ પોતાની વિચાર-તંદ્રામાં સાંભળ્યા નહતા. તે એકજ વિચારમાં ઓતપ્રોત થઈ ગઈ હતી કે "મેં સારવાર કોની કરી? મેં મારા ગાલ પર ચૂમીઓ કોને ભરવા દીધી? જે કન્યા પર મારી માતાએ મરણપથારી

પરથી શ્રાપ વરસાવ્યા હતા, જેને સુરેશ જાગીરદાર પોતાની કાયદે-સરે કન્યા ગણીને સુખી કરવાનો હતો અને જે મારા સુખના માર્ગમાં કંટક રૂપ છે, તેને મેં બચાવી છે! અજ્ઞાનતાએ કેવી બળતી ભૂલ મારી પાસે કરાવી? હવે હું શું કરું ?......"

અને લીલા તરફ એ ટગર ટગર નિહાળી રહી. લીલાની શક્તિઓ હરાઈ જતી હતી. "પા...ણી...પા...ણી" સુકાયલા ખોખરા કંઠે તે બોલવા યત્ન કરવા લાગી. વનમાલા ઉઠી. "પાણી, પાણી" એ શબ્દો એના કાનમાં ગૂંજી રહ્યા. એ શબ્દોએ એને યંત્રવત્ વહેળીઆ પાસે આણી; શૂન્યભાવે તેણે પોતાનું વસ્ત્ર પાણીમાં બોળ્યું અને પાછી લીલા નજદીક આવી. પણ એ પાણી તેનાથી તેને પાઈ શકાયું નહીં. લીલાનું શરીર તણાઈ જતું હતું. એને કંપારી આવતી હતી. એના મોંમાંથી ફીણ નીકળતાં હતાં. એની આંખો વધારે પહોળી બની ગઈ હતી...

વનમાલા ભયભીત બની ગઈ. આવી દર્દભરી સ્થિતિ એ જોઈ શકી નહીં. "શું એ મૃત્યુ પામી ?" વનમાલાએ મનોગત પ્રશ્ન કર્યો. એનામાં લીલાનો ચહેરો જોવાની હિમ્મત રહી નહીં. એણે પાણીથી તરબોળ વસ્ત્ર નીચોવી નાંખ્યું. એમ કરતાં જમીન પર એણે લીલાની નોંધપોથી પડેલી દીઠી, ચડપ દઈને એણે તે ઉઠાવી લીધી; અને આમ તેમ નજર કરતી તે, ત્યાંથી દોડી ગઈ.

●

પ્રકરણ ૬

●

વસંતનો મેળાપ

●

રેલ્વે-માર્ગ પર થયેલા અકસ્માતથી આગળના એક નાનકડા સ્ટેશને એક મોટર-ગાડી આવીને ઉભી રહી. એ ગાડી સરળતાથી ત્યાં આવી ન હતી. થોડેક દૂરથી એ માણસો તેને હડસેલા મારીને ચલાવતા હતા. એ ગાડી માંદી પડી ગઈ હતી! એની દવા આ ગામડાગામના નાનકડા સ્ટેશને કયાંથી મળે?

મોટરના માલિક જેવો દેખાતો જુવાન, સ્ટેશન માસ્તર પાસે આવ્યો. તેણે પૂછ્યું: "અહીં કયાંયે પેટ્રોલ મળશે કે, સાહેબ?"

"અરે, રામ રામ કરો, મારા સાહેબ! અહીં પેટ્રોલ કેવું?"

"ત્યારે અમારી મોટર શી રીતે જશે! એમાં તો પેટ્રોલનું એક ટીપું સુદ્ધાંત રહ્યું નથી!"

"મોટર પણ નહીં જઈ શકે અને ટ્રેન પણ જવાની નથી! તમારે અહીં રોકાઈ ગયા સિવાય છૂટકો નથી! આગલ્યા સ્ટેશને અકસ્માત થયો છે!"

"બર્દવાનમાં મેં એ અકસ્માતની વાત જાણી. ટ્રેન આવતી ન હતી એટલું હું મોટરમાં આવ્યો. મારે તો જેમ બને તેમ જલ્દીથી ઢાકા પહોંચવું છે!"

"અહીંથી એક સ્ટેશન દૂર થયેલો અકસ્માત ભારે છે. એવો કદી થયો ન હતો. મેલટ્રેન અને માલગાડી અથડાઈ પડયાં છે!..."

"ત્યારે તો ઉતારૂઓની ભારે ખાનાખરાબી થઈ હશે!"

" ઘણી જ ! ભાગ્યે જ એમાંથી કોઈ બચવા પામ્યું હશે. મેલટ્રેને આગલ્યું સ્ટેશન છોડયા પછી સાંધાવાળાની ગફલતથી અકસ્માત થયો એમ કહેવાય છે. ત્યાંના સ્ટેશન માસ્તરે તજવીજ કરી હતી, ગામમાંથી મદદ મંગાવવા માણસ મોકલ્યાં હતાં; પણ જેવું આ સ્ટેશન નાનું છે અને તેની પાસેનું ગામ પણ નાનું છે તેવું જ તે છે. મને તે સ્ટેશન માસ્તરે તારના સંદેશાથી ખબર આપી કે, ઉતારૂઓને જોઈતી મદદ હજી આવી લાગી નથી. ટ્રેન માટે પણ તારના સંદેશા મોકલાયા છે. કોઇ માણસો, ભાગ્યે જ બચવા પામ્યાં હોય એમ લાગે છે ! "

" મારી મોટરના પેટ્રોલે દગો દીધો ને ? બધખર્ચ તે ખૂટી પડયું ! મને જો ખબર હોત તો વધારે જથ્થામાં મારી સાથે અનામત ના રાખત ? "

" એ તો ભાઈ, અકસ્માત તે અકસ્માત ! એ કોઇને કહીને થતા નથી ! જો અકસ્માતોની જાણ લોકને પડતી હોત તો તે અકસ્માત જ શેના કહેવાત ? "

" પગે ચાલીને જવુ હોય તો જઇ શકાય ખરૂં ? "

" હા. એ સ્ટેશન અહીંથી સાડાત્રણ માઈલ દૂર છે અને ત્યાંથી દાકા વીસ માઈલને અંતરે છે. ગાડીઓનો વહેવાર ચાર-પાંચ દિન સુધી શરૂ થવો મુશ્કેલ છે ! ચાલી નાંખો—જો અગત્યનું કામ હોય તો ! "

" કામ તો બેશક અગત્યનું છે. એક યુવતીનો મારે પત્તો મેળવવાનો છે ! "

" જો, જો, ભાઈ, અકસ્માત વાળી જગ્યાએ થઈને જાઓ, તો બધાં ઉતારૂઓનાં મોઢાં જોયા પછી જ જજો. "

" મને યે એવોજ કાંઇક વહેમ પડે છે કે, રખેને એ યુવતી આ અકસ્માત વખતે ટ્રેનમાં મુસાફરી કરી રહી હશે તો તેની માઠી

વલે થઈ હશે ને ?...પણ...ના. હું તર્કવિતર્ક કરું એ નક્કામા છે. જાતે જ જાઉં અને તપાસ કરું. પછી બીજી વાત."

મોટર–ડ્રાઇવરને તેજ સ્ટેશને થોભવા કહીને એ યુવાન રેલ્વે પાટાની સડક પર પગપાળો ચાલવા લાગ્યો.

એકાદ માઇલ દૂર તે પહોંચ્યો હશે એટલામાં એને એવો આભાસ થયો કે, રેલ્વે માર્ગની જોડાજોડ પગની જે પગથાર છે, ત્યાં કપડાંનો એક ઢગલો પડયો છે! એ ઢગલો ત્યાં કોણ મૂકી ગયું હશે? તે આગળ ચાલ્યો અને જેમ જેમ તે ઢગલાની નજદીક આવ્યો તેમ તેમ તેને લાગ્યું કે, ના, એ કેવળ કપડાં જ નથી પણ કોઈક માણસ પડેલું છે. તે ઝટ ઝટ ચાલ્યો અને જ્યારે બરાબર તેની કને પહોંચ્યો ત્યારે સ્પષ્ટ જોઈ શકયો કે, કોઇ ખાનદાન રૂપવતી તરૂણી બેભાન અવસ્થામાં પડેલી છે! એ કોણ હતી? એના વદન તરફ નજર જતાં એ અચાનક ચોંકયો. બરાબર સુરેશરાયના વદનની જ એ પ્રતિમા હતી!

"શું એ લીલા હશે?" તે મનોગત બોલ્યો, અને તેને સુરેશે કહેલા શબ્દો યાદ આવ્યા. જે ગુપ્તચરને સુરેશે રોકયો હતો તેણે તેને ખબર આપી હતી કે, લીલા ઢાકાનગર તરફ ગઈ છે. 'એકથી બે ભલા' એ ન્યાયે વસંતને સુરેશે ઢાકાનગર તરફ મોકલ્યો હતો. મેલટ્રેનમાં મુસાફરી કરતાં બર્દવાન સુધી તે આવ્યો ત્યારે થોડાક કલાક ઉપર ખબર મળી કે, આગળ રેલ્વે માર્ગ ઉપર અકસ્માત થયો છે એટલે ટ્રેનો અહીંથી ઉતારૂઓને લઈને જતી નથી. સુરેશને તાલાવેલી લાગી. કોઈપણ જોખમે ઢાકા તો પહોંચવું જોઈએ, અકસ્માત વાળા સ્થળ સુધી જઈને તે પછી પગે ચાલીને પણ આગળ વધવું એવો નિર્ણય કરીને તેણે એક મોટર ભાડે કરી પણ નસિબ બે ડગલાં આગળનું આગળ! માનવી રેલથી જાય તો નસિબ તારમાં તેની આગળ જઈને ઉભું રહે છે! મોટરમાં અધ-

વચ્ચ પેટ્રોલ ખૂટયું. હડસેલા મારીને અહીં સુધી તેને લાવ્યા બાદ વસંતે પગે ચાલીને આગળ મુસાફરી કરવા માંડી હતી.

રસ્તામાં પડેલી બાળા લીલા જ છે, એવો ખ્યાલ કરી લઈને વસંતે તેને શુદ્ધિમાં લાવવા કોશિષ કરી. સારે નસિબે રેલ્વે માર્ગની જમણી બાજુએ એક ખેતર આવેલું હતું ત્યાં એક ખેડૂત ઉભો હતો અને એને કોશિષ કરતો નિહાળી રહ્યો હતો. વસંતે એને મદદ માટે બોલાવ્યો અને બાળાને ઉઠાવીને તે તેના ખેતરમાં લઈ ગયો.

ખેડૂતની ઝુંપડીમાં તરૂણીને સુવાડીને તેના મોંપર પાણી છાંટીને તેને શુદ્ધિમાં લાવવામાં આવી. સ્વસ્થ થઈને તે આમ તેમ જોવા લાગી.

બાદ એણે પૂછ્યું : " હું કયાં છું ? તમે કોણ છો ? મને અહીં કોણ લાવ્યું ? "

" તમે રેલ્વે માર્ગમાં બેહોશ હાલતમાં પડેલાં હતાં. મેં તમને જોયાં અને આ ખેડૂત ભાઈની મદદથી તમને અહીં લાવ્યો. શું તમે ટ્રેનના અકસ્માતમાંથી બચીને આ તરફ આવતાં હતાં ?"

" ટ્રેનનો અકસ્માત " એ શબ્દ કાને પડતાં એ બાળા સહેજ ગભરાઈ. એનો હાથ એના કબજાના ખિસ્સા પર ગયો. સહેજ વાર મનન કરીને તે બોલી : " હા. હું અકસ્માતમાંથી બચી હતી. મરતાં માણસોની ચીસો, તેઓની ઘવાયલી હાલત અને કેટલાંકની તો કમકમાટ ઉપજાવે એવી થઈ ગયેલી સ્થિતિ મારાથી જોઈ શકાઈ નહીં. હું નાસી છુટી..."

" તમે જબરી હિમ્મત કરી ! લગભગ ૨॥ માઈલ તમે ચાલ્યાં હશો. અને કદી એવી રીતે મુસાફરી કરી નહીં હોય તેથી જ અધવચ્ચ માર્ગમાં તમે બેશુદ્ધ થઈને પડી ગયાં હતાં. સારૂં થયું કે, મારો તમને મેળાપ થયો. તમે એકલાં જ બચ્યાં છો ? તમારી જોડે બીજું કોઈ નહોતું ? "

"ના...ના...કોઈ નહોતું. મને બહુ થાક લાગેલો જણાય છે. મા પગ દુખે છે. માથું દુખે છે. મને આરામની જરૂર છે."

"અવશ્ય. તમને આરામની જ જરૂર છે. પણ સહેજવાર તમારી સાથે હું એક અગત્યની વાત કરવા માગું છું."

"મારી સાથે? મારે કોઈની સાથે કશી વાત કરવાની નથી. અને અત્યારે...મારું મગજ અશાન્ત છે."

"કુદરતી છે કે, સંખ્યાબંધ માણસો જે અકસ્માતમાં માર્યા ગયાં તે અકસ્માતનું સ્મરણ તમને બહુ વખત સુધી રહેજ. તમારાં મન અને મગજની હાલત તેથી અશાન્ત પણ બની જાય. પરંતુ સહેજ તમારી યાદદાસ્તી કસીને તમે મારી સાથે વાત કરો પછી ભલે સુઈ જાઓ. તમે ઢાકાનગરથી આવો છો?"

"હા. હું ત્યાંથી આવું છું."

"તમારાં માતુશ્રીનું નામ?"

"વાસન્તી દેવી."

"તમારું નામ?"

"મારું નામ લીલા જાગીરદાર."

"બસ. હવે તમે શાંતિથી સુઈ જાઓ. તમે જાગશો ત્યારે તો તમને હું મારો અને તમારા પિતાનો પરિચય આપીશ અને તમને ઘણીજ ખુશખબર સંભળાવીશ."

"મારા માટે ખુશખબર?" અત્રે એ બાળાનો હાથ પાછો પોતાના કબજાના ખિસ્સા પર ગયો.

"હા. મને તમારીજ શોધ વાસ્તે તમારા જાગીરદાર પિતાશ્રી સુરેશરાયે મોકલ્યો છે. તમારું મોં જોતાંજ હું કલ્પી શક્યો હતો કે, તમે તેમનાં પુત્રી છો; કારણકે, તમારા પિતાના

ચહેરા સાથે તમારો ચહેરો ઘણો જ મળતો આવે છે. ઢાકાનગર ખાતે તમે ગયાં હતાં એવી ખબર અમને મળી હતી. હું તે તરફ આવતો હતો અને ઢાકાથી ઉપડેલી ટ્રેનને અધવચ્ચ અકસ્માત નડયો. તેમાંથી બચેલાં તમે એકલાં અહીં માર્ગમાં પડેલાં મળ્યાં, એટલે મારા અનુમાનના સત્યની કસોટી કરવા મેં તમને જરૂરી સવાલો કર્યાં. તમારી માતાના તાજેતરમાં થયેલા અવસાન બદલ મારી ઘણીજ દિલસોજી સ્વીકારશો. તમારા પિતા અપાર દુઃખી બની ગયા છે. તમને તે સુખી કરવા માગે છે. હું આજથી તમારો સ્નેહી થયો. તમારી દરેક ઈચ્છા પૂર્ણ કરવાની જોખમદારી હવે મારે માથે રહેશે."

"તમારૂં નામ હું જાણી શકું ?"

"મારૂં નામ વસંતરાય. લીલાદેવી ! તમારા પિતાશ્રીના પરમ શુભેચ્છક મિત્ર યદુરાયનો હું પુત્ર થાઉં અને તમારી આખીયે જાગીરનો વહીવટદાર હું છું. મને એથી ઘણોજ ગર્વ ઉપજે છે કે, તમને શોધી કાઢવાનું પરમ ભાગ્ય સૌથી પહેલું મને પ્રાપ્ત થયું. જ્યારે આ ખબર તમારા પિતાશ્રી જાણશે ત્યારે મને અને તમને ઉભયને તેઓ અભિનંદન આપશે."

"તમને મારી શોધ વાસ્તેજ મોકલવામાં આવ્યા હતા ? જો હું અકસ્માતમાંથી બચી ન હોત..."

"પણ એ 'જો' અને 'તો'ની માથાઝીક શા વાસ્તે કરવી ? તમે સાચેં જ જ્યારે લીલાદેવી પોતે છો અને તમારાં માતુશ્રી વાસંતીદેવી હતાં ત્યાર પછી એ દેખીતું છે કે તમે સુરેશરાયનાં હકદાર પત્નીનાં હકદાર પુત્રી છો અને બસ, એ પછી તમારે તમારા મગજના બોજાવાળી હાલતમાં કશું જ વિચારવાનું રહેતું નથી. જુઓ, આ ઝુંપડીની અંદર એક બીજો ભાગ છે. તેમાં

જઈને નિરાંતે સુઈ જાઓ. અહીંથી ટ્રેન પસાર થશે ત્યારે આપણે તેમાં જઈશું."

ખેડૂતે અંદરના ભાગમાં સુવા માટે ગોઠવણ કરી આપી અને એ તરૂણી ત્યાં જઈને સુતી. એ મનમાં ગણગણતી હતી: "લીલા જાગીરદાર !" "સુરેશરાયના જેવું જ મોં !......" એનો હાથ પુનઃ ખિસ્સાપર ગયો. ખિસ્સામાંથી તેણે કોઈક વસ્તુ બહાર કાઢી. તે એક નોંધપોથી હતી. જે નોંધપોથી અકસ્માત-વાળા સ્થળે લીલા જાગીરદારે વનમાલા નટીને આપી હતી તેજ એ નોંધપોથી હતી ! સુરક્ષિત રીતે પોતાના ખિસ્સામાં જ તે રહેલી છે, એવું જોઈને વનમાલા બોલી: "સંભાળજે, વનમાલા ! લીલા તરીકે તને પોતાને ઓળખાવીને તેં ઊંડા પાણીમાં પગ મૂક્યો છે !"

અકસ્માતવાળા સ્થળે સાચી લીલાને મરણકિનારે મૂકીને નોંધપોથી લઈને વનમાલા નાસી છુટી હતી. લીલા મરણ પામી કે જીવતી રહી એનો ખ્યાલ કરવા, એ થોભી નહતી. ત્યાં થોભવું એને ભયંકર લાગ્યું હતું. હવે પછીનું જીવન, ભદ્રસ્થિતિમાં વહેશે કે ભયંકરમાં, એનો કશોજ ખ્યાલ કર્યા વિના, તેણે નાસી છૂટવું બહેતર લેખ્યું હતું. મનની આકળવિકળ હાલત, અપરાધી હૃદય, કદી પગે નહીં ચાલવાનો અનુભવ અને અઢી માઈલની ઝડપી મુસાફરી—આ બધાં કારણોને અંગે વનમાલા અધવચ્ચ માર્ગમાં બેહોશ થઈને પડી ગઈ હતી. ત્યાં તેને વસંતનો મેળાપ થયો.

પ્રકરણ ૭

પિતાનો પ્રેમ

ગ્રીષ્મ ઋતુની એ મીઠી સમી સાંજ હતી. સુરેશભુવનનો માલિક સુરેશરાય પોતાના દીવાનખંડમાં આતુરતાથી આંટાફેરા મારી રહ્યો હતો. બે અઠવાડીઆં એણે ભારે બેચેનીમાં ગાળ્યાં હતાં. વસંતને લીલાની શોધ માટે મોકલ્યો હતો એનો જવાબ આજ દિન લગી આવ્યો નહતો પરંતુ આજે જ સહવારે ટપાલમાં એક પત્ર મળ્યો હતો, જેમાં ખુશાલીના સમાચાર હતા :

"આખરે હું લીલાને શોધી શકયો છું. અમે મુસાફરી કરી રહ્યાં છીએ. અમારો મેળાપ અજબ સંયોગોમાં થયો હતો. એનું વર્ણન શબ્દોથી થઈ શકે તેમ નથી. રૂબરૂમાંજ આપને તે કહીશ." અને બપોરે એક તારનો સંદેશો આવ્યો હતો, જેમાં 'સાંજે સાત વાગ્યાની ટ્રેનનાં અમે આવીએ છીએ' એમ જણાવેલું હતું. સુરેશે સ્ટેશન પર ગાડી મોકલી હતી અને હવે તે રાહ જોઈ રહ્યો હતો કે, તેઓ કયારે આવે. આલીશાન મકાનનાં નોકર ચાકરો પણ આતુરતાથી રાહ જોતા પરસ્પર પૂછપરછ કરી રહ્યા હતા કે, શેઠજીની પુત્રી કેવી હશે ? એ શહેરી શેઠાણી હશે કે ગામડીઅણ ? એ તુંડમિજાજી હશે કે શાંત અને ગંભીર ? એ ખૂબસુરત હશે કે અમાવાસ્યાની બલા ?

આતુર ચિત્તે અને આતુર નયને દીવાનખંડમાં ફરી રહેલા સુરેશના મનમાં પણ એ વિચારો ઘોળાઈ રહ્યા હતા કે, હું એને કેવી જોઈશ ? એ કોને મળતા ચહેરાની હશે ? એની માતાને મળતા ચહેરાની કે મને મળતા ચહેરાની ? પણ ના. 'મા તેવી દીકરી' કહેવાય છે, તે મુજબ મોટે ભાગે એની માને મળતું જ એનું મનોહર વદન હશે.

એને અત્રે વાસંતી યાદ આવી. ધીમે પગલે તે દીવાનખંડની બાજુમાંના એક ખંડમાં ગયો. એ હતું સુરેશભુવનનું ચિત્રસંગ્રહાલય. સુરેશ ચિત્રકલાનો શોખીન હતો, આ સંગ્રહાલયમાં તેથી જ તેણે અનેક કલાકારોની પીંછીનાં ઉત્તમ પ્રકારનાં ચિત્રોનો સંગ્રહ કર્યો હતો. દીવાનખંડમાં અને બીજા ખંડોમાં ટીંગાડેલાં ચિત્રો કરતાં આ ચિત્રસંગ્રહાલયનાં ચિત્રો અનોખાં હતા. શું પાશ્ચાત્ય કે શું પૌર્વાત્ય, પૃથ્વીના કોઇ પણ વિભાગના ઉમદા ચિત્રકારની કૃતિ અહીં ન હોય એમ ન હતું. પણ એ સર્વ કૃતિઓ કરતાં અત્યારે એનું લક્ષ કેવળ એક જ ચિત્ર જોવા આતુર હતું. એણે એક કબાટ ઉઘાડયું. એ કબાટમાં વાસંતીની તૈલપ્રતિમા અંકાવીને લાલ કપડાના પડદાથી ઢાંકીને તેણે મૂકાવેલી હતી. એ લાલ પડદો એણે કંપતે હાથે હટાવ્યો અને પછી જે સુન્દર પ્રતિમા દેખાઈ તેના તરફ તે અનિમિષ નયને નિહાળી રહ્યો. એ પ્રતિમા નિહાળતાં એણે પોતાનું હૈયું મજબૂત બનાવ્યું. મોં પર દઢતાના ભાવ ધારણ કરી રાખ્યા. આંખમાંથી એક પણ અશ્રુબિન્દુ વહે નહીં એની કાળજી રાખી. પાંચ–છ ક્ષણ સુધી જાણે એ પ્રતિમાની સાથે હૈયાના ભાવથી મૂક વાણીમાં વાત કરતો હોય એમ નિહાળી રહ્યા બાદ તે બોલ્યો : "હા. વર્ષો પછી તારી પુત્રી આવે છે. તને તો મેં મારા હૈયામાં સ્થાન આપ્યું ન હતું પણ તારી પુત્રીને તારા સંસ્મરણ રૂપે મારા હૃદયમાં જ રાખીશ. તારો આત્મા સ્વર્ગમાં પ્રસન્ન થાય એવું જ એને અનેરૂં અને વાત્સલ્યપૂર્ણ સ્થાન આપીશ. સુભાગ્યે વસંત સમો સુશિક્ષિત, વ્યવહારનિપૂણ અને ચાલાક યુવાન એનો પતિ થશે. એ બેયને સદાસર્વદા સંતોષવાં એજ મારૂં હવે પછીનું જીવનકાર્ય રહેશે"

સુરેશે કબાટ બંધ કરી દીધું. તેની ચાવી તેણે ખિસ્સામાં મૂકી અને પુનઃ દીવાનખંડમાં આવીને તે ઘડીકમાં પત્ર તો તો ઘડીકમાં તારનો સંદેશો, એક વાર નહીં, અનેકવાર ફરીથી

વાંચતો અને વાંચતાં નહીં થાકતો એક કોચમાં બેસી રહ્યો. વસંતના પત્રનું ટૂંકાણ તેને નહોતું ગમ્યું. એમાં જો લીલાનું વર્ણન હોત તો તે ખુશી થાત. પણ વસંત કાંઈ નવલકથાકાર નહતો. એ તો એક જાગીરદારનો વહેવારનિપૂણ વહીવટદાર હતો, જે રૂપીઆ આના પાઇના ગુણાકાર ને બાદબાકી સારી પેઠે કરી જાણે, ભાડૂતોની વ્યવસ્થા કરી જાણે, ખેતરોના પાક સંબંધી વ્યવસ્થા કરી જાણે. સુરેશે વસંતના ટૂંકા પત્રની ખામી આ રીતે આશ્વાસન લઈને આપમેળે ઢાંકી દીધી. પણ ઘડીઆળના કાંટાને આજ શું થયું છે? મિનિટ કાંટો આજે એક મિનિટ ઉપરથી બીજી મિનિટ પર ખસતાં કેટલી બધી ઢીલ કરે છે? સાત તો જલ્દી વાગવા જોઇએ! આટલાં બધાં વર્ષોના દિવસોએ હમેશાં સાંજે સાત વાગ્યા હશે. એ બધાયે દિવસોના સાત વાગી ગયા તે જણાયા પણ નહીં અને આજના સાત હજી વાગ્યા નથી એમ કેમ લાગે છે?

એકાએક સુરેશે જાગૃતિ અનુભવી. ગાડીનાં પૈડાંનો સાદ સંભળાયો. ટોકરી વાગી. "બહેન આવ્યાં, શેઠાણી આવ્યાં" નોકરોના અવાજો સંભળાયા. થોડીવારે ગાડીનું બારણું બંધ થતું સંભળાયું. દીવાનખંડ બહાર કોઈનો પગરવ સંભળાયો; ઉંબરામાં કોઈક દેખાયું: વસંત! એકલો જ વસંત!

સુરેશ નજદીક આવતાં તેને પ્રણામ કરીને વસંત ઉભો રહ્યો. સુરેશે વસંતના મોં પર થાકનાં ચિહ્ન નિહાળ્યાં. મુસાફરીએ એના ચહેરાને સહેજ શ્યામ બનાવ્યો હતો. એની આંખની પાંપણો પર ધૂળનાં રજકણ બાઝેલાં જણાતાં હતાં. સુરેશ સમજી ગયો કે, તે એકલો જ શા કારણે આવ્યો. તેણે કહ્યું:

"તમે બન્ને ખૂબ થાકી ગયાં લાગો છો—નહીં વસંત?"

"તે તો ઘણીજ, મુરબ્બી! પહેલીજ વાર આપને મળવાનું, એટલે સંકોચનો પણ ઉમેરો થયો છે. મેં એને સહેજ

વિશ્રાંતિ લેવા અને સ્વસ્થ થવા સૂચવ્યું. આભાર સાથે તેણે એ સૂચના સ્વીકારી."

"ઠીક કર્યું. પણ મને મળવામાં એને સંકોચ શા વાસ્તે થાય ?"

"મેં આપને ખાતર પણ એને વિશ્રાંતિ લેવા કહ્યું. આપને એના વિષે પ્રથમથી કાંઈક ખ્યાલ આપું તો વર્ષોને અંતે ઓચિંતી ખુશાલી થતાં આપને આઘાત ના લાગે અને આપ એને ચિત્તની સ્વસ્થતાથી મળી શકો—આ મારો હેતુ હતો."

"મને આઘાત લાગે ? શી વાત કરે છે, ભાઈ ? જો કે તેં તારી વહેવારૂ દીર્ઘદૃષ્ટિ વાપરી છે પણ મેં તો વાત્સલ્યની મૂશળધાર વર્ષા વરસાવવાના કોડ સેવી રાખ્યા છે. એટલે એ પૂરા કરતા પહેલાં મારા દૃઢ હૈયાને લગીરે આઘાત નહીં લાગવા દઉં."

સુરેશનું મોં અચાનક સહેજ ફિક્કું બન્યું. તેના ઉપર કંઈક વધુ ગંભીરભાવ દેખાયા અને ગળગળે સાદે તે બોલ્યો: "હું જાણું છું કે, એની સ્વર્ગસ્થ માતાને મેં કરેલા અન્યાયને લીધે એ બિચારી ગરીબીમાં અને હાડમારીમાં ઉછરેલી હશે. એના મોં પર તંદુરસ્તીની લાલી પણ નહીં હોય; એનાં વસ્ત્ર કદાચ પૂરાં સ્વચ્છ પણ નહી હોય અને જૂનાં પુરાણાં હશે; એ બધું જોઈને મને આઘાત નથી લાગવાનો. હું તો જેવી છે તેવી મારી પુત્રીને સ્વીકારીશ અને જેમ એક માળી એક કરમાયલા છોડને જતનપૂર્વક ઉછેરે તેમ તેને ઉછેરીશ. અને...અને...પછી જાણે છે, ભાઈ ? એ છોડ હું તને સોંપી દઈશ."

"આપની મારા પ્રત્યેની લાગણી સંબંધી પિતાજીએ મને રજેરજ કહ્યું છે. પણ મારી વાત હમણાં નહી કરૂં. લીલાનીજ વાત કરૂં. આપે કહ્યું કે—તે જેવા કંગાલ દેખાવની હશે તેવી આપ તેને સ્વીકારશો. મુરબ્બી, એજ મુદ્દામાં આપને આચિંતી ખુશાલીનો આઘાત થાય નહીં એની કાળજી મારે રાખવાની છે."

સુરેશ પ્રશ્નસૂચક મુખમુદ્રાથી તેના તરફ જોઈ રહ્યો. વસંતે કહ્યું: "એ કોઈ અર્ધ-જંગલી ગામડીઅણ નથી. એનાં પૂજ્ય સ્વર્ગસ્થ માતુશ્રીએ એનામાં સારા સંસ્કાર પાડવા પોતાની ગરીબીમાં પણ પુષ્કળ શ્રમ લીધો હોય એમ જણાય છે. ઉપરાંત—"

"એમ ? અને બીજું બધું પછી કહેજે; પણ પહેલાં એ કહે કે, એ કોના જેવી છે ? હું ધારૂં છું કે એની માતાના જેવી હશે."

"એમાં યે આપ પૂરેપૂરા ઠગાશો, મુરબ્બી ! એ સંપૂર્ણ રીતે આપનું પોતાનું–એના પિતાનું–પ્રતિબિંબ છે !"

જાગીરદારની આંખમાં ચમક દેખાઈ: "શું એ મારા જેવી છે ?"

"જેણે આપનો ચહેરો જોયો હોય અને પછી એને જુએ તે તો તત્કાળ કહી આપે કે, એ આપનીજ પુત્રી છે. મને પ્રથમ દૃષ્ટિએજ એનો પરિચય આપના ચહેરાના સ્મરણથી થયો." અને અત્રે વસંતે રેલ્વે–માર્ગની પગથાર પર પડેલી એની દેહલતાને પોતે કેવી રીતે ઓળખી એ વિષે ટૂંકમાં વર્ણન કર્યું.

એ સાંભળીને જાણે તે જીરવતો હોય એમ ઘડીભર જાગીરદાર ચૂપ રહ્યો. બાદ ધીમે અવાજે તે બોલ્યો: "ત્યારે એ મુદ્દામાં તેં મને અગાઉથી ખબર આપવામાં દીર્ઘદૃષ્ટિ વાપરી એ માટે અભિનંદન; અને જો, સાંભળ, તારે લીધે મને એ મળી છે. તેં શ્રમ ના લીધો હોત—"

"મારી વાત ના કરો, મુરબ્બી. લીલા વિષે હજીયે આપને કેટલુંક જાણવાનું છે તે સાંભળો. એની માતાની યાદ એ ભૂલી શકતી નહોય એમ મને લાગ્યું છે."

"લાગેજ ને ? કિયા બાળકને ના લાગે ? અને કાંઈ એ વર્ષો પર ગુજરી ગઈ છે ? એકજ મહિનો થયો ને, એના અવસાનને ?"

"ઘણી વાર ઉંઘમાંથી "મા ! ઓ મા !" એમ બોલતી તે ઝબકી ઉઠતી; ચોમેર વિહ્વલ દૃષ્ટિથી જોતી અને પછી શાંત અને ગંભીર બની જતી. એને આશ્વાસન આપતાં હું જ્યારે એની માતુશ્રી વિષે બોલતો ત્યારે જાણે પોતાના ભૂતકાળના જીવનનો ઉલ્લેખ એને પસંદ નહોય એવી લાગણી એ બતાવતી. હું ધારું છું કે, એને એના દુઃખી દિવસોની યાદ ગમતી નથી."

"એ યે કુદરતી છે. ગઈ તિથિ નહીં જોવા જોષીઓ પણ ડહાપણ વાપરે છે. એ શા વાસ્તે ? કઠોર અને કાંટાળો; ભૂલો અને મૂર્ખાઈઓની પરંપરાવાળો; અને ચાલણીમાં પાણી રેડીએ ને તેનાં કાણાંમાંથી સરી પડે એમ, જેનામાંથી બનાવો ઝરી ગયેલા છે અને જે હાથ આવવા મુશ્કેલ છે, એવા એ ભૂતકાળનાં સંભારણાં શા કામનાં ? કેવળ પશ્ચાતાપ અને ચિંતા સિવાય જેમાંથી કશું પ્રાપ્ત થાય નહીં એવો ભૂતકાળ મારી પુત્રી લીલાને યાદ કરવો ના ગમતો હોય તો તેમાં હું તેને લગીરે દોષ દેતો નથી ! અને હું તો તેમાંથી એક સાર ગ્રહણ કરૂં છું કે, હું આપ મેળે એનો ઉલ્લેખ એની સમક્ષ નહીં કરૂં."

"એવી સાવધાનીમાં કાંઈજ ખોટું નથી મુરબ્બી—જો કે પ્રસંગોપાત વાતચીતમાંથી મેં છુટક છુટક રીતે એના ભૂતકાળના જીવનની વાત એના મોંયેથીજ કઢાવી છે અને આપના ગુપ્તચરે જે બધું આપને કહેલું તેને પૂરો ટેકો એમાંથી મળે છે; એટલે આપનાં સ્વર્ગસ્થ પત્ની વાસંતીદેવીની પુત્રી, પોતાની માતા સંબંધી તેમજ જે કાંઈ બીજા ભૂતકાળના પ્રસંગો એણે જાણવા યોગ્ય હતા તે સંબંધી પૂરેપૂરી વાકેફ છે. અને એજ વસ્તુસ્થિતિ આપને ખુલ્લા હૃદયે એનો સ્વીકાર કરવા પ્રેરે એમાં સહેજે નવાઈ નથી; અને શંકાને યે સ્થાન નથી."

"બસ. ત્યારે તો, વસંત, હું નિઃશંકપણે તેને સ્વીકારૂં છું. તેં મને મારૂં રત્ન લાવી આપ્યું છે કે જેની પ્રાપ્તિથી સંપૂર્ણ

ખી થવાના મારા જેવા એક દુઃખી પિતાના અભિલાષ હવેજ સિદ્ધ થશે......હાં......એ......કોનો અવાજ સંભળાયો ?" સુરેશે બહારથી આવતો એક અપરિચિત પણ કોમળ સ્વર સાંભળીને છેલ્લો પ્રશ્ન કર્યો.

"એનોજ એ મંજુલ સ્વર છે, મુરબ્બી ! એ આપને વંદન કરવા આવતી જણાય છે. આપને હું કાંઈ સૂચવું એ મૂર્ખતા ગણાય; પણ ધીરજ, શાંતિ, દૃઢતા, અને સંયમી વૃત્તિ રાખશો. અનહદ ખુશાલીના આવેશમાં તણાશો નહીં. એને દુઃખ થાય કે આપનેયે દુઃખ થાય એવું કાંઈજ વેણ કાઢશો નહીં."

"આ ખંડ કે, રાધા ?" બહારથી એજ મીઠો મધુરો સ્વર ફરીથી સંભળાયો: "તું આગળ થા."

"આમ શું કરો છો, બહેન ? શેઠ સાહેબના વહાલસોયા સ્વભાવથી મેં આપને વાકેફ કર્યા તો ય હજી ઓસંગાવ છો ?" નોકરડી રાધાનો સ્વર સંભળાયો.

થોડી વાર નિરવ શાંતિ છવાઈ રહી અને એ બાદ દીવાન-ખંડના ઉંબરમાં સુરેશે દેવાંગના સમી રૂપરાશી તારુણ્યમૂર્તિ નિહાળી. એને જોતાંજ, સુરેશના દિલમાં ખાત્રી થઈ ગઈ કે, એ પોતાનીજ પ્રતિછાયા હતી. બાપના ચહેરાને આબેહુબ મળતી આ દીકરીને કોઈપણ અજાણ્યો માણસ સહરાના રણમાંયે જુએ તો તેમનો સગપણસંબંધ પહેલી નજરે અચૂક કહી આપે.

અને માત્ર ચહેરાનું એકસરખાપણુંજ નહીં પણ એની આખીયે હબછબ પિતાને આહ્લાદ ઉપજાવી રહીં. કોઈ ગમાર ગામડીઅણ જેવાં એનાં વસ્ત્ર નહતાં. ભૂરા રંગની એક સાડી એણે પરિધાન કરેલી હતી, જેના ઉપર રૂપેરી કિનાર હતી. એજ રંગનો એવોજ કબજો તેણે પહેરેલો હતો. એના કરકમળમાં સોનાની ઝીણી બંગડીઓ ઉપરાંત કાચની બંગડીઓ હતી. અન્ય

આભૂષણોનો ઠઠેરો એની દેહલતા પર નહતો. કંઠમાં એક સાદી સુવર્ણમાળા અને કાનમાં બે લવિંગિયાં—એ સિવાય બીજું કાંઇજ તેણે પહેર્યું નહતું.

જેમ જેમ એ પિતાની પાસે જવા લાગી તેમ તેમ બેયનાં હૈયામાં સ્નેહસાગરનાં મોજાં ઉછળી રહ્યાં. થોડી વાર સુધી બેય જણે સૌમ્ય ગાંભીર્યનો ત્યાગ કર્યો નહીં પરંતુ જ્યાં બન્ને વચ્ચે બેએક ફીટનું અંતર રહ્યું કે, તરતજ પિતાથી રહેવાયું નહીં. હાથ પહોળા કરીને અને લંબાવીને તેણે કહ્યું: "આવ, બેટા લીલા! મારી દીકરી" અને ખીલે બાંધેલું વાછડું જેમ છૂટીને મા તરફ ધસારો કરે તેમ લીલા તેના પિતાનાં ચરણ સ્પર્શતી જમીન પર પડીને પ્રણિપાત કરી રહી. સાથે સાથે ધીમા સ્પષ્ટ સ્વરે તે બોલતીજ રહી:

"પિતાજી, પિતાજી, મારા પિતાજી......"

સુરેશ બેસી પડયો. એણે લીલાનું મુખ ધીમે રહીને હલકે હાથે ઉંચું કર્યું અને કશુંજ બોલ્યા વિના અનિમિષ નેત્રે એના પ્રતિ નિહાળી રહ્યો. ગંગાયમુનાના સ્રોત બેયનાં નયનમાંથી વહી રહ્યાં. જાણે આયનામાં એ બે જણ પોતાનાં મોં ન નિરખતાં હોય એવી સ્થિતિમાં ઘડીભર રહ્યા બાદ લીલા બોલી: "આપજ નિઃશંક મારા પૂજ્ય પિતા છો."

સુરેશે વસંત તરફ નજર કરી. વસંત બોલ્યો: "ખચિતજ. એમાં શક શો?" વસંતે આમ કહીને રાધા તરફ જોયું. રાધાએ પ્રતિઘોષ પાડયો: "બાપ દીકરીનાં મોંજ એ વાત હરકોઈને ખુલ્લી કહે છે."

સુરેશે હવે લીલાને ઉઠાડીને એક કૉચ પર બેસાડી અને એની સાથે બેસતાં તે બોલ્યો: "પુત્રી, આજની રાત મારા જીવનની મહાન્ રાત છે. એક કરોડપતિની દીકરી આજની રાતથી

એક ક્ષણને માટે પણ કંગાલ નહીં રહે. એમ સમજજો કે, અંધારી રાત વહી ગઈ છે અને જીવનભરની અમર ચાંદનીવાળી રાત આજથી શરૂ થઈ છે. વસંત, રાધા, તમામ દીવા પ્રકટાવી દો—જો કે મારા જીવનમાં પ્રકટેલા આ દીવા આગળ એ સઘળા દીવા ઝાંખાજ છે!" એ હસવા લાગ્યો.

વસંત અને રાધાએ સ્મિત કર્યાં. સુરેશે કહ્યું: "અને હાં... વસંત! તારા વિષે હવે હું બોલું તેમાં તારાથી લગીરે ટાપશી નહીં પૂરી શકાય. બેટા લીલા! મારો અને તારો મેળાપ કરાવી આપનાર આ ખડતલ જુવાન વસંત મારી જાગીરનો વહીવટદાર છે. એણે પ્રવાસ કર્યો; તને શોધી અને મને કૃતકૃત્ય કર્યો. હવે એની મહેનતનું યોગ્ય ફળ હું ના આપું તો મારા જેવો કૃતઘ્ની કોણ? 'મારી સેવાઓ અફળ નીવડી' એમ એને હું એક ક્ષણ માટે પણ કહેવા નહીં દઉં, લીલા! તને એનો કાંઈ અનુભવ થયો હોય તો તે વિષે સ્પષ્ટ શબ્દોમાં તારો અભિપ્રાય આપ."

"એમણે મને ઘણી ઋણી બનાવી છે—"

"શાબાશ"

"મુસાફરી દરમ્યાન એમણે મને લગીરે તકલીફ ના પડે તેની કાળજી લીધી હતી, જે માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું."

"તું નગુણી નથી, એ જાણીને મને હર્ષ થયો." પિતાએ એમ કહેતાં વસંત તરફ સૂચક દૃષ્ટિ કરી અને કૉચમાંથી ઉઠતાં ઉઠતાં કહ્યું:

"ચાલો, નોકરો દીવા પ્રકટાવે તે દરમ્યાન આપણે ભોજન કરી લઈએ."

*   *   *   *

આશરે પોણા કલાક પછી ભોજન પતવી લીધા બાદ અને તે દરમ્યાન એક બીજાના સ્વભાવથી પરિચિત થયા બાદ રસોડામાંથી બહાર નીકળતાં સુરેશે સૂચવ્યું: "આપણે ચિત્રસંગ્રહાલયમાં જઇશું ?"

લીલાએ હા પાડી. તેઓ ચિત્રસંગ્રહાલયમાં ગયાં અને તેમાનાં અનેકવિધ ચિત્રોનો પરિચય આપ્યા બાદ સુરેશે વાસંતીના ચિત્રના કબાટ તરફ જતાં કહ્યું:

"હવે તને એક પવિત્ર યાદ તાજી કરાવું, લીલા."

ચાવી વતી તેણે કબાટ ઉઘાડ્યું. કલાક ઉપર તેમાંની તસ્વીર ઉપરથી સુરેશે હટાવેલો પડદો હજી જેમ ને તેમ હતો. એ તસ્વીર બતાવીને સુરેશે પૂછ્યું: "કહે જોઈએ, બેટા, આ કોની તસ્વીર છે?"

અભિનેત્રી વનમાલાએ એ પ્રસંગે એવું અદ્ભુત અને સચોટ મૂક અભિનય કર્યું કે, જેણે તેની નજદીક ઉભેલા બેય પુરૂષો પર સરસ અસર કરી. અભિનેત્રી તો કબાટ ઉઘાડતી વખતના સુરેશના શબ્દોથી સમજી ગઈ હતી કે, એ ચિત્ર વાસંતીનુંજ હશે. પછીના બીજા પ્રશ્નથી એની સમજ દઢ ખાત્રીમાં પલટાઈ ગઈ અને તેથી જ્યાં સુરેશે પ્રશ્ન કર્યો કે, તેણે તરતજ પોતાનું મોં સહેજ નીચું કરી સુરેશની છેક નજીક જઈ પોતાના બન્ને હાથથી મોં ઢાંકી દીધું ! જો એ વખતે એક પણ શબ્દ તે બોલી હોત તો, તેની અસર તેના આ અભિનય જેટલી થઈ નહોત; અથવા તો, રખેને તેનાથી કોઇ વિચિત્ર સ્વરે કાંઇ ન બોલવાનુંય બોલાઈ ગયું હોત; કારણ કે, વાસંતી તેની જન્મદાતા માતા નહતી.

અવનત અને કર-આચ્છાદિત મુખથી પિતાની સોડમાં તે ભરાઈ, તેથી પિતાને એવું સૂચન થયું કે-પુત્રીને એની માતાની યાદ બહુજ દુઃખ ઉપજાવી રહી છે. આવા યોગ્ય માતૃવાત્સલ્યની કદર કરતાં પુત્રીપ્રેમી પિતાએ વસંતને કહ્યું: "જોયું વસંત

એણે એની માતાને બરાબર ઓળખી લીધી ! બેશક, એની મર્હુમ માતાની જ એ તસ્વીર છે. ”

અને પુત્રીની પીઠ પર હાથ ફેરવતાં પિતાએ પુત્રીને ઉદ્દેશીને કહ્યુંઃ “ તારા ભૂતકાળનું સંસ્મરણ તને કરાવવું એ તારા હૃદય ઉપર આઘાત કરવા સમાન છે, એ હું જાણું છું અને તેમાંયે આજ જ્યારે આપણે ‘ આ મહાન રાત ’ કહી છે ત્યારે આપણી ખુશાલીમાં તને આ દુઃખદ યાદ મારે દેવરાવવી જોઈતી નહતી. ના રોઈશ, બેટા ! હું તને હવે ફરીથી કદાપિ નહીં દૂભવું. અને કાળજી રાખીશ કે, તારી ઈચ્છા વિના કોઈ દિવસ આ તસ્વીરવાળું કબાટ ખોલવામાં નહીં આવે. ”

પિતાએ કબાટ પુનઃ વાસી દીધું. કળમાં કુંચી ફેરવીને બહાર કાઢી અને પુત્રીના હાથમાં તે મૂકી. પોતાના ખિસ્સામાં તે મૂકીને અભિનેત્રી પાલવ વતી આંખ લુછતી ત્યાંથી જવા લાગી. સુરેશ અને વસંત તેની પાછળ ગયા.

દીવાનખંડની બારીઓમાંથી દેખાતું હતું કે–સુરેશભુવનની ચારે પાસ રોશની પ્રકટી ચૂકી હતી અને અમૃતનગરના લોકો, એ રોશની જોવા ત્યાં ટોળાબંધ આવતા હતા. સુરેશે કહ્યું:

“ જોયું, લીલા ! જેમ તારા પિતાને તારા આગમનથી આનંદ થયો છે તેમ અમૃતનગરના લોકોનેય આનંદ થયો છે ! ”

તેઓ રોશની અને મેદની નિહાળતાં બગીચામાં આવ્યાં. પુત્રી ધીમે ધીમે અને વિચાર–તંદ્રામાં ચાલતી હતી. એ જોઈને પિતાએ કહ્યું: “ લીલા ! તું થાકી ગઈ લાગે છે. સિવાય તારા મનમાં તારી માતાના ચિત્રે ભૂતકાળની યાદ જાગૃત કરી છે. ”

“ પિતાજી ! આપના અગાધ પ્રેમ આગળ હું બીજાં સંસ્મરણો ભૂલવા યત્ન કરૂં છું. ”

"બહુ સુંદર કહ્યું, બેટા! તારે પિતા છે, એવું હજી તો હમણાંજ તેં જાણ્યું છે. એ પિતાના તારા માટેના અભિલાષોનો ખ્યાલ હજી તો તને પૂરો આવ્યોયે નહીં હોય. પણ તારાં સ્વપ્નમાં ચાહે તેટલા તરંગો તું રચીશ અને જાગૃત–અવસ્થામાં તારા પિતાને કહીશ તો તે સિદ્ધ કરી આપવા તારો પિતા આકાશ–પાતાળ એકત્ર કર્યાં વિના રહેશે નહીં. આજથી સદાયે એ ખ્યાલ રાખજે કે, તારો પિતા છે અને તને જેની વહાલામાં વહાલી યાદ હોય તેને ઠેકાણે તે છે."

અભિનેત્રીના હૃદયમાં આ શબ્દોએ સજ્જડ અસર કરી. તે ધીમા સ્વરે બોલીઃ "તમારા આ શબ્દો સદૈવ મારા અંતઃકરણમાં અંકિત થઈ રહેશે, પિતાજી!"

"અને હવે? તારી આંખો ઘેરાતી જણાય છે. જા, સુઈ જા. તું નહીં ઉંઘે તો તારી તબીયત બગડશે. વસંત, એને લઈ જા."

વસંત સાથે લીલા ઘરમાં જવા લાગી. વસંતે કહ્યું: "તમારા પિતાજીએ જે છેલ્લા શબ્દો કહ્યા તે હું પણ કહું છું. તમને જેની વહાલામાં વહાલી યાદ હોય તેને ઠેકાણે પિતાજી સાથે વસંતને પણ યાદ કરશો."

અભિનેત્રી કાંઈ જ બોલી નહીં. માત્ર વસંત તરફ શૂન્ય દૃષ્ટિએ તે જોઈ રહી.

નોકરડી રાધાએ તેના માટે શયનખંડ ખાસ તૈયાર કરી રાખ્યો હતો; અને તેનો પડતો બોલ ઝીલવા તે તૈયાર ઉભી હતી. એની સાથે સહેજ પ્રકીર્ણ વાતો કર્યા બાદ શયનખંડનાં દ્વાર બંધ કરીને પલંગમાં પડતાં અભિનેત્રી મનોગત બોલીઃ "કેવી રીતે? ઓહ! કેવી રીતે આ પિતાના પ્રેમના બદલામાં હું તેનું વેર લઉં?"

પ્રકરણ ૮

●

સ્વપ્ન

●

વનમાલા બગીચામાંથી ઘરમાં નિદ્રિત થવા ગઈ એટલે સુરેશે વસંતને કહ્યું: "વસંત, તું એનું વર્ણન કરવામાં બીલકુલ નિષ્ફળ નીવડયો છે, ભાઈ!"

વસંતના મોં ઉપર આશ્ચર્યનાં ચિહ્ન દેખાયાં. એણે નિરાશા અનુભવી કે, આટઆટલો શ્રમ વેઠીને મેં મુસાફરી ખેડી અને લીલાને શોધી લાવ્યો, તેનો શિરપાવ નિષ્ફળતાના ઠપકામાં! એના મોં ઉપરના ભાવ સુરેશે દીઠા અને કહ્યું: "મેં એમ માની લીધું હતું કે, તું મારી આગળ જંગલનું એક રોઝ પ્રાણી લાવશે! પણ તું તો રાજહંસી લાવ્યો છે! મારે તો અહીં એને મોતીનો ચારો ચરાવવા માટે માનસરોવર બનાવવું પડશે! તું મારી આગળ કોને લાવ્યો છે એનો ખ્યાલ તને ના આવે; કેમકે તેં દેશવિદેશ ખેડયા નથી; નરનારીઓનાં વૈવિધ્ય તેં નિહાળ્યાં નથી; પણ મારી તો જિંદગી એવા અનુભવમાં વીતી છે. તેં મારી આગળ રૂપનો ખજાનો આણ્યો છે; સંસ્કારની સામગ્રી રજૂ કરી છે. એના ટૂંક પરિચયમાંથી મેં જાણ્યું છે કે, તે વિનયવિવેક અને ગુણોની ખાણ છે, જેની પ્રતિભા આસપાસનાંઓ ઉપર સહસાજ પડયા વિના રહેતી નથી. એનામાં સામા ઉપર અસર કરવાની કળા છે. એની રીતભાતમાં એવું અનેરૂં આકર્ષણ અથવા તો જાદૂ છે કે, જે સામાને બળજબરીથી એના પર વ્હાલ ઉપજાવે. વસંત! તેં મને આભારના ભારથી એવો દાબી દીધો છે કે, તને અને એને હું લગ્નથી સંયોજીશ તોય તેનું ઋણ નહીં વળી રહે."

હવે વસંતને સમજાયું કે, આ તો જાગીરદારે આલંકારિક ભાષામાં પોતાનાં અને લીલાનાં વખાણ કર્યાં છે! નિરાશાની, વેરાન-સમી લાગણીમાંથી આશાના ડુંગર પર જાણે તે ચઢતો હોય એવી લાગણી અનુભવીને તે કાંઇક બોલવા જતો હતો ત્યાં જાગીરદારે કહ્યું: "એના ભૂતકાળના જીવનની કહાણી સાંભળવાની મને તીવ્ર આકાંક્ષા થાય છે. જેટલાં એને દુઃખ પડયાં હશે તેટલીજ હું એને સુખી કરૂં તે ખાતર અને દુઃખમાંયે તે આ પ્રકારની સુંદર રીતભાતવાળી સંસ્કારિતાનો પુંજ એકઠો કરી શકી છે તેને ખાતર, હું તેની દુઃખયાત્રાનો ઇતિહાસ જાણવા તલસી રહ્યો છું."

"પણ એમાં મુશ્કેલી એ છે કે, એ વિષયની વાત તેને ખૂબજ અપ્રિય થઇ પડે છે."

"હા. એ તો હું ભૂલી ગયો. હશે. એની આગળ આપણે એ વાત નહીં કાઢીએ. વારૂ, તો એક બાબતમાં તેના વિચારો જાણવા માટે શું કરવું? હું તેની સાથેનાં તારાં લગ્ન વિષે કહું છું, તેં કદાપિ એ વિષયમાં તેની સાથે વાત કરી છે?"

"એ બાબતમાં તો........" વસંત અત્રે બોલતો બંધ રહી ગયો.

"કેમ થંભી ગયો? એ બાબતમાં શું છે?"

"કંઈ ખાસ નથી. પણ લીલાની પ્રકૃતિનો એ સંબંધી અનુભવ......"

"હા. એ અનુભવ વિષેજ હું પૂછું છું? તને એ અનુભવ કેવો થયો છે? કડવો કે મીઠો!"

"ન સમજાય એવો!" વસંતે કહ્યું: "મેં અત્યાર સુધીમાં એની પાસે એ વિષે આડકત્રા ઉલ્લેખ કંઈક વાર કરી જોયા પણ જાણે અમો વચ્ચે કોઇ દિવાલ હોય એવું મને લાગ્યું છે!"

"દિવાલ? શું કોઇનું વિઘ્ન આવે એમ છે?"

"બીજું કોઈ વિઘ્ન નાંખે એ બાબતજ નથી; પણ લીલાની લાગણીઓ લગ્ન બાબતમાં કંઈક ઠંડી અને કંઈક બેદરકાર માલુમ પડી છે–જો કે વિનયવિવેક અને ઉચ્ચ પ્રકારની રીતભાતમાં એણે કદાપિ મને ફરિયાદ કરવા કારણ આપ્યું નથી."

સહેજ વાર સુરેશ ચૂપ રહ્યો અને પછી બોલ્યો: "એ કેવા વાતાવરણમાંથી અને કેવા સંયોગોમાંથી અહીં આવી છે, એ આપણે વિસરવું જોઈએ નહીં. હજી તો, હમણાંજ એની માતા ગુજરી ગઈ છે એટલે લગ્નની ચર્ચા એને ગમે નહીં એ કુદરતી છે."

"હું સમજી ગયો. એનો સ્વભાવ મેં ઉતાવળમાં જ બેદરકાર કહ્યો. એ વિષયમાં આપ આજે હવે કાંઈ પણ વિચાર ન કરશો. મારો ઉલ્લેખ વિસરી જશો. હું સમયની રાહ જોઈશ. ધીરજ રાખીશ. દુઃખદ લાગણીઓ જ્યારે સુખદ લાગણીઓમાં પલટાશે ત્યારે જ આ બાબત વિષે વિચાર થશે. મને ખાત્રી છે કે, સૌ સારાં વાનાં થશે."

અને એ બાદ એ બન્ને જણ થોડી વાર આમ તેમ લટાર મારીને વિખુટા પડયા.

એ રાતે ત્રણ જણની ત્રણ જુદી જુદી સ્થિતિ હતી અને તેથી ત્રણેયને નિદ્રા સંબંધે જુદા અનુભવ થયા. સુરેશના હૃદયમાં તો હર્ષ–સાગર ઉછળી રહ્યો હતો. મોટાં શહેરોનો તો એને પરિચય હતો. ત્યાંના નારીવૃન્દનો અનુભવ હતો. આધુનિક યુગ એણે બરાબર જોયો હતો. અમૃતનગરમાં જાણે વીજળીનો નવો પ્રવાહ આવ્યો હોય એમ એને પોતાની પુત્રી સંબંધે લાગ્યું. એ પ્રવાહથી આખુંયે અમૃતનગર ઝળહળી રહે એમ કરવા એ મનોમન્થન કરી રહ્યો. અને એ મન્થનની દશામાં કંઈને કંઈ બેત ઘડવામાંજ એની રાત વીતી. એને ઉંઘ તો આવી; પણ ઉંઘમાં એને પોતાના અભિલાષને લગતાંજ સ્વપ્ન આવ્યાં.

લીલા અને વસંતની સ્થિતિ દુઃખદ હતી. લીલા જ્યારે પથારીમાં પડી ત્યારે સૌથી પહેલો વિચાર એને પિતા સંબંધે

આવ્યો. પિતાનો પ્રેમ અપાર હતો; પિતાની પ્રસન્નતા અવર્ણનીય હતી. આવા એ પિતાના પ્રેમ સામે લીલાથી કેવી રીતે એને ધિક્કારી શકાય ? એનું મન ભારે મુંઝાઇ ગયું.

એને અવારનવાર એ પિતાનો પ્રેમાળ ચહેરો યાદ આવવા લાગ્યો. મિલનની પ્રથમ ક્ષણથી તે વિખુટા પડતા સુધીની છેલ્લી ક્ષણપર્યંત એ પિતાનું મોં હર્ષના અને પ્રેમના ભાવોથી છેલોછલ ભરપૂર દેખાતું હતું. વિષાદની સહેજ પણ લાગણી લીલાએ અનુભવી નહતી.

" મારા પ્રત્યે પિતાનું નિઃસીમ વાત્સલ્ય છે. એ વાત્સલ્ય પ્રત્યે શું હુ કંઠોરતા દાખવી શકું ? મમતા પ્રત્યે શું ક્રોધ દાખવી શકું ? અને હજી તો તે મને પૂર્ણ સુખની ટોચ પર મૂકવા ચાહે છે ! આવા એ પિતા સામે હું શી રીતે મારી વેરની પ્રતિજ્ઞા અમલમાં મૂકી શકીશ ? નહીં. હું એમના હેતનો બદલો પૂર્ણ હેતથી આપીશ. મારા પર એમને વહાલ છે. હું એમના પ્રત્યે વહાલ અને પૂજ્યતા દાખવીશ."

આ વિચાર–માળામાં ગુંથાયલી એ અભિનેત્રી હેત અને વહાલનો નિશ્ચય કરીને સહેજ સ્વસ્થતા અનુભવતી ઉંઘમાં પડી. પણ ઉંઘ એની વૈરિણી બની. એ શાંત ઉંઘ નહોતી. એકાએક એની સન્મુખ સ્વપ્નમાં એક ચહેરો દેખાયો. એ હતો યમુનાનો ચહેરો ! કલકત્તાની એ રાત અને એ ગૃહ ! માતા યમુનાની મરણ-પથારી ! અને એ મરણપથારી વેળા કકળતા હૃદયે એણે અભિનેત્રીને કરેલો આદેશ ! •

માતા યમુનાનો ચહેરો આજની રાતે વનમાલાના સ્વપ્નમાં દેખાયો. કડક સ્વરે તે જાણે તેને કહેતી હોય એમ સંભળાયું: " યાદ રહે. વેરની પ્રતિજ્ઞા ! "

" માતા ! માતા ! " અભિનેત્રી કરગરવા લાગી: " મારાથી એ પ્રતિજ્ઞા શી રીતે પાળી શકાશે ? મને પ્રતિજ્ઞામાંથી મુક્ત કર !

માફ કર ! " અને એના જવાબમાં વનમાલાને શરીરે જાણે માતાના ફૂશ, ફિક્કા શ્વેત કર ફરતા હોય; એમ લાગ્યું. માતાનો ચહેરો ઘડીવાર પછી પાછો દેખાયો. એક ચીમળાયલા ગુલાબ જેવો એ ચહેરો કહેવા લાગ્યો: " અન્યાયનું વેર લેવાવુંજ જોઈએ... પ્રેમ, પૈસો કે જીવનના કોઈ કૂંળા અભિલાષ, અન્યાયના વેરની પ્રતિજ્ઞાને ડગમગાવે નહીં. ધ્યાન રહે. વેર ! વેર ! "

એ શબ્દોનું ગુંજન એક પાસ થતું હતું; બીજી પાસ તે કાકલુદી કરતી હતી; ત્રીજી પાસ પિતાનો ચહેરો દેખાતો હતો અને એમાં એક વધુ ચહેરો ઉમેરાયો: વસંતનો !

આગગાડીના અકસ્માત પછી રેલ માર્ગની પગથાર પર પડેલી વનમાલા ! એને કાળજીભેર ઉઠાવનાર એ વસંત ! અને પછી લીલા જાગીરદાર તરીકે તેણે પોતાનું નામ કહ્યું તે પછીની પળથી તે ઠેઠ અત્યાર સુધી–જ્યાં સુધી પિતાના હાથમાં સોંપીને તે છૂટો પડ્યો ત્યાં સુધી–એનું વર્તન કેવું રહ્યું હતું ? એ દરેક રીતે એનો શાહબર થવા મથતો હતો. એણે પ્રસંગોપાત અછડતા ઉદ્‌ગારો કાઢીને લગ્નની વાત કરી હતી; જાગીરદારની સંમતિ મળ્યાની વાત કરી હતી. શું એની સાથે હવે લગ્ન કરવાનું પણ નિર્માણ થઈ ગયું છે ?...

અને સ્વપ્ન એટલે જ સંદિગ્ધ અસંબદ્ધતા, સ્વપ્ન એટલે જ ગૂંચવણનાં જાળાં, અને યાતનાઓના બખેડા. સ્વપ્ન સુવ્યવસ્થિત સાંકળ હોય, સ્વપ્ન પગલી પાછળ પગલી પાડતી એક સીધી પગદંડી હોય, એમ બને કે ?

વનમાલાને વળી સ્વપ્નમાં એક ચહેરો દેખાયો. તેના શબ્દો સંભળાયા: " કેવલ તમારા ગુણે મને આકર્ષ્યો છે. એ ગુણના બલમાં મને શ્રદ્ધા છે...કહો...લગ્નવિધિથી ક્યારે સંયુક્ત થઈશું ? "

" કોણ ?...કોનો હતો એ ચહેરો ? જગદીશનો......... લગ્ન ! લગ્ન !... "

મનની ગતિની ઝડપ વધી ગઈ હોવી જોઈએ. જગદીશનો ચહેરો ગયો અને લીલા દેખાઈ: "મને એક ચૂમી લઇ લેવા દો, મારી અજાણી બહેન! હું તમને ચૂમીઓ કરતી ભલે મરી જાઉં..."

વનમાલાની આંખ ઉઘડી ગઈ. અને એ પછી આખી રાત એ ઉંઘી જ નહીં.

વસંતને એ રાતે વિચારતરંગોએ ઘેરી લીધો. કરવટો બદલે પણ ઉંઘ જ આવે નહીં. ઉંઘવાનો મિથ્યા પ્રયત્ન કરીને તે થાકયો બિછાનામાંથી ઉઠીને એક આરામખુરશીમાં પડયો. એનાં મનને તોય ચેન પડયું નહીં. વિચારો ઉપર વિચારો!

"અમારી વચ્ચે કઇ દિવાલ ઉભી છે કે જે અમને એકત્ર નથી કરી શકતી? લીલાની રીતભાતમાં જો વિનય વિવેકની કશી ખામી નથી, જો કહેવામાં આવતું બધું જ તે શાન્તિથી સાંભળી રહે છે, તો પછી લગ્ન બાબતનો ઈશારો થતાં તે કેમ બેદરકાર જેવી માલુમ પડે છે? એનામાં એ સવાલ વખતે ઠંડાપણું કેમ દેખાય છે? શું હું એને નાપસંદ છું? એના જીવનમાં કોઇ અન્ય પુરુષ આવ્યો છે?..."

વસંતને કશી સમજ પડી નહીં. તે પોતાના પ્રશ્નોનો કશોજ ઉકેલ કરી શકયો નહીં. તે આરામખુરશીમાંથી ઉઠયો. શયનખંડમાં ફરવા લાગ્યો; ફરતો ફરતો મનોગત કહેવા લાગ્યો: "પણ મને તો એને જોતાં પહેલીજ નજરે આકર્ષણ થયું છે. એની સુન્દરતાને, એની વાણીને, કે એની કઈ બાબતને હું ચાહું છું એનો જવાબ હું કદાચ ન આપી શકું તોપણ હું કહું કે, એને પોતાને જ હું ચાહું છું તો એટલું મારે માટે પૂરતું છે. સુરેશ કાકાએ તો મને એની બક્ષિસ કરી દીધી છે. પણ...મુશ્કેલી એ છે કે, આ જડ બક્ષિસ નથી! સોનું, રૂપું, ખેતરનો પાક કે વેપારીનો માલ હોત તો એ બક્ષિસ તુર્તજ હાથમાં લઈ શકાત. પણ આ તો ચેતન બક્ષિસ છે! અને ચેતનને મન હોય છે; મનને બુદ્ધિ હોય છે; બુદ્ધિ સારા-

સારનો વિવેક કરી શકે છે, અને જ્યારે ચેતન બક્ષિસ એ કોઇ મિલ્કત નથી ત્યારે એને મેળવવી, એ જડ બક્ષિસ કરતાં વધારે અઘરૂં કામ છે!...

"હું શું કરૂં? જઈને એને પગે પડું? કહું કે, હું તારો પ્રેમ યાચું છું? તારા પિતાજીએ કહ્યું છે એમ કહું તેથી તો એ ભાગ્યે જ માને. સુરેશ કાકાએ લગ્નનો કરાર કર્યો પણ એ કરાર એને પૂછ્યા વિના થયો હતો; એ કોઈ મૂક અવાચક પ્રાણી નથી, એને ઘસડીને કાંઈ હું બક્ષિસ તરીકે સ્વીકારી શકું તેમ નથી. પ્રેમ હોય તોજ એ મળી શકે. મારો પ્રેમ છે. પણ એનો? ના. નથી!"

વસંતને એમજ લાગ્યું કે, લીલાનો પ્રેમ પોતાની ઉપર નથી. તે પૂછવા લાગ્યો: "શા વાસ્તે નથી? હું યુનિવર્સિટીનો પદવીધર છું. જાગીરદારની કરોડોની મિલ્કતનો વહીવટદાર છું. અમૃતનગરમાં એવું કોઈ નથી જે મારાં માનઆબરૂ ન જાળવે. હું એવો શ્યામ-વર્ણો નથી કે જેથી એને મારામાં ખામી કાઢવી પડે–અવશ્ય, એના સમું રૂપ મને મળ્યું નથી. પણ એની તો જોડ જગતમાં યે નહીં જડે! એ તો એજ છે. કોઈ કવિ એને ઉપમા આપી શકે તેમ નથી, તો હું શું કહી શકું? એના રૂપ વિષે તો પ્રશ્ન જ નથી. પ્રશ્ન છે મારા સ્વીકારનો? મને એ કઈ રીતે સ્વીકારે? શા માટે ન સ્વીકારે?"

અને જેમ પૃથ્વી ગોળ છે તેમ વસંતના વિચારો ગોળ ફરતા પુનઃ એ પ્રશ્ન પર આવ્યા: "શું મારે એને પગે પડવું? એમ કરવાથી પણ શું એ રીઝે?"

અંતિમ નિર્ણય એ નજ કરી શક્યો. આખી રાત એણે અનિદ્ર સ્થિતિમાં ગાળી. પ્રભાત થતાં તે ઘર બહાર નીકળી પડયો. ખુલ્લી હવામાં તે નગર બહાર ફરવા ગયો.

સહવારના નવ વાગ્યા. રાધા, છ વાગ્યાથી લીલા શેઠાણીના ખંડ આગળ ઘડીએ ને પલકે આંટાફેરા મારતી રહી હતી. ત્રણ

ત્રણ કલાક થયા; ઘરમાં સૌ ઉઠયાં. સુરેશે પણ જાગીને અનેક વાર 'લીલા ઉઠી કે ?' એવા પ્રશ્નો કર્યા પણ તે ઉઠી નહતી.

"બહુ દિવસે, બહુ વર્ષે, આજ તે શાન્તિથી ઉંઘી હશે અને તેથી જ એને ખૂબ ઉંઘ આવી હશે!" સુરેશ કહ્યું અને પોતાની મેળે લીલા જાગે નહીં ત્યાંસુધી તેને નહીં ઉઠાડવા સૌને ચેતવણી આપી; એટલું જ નહીં પણ એના ખંડ આગળ સહેજ પણ અવાજ ન થાય તેની કાળજી રાખવા જણાવ્યું.

સહાડા નવા થયા ત્યારે લીલાના ખંડનાં દ્વાર ઉઘડયાં. રાધા રાહ જ જોઇ રહી હતી. તરતજ આવી લાગી: "બહેન, ખૂબ ઉંઘ આવી ગઈ હતી ને" સ્મિત કરતાં તેણે પૂછ્યું.

"હા. પિતાજી—"

"એ તો કયારના તમારા માટે પૂછપરછ કરી રહ્યા છે. કહો તમારા માટે શું લાવું?"

"હું સૌથી પહેલી નહાવા માગું છું."

"ચાલો, નહાવાની ઓરડીમાં બધું તૈયાર છે."

લીલા જ્યારે નાહીને સ્વસ્થ થઇને એના પિતા પાસે ગઈ ત્યારે તે તાજુંજ આવેલું વર્તમાનપત્ર વાંચતો હતો. તેણે લીલા પ્રત્યે સ્નેહાળ દૃષ્ટિ નાંખી અને તુર્તજ કહ્યું: "તને રાતે ઉંઘ આવેલી જણાતી નથી. તારો આંખો કહી આપે છે."

"હા. આખી રાત હું ઉંઘી નહોતી, પિતાજી. મળસ્કામાં મારી આંખ મિંચાઈ ગઈ હતી."

"ઉંઘ ન આવવાનું કંઇ કારણ?"

"કશું જ નહીં." આમ કહીને એક ખુરશી પર તે બેઠી. રાધા કૉફીના બે પ્યાલા લાવી. બન્નેએ કૉફી પીવી શરૂ કરી અને વસંત આવી લાગ્યો. "વસંત, આજ તારે લીલાને આપણા ગામમાં ફેરવી આવવાની છે. તને પુરસદ છે ને?" સુરેશે પૂછ્યું.

"હું તો ન સમજાય એવી રીતે આજ બિમાર થઇ ગયો છું, આજે ફરવા જવાનું માંડી વાળીએ...છતાં જો કદાચ..." વસંતે લીલા તરફ નજર કરી.

લીલાએ કહ્યું : "મને પૂછતા હો તો જેમ તમારી ઇચ્છા તેમજ મારી ગણજો."

"તો આજે આરામ લઈએ, એ નક્કી થયું, છાપું શું કહે છે, મુરબ્બી?" વસંતે વર્ત્તમાનપત્ર હાથમાં લેતાં પૂછ્યું. રાધા, આ વખતે તેને માટે કૉફીનો પ્યાલો લાવી. વસંતે છાપું મૂકી દઈ કૉફી પીવા માંડી.

"વસંત, આજના છાપામાં ઢાકાનગરના અકસ્માતની વધુ વિગતો છે; અને તું મુંબાઈમાં જેનું આગમન થાય એમ ઇચ્છતો હતો, તેના વિષે ગમખ્વાર સમાચાર છે."

"આપ કોના આગમનની વાત કરો છો ?"

"વાહ ! નાટયરસિક થઇને અજાણ્યો બની જાય છે ? લીલા, વસંત જ્યારે જ્યારે મુંબાઈ જાય છે ત્યારે નાટકો જોવામાં ભારે રસ લે છે. નાટકોનાં નટો, નટીઓ, અમુક નાટકોમાંનાં તેમનાં કામ વગેરે વિષે જાણે એક નોંધપોથી રાખતો હોય એમ તેઓ વિષે તે માહિતીઓ મેળવે છે. તેં કદી નાટકો જોયાં છે કે ?"

"બહું થોડાં."

"ત્યારે તો, તમને બન્નેને એક માઠા સમાચાર કહું. કલકત્તાની એક પ્રખ્યાત નટી ગુજરી ગઇ ! એણે થોડાક જ વખતથી રંગભૂમિ પર ઘણી જ સરસ છાપ પાડી હતી. મેલ અને માલગાડીના જે અકસ્માતમાં, લીલા, તું બચી, તે જ અકસ્માતમાં એ નટી છુંદાઈ ગઇ ! એનું નામ હતું: વનમાલા કીર્ત્તિકર."

વસંતે કહ્યું: "એ નામ મેં સાંભળ્યું છે અને ક્યાંક એના વિષે વાંચ્યું છે. હં...તેને મુંબઈમાં લાવવા યત્નો થઈ રહ્યા હતા, એમ મેં વાંચ્યું હતું. કહે છે કે, એણે બંગાળમાં વસતા લોકોને પોતાના અભિનયથી ભારે ચકિત કરેલા. મેં મુંબઈમાં એકવાર એનો ફોટો મેળવવા તજવીજ કરેલી. પણ કલકત્તામાં એ નવી જ નટી હોવાથી તેના ફોટા હજી બહાર નથી પડયા, એવી મને ખબર મળી હતી. લીલા, તમે એ નટીને કદી જોયેલી કે ?"

વસંત આ પ્રશ્ન કરતાં લીલા સામે એકીટશે જોઇ રહ્યો. એની નજરે એને બહેબાકળી બનાવી દીધી હોય કે, પછી અપરાધી હ્રદયનો ગભરાટ હોય, પણ જવાબ આપવા જતાં એના હાથ કંપ્યા. હાથમાંથી કૉફીનો પ્યાલો છટકયો; જમીન પર પડયો; કૉફી ઢોળાઈ ગઈ; થોડીક તેની સાડી પર છલકાઈ અને પ્યાલો ભાંગી ગયો.

સુરેશ ખુરશીમાં અર્ધો બેઠો થઈ ગયો. મોટે સાદે તેનાથી પુછાઈ જવાયું: "તું દાઝી તો નથી ને, બેટા ?"

વસંત તેની નજદીક જવા લાગ્યો. લીલા બોલી ઉઠી: "ચિંતા ના કરશો. મને કંઇ નથી થયું." તે ખુરશીમાંથી જમીન તરફ સહેજ નીચી વળી અને એમ કરતાં તે આગળ બોલી: "પણ આ પ્યાલો ફુટયો તેથી મને દુઃખ થાય છે. હું કેવી મૂર્ખ ! મારાથી તે બરાબર ઝાલી રાખી શકયો નહીં !"

"એની ચિંતા ના કરીશ," સુરેશે આશ્વાસન આપ્યું; "કાચનાં વાસણ પડે તો ફુટી જ જાયને ?"

લીલાએ પૂછ્યું: "તમે પેલી બંગાળી નટીનું શું નામ કહ્યું ?"

"વનમાલા કીર્ત્તિકર" વસંત બોલ્યો: "લીલા, તમે તો ઢાકાનગરમાં તેનું નામ જરૂર સાંભળ્યું હશે. કદાચ કોઈવાર કલકત્તા ગયાં હશો ત્યારે એને દીઠીયે હશે."

"ના. કદાપિ નહીં" લીલા બોલી: "વનમાલાનું નામ મેં સાંભળ્યું નથી. તેમજ તેને મે કોઈવાર જોઇ નથી !"

રાધાએ, આ વખતે કૉફીનો બીજો પ્યાલો લાવી તેના હાથમાં મૂકયો અને પડેલા પ્યાલાના કાચ વીણતાં તેણે પૂછ્યું: "બહેન, તમે જાગતાં જાગતાં સ્વપ્ન જોતાં હતાં કે શું ?"

તે ખડખડાટ હસી પડી અને હસતાં હસતાં મનમાં બોલી: "હા. લીલાના સ્વપ્નમાં વનમાલા આવી હતી ! હવે તે સરી પડી !"

પ્રકરણ ૯

"મેં કોઈ નાટકમાં કામ નથી કર્યું"

જ્યારે કોઈ ગામમાં વર્ષો બાદ કોઈ આવે અને એના વિષે અગાઉ કોઈ પણ માહિતી કોઈને નહોય ત્યારે કુદરતી છે કે, ગામલોકને કુતૂહલ થાય. સુરેશની પુત્રી લીલા સંબંધે આમજ બન્યું. લોકને કુતૂહલવૃત્તિ જાગી. ગામના નાના મોટા સૌ લોક કંઈને કંઇ બહાને સુરેશભુવનમાં આવવા લાગ્યા. શાળાના હેડ માસ્તર, દવાખાનાના ડાક્ટર, લોક પંચાયતના પ્રમુખ વગેરે આવ્યા. તેઓની સાથે તેમનાં કુટુંબીઓ પણ આવ્યાં અને લીલા સાથે ભેળાઇને તેઓએ તેના ઉપર પ્રશ્નપરંપરાઓનો વિવેકભર્યો હુમલો કર્યો.

રામદાસ નામના એક મુંબાઈગરા મીલમાલેકનું કુટુંબ થોડાક વખતથી અમૃતનગરમાં હવાફેર માટે આવ્યું હતું. તેમને ઈલા અને અખિલ નામનાં બે સંતાન હતાં. રામદાસ શેઠનાં પત્નીનું નામ યશોધરા હતું. આ કુટુંબ પણ સુરેશરાયને મળવા આવ્યું. યશોધરાને લીલા સાથેની વાતચીત પછી રામદાસ શેઠ આગળ કબૂલ કરવું પડયું કે: "છોકરી આટઆટલાં વર્ષો સુધી એવા વનફુલની માફક ઉછરી છે કે જે ફૂલની સુગંધ વનમાંજ વેડફાઈ ગઈ છે. એનું રૂપ મનોહર છે. એની વાણી મોહક છે અને તેમાં પે એની શાંત અને ગંભીર રીતભાત ઓર વધારો કરે છે. જ્યારે એ હસે છે ત્યારે એ કેવળ સ્મિત હોય છે પરંતુ એ સ્મિત આકર્ષક હોય છે. આ છોકરી જેનું ઘર ઉજાળશે તે ભાગ્યશાળી ગણાશે."

રામદાસનાં સંતાન કુંવારાં હતાં. એનું દિલ ચહાતું હતું કે, લીલાને અખિલ માટે અને વસંતને ઇલા માટે પસંદ કરીએ તો ઠીક પણ યશોધરાએ ખબર આપી કે, એમાં મુશ્કેલી એ છે કે,

લીલા વસંત માટે નક્કી થઈ ચૂકેલી છે. બન્નેનાં માબાપે એ બાબતનો કરાર કરેલો છે. સુરેશ થોડાક વખતમાં આ લગ્નની જાહેરાત પણ કરશે.

રામદાસ શેઠને આથી ભારે નિરાશા ઉપજી. રામદાસને એવી ઇચ્છા હતી કે, પોતાના કરતાં કોઈક વધારે પ્રતિષ્ઠિત અને વધારે પૈસાદારના ઘર સાથે પોતાના એકાદ સંતાનનો યોગ થાય તો વધારે ઠીક; કારણકે, રામદાસ શેઠ સાધારણ સ્થિતિમાંથી મીલમાલિક બન્યો હતો. મૂળ તે એક કંટ્રાકટર હતો. મુંબાઈમાં શરૂઆતમાં ચાલીઓ બાંધવાનો કંટ્રાકટ રાખતો હતો. એમાંથી ધીમે ધીમે ધપતાં લાખો રૂપીઓનાં મોટાં મકાનો અને બંગલાઓ બાંધવાના કંટ્રાકટો એણે રાખ્યા હતા. એમાં તે ઠીક કમાયો હતો; અને એક નિયમિત તથા બાહોશ કંટ્રાકટર તરીકેની નામના મેળવ્યા પછી તેને કેટલીક મીલો બાંધવાનું કામ સોંપાયું હતું. મીલમાલિકોના સંબંધમાં તે ત્યારથી આવ્યો અને તેઓના કામકાજોમાં પણ તે રસ લેવા લાગ્યો. કેટલાક યુરોપીઅન ઈજનેરો અને વેપારીઓ સાથે પણ તેને સંબંધ બંધાયો. એમાંથી એક યુરોપીઅન ઈજનેરે એક મીલ ઉપર ગીરોમાં એને આર્થિક મૂડી રોકવા સલાહ આપી. એણે સહાસ કર્યું. એ સાહસમાં તે ફાવ્યો. થોડાંક વર્ષમાં ગીરોની રકમ પેટે એ મીલ એને મળી. સારે નસિબે એજ યુરોપીઅન ઈજનેર તેમાં કામ કરતો હતો. મીલમાલેક થયા બાદ રામદાસ એ ઇજનેરનું ઋણ ભૂલ્યો નહીં. એને એણે મોંમાગ્યો બાદશાહી પગાર આપ્યો; મીલને એ ઇજનેરે આબાદ હાલતમાં મૂકી આપી. રામદાસ, આ રીતે, નાનામાંથી મોટો બન્યો હતો.

આવા માણસોને હમેશાં વધારે ઉચ્ચકુળ સાથે પોતાનો સંબંધ બંધાય એવો અભિલાષ કુદરતી રીતે હોય છે; આથી આજ સુધી રામદાસે પોતાની કન્યા કે પુત્રને માટે વર કે વહુ પસંદ કરવામાં ભારે કડક નિયમ રાખ્યો હતો. ઘણાંક સ્થલોએથી આવેલાં માગાં નકાર્યાં હતાં. કેટલાંક સ્થલો માટે તેણે અને યશોધરાએ તજવીજ

ચલાવ્યા બાદ તે સંબંધી 'નાપસંદગી'નો ચૂકાદો આપ્યો હતો. આથી બન્યું હતું એમ કે, અખિલ ૩૦ વર્ષનો થયો, અને ઇલા ૨૧ વર્ષની થઈ તોય તેઓ ઠરીઠામ થયાં નહતાં.

વસંત અને લીલા એક બીજા માટે નિર્માણ થઈ ગયાં છે એવું જાણ્યા પછી પણ રામદાસને તે બેમાંથી એકાદનો સંબંધ પોતાને ત્યાં જોડાય, એ આકાંક્ષા વધી અને તેણે મનમાં ઠરાવ કર્યો કે, એ સંબંધી છેક જ નિરાશ થવું જોઈએ નહી. હજીયે પ્રયત્નો કરવામાં ખામી રાખવી નહીં.

લીલા અને ઇલા થોડાક દિવસના પરિચયથી મિત્રો બની ગયાં. ઇલા એક દિન સાંજે લીલા પાસે આવી; ત્યારે લીલા બગીચામાં ફરતી હતી. ઈલાએ ફૂલો સંબંધી વાત કાઢી. સુરેશે બાગ માટે એક માળી રાખ્યો હતો અને મુંબાઈથી પાશ્ચાત્ય ફૂલોના કેટલાક વેલાઓ મંગાવ્યા હતા. ઈલાએ ફૂલોની જાતની ઓળખમાં લીલા આગળ પોતાનું વિશિષ્ટ જ્ઞાન બતાવ્યું. ઈલાએ કપડાંની વાત કાઢી અને લીલા કરતાં પોતે કપડાંની પરીક્ષામાં અને પસંદગીમાં વધારે કાબેલ છે, એવું બતાવવા કોશિષ કરી. કપડાંની વાતચીતમાંથી જુદાં જુદાં શહેરોની મીલોની વાત નીકળી. મુંબાઈની મીલો આખાયે હિંદભરમાં વધારે સરસ જાતનું કાપડ કાઢે છે અને બીજાં બધાં શહેરોની મીલો મુંબાઈ આગળ કંઇ હિસાબમાં નથી એવું ઈલાએ પ્રતિપ્રાદન કર્યું. લીલાએ કલકત્તાની એક મીલની સાડી પહેરી હતી. એ કલકત્તાની છે એવું જાણીને ઈલાએ લીલાને પોતાના પિતાજીની મુંબાઇની મીલની ઉંચી જાતની સાડીઓ મોકલવા જણાવ્યું.

વાતચીતમાં ઈલાએ બધી બાબતમાં પોતાના જ્ઞાનની વિશિષ્ટતા સ્થાપવા કોશિષો કરી હતી. લીલાએ તેમાં અંતરાય નાંખ્યો નહતો પણ જ્યારે પોતાના પિતાની મીલની સાડીઓ મોકલી આપવા ઈલાએ કહ્યું ત્યારે લીલા બોલી: "જે જ્યાં રહે ત્યાંનું તેને વધારે

સરસ લાગે. બાકી, મદુરાની સાડીઓ, બનારસી સાડીઓ; એ બધી કાંઈ કમ નથી હોતી."

ઈલાએ પૂછ્યું: "તમે બધે ફરેલાં છો ?"

"કેટલીક જગ્યાઓએ ફરેલી છું" લીલાએ કહ્યું.

"ત્યારે તો મને કહો: એ બધાં શહેરો કેવાં છે ?"

"તમે પ્રવાસનાં પુસ્તકો વાંચશો તો તેમાંથી તમને બધું જ એ શહેરો વિષે જાણવાનું મળશે—કદાચ મારા કરતાં વધારે જાણશો."

"પણ તમે તો એ શહેરોમાં કંઈ રોમાંચક અનુભવો મેળવ્યા હશે ને ? કોઇ વિશિષ્ટ વ્યક્તિઓના સમાગમમાં યે આવ્યાં હશો ને ?"

"ના. મારા જીવનમાં કશું રોમાંચક નથી. મને કોઈ વિશિષ્ટ વ્યક્તિઓનો સમાગમ થયો નથી."

અને એ શબ્દો શાંતિ, મક્કમતા અને ગંભીરતાથી બોલ્યા પછી લીલાના ચહેરા ઉપર ગમગીની છવાઈ ગઈ તેથી ઈલા આશ્ચર્યચકિત થઈ.

"રોમાંચક નહીં તો બીજા પ્રકારનો યે અનુભવ થયો હશે ને ? કોઈ કરુણ, કોઈ હૃદય પર અસર કરનારો. કોઈ—"

"જીવનના કરુણ પ્રસંગો યાદ લાવવા કોઇ ઇચ્છતું નથી. અને તેથી એ વિષયને બદલે બીજા આનંદના વિષયની વાત આપણે કરીએ તો ઠીક."

લીલાએ પોતાના ભૂતકાળના જીવનનો ઉલ્લેખ આ રીતે બંધ પાડયો.

તેઓ બંગલામાં ગયાં. લીલાના ખંડમાં એક હારમોનિયમ પડ્યું હતું. તરતજ ઈલા તેની પાસે જઈને તે વગાડવા મંડી. થોડીવાર બાદ તેણે કહ્યું: "તમને સંગીત આવડતું હશે."

"બહુ થોડું."

"મેં તો એક ખાસ શિક્ષક રાખીને સંગીતનો અભ્યાસ કરેલો છે. મારા શિક્ષકના અભિપ્રાય પ્રમાણે મારા જેવું સરસ ગાઈ જ ગાઈ શકતું નથી!"

"એ તમારી અને તમારા શિક્ષકની વિશિષ્ટતા ગણાય."

"તમે એકાદ ચીજ ના વગાડો ?"

લીલા હારમોનિયમ પર બેઠી. તેણે હમીર રાગની એક ચીજ વગાડી અને સાથે સાથે તે ગાઈ. ઈલા તો તે સાંભળીને અવાક્ બની ગઈ. એનો ગર્વ ગળી ગયો. એના મુખ ઉપર શ્યામતા છવાઈ ગઈ.

અને એ સંગીત સાંભળીને સુરેશ, વસંત, અને અખિલ ત્યાં આવી પહોંચ્યા.

"તું એ ગીત ગાતી હતી, બેટા ?" સુરેશે આંખોમાં હર્ષ-ભાવદર્શક ચમક લાવતાં પૂછયું: "તું આવું સરસ સંગીત જાણે છે, એથી તને મારાં અંતઃકરણનાં અભિનંદન છે, બેટા ?"

લીલા શરમાઈ ગઈ. લજ્જાથી તેણે આંખો ઢાળી દીધી.

"હું તો એ સાંભળીને ખૂબ જ ખુશ થઇ ગયો. મારી ઈલા બહેન સંગીતમાં આટલાં બધી પ્રવીણ નથી, ખરૂં ને બહેન ?" અખિલે ઈલાને પૂછયું.

"બેશક, મારે કહેવું જોઈએ કે, લીલાબહેન બહુ સરસ ગાય છે." ઈલાએ અભિપ્રાય આપ્યો.

વસંતે કહ્યું: "અખિલ હમણાંજ એક અગત્યનો પત્ર લઈને આવ્યો અને એ સંબંધી અમે વાત કરતા હતા. કાઠીઆ-વાડમાં સખ્ત દુકાળ પડયો છે. દુકાળીઆને મદદ કરવા માટે મુંબા-ઇમાં અખિલના કેટલાક કલાશોખીન મિત્રોએ એક નાટક ભજવવા ધાર્યું છે."

અધવચ્ચ જ સુરેશે કહ્યું: "બેટા લીલા ! તારૂં આ સંગીત સાંભળ્યા પછી તો હું એ અભિપ્રાયનો છું કે, તારે જરૂર એ નાટ-કમાં ઉતરવું."

"હું પણ એજ વિનતિ કરવા ઈચ્છતો હતો." વસંતે કહ્યું.

"હું તો એમને 'હા' પડાવ્યા સિવાય આજે અહીંથી જવાનો જ નથી. અમારા કલાશોખીન મિત્રમંડળમાં આવું સરસ ગાનાર તો એકપણ સન્નારી નથી !" અખિલ બોલ્યો.

ઇલાએ અભિપ્રાય આપ્યો: " ભાઈ ખરું કહે છે. અત્યાર સુધી મને એમ હતું કે, હું બહુ સરસ સંગીત જાણું છું. એવી જ રીતે મારી સહીપણીઓ સુકેશી, મનોરમા, વનલીલા, એ બધીઓને પણ લીલા બહેનને સાંભળ્યા પછી પોતાનો મત ફેરવવો જોઈશે. તમે ' હા ' પાડી દો, બહેન ! "

લીલાના મુખ ઉપર મુંઝવણના ભાવ ઉત્પન્ન થયા હતા. ઇલાને ઝાંખી પાડવા માટે, ઇલાની મગરૂરી તોડવા માટે, એણે પોતાની સંગીતકલાની સહજ રંગત બતાવી હતી; પોતાની પૂર્ણ કલાનો સહેજે પરિચય કરાવ્યો નહતો ! અને એમાંથી આ " ઇદમ્ તૃતિયમ્ " જાગ્યું ! એકાએક આ બધાંઓ એના પર હલ્લો લઈ આવ્યાં હોય એમ એને લાગ્યું. પોતે સંગીત જરીકે જાણતી નથી, એમ કહ્યું હોત અને હારમોનિયમ પર પોતે બેઠી ન હોત તો કેવું સારું થાત, એમ એ વિચારવા લાગી. એની વિચાર–તંદ્રાને લીધે આ બધાઓને તે ' હા ' કે ' ના ' નો જવાબ દઈ શકી નહીં.

અખિલે તેને કહ્યું: " પણ એમાં આપ આટલા બધા વિચાર શા માટે કરો છો ? રંગભૂમિ ઉપર ઉતરવું આપને પસંદ ન હોય તો તે ભૂલ છે. આ કાંઈ ધંધાદારી નાટક ભજવવાનું નથી. કેવલ કલાશોખીનોનું એ સ્વેચ્છા–નાટક છે. આવાં નાટકો તો અમે કૉલેજજીવનમાં બહુ વખત ભજવ્યાં છે અને માત્ર અમે યુવાનો જ નહીં–અનેક યુવતીઓએ અમને એમાં સાથ આપેલો છે. અને અમારા વડીલોએ અમો પર તે નાટકો જોઈને આશીર્વાદ વરસાવ્યા છે. કલાના શોખને ખાતર રંગભૂમિનો ઉદ્ધાર કરવો એ તો યુવાન વર્ગની ફરજ છે. સિવાય, આ તો " એક પંથ ને દો કાજ " જેવું છે. નાટકનું જે ઉત્પન્ન થશે તે તમામ, કંઈપણ ખર્ચ કાપી લીધા વિના, અમે બિચારાં દુકાળીઆંને મદદ કરવામાં આપવાના છીએ. આવા પરમાર્થના કાર્યમાં તો આપે અવશ્ય સામેલ થવા કૃપા કરવી જોઇએ."

"બેટા, તારા મનની ગૂંચવણ શી છે? હું તો તને સદંતર પરવાનગી આપું છું કે, તું ઉતર. વસંત પણ તેમાં ઉતરવાનો છે. આ વિશ્વરૂપી નાટ્યભૂમિમાં આપણે સૌ નટ—નટીઓ જ છીએ ને?" સુરેશે લીલાને 'હા' પડાવવા દલીલો કરી.

"મેં કદાપિ કોઇ નાટકમાં કામ નથી કર્યું. એટલેજ મારા સ્વાંગને હું ન્યાય નહીં આપી શકું એવો મને ભય છે." લીલાએ કહ્યું.

"શું તમે કદી કોઈ કલાશોખીન મંડળમાં ભાગ નથી લીધો?" ઈલાએ પૂછ્યું.

"ના. કદી નહીં." અને આ ઉત્તર પૂર્ણ ગંભીરતાથી અને મુખ ઉપર નિર્દોષ ભાવ લાવીને અભિનેત્રીએ દીધો; એથી એનું કથન સત્ય હોય એવી સૌના ઉપર સચોટ અસર થઈ.

"એની કાંઇ ચિંતા કરવાની જરૂર નથી." સુરેશે કહ્યું: "નાટકનો દિગ્દર્શક તને બરાબર રીતે તૈયાર કરશે."

"હું પણ એજ કહેવા જતો હતો." અખિલે કહ્યું: "અમારી કલાશોખીન મંડળીમાં દિગ્દર્શક હું જ છું; અને હું લીલાદેવીને બહુજ સારી રીતે એમનાં અભિનય શીખવી દઈશ. બીજું આપે જાણવા જેવું છે કે, અમે કોઈ ફાલતુ નાટક ભજવવાના નથી. ઉત્તમ પંક્તિના એક સંસ્કૃત નાટક ઉપરથી રચેલું નાટક ભજવવાના છીએ."

"એ કિયું નાટક છે?" લીલાએ પૂછ્યું.

"શૂદ્રકના મૃચ્છકટિક ઉપરથી તયાર કરેલું 'વસંતસેના'"

"મેં કમનસિબે એ નાટક વાંચેલું નથી."

"એની કશી ફીકર ના કરશો. અમે તમને એની એક નકલ આપીશું. અને દરેક રીતે તમને સરળતા કરી આપીશું."

"તમે નકામાં ગભરાવ છો, લીલા બહેન" ઈલાએ કહ્યું: "આપણે સાથે મળીને એવી સરસ મહેનત કરીશું કે, તમને કશી તકલીફ ના પડે."

"કોઈવાર રંગભૂમિ ઉપર જે ઉતર્યું ન હોય તેને સભાક્ષોભ થાય એ સ્વાભાવિક છે" સુરેશ બોલ્યો: "મેં એવા કાબેલ લેખકો જોયા છે, જે વેધક લખી શકતા હોય ખરા; પણ સભા સમક્ષ ભાષણો ના આપી શકે."

"એ માટે તો એડીસનનો દાખલો જાણીતો છે. એ કદી સરસ ભાષણ કરી શકતો ન હતો." અખિલે કહ્યું: "પણ લીલાદેવી સંબંધમાં અમે એવું નહીં બને તેની ચોકસાઈ કરીશું. હવે 'હા' પાડી દો."

લીલા તેના પિતા તરફ જોઈ રહી. સુરેશે કહ્યું: "લીલા! ઓસંગાવાની કે મુંઝાવાની લગીરે જરૂર નથી. 'હા' પાડી દે. એના મિત્રોને એથી આનંદ થશે એ હું વિચારતો નથી; પણ મને તો જરૂર આનંદ થશે."

"પિતાજીનો આગ્રહ છે તો હું ઉતરીશ અને સફલતા લાવવા મારાથી બનતી કોશિષ કરીશ."

"શાબાશ!" અખિલ તાળીઓ પાડતો આનંદથી બોલી ઉઠયો. થોડીવાર બાદ તેણે કહ્યું: "તમને મુખ્ય સ્ત્રી-પાત્રનું કામ આપવા મેં ઠરાવ કર્યો છે."

"અતિ ઉત્તમ નિર્ણય" સુરેશે કહ્યું: "વસંતસેના તરીકે લીલા શોભી ઉઠશે. મારા કોલેજ જીવનમાં હું એ નાટક ભણેલો હતો."

"હું મૈત્રેય થવાનો છું." અખિલે કહ્યું: "તમે શેનો સ્વાંગ લેશો, વસંતભાઈ!"

"હું તો પડદા ખસેડવાનું કામ આબાદ રીતે કરી શકીશ."

"અને હું પફપાઉડર કરવાનું કામ સારી રીતે કરી શકીશ." ઈલા બોલી.

લીલાથી સ્મિત કરી જવાયું.

પ્રકરણ ૧૦

પૂર્વતૈયારીઓ

દુકાળસંકટનિવારણ માટે કલાશોખીનોના નાટકની ભજવણી થવાની છે અને તેમાં લીલા અને વસંતને ભાગ લેવાનો પ્રસંગ અખિલે ઉત્પન્ન કર્યો છે, એવું જ્યારે રામદાસે અને યશોધરાએ જાણ્યું ત્યારે તેઓનાં દિલમાં આશાની જ્યોત જાગી. તેઓને લાગ્યું કે, યુવાનો એક બીજાના સમાગમમાં આવશે તો તેઓનાં લગ્ન સંબંધે સંયોગો ઉત્પન્ન થઈ શકશે.

વસવાટનું સ્થળ થોડાક જ દિવસોમાં ફરી ગયું. નાટક અંગે પૂર્વતૈયારીઓ કરવા માટે મુંબાઈમાં વસવું જરૂરી હતું એટલે અમૃતનગરમાંથી સૌ મુંબાઈ ગયાં. મુંબાઈમાં મહાલક્ષ્મી ખાતે રામદાસના બે બંગલા આવેલા હતા. એમાંના એકમાં સુરેશ, લીલા અને વસંતને વસવાટ કરાવવામાં આવ્યો અને બીજા બંગલામાં તો તેઓ મૂળથી રહેતાં હતાં, ત્યાં રહેવાનું રાખ્યું.

સુરેશ, યુવાનોની પૂર્વતૈયારીઓમાં ભારે રસ લેવા લાગ્યો. જાણે પોતે જ એક યુવાન હોય એવો ઉત્સાહ એની નસેનસમાં ફેલાઈ ગયો હતો. લીલા અને વસંત જેઓના ઉપર તેણે ભવિષ્યની ઉમેદો બાંધી હતી, તેઓ બન્ને જણ આ સ્વેચ્છા–નાટકમાં પોતાના પાઠ ભજવવાનાં હતાં; તેથી જાણે જીવન–નાટકનો એક સુંદર તબક્કો આવી લાગ્યો હતો, એવું તે અનુભવવા લાગ્યો.

પ્રથમ તો, અખિલે એક નાટકશાળામાં આ નાટક ભજવાય એવું ધાર્યું હતું પણ સુરેશે પૂર્વતૈયારીઓની વિગતોની પૂછપરછ કરતાં એ વિચાર બંધ રખાવ્યો. કારણ કે, એમાં મુશ્કેલીઓ હતી. નાટકશાળામાં એક નાટક કંપની તો મોજુદ હતી અને તે

અઠવાડીઆમાં ચાર દિવસ નાટકો ભજવતી. સિવાય, તે નાટક કંપનીનો એક નવો ખેલ પડવાનો હતો તેને લીધે દિવસના અમુક કલાકો નાટકશાળા રોકાયલી રહેતી. કલાશોખીનોને, આ વસ્તુ-સ્થિતિમાં, પોતાની પૂર્વતૈયારીઓ માટે ઘણી તકલીફ પડે, એમ હતું. તેઓને નાટકશાળામાં અમુક જ દિવસોએ અને અમુક કલાકો સુધી જ કામ કરવાની પરવાનગી મળે તો, યુવાનો ધંધાદારી નટ–નટીઓ ન હોવાથી અને તેમાંયે છૂટથી પૂર્વતૈયારીઓ માટે તેમને અવકાશ મળે તેમ ન હોવાથી કલાશોખીનોનું નાટક, ભજવણી વખતે નિષ્ફળ જાય, એમ એને લાગ્યું.

સુરેશ જાણતો હતો કે, કલાશોખીનોનાં નાટક જનતાને આકર્ષતાં ન હતાં. એવાં નાટકો, પરમાર્થ ખાતર ભજવાય, તોપણ જનતાને તેમાં રસ રહેતો નહીં. સ્વેચ્છા–નાટક એ વાચકું નામ હતું. લોકનાં દિલમાં એવાં નાટકોએ મૂળથી જ એવી છાપ પાડી હતી કે, તેમાં ઢંગધડા વિનાનાં કામકાજ કરનારાઓ જ હોય છે. ધંધાદારી નાટક અને સ્વેચ્છા–નાટકની પ્રથમ રાત્રિઓ એક જ તારીખે હોય તો, શું નાના કે શું મોટા, સૌ લોક, ધંધાદારી નાટકની પ્રથમ રાત્રિનો જ લાભ લેવા જાય અને સ્વેચ્છા–નાટકમાં પ્રેક્ષકોના વાખા જ હોય ! લોકનાં આ માનસથી સુરેશ વાકેફ હતો. એણે એ મુદ્દા તરફ અખિલનું લક્ષ ખેંચ્યું.

અખિલે પૂછ્યું: "ત્યારે શું કરવું ? ધંધાદારી તાલીમ આપનારાઓની મદદ લઈશું ?"

"એ ગૌણ પ્રશ્ન છે." સુરેશે કહ્યું: "મુખ્ય પ્રશ્ન પૂર્વ-તૈયારીઓ માટે તમને યુવાનોને પૂરતો અવકાશ મળે અને તે પણ સ્વતંત્ર પ્રકારનો મળે એજ છે. સિવાય, સ્વેચ્છા–નાટક એટલે તે આખુંયે સ્વેચ્છા–નટોએ તૈયાર કરેલું હોવું જોઈએ. ધંધાદારીઓની મદદ લેવામાં વાંધો નથી પણ તેઓની જ બધી મદદથી તમે સ્વેચ્છા–નાટક ભજવો, એટલે તેમાં તમારો આત્મા નથી, એ સ્પષ્ટ થયું."

" આપ શું સૂચવો છો ? " અખિલે પૂછ્યું.

" તમારે એક નવી જ રંગભૂમિ ઉત્પન્ન કરવી. નાટ્યસ્થાન માટે જો કોઈક બંગલાનું વિશાળ ચોગાન મળી શકતું હોય તો એક નવી જ નાટકશાળા ત્યાં તમે ઉભી કરો. "

" એમાં તો ઘણું ખર્ચ જાય ! "

" ગાંડા, ખર્ચના ભયથી ડરી જાય છે ? કહે, કેટલાનો ચેક જોઈએ છે ? શું હું આ સૂચના, ખર્ચના વિચાર વિના, તારી આગળ મૂકતો હોઈશ ? "

સુરેશ નવી રંગભૂમિ બનાવવા માટે આ પ્રમાણે પૂરો ઉત્સાહી હતો, એવું જોઈને અખિલને ખૂબ જ આનંદ થયો, અને એણે વિચાર કરી જોઈને કહ્યું: " ચેકની જરૂર નથી. નવી રંગભૂમિ જ તૈયાર થશે. અને તે પણ મારા બંગલામાં. "

" બંગલો ભલે તારો હોય. ચેક મારો હશે અને વસંત આવી બધી બાંધકામને લગતી વ્યવસ્થામાં નિપૂણ હોવાથી તેને માથે તે કામ નાંખી દેવું. નાટકની તૈયારી પાછળનું તમામ કામ તારે કરવું. "

અને આ વાતચીત પછી, આખીયે વ્યવસ્થાએ નવું સ્વરૂપ લીધું. રામદાસ શેઠના બંગલાનું ચોગાન વિશાળ હતું, એમાં બીજે દિવસેથી રંગભૂમિ બનાવવાની તૈયારીઓ થઈ રહી. ઈજનેરો, મીસ્ત્રીઓ અને કારીગરોને બોલાવીને વસંત બાંધકામની વ્યવસ્થા કરવા લાગ્યો. અને અખિલ પોતાના કૉલેજીઅન મિત્રોને નાટકનાં વિવિધ પાત્રોની વહેંચણી કરવાની વ્યવસ્થા કરવા લાગ્યો. મુંબાઈની એક પ્રસિદ્ધ સંગીતશાળાના પ્રયોજકોને નાટકનું સંગીત સંભાળવાનું કામ સોંપાયું; અને તેઓએ પોતાના કેટલાક ધંધાદારી નટ–મિત્રોની મદદથી કલાશોખીનોની તાલીમમાં સહકાર આપવાનું માથે લીધું.

રામદાસ શેઠ અને યશોધરાનો આ નાટકમાં પૂર્ણ સાથ મળી રહ્યો. પોતાનો બંગલો આખોયે નાટકશાળામાં ફેરવાઈ જાય એવી

ઇચ્છા તેમણે પ્રદર્શિત કરી અને અખિલ સાથેની વાતચીતમાંથી જ્યારે તેમણે જાણ્યું કે, સુરેશે પૈસા આપવાનું કહ્યું હતું, ત્યારે તેમણે પુન્યપ્રકોપ દર્શાવ્યો.

"મારે ત્યાં આવેલાં મહેમાનોને હું પૈસા ખર્ચવા દઉં? કદી ન બને. એકથી એક લાખ સુધીનું ખર્ચ થાય તો તે આપવા હું તૈયાર છું. અખિલ, તારે રંગભૂમિ તૈયાર કરનારા મીસ્ત્રીઓને કહી દેવું કે, પૈસા મારી પાસેથી લઈ જાય." રામદાસે કહ્યું.

"સુરેશરાયને તો વ્યવસ્થા પાછળ એક પાઈ પણ ખર્ચવા દેવી જોઇએ નહીં. હા; એમને પૈસા આપવા હોય તો દુકાળ સંકટના ફંડમાં એ પૈસા ગણી લઈએ." યશોધરાએ કહ્યું.

એ વાતચીત ચાલતી હતી ત્યારે સુરેશ અને વસંત ત્યાં આવી લાગ્યા. યશોધરાએ સુરેશને નાટકની વ્યવસ્થા પાછળ અત્યાર સુધી ખર્ચેલી એકકે એક પાઈ, દુકાળ નિવારણ ફંડમાં આપેલી ગણી લેવા સૂચવ્યું અને હવે પછીની દરેક પાઇ અખિલની હશે એમ જણાવ્યું.

સુરેશે થોડીક વાર સુધી તો તે સામે દલીલો કરીને ટક્કર ઝીલી પણ એ દંપતી એથી તો ઉલટું વધુ આગ્રહી બન્યું એવું જોઇને તેણે નમતું મૂકયું : " જેવી આપની ઇચ્છા. બાકી, હું તો યજમાન–મહેમાન જેવો આપણા વચ્ચેનો સંબંધ ગણતો નથી. આપણે મિત્રો છીએ અને મિત્રો તરીકે કાયમ રહેવા માટે આવી બાબતોમાં ચર્ચા નહીં કરીએ. આપણો ઉદ્દેશ યુવાનોના ઉત્સાહમાં વૃદ્ધિ કરવાનો છે. યુવાનોએ 'કાંઈક પણ સાધ્યું' એવું આપણે જગતને બતાવવું છે."

પંદર દિવસમાં વ્યવસ્થાઓમાં ઘણી પ્રગતિ સાધી શકાઇ. દિવસના આઠથી દશ કલાક સુધી યુવાનો શ્રમ લઈને નાટકમાંના પોતપોતાનાં કામ પાછળ લક્ષ આપવા લાગ્યાં. ઇલાએ કહ્યું હતું તેમ એની કોલેજસંગિનીઓએ લીલાના સંગીત પરના કાબૂથી આશ્ચર્ય બતાવ્યું અને એના કરતાં પોતે વધારે હોશિયાર નથી

એવું કબૂલ કર્યું. પરંતુ તેઓ પોતાનાં કામ લીલા કરતાં યે વધુ કૌશલ્યથી કરી બતાવે એવી અંદરખાનેથી તેમને સ્પર્ધા–વૃત્તિ ઉત્પન્ન થઈ. તેઓએ દિલ દઈને પોતાના પાઠની તાલીમ આરંભી.

વસંત રંગભૂમિ તૈયાર કરવાની વ્યવસ્થામાં ઓતપ્રોત હતો એટલે એણે કહ્યું હતું તેમજ "પડદા ખેંચવાની" કામગિરી જેવાજ કામકાજમાં ગુંથાઈ ગયો; તેથી નાટકમાં તે સ્વાંગ લેવાનો નહતો.

"આ નાટકના વ્યવસ્થાપક તરીકે જ હું વધારે સરસ કામ કરી શકીશ." તેણે અખિલને કહ્યું : "રંગભૂમિ તૈયાર થઈ ગયા થઇ ગયા પછી, નાટકના દેખાવો માટેની વ્યવસ્થા થઈ ગયા પછી, પ્રેક્ષક–સ્થાનની બેઠકો, પ્રેક્ષકોની ટિકિટોની વ્યવસ્થા. એ બધામાં મારે ધ્યાન આપવું જોઇશે. નાટકનો મારો પાઠ જ એ."

વ્યવસ્થા–કાર્યમાં એની પારંગતતાનો ખ્યાલ પંદર દિવસમાં અખિલને આવી ગયો હતો અને એ કાર્ય પર નાટકની ભજવણીનો પૂર્ણ આધાર હોવાથી વસંતને શિરે ભજવણી અંગેનો બોજો નાંખવાની જરૂર અખિલે વિચારી નહીં. એને વ્યવસ્થા–કાર્યમાં એણે છુટો રહેવા દીધો.

વસંતને સુરેશનું પીઠબળ હતું. પણ સુરેશ વ્યવસ્થા–વિભાગ ઉપરાંત પાત્ર–વિભાગમાં યે અવારનવાર લક્ષ આપતો હતો; એટલું જ નહીં પણ આખાયે નાટકની ભજવણી અંગે નાનામાં નાની કઇ ચીજનો ખપ પડશે તે બાબતનો વિચાર કરી લઇ તે પૂરી પાડવા તરફ લક્ષ રાખતો હતો. મુંબાઈનાં જેટલાં ઉત્તમ કારીગર–ભેજાં હતાં અને નાટકની ધંધાદારી દુનિયામાં જેઓ સફળતા મેળવવા ભાગ્યશાળી થયાં હતાં, તેઓની સલાહ તે ફુરસદ મેળવીને લઈ આવતો અને જે બાબતની તેને ખામી લાગતી તે સુધારતો; જે વસ્તુની તંગી હોય તે મંગાવતો અને જે જાતનાં માણસોની વ્યવસ્થા કરવાની જ્યાં આવશ્યકતા હોય ત્યાં તેઓને રોકી લેતો. એમ કહીએ કે, નાટકની પાર્શ્વભૂમિ સુરેશ હતો, તો તે બસ થશે; પણ વ્યવસ્થા અંગે વંસત અને નાટકના દિગ્દર્શન અંગે અખિલના શ્રમ લગીરે ઓછા નહતા.

આખિલ, એના મિત્રમંડળમાંના એકે એકથી પરિચિત હતો. મુખ્ય પાત્ર થનારાંઓથી માંડીને નાનામાં નાનાં પાત્ર બનનારાઓ સહિત તે મિલનસારપણાથી કામ લેતો; દરેકને પૂછતો કે, 'તમને અગવડ છે? તમારે જોઇતી કોઇપણ વસ્તુ બાકી રહી નથીને?"

આ નાટકમાં સ્વાંગ લેનારાંઓ મુંબાઈમાં પ્રથક્ પ્રથક્ સ્થળે વસતાં હતાં. કોઈ એક છેડે; તો કોઇ બીજે છેડે; અને કોઈ શહેરની મધ્યમાં તો કોઈ અમુક દિશામાં. એ તમામને મહાલક્ષ્મી ખાતે પૂર્વતૈયારીમાં રોજ આવવા–જવા માટે વાહનોની વ્યવસ્થા કરી લેવા તેણે કહી મૂકયું હતું. તેઓને તેના પૈસા તે ચૂકવી દેતો અને એમાં જરીકે કચકચ કરતો નહીં. કોઈના વાહનનું ભાડું કોઈ દિન રોજિંદા ભાડા કરતાં ત્રણ કે ચારગણું કહેવામાં આવતું તો તે પૂછતો નહી કે, "રોજ તો અમુક લ્યો છો અને આજ વધારે કેમ?" બિલ્કુલ આનાકાની વિના, પ્રત્યેકનાં ખર્ચ તે ચૂકવતો; તેમના માટે પોતાના બંગલામાં ભોજન–પ્રબંધ કરતો; તેઓ સુખ-ચેનથી આરામ લઈ શકે તે માટે વ્યવસ્થા કરતો અને નજીવી બાબતમાંયે તેઓની પ્રસન્નતા કેમ ચાલુ રહે, તેની કાળજી રાખતો. તે આમ કરવા બદલ એકજ કારણ આપતો : "જેને એક મહાન કાર્ય પાર ઉતારવું હોય તેણે એ કાર્યનાં સહાયકોનાં મનની લેશ-માત્ર દૂભવણી કરવી ના જોઇએ. એથી ઉલટું. તેમની પ્રસન્નતા જીતી લેવા માટે દરેક કોશિષ કરવી જોઇએ."

જ્યારે નટોને પહેરવાના પોષાકો તૈયાર થઈ ગયા અને તે જોવા માટે સૌ એકત્ર થયાં ત્યારે મુખ્ય નટી લીલા માટેનાં સૌથી સરસ કીંમતી કપડાં જોઇને સર્વેએ તે વખાણ્યાં અને અભિપ્રાય આપ્યો : "આ વસ્ત્રો લીલાને ખૂબજ દીપાવશે."

લીલાએ સમયસૂચકતાથી જવાબ દીધો: "હા. અભિનેત્રીનાં અભિનયમાં દમ નહીં હોય એટલે એનાં વસ્ત્રો જોઈને તો પ્રેક્ષકો રાચશે ને?"

"નહીં, બેટા" સુરેશે કહ્યું: "નટી તરીકેનું તારૂં કામ અને તારાં વસ્ત્રો બેય વડે પ્રેક્ષકો રાચશે, એવી મને ખાત્રી છે. પણ..."

તે બોલતો અટકી ગયો. અભિનેત્રી તેના તરફ પ્રશ્નસૂચક મુખમુદ્રાથી જોઈ રહી. સુરેશે કહ્યું: "તારા પાત્રને લગતા સંવાદો તું ક્યારે મોઢે કરે છે? મેં તો તને કદી સંવાદો ગોખતી જોઈ નથી."

"હું તે રાતે ગોખું છું. મારી યાદદાસ્ત સતેજ છે."

"એકંદરે લીલાબહેન સંતોષકારક પ્રગતિ કરી રહ્યાં છે." મદદનિશ દિગ્દર્શકે અત્રે કહ્યું: "એમની બાબતમાં અમને એક રીતે નિરાંત એ છે કે, અમુક ભાવ અમુક વખતે બતાવવો, એવી જે સૂચના અમે આપીએ છીએ તે તુર્તજ ગ્રહણ કરી લે છે. અમારા આખાયે મંડળમાં સૌથી સરસ ગ્રહણશક્તિ લીલાબહેનની છે."

"એ બહેન અત્યાર અગાઉ એમની કૉલેજનાં નાટકોમાં પાઠ લેતાં હોવાં જોઈએ. જાણે ધંધાદારી નાટ્યકલા એમને વરી હોય એવું મને લાગ્યું છે. બહેન, તમે કોઈવાર કોઈ નાટકમાં ઉતરેલાં?" સંગીત શિક્ષકે લીલાને પૂછ્યું.

લીલાએ ઉત્તર દીધો: "ના રે, હું કોઈ નાટકમાં ઉતરી નથી."

"પણ તમે ફિલ્મો તો જોઈ હશે."

"હા. ઉત્તમ કોટિનાં ગણાતાં કેટલાંક બોલપટ મેં જોયેલાં છે."

"બસ. તો તમને અભિનય, ભાવ વગેરેને લગતી પ્રેરણા, તમારી પ્રબળ ગ્રહણશક્તિને યોગે, એ બોલપટનાં વાતાવરણમાંથી મળેલી હોવી જોઈએ." એક ત્રીજો ધંધાદારી સહાયક કે જેણે થોડીક ફિલ્મોના દિગ્દર્શનમાં પણ કામ કર્યું હતું તેણે અભિપ્રાય આપ્યો.

મદદનિશ દિગ્દર્શકે પણ એ અભિપ્રાયને ટેકો આપતાં કહ્યું: "એકંદરે, આપણને આ નાટકમાં લીલા બહેનનાં કામથી ઘણી સારી ફતેહ મળશે."

"મને છાપરે ના ચઢાવશો!" લીલાએ કહ્યું: "હું ફુલાઈને ફાળકો બની જઈશ, તો છેલ્લી રાતે નાટકને બદલે હું ફારસ જ ભજવી બેસીશ!"

●

પ્રકરણ ૧૧

●

ઉપનાટક

●

લીલા એક વેળા રંગભૂમિમાં એકલી ફરતી હતી અને દશ્યોની ગોઠવણીમાં રોકાયલા માણસોનાં કામ નિહાળતી હતી. એક જગ્યાએ પડેલી એક ખુરશીમાં તે બેઠી; એવામાં પાછળથી કોઈકનો પગરવ સંભળાયો. લીલાએ મોં પાછું વાળીને જોયું તો વસંત તેની નજદીક આવતો હતો.

"હું એક વિનતિ કરવા આવ્યો છું" વસંતે કહ્યું.

"વિનતિ? તમારે વિનતિ કરવાની હોય?"

"ત્યારે શું કરવાનું હોય?"

"નાટકના વ્યવસ્થા વિભાગના અધિષ્ઠાતાએ તો આજ્ઞા કરવાની હોય. હું આ ખુરશી પરથી ઉઠી જાઉં એમ તમે કહેવા માગો છો ને?"

"ના. હું અંગત રીતે વિનતિ કરવા માગું છું."

"તમને ખાત્રી છે કે, અહીં કશું અંગત રીતે કહી શકાય?"

"હું તો માનું છું કે, જ્યારે ઈચ્છા થાય અને તક મળે ત્યારે કાંઈ પણ કહી શકાય. તમારો મારા પ્રત્યે ભાવ કેમ નથી? શા કારણસર નથી? એનો ખુલાસો કરવા વિનતિ કરૂં છું."

લીલા ગંભીર ભાવે એના તરફ થોડીવાર સુધી જોઈ રહી. એ પછી બોલીઃ "કોણે તમારા મનમાં આ ભ્રમ ફેલાવ્યો છે?"

"તમારી રીતભાતે."

"મારી રીતભાતે તમને અસંતોષનું શું કારણ આપ્યું છે?"

"તમે અખિલ તરફ જે કૃપાદૃષ્ટિ રાખો છો, તે મારા તરફ નથી રાખતાં."

"અખિલ વિશેષણ સાથે તમે વિશ્વ નામ વાપરવું ભૂલી ગયા. હું અખિલ વિશ્વ તરફ સ્નેહદૃષ્ટિ રાખું છું."

વસંતે કહ્યું: "અખિલ વિશ્વ પર તમારો સ્નેહ છે, એ તમારા શબ્દો હું સાચી માની લઉં છું અને એ શબ્દો જે વ્યક્તિને મેં લાગુ પાડયા હતા તે વ્યક્તિને હું લક્ષમાં નથી લેતો; તોપણ મારે તમને મારા એક વેળાના શબ્દોની યાદ આપવાની છે: 'તમારી વહાલામાં વહાલી યાદને ઠેકાણે તમે મને ગણો.' હું પ્રેમની સંકુચિતતાના સાચા ક્રમની વાત કરૂં છું. તમે ગ્રહણ કરેલો ક્રમ ઉલટો છે. ઉલટો ક્રમ વહેવારૂ નથી. વહેવારૂ ક્રમ એ છે કે, પ્રેમનું સર્જન સમીપની વ્યક્તિથી થવું જોઈએ. એની યોગ્યાયોગ્યતા વિચારવી જોઇએ. એની સેવાઓ સમજવી જોઈએ. સંકુચિતતામાંથી પસાર થઈને તે પછી જ વિશાળતાએ પહોંચવું જોઇએ. મારા પ્રત્યે જ કેવલ તમારો પ્રેમ કેન્દ્રિત ના થઈ શકે?"

"પિતાજી—" આમ કહેતી લીલા ઉઠી અને સામેથી સુરેશ પસાર દેખાયો. પણ તેનું ધ્યાન એક બીજીની સાથે વાતચીતમાં હતું અને વાતચીત કરતા તે બન્ને એક પડદા પાછળ જતા રહ્યા.

"સુરેશ કાકાનું આપણા તરફ લગીરે લક્ષ નહોતું." વસંતે કહ્યું: "પણ હું ધારૂં છું કે, મેં તમને અકળાવ્યાં છે, તેથી જ તમે ઉઠીને જતાં રહો છો. મને ભય છે કે, તમને મારૂં મોં દીઠે ગમતું નથી તેથી જ ખુરશીમાંથી—"

"તમે ઘણું વધારે પડતું માની લીધું!" એમ કહેતી લીલા પાછી ખુરશીમાં બેઠી.

"તમે પુનઃ બેઠાં તે માટે હું તમારો આભારી છું. શું મને આ ઉપરથી કંઈક આશા પડી શકે કે, તમારા અંતરના એકાદ ખૂણામાં યે મારૂં સહેજ પણ સ્થાન છે?"

લીલા આ પ્રશ્નનો શા ઉત્તર આપવો તેના વિચારમાં પડી ગઈ. જેમ જેમ સુરેશનો સમાગમ તેને વિશેષ થતો હતો તેમ તેમ તે ભયભીત બનતી. તેને એમ લાગતું કે, રખેને એ પોતાનું કોઈ છિદ્ર શોધી કાઢશે તો? એટલે જ તે ભય અનુભવતી. ઉપરાંત ચોંકેલી પણ રહેતી. તેની સાથે ઝાઝું ભેળાતી નહીં. વસંતે આ ઉપરથી તેને ઠંડી વૃત્તિની અને બેદરકાર માની લીધી હતી. અચાનક જ એ વખતે ઇલા ત્યાં આવી લાગી.

"અહો! રંગભૂમિમાં યે ઉપ-રંગભૂમિ રચાય છે ને શું?" તેણે આવતાં વેંત હસતાં હસતાં સવાલ કર્યો.

"આવો ને? તમે યે મદદ કરો." લીલાએ તેને કહ્યું અને પોતાની ખુરશીમાંથી ઉઠીને તેણે ઇલાનો હાથ ઝાલીને તેને તેમાં બેસાડી.

"પણ તમે ક્યાં બેસશો?"

"હું જવાની તૈયારીમાં જ હતી." પોતાના કાંડા-ઘડીઆળમાં જોઇને લીલાએ ઉમેર્યું: "જુઓ, ચારમાં બે કમ છે. ચાર વાગે મારે પિતાજી પાસે એક અગત્યના કામસર જવાનું હતું." અને ઇલા તથા વસંતને પ્રણામ કરીને તે ત્યાંથી જતી રહી. તે ગઈ એટલે વસંત ત્યાંથી જવા તૈયાર થતો હતો તેને ઉદ્દેશીને ઇલાએ કહ્યું: "પેલી બીજી ખુરશી લાવીને બેસોને! લીલા કેવી અવિવેકી? તેણે તમને અત્યાર સુધી ઉભા જ રાખ્યા હતા?"

તે હસીને વસંતનાં નયન તરફ નિહાળી રહી.

"હું મારી મેળે જ ઉભો રહ્યો હતો. મને કાંઈ વાતો કરવાની ફુરસદ છે? એક દૃશ્ય સંબંધે હું એમનો અભિપ્રાય પૂછતો હતો."

"મારો પણ અભિપ્રાય પૂછોને? હું લીલા કરતાં લગીરે કમ નથી! સંગીતમાં તે ભલે કંઠથી સૌને જીતી શકતી હોય પણ સંગીતની શાસ્ત્રીયતા મને સાધ્ય છે. તમે શું માનો છો?"

"હું તો સારૂં ગવાય તે વખાણી જાણું છું. શાસ્ત્રીય ઢબની બાબતમાં તો સંગીતના ઉસ્તાદોને જ સમજણ પડે."

"તમને એક બીજી બાબત પૂછું? મારાં માતુશ્રી કહેતાં હતાં કે, તમે એકાદ કલાકની ફુરસદ મેળવીને તેમની પાસે ન આવી જાઓ? અમારે તમારી સાથે કેટલીક અંગત વાતો કરવાની છે."

"મને એક ઘડીની પણ ફુરસદ ક્યાં છે? આ નાટકની વ્યવસ્થા અંગેનાં કામકાજમાં અંગત વાતોનો વિચાર પણ હું કરી શકતો નથી."

"બીજાઓમાં તમે અંગત રસ લ્યો છો!"

"લીલા અહીં બેઠી હતી તે ઉપરથી તમે એમ કહો છો?"

"હા. લીલા જ ધ્યાન આપવા યોગ્ય છે અને શું હું નથી? વસંત તમે મારું હૃદય કદી ચીરી જોયું છે? એમાં રહેલી એક દેવમૂર્તિ—"

નાટકમાંના આ ઉપ–નાટકને આગળ વધવાનો અવકાશ ના મળ્યો. અખિલે આવીને એમાં ભંગાણ પાડયું: "'મિત્ર વસંત! તું અહીં છે કે? ઓહ! બહેન, તું પણ અહીં છે કે? 'સોરી'! તમારી બન્નેની વાતમાં હું વચ્ચે આવતો નથી ને?"

"ના. ના. અમે તો આ નાટકને લગતી જ વાત કરીએ છીએ? તું કાંઈ પૂછવા આવ્યો હતો કે શું? કહેને, જે કાંઈ કહેવું હોય તે?" વસંતે કહ્યું.

"આપણા આ નાટકનો લેખક નાટકની રાતે આવશે, એવો એનો પત્ર આવ્યો છે."

"એમ? નાટકની રાતે જ આવશે? વહેલો નહીં આવી શકે? કદાચ આપણને તે કોઈ સૂચના કરી શકત–જો વહેલો આવ્યો હોત તો!"

"એ આપણને સૂચના કરે? અરે, એની પ્રકૃતિથી તું વાકેફ નથી. એને કલાશોખીનોનાં નાટકો તરફ ભારે ધિક્કાર છે! એનું એક મહત્વનું કારણ છે. એણે ધંધાદારી નાટકો પુષ્કળ જોયેલાં છે. એણે ઉત્તમ કક્ષાનાં નટ–નટીઓનાં કામ જોયેલાં છે. એવાં કામ કલાશોખીનો કરી શકતાં જ નથી એવો એનો

અભિપ્રાય બંધાઇ ગયેલો છે—જોકે, એ પોતે તો એક ઉત્તમ પ્રતિનો કલાશોખીન નટ છે. અહીં મુંબાઈમાં અમારી સાથે તે કોલેજમાં ભણતો હતો ત્યારનો તે મારો મિત્ર છે."

"એને જો કલાશોખીનો તરફ તિરસ્કાર છે, તો પછી એ આપણું આ નાટક જોવા શા માટે આવવાનો છે? કોઈ વિચિત્ર પ્રાણી લાગે છે!" ઇલાએ કહ્યું.

"બહેન, એને હું કદાપિ વિચિત્ર પ્રાણી કહી શકું નહીં. એના વિચારો સાથે હું સંમત થાઉં છું અને તેથી જ કલાશોખીનોનાં નાટકોને ઉચ્ચ કક્ષાએ લઈ જવાનો માર્ગ લઇ રહ્યો છું. આપણા વિરોધીઓને આપણે આપણાં ઉત્તમ કાર્યથી જીતવા જોઇએ. હું એને બતાવી આપવા માગું છું કે, આ નાટક કેટલું બધું સરસ ભજવાશે, અને તેથી જ મેં એને આ નાટક ભજવાવાનું છે, એમ લખીને અહીં બોલાવ્યો નથી. મેં એને છેતરીને બોલાવ્યો છે!"

"એટલે? તમે શું એને બીજું કોઇ બહાનું આપ્યું છે?"

"હા. મેં એને દુકાળ નિવારણ ફંડનાં નાણાં ઉઘરાવવા માટે આ શહેરના નાગરિકોને ત્યાં ફરનારા સ્વયંસેવકોની જરૂર છે એમ જણાવ્યું છે. મારી પથારીવશ બિમારી જણાવી છે!"

"ઓહ! આવું જુઠ્ઠું બહાનું!"

"એવા નાટકીઆવેડા કર્યા સિવાય છૂટકો જ ન હતો." અખિલે કહ્યું: "એને મારે સાબીત કરી આપવું છે કે, એણે લખેલા નાટકની કલ્પિત 'વસંતસેના' અહીં મૂર્તિમંત છે—સજીવ છે. મને ખાત્રી છે કે, આપણું નાટક તે ઓચિંતુ જ નિહાળશે ત્યારે પોતાનો અભિપ્રાય તે બદલશે."

"તે વહેવારૂપણું વાપર્યું છે, તે બદલ મારૂં અભિનંદન." વસંતે કહ્યું.

અને એક કારીગર વસંત પાસે કંઈક સૂચના માગવા આવ્યો એટલે તેઓ વિખુટાં પડયાં.

પ્રકરણ ૧૨

●

અચિંતુ પુનર્મિલન

●

"કેવળ ઠંડાપણું! બીલકુલ બેદરકારી!"

વસંત એ રાતે એકલો આમ ગણગણતો પોતાના ખંડમાં ફરી રહ્યો હતો ત્યાં સુરેશ તેની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો:

"શું છે, વસંત? કેમ અકળાયલો દેખાય છે?"

વસંત ઓસંગાઇ ગયો. મૂકદૃષ્ટિથી તે સુરેશ તરફ જોઈ રહ્યો. સુરેશે તેની નજદીક આવી તેના ખભા પર હાથ ફેરવતાં કહ્યું: "તને કોઈએ નારાજ કર્યો છે? કોઈ સાથેની વાતચીતમાંથી તને આઘાત થાય એવું કાંઈ તેં સાંભળ્યું છે?"

"મને લીલાના સ્વભાવની સમજ પડતી નથી."

"તેં બહુ જ મુદ્દાસર વાત કરી." સુરેશે કહ્યું: "લીલાને સમજવાની ચાવી તારા જેવા વહેવારૂ યુવાનને નથી જડી એથી મને આશ્ચર્ય થાય છે. મેં અત્યાર સુધીમાં જોયું છે કે, એ સૌનો ચાહ જીતી શકે એવી સરળ પ્રકૃતિની છે. એને હું ચાલાક અને બુદ્ધિમતી કન્યા તરીકે પ્રથમ કક્ષામાં મૂકું છું. મારો એના તરફ પક્ષપાત છે, એટલા ખાતર હું આમ કહું છું એવું ના માનીશ. પણ એનો સ્વભાવ ન સમજાય એવો છે, એમ હું ઘડીભર પણ માનવા તૈયાર નથી."

વસંત મનોયાતના અનુભવી રહ્યો. સુરેશ જેવું કહે છે એવું એણે લીલામાં કેમ અનુભવ્યું નહતું? લીલા જો બીજાં સૌનો ચાહ જીતી લે છે તો એને એકલાને જ કેમ બાદ રાખે છે? વસંતના મુખપરના યાતનાના ભાવ દૂર નહીં થયેલા જોઈને સુરેશે કહ્યું: "લીલાને સમજવાની ચાવી હું તને બતાવું. એનાં પ્રત્યેક

કાર્યમાં ઉત્સાહ ભરી દે. એને પૂર્ણ રીતે અનુકુલ થવા સખ્ત કોશિષ કર. અને પછી જો, તું એને સમજી શકે છે કે નહીં ?"

"કદાચ...કદાચ...કોશિષો છતાંય હું એને સમજી શકું નહીં તો ? મારા પિતાજી વચ્ચે અને આપની વચ્ચે જે કરાર..."

"ઓહ ! લીલા સાથેના તારા લગ્નની વાતનો ઉલ્લેખ તું કરે છે ને ? એમાં તો લેશમાત્ર શંકા લાવવાની નથી, સમજ્યો ? મેં તને લીલાને સમજવાની જે ચાવી બતાવી તેના અનુભવથી હું કહું છું કે, હું એકજ વાર એને કાને એ વાત નાંખીશ એટલે તે 'હા' જ પાડશે. ન તો મારા તરફથી કે ન તો તેના તરફથી કાંઈ વિઘ્ન આવશે. આ સંબંધમાં તો તું બેફીકર રહે."

"આપની આજ્ઞા દ્વારા લગ્ન માટે લીલા તૈયાર થાય એવું હું નથી ઇચ્છતો."

સુરેશે પુનઃ તેનો ખભો થાબડીને કહ્યું: "સરળ યુવક, તું નકામો શંકાઓ કરે છે. લીલાને મારે કદાપિ તેની ઇચ્છા વિરૂદ્ધ કંઈ આજ્ઞા નહીં જ કરવી પડે એવી મને ખાત્રી છે. અત્યારે તો, આ નાટ્યપ્રયોગમાં આપણે સૌ પ્રવૃત્ત છીએ; એટલે આ પ્રશ્નમાં ચોખવટ કરવી ઠીક નથી—નહીં તો, એને બોલાવીને હું તેનો સ્ફોટ એના મુખેથી કરાવી આપત."

"ના. ના. એમ ના કરશો" વસંત બોલી ઉઠયો: "લીલાને આ બાબતમાં આપે કશું પૂછવાની જરૂર નથી. હું તો માત્ર આપના વિષે ખાત્રી કરવા ચહાતો હતો."

"વસંત, તને યાદ નથી ? મારી તો પ્રતિજ્ઞા છે કે, તારાં અને લીલાનાં લગ્ન કરીશ ત્યારે જ મને નિરાંત વળશે. હવે કહે, આથી વધુ ખાત્રી તને કંઈ જોઈએ છે ?"

વસંત સુરેશને પગે લાગ્યો: "હવે મારે કંઈ કહેવાનું નથી."

તેણે કહ્યું. સુરેશે નાટકને લગતી વાત કાઢી અને કેટલીયે વાર સુધી તેઓ તે વિષેની વિગતો ચર્ચતા રહ્યા.

*　　*　　*　　*

નાટકની મુકરર કરેલી તારીખ આવી ત્યાં સુધી અધવચ્ચ આ પ્રેમ–પ્રકરણનું કદાપિ પુનઃ પીંજણ થયું નહીં. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત રહી.

એ દિવસે પ્રાતઃકાળ થતાં લીલા જ્યારે જાગ્રત થઇ ત્યારે બેચેન હતી. આગલી રાતે એને ઉંઘ આવી ન હતી. ઘડીકમાં તેને લાગતું કે, પથારીમાં માંકણ છે અને તે કરડે છે. ઘડીકમાં તેને મચ્છરનો ત્રાસ લાગતો. અમુક વખતે તેને પવન બંધ થયેલો લાગતો. કોઈ વખતે પવનના ખૂબ જ સપાટાઓ આવતા હોવાનો અનુભવ થતો. અનિદ્રાને યોગે અજંપો અનુભવીને આખી રાત ગુજાર્યા પછી તે પ્રાતઃકાળ પડતાં કૉફી પીને બહાર ફરવા નીકળી પડી. મહાલક્ષ્મીના ઘોડદોડના મેદાનમાં કંઇક વાર સુધી તે ફરી. મહાલક્ષ્મીના મંદિરમાં ફરી. કંઇક વાર સુધી તે ત્યાં વિચાર-મનસ્ક સ્થિતિમાં બેસી રહી; અને પછી રેલ્વે સ્ટેશન પર ગઈ. એકાંતમાંથી લોકના થોકમાં જતાં કાંઈ ચેન પડે છે કે કેમ, એવો અખતરો તે કરવા ઈચ્છતી હતી.

રેલ્વે સ્ટેશન પર જતાં તેણે ચોપડીઓ વેચનારના 'સ્ટૉલ' આગળ યુવકોને ટોળે વળેલા દીઠા. તે ત્યાં ગઇ. અચાનક એને જોઇને એક યુવકે હટીને જગ્યા કરી આપી અને કહ્યું: " લીલાદેવી, આજના નાટકનાં દિવાલપત્રો સરસ લખાયાં છે, હોં? જુઓ, અમે એ વાંચીએ છીએ. "

લીલાએ સ્ટોલના ટેબલ ઉપર લટકાવેલું દિવાલપત્ર વાંચવા માડ્યું:

તમે દુકાળ નિવારણ ફંડમાં મદદ મોકલી ?

●

' એક પંથને દો કાજ ' જેવો માર્ગ લ્યો

●

'વસંતસેના'ની ટિકિટ ખરીદીને ફંડને મદદ કરો

●

આજરાતે મહાલક્ષ્મી ખાતે આવેલા રામદાસ-નિવાસમાં હઝારો રૂપીઆના ખર્ચે ઉભી કરેલી, ખાસ રંગભૂમિ પર મુંબાઈના કલા-શોખીન મંડળ તરફથી ' વસંતસેના ' નાટક ભજવવામાં આવનાર છે, જેમાં તમામ કોલેજોમાંથી ચુંટી કાઢેલાં સંસ્કારી યુવક-યુવતીઓ ભાગ લેનાર છે. એ નાટક એક ઓનર્સ ગ્રેજ્યુએટે હાલની રંગ-ભૂમિને યોગ્ય સંવાદો અને સંગીતમાં તૈયાર કર્યું છે, અને મૂળ સંસ્કૃત નાટકની કલાને ઝાંખપ આવવા દીધી નથી. એ નાટકની મુખ્ય નાયિકાનાં અભિનય અને સંગીત ધંધાદારી નાટકોની હોડમાં મૂકાય એવાં છે. મુખ્ય નાયક ચારૂદત્ત, વિદુષક મૈત્રેય, ખલનાયક શકાર તેમજ અન્ય પાત્રોનાં કામ નિહાળીને તમે આનંદ અનુભવશો કે, તમે ખર્ચેલા પૈસા વ્યર્થ ગયા નથી અને તમે એ સાથે સાથે આટકત્રી રીતે દુકાળનિવારણફંડમાં સહાય અર્પી છે; કેમકે ટિકિટોની તમામ આવક કોઈ પણ જાતનું ખર્ચ કાપ્યા વિના તે ફંડના કાર્યકર્તાઓને આપી દેવાની છે. અત્યારેજ તમારી ટિકિટ ખરીદો અને જગ્યા અનામત રાખી લ્યો.

લીલા, એ દિવાલપત્ર વાચી રહી એટલે ચાર કૉલેજીઅનોએ પ્રશ્નોનો ધોધ વહાવ્યો :

" આપ કઈ કોલેજમાં ભણો છો ? "

" આપે અગાઉ કોઈ કોલેજના નાટયપ્રયોગમાં ભાગ લીધો હતો કે ? "

"આપે શૈવલિની શાહની અભિનયકલા કદાપિ જોઇ છે કે ?"

"આપ આવતા માસમાં થનારા મેડીકલ કૉલેજના વિદ્યાર્થીઓના સમારંભમાં ભાગ લેવા સમંતિ આપી શકશો ?"

આ બધાયે પ્રશ્ન કરનારાઓએ તેને ઉત્તર દેવાનો અવકાશ આપ્યા વિનાજ ઉપરા ઉપરી પ્રશ્નમાળા કરી; તેથી લીલા સહેજ અકળાઈ ગઇ અને ત્યાંથી જતી રહેવા તે ઇચ્છવા લાગી. એટલામાં અખિલનો સાદ સંભળાયો : "તમે અહીં છો કે, લીલાદેવી ?"

તેણે પ્લેટફૉર્મના દાદર ઉપરથી બૂમ મારીને એ સવાલ કર્યો હતો. તે બબ્બે પગથીઆં મૂકીને ફાળ ભરતો ઉતરી રહ્યો.

"હું તમને જ શોધતો હતો. ચાલો, આપણે ટરમિનસ સ્ટેશને જઇએ. આપણા નાટયલેખક દિલ્હી મેલમાં આવે છે." અખિલે લીલાની નજદીક આવતાં કહ્યું.

"હા, ચાલો. હું આવું છું." લીલાએ તેને ઉત્તર દીધો અને પોતાને પ્રશ્નો પૂછનાર કૉલેજીઅનો તરફ જોઇને તેણે કહ્યું: "આપ સૌએ પૂછેલા પ્રશ્નો માટે આભાર. હું કોઇ બીજે ફુરસદને સમયે આપ સૌને ઉત્તરો આપીશ. હમણાં તો, મારે જવું જોઇએ."

કૉલેજીઅનોએ તેને જવાનો માર્ગ કરી આપ્યો. એક લોકલ આવી; તેમાં બેસીને તેઓ સેંટ્રલ સ્ટેશને ગયાં. ત્યાંથી એક ગાડી ભાડે કરાવીને તેઓ વિકટોરિયા ટરમિનસ સ્ટેશને પહોચ્યાં.

અર્ધો કલાક તેઓને રાહ જોવી પડી. અખિલે નાટક સંબંધી જ વાતો કરીને એ વખત ગાળ્યો. આખરે દિલ્હી મેલ નિયત સમયે આવો અને તેના બીજા વર્ગના ડબ્બામાંથી એક સોહામણો યુવક ઉતર્યો. જ્યારે અખિલે તેને આવકાર આપીને પરસ્પર પરિચય કરાવ્યો ત્યારે લીલા જ ફક્ત નહી પણ તે યુવક પણ આશ્ચર્યચકિત થઈ ગયો.

બન્ને જણે એક બીજાને પ્રણામ તો કર્યા; પણ કેમ જાણે યાંત્રિક પૂતળાં પ્રણામ કરતાં ન હોય તેવી રીતના એ પ્રણામ હતા. બન્નેનાં નયન એકમેકનાં મોં નિહાળતાં સહેજ વધારે પહોળાં થઈ ગયાં હતાં. બન્નેનાં મનમાં તુમુલ તુફાન થઇ રહ્યાં હતાં. બન્નેના મનમાં તરેહવાર તરંગો થઈ રહ્યા હતા. એક બીજાને જોવાની આશા રાખી નહોય અને ત્રીજી વ્યક્તિની હાજરીમાં ઓચિંતુ પુનર્મિલન થય ત્યારે મનોભારવાળી વ્યક્તિઓ વિચિત્ર પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે. આ બે સંબંધે એમજ બન્યું.

અખિલ તે બન્ને યાંત્રિક પૂતળાંને દોરનાર જાણે જાદૂગર હોય તેમ, તેઓ તેની પાછળ સ્ટેશન બહાર આવ્યાં. અખિલે એક મોટરટેકસી ભાડે કરી અને તેઓ ત્રણે તેમાં બેઠાં.

" લીલાદેવી, તમે ભાગ્યેજ કોઈવાર મારા મિત્ર જગદીશને જોયો હોય." અખિલે લીલાને પૂછ્યું.

" ના, મેં એમને અત્યાર અગાઉ કયાંયે જોયા નથી." લીલાએ પોતાના હાથ રૂમાલથી મોંપરનાં પ્રસ્વેદનાં બિન્દુ લૂછતાં ધીમા પણ મક્કમ સ્વરે જવાબ આપ્યો.

" શું આપ શ્રીમતી કોઈવાર કલકત્તા તરફ આવ્યાં હતાં ?" જગદીશે લીલાને પૂછ્યું.

" ના. મે કલકત્તા જોયું નથી."

જગદીશે કહ્યું: " મારો કલકત્તામાં કેટલોક વખત પસાર થયો છે. એ નગરની અનેક મીઠી યાદ મારા હૃદયમાં છુપાયેલી છે. કોઈક કહેવા જેવી અને કોઈક ન પણ કહેવા જેવી."

" ન કહેવા જેવી કેમ ?" અખિલે પૂછ્યું.

" સટ્ટામાં મેં પૈસા ગુમાવ્યા હોય, તે વાત કહેવા જેવી ગણાય ? રસ્તે ચાલતાં કોઈ ખિસ્સાકાતરૂએ નોટો તડફાવી લીધી હોય તે વાત કહેવા જેવી ગણાય ?"

"સમજ્યો. હવે કહેવા જેવી કહે."

"ત્યાંની તો કહેવા જેવી કહેવા બેસું તો એકાદ પુસ્તક ભરાય–પણ અહીંની મારે કહેવી જોઈએ; અને તે તારાં કરતૂતની છે! તેં પથારીવશ માંદા હોવાનું લખ્યું હતું અને મારું સ્વાગત કરવા કેવી રીતે આવ્યો, એ કહે?"

"તહોમત નં. ૧, હવે?"

"મેં માર્ગમાં દિવાલપત્રો જોયાં. તમે ફારસ ભજવવાના છે એમ મેં વાંચ્યું. આમાં ઘેર ઘેર સ્વયંસેવકોને ફંડ ઉઘરાવવા ફરવાનું છે, એ વાત ક્યાં છે?"

"તહોમત નં. ૨, પછી?"

"ઠગાઈ કરીને તેં મને દૂર દૂરથી શા વાસ્તે બોલાવ્યો?"

"તહોમત નં. ૩."

"હું તમારું ફારસ જોયા વિનાજ પાછો જઈશ."

"આ તહોમત નથી એટલે હવે હું ખુલાસા કરૂં. મને ખબર હતી કે, તું સીધી વાત લખ્યે આવવાનો નહીં! તને અમો કલાશોખીનો પર તિરસ્કાર છે. એટલે તો તું કદાચ તારૂં નાટક ભજવવાનો મનાઇહુકમ પણ અમારી ઉપર મોકલે! એટલે જુઠી વાત લખીને તને બોલાવ્યો. સ્વયંસેવક તરીકે તારે ફરવું હશે તો હું તને પરવાનગી આપીશ!"

"મને પાછો જવાની પરવાનગી આપ એટલે બસ? તારે તારા ફંડમાં રૂપીઆ જોઈતા હોય તો મારા તરફથી બે હજારનો ચેક હું લખી આપીશ."

"પાછા જવાની મનાઇ છે. એનું એક મુખ્ય કારણ એ છે કે, આજના નાટકમાં હું તને આશ્ચર્યથી આંગળાં કરડાવવા માગું છું. તું લીલાદેવીનું વસંતસેના તરીકે કામ જોજે અને કંદર્પકુમારનું ચારૂદત્ત તરીકે કામ જોજે એટલે તારા પૈસા વસૂલ!"

"પૈસા વસૂલ! એમ કેમ?"

"બે હજારનો ચેક તું લખી આપવાનો છે ને? એ રકમમાં તેં અમારા નાટકની ટિકિટ ખરીદી એમ મેં ગણ્યું."

"કંદર્પકુમારનું કામ તો મેં જોયું છે. એને હું ૫૦ ટકા માર્ક આપું છું. લીલાદેવીનું કામ નથી જોયું."

"તો સો એ સો માર્ક એમના માટે અનામત રાખજે; ખરુંને લીલાદેવી?"

આ બેની વિનોદી વાતચીત સાંભળીને લીલાના હૃદયનો ગભરાટ દૂર થઈ ગયો હતો. પહેલાં તો જગદીશને જોઈને પરિચય-ભય ઉપજ્યો હતો કે રખેને 'વનમાલા' તરીકે તે પોતાને ખુલ્લી પાડી દેશે! પણ ધીમે ધીમે જગદીશની વાતોની વલણ ઉપરથી એ સમજી શકી કે, મારી આબરૂ એના હાથમાં સલામત છે અને જગદીશે છેલ્લું કથન કહ્યું તે ઉપરથી તો તેને પૂરી ખાત્રી થઈ ગઈ. એટલે સ્વસ્થતા મેળવીને તે બોલી: "મને ભય છે કે, સાચા પરીક્ષકો આગળ હું શુદ્ધ હેમ નીવડી શકીશ નહીં."

"સાચું કહેવા માટે માફ કરજો; પણ પુરુષપાત્રો કરતાં કલાશોખીન સ્ત્રી-પાત્રો માટે મારો ઘણો કડક અભિપ્રાય છે. સ્ત્રીઓ તો છબરડા જ વાળે છે એમ મેં એકસોને એક દાખલામાં અનુભવેલું છે." જગદીશ બોલ્યો.

"મારું દૃષ્ટાંત તેમાં એકસો બે નંબરનું ઉમેરજો! હું કબૂલ કરું છું કે, અમે સ્ત્રીઓ મિથ્યાભિમાનીપણાથી અમારા પાત્રને ઈન્સાફ આપવામાં ગફલતખોર નીવડીએ છીએ." લીલાએ ઉત્તર દીધો.

"ધન્ય, ધન્ય!" જગદીશ બોલ્યો; અને અખિલને તેણે કહ્યું: "મને જવાની પરવાનગી આપી દે. હવે હું નહીં રોકાઉં. તારા ઉપરનાં ત્રણ તહોમતોની શિક્ષા—"

એક એમ્બ્યુલંસ ગાડી એ વખતે ત્યાંથી પસાર થઈ અને એની પાછળ બીજી બે મોટરગાડીઓ જતી જોવામાં આવી.

અચાનક એ ગાડીમાંથી એક થોભી ગઈ અને તેમાંથી એક જણે ઉતરીને અખિલને ખબર આપી: "અમે સિવિલ હોસ્પિટલે જઈએ છીએ. કંદર્પકુમારને અકસ્માત થયો છે!"

"શું થયું એને?"

"રંગભૂમિ ઉપરનો વીજળીનો લેંપ બગડી ગયો હતો. તે બરાબર કરવા માટે તે ચઢયો હતો. અમે એને કહ્યું કે, વીજળી કંપનીના માણસને ટેલિફોનથી બોલાવીએ છીએ. પણ પોતે દોઢડાહ્યો થવા ગયો. કમનસિબે એવું બન્યું કે, એ લેંપ આગળ ઊભા રહેવાની લાકડાની જે પાલખ બાંધેલી હતી તે તકલદી હતી. તે તૂટી અને કંદર્પ જમીન પર તૂટી પડયો!"

"અરૂરૂર! એને બહુ વાગ્યું હશે?"

"એના એક હાથનું હાડકું ભાંગી ગયું છે અને માથામાં એક ઉંડો જખ્મ પડયો છે. એમ્બ્યુલંસ મંગાવીને અમે સિવિલ હોસ્પિટલે જઈએ છીએ."

તે યુવક ગયો; અને ટેક્સીમાં અખિલ નિરાશ થઈને પડયો.

પ્રકરણ ૧૩

●

અબળાને ખાતર

●

"કેટલું બધું સામ્ય ? એની ચાલ, એનો સ્વર, એની આંખો એનું આખું યે વદનકમળ—કોઇમાં રતિભાર પણ તફાવત ના મળે ! મિલન પ્રસંગનો ચોંકાટ અને ભીરુતા !... છતાં લીલા ! અમૃતનગરના જાગીરદાર સુરેશરાયની દીકરી !... વનમાલા નટી શું 'બેંગાલ મેલ'ના અકસ્માતમાં સાચે જ મરી ગઇ ? જો એમ હોય તો, વિધિની કેવી વિચિત્ર ઘટના ! કલકત્તાની રંગભૂમિની વસંતસેના અને મહાલક્ષ્મીની વસંતસેનામાં મેં તદ્રૂપ સામ્ય કેમ અનુભવ્યું ? અખિલ કહે છેઃ 'આશ્ચર્યથી હું તને આંગળાં કરડાવવા માગું છું !' તે કહે છેઃ 'સ્ત્રીઓ પોતાનાં પાત્રને મિથ્યાભિમાનીપણાથી ઈન્સાફ આપવામાં ગફલતખોર નીવડે છે !" મેં 'ધન્ય !' તો કહ્યું; પણ હૃદય કહે છે કેઃ કલકતાની વસંતસેના રેલ્વે અકસ્માતમાં મરી ગઈ ખરી; પણ મહાલક્ષ્મીમાં તે પુનર્જિવિત થઈ !..."

જગદીશ રામદાસનિવાસમાં આરામ લેતો આ પ્રમાણે મનોગત વિચારો કરી રહ્યો હતો. કલકત્તામાંથી વનમાલા ગઈ તેના બે દિવસ અગાઉ તે કંટાળીને દિલ્હી ગયો હતો. દિલ્હીમાં તેણે વર્તમાનપત્રોમાં અકસ્માતની ખબર વાંચી હતી. એમાં વનમાલા નટીનું મૃત્યુ થયાનું જાણીને તેણે જીવનની શુષ્કતા અનુભવી હતી. એના દિલમાંથી એની મૂર્તિ કેમે કરીને ખસતી ન હતી. કોઈ કામમાં એનું ચિત્ત ચોંટતું નહતું. દૃઢ નિશ્ચય કરીને તે વનમાલાને વિસરવા કોશિષ કરતો હતો પણ તેનો જ ચહેરો તેની સામે આવતો હતો.

હવામાં, પાણીમાં, ચોપડીમાં, દિવાલ પર, કોઇપણ વસ્તુમાં વનમાલા અને વનમાલા જ !

આખરે એક દિન કલકત્તાના પોતાના મિત્રને તેણે પત્ર લખીને પૂછપરછ કરી જોઈ. જગદીશના મિત્રે વળતી ટપાલે જવાબ આપ્યો. એ અકસ્માતમાં છુંદાઈ ગયો નથી તે બદલ મુબારકબાદી આપી. એના પાંચ હજારની રકમના વ્યાજમાંથી 'સફળ વાર્તાલાપ ઈનામ' સ્થાપ્યાનું જણાવ્યું; પણ વનમાલા સાચે જ અકસ્માતમાં મૃત્યુ પામી છે એવી ખબર આપી.

એવામાં અખિલનો પત્ર કલકત્તા ગયો. કલકત્તાથી તેના મિત્રે તે દિલ્હી મોકલ્યો; અને સેવાકાર્યમાં ચિત્તને રોકવાથી કદાચ વનમાલા વિસરાઈ જશે, એમ માનીને તેણે અખિલને લખ્યું કે, 'હું મુંબાઈ આવીશ.' મુંબાઈ પહોંચવાની વેળાએ અધવચમાં તેણે તાર કર્યો.

અને ટરમિનસ પર ઉતરતાં એણે શું અનુભવ્યું ? રાતદિન જે ચહેરો તે વિસરી શકતો નહતો, જેના અણુએ અણુથી તે માહિતગાર હતો, તેજ ચહેરો તેની સમીપ ઉપસ્થિત હતો—મૃત નહીં—જીવંત ! માત્ર એકજ બાબતનો તફાવત હતો: નામનો ! નામ જુદું હતું તેથી શું થઈ ગયું ?

જગદીશનું મન એક વિપળ માટે પણ કબૂલ કરી શક્યું નહીં કે, લીલા, એ વનમાલા ન હોય ! હેમ–પરીક્ષા થઇ ચૂકી હતી !

"જો એને આ ઐશ્વર્ય પસંદ હોય, જો એમાં એ સ્વર્ગીય સુખ અનુભવતી હોય, તો એને ઐશ્વર્ય અને સુખના શિખર પરથી હું નહીં ગબડાવી પાડું. હું ખાનદાન કુળનો છું. પારકાંની એબ ખુલ્લી કરવી એ ખાનદાનનું લક્ષણ નથી. એક તટસ્થ તરીકે ચિકિત્સા જોઇશ; વસ્તુસ્થિતિ તપાસીશ; અન્ય કોઇ એના સિંહાસનેથી એનું પતન કરાવવા માગશે તો હું તેમ નહીં કરવા દઉં. એના સિંહાસન પર એને અવિચળ રાખીશ. એનો સંરક્ષક થઇશ. પૂર્વકાળના સ્ત્રી–સન્માન–સંરક્ષકોની પ્રતિષ્ઠા પુનર્સ્થાપિત કરીશ."

જમણા હાથની હથેલીમાં ડાબા હાથની મુક્કી ઠોકતો, આ આધુનિક સ્ત્રી–સન્માન–સંરક્ષક, નિર્ણય કરી લઇને મક્કમ પગલાં ભરતો અહીં તહીં ફરવા લાગ્યો.

અખિલને તેણે કહ્યું હતું તેમ, તે પાછો ચાલ્યો ગયો હોત; પણ એ વિચાર એણે અમલમાં ના મૂકયો–કોને ખાતર? અબલાને ખાતર–વનમાલાને ખાતર! વસંતસેનાનો એકકે એક ખેલ એણે કલકત્તામાં જોયો હતો. આજ મહાલક્ષ્મી ખાતે જે તક પુનઃ મળી છે, તે નહીં ચૂકવા તેણે ઠરાવ્યું.

કંદર્પકુમારને હોસ્પિટલમાં લઈ જવાયા પછી અખિલ એની તબિયત જોવા માટે જાતે હોસ્પિટલમાં ગયો હતો પણ જતાં જતાં રામદાસ–નિવાસમાં જગદીશને ઉતારો આપીને સોગંદ આપતો ગયો હતો કે, “મારા આવ્યા વિના તું ચાલ્યો જાય તો તને મારા સોગંદ છે.” અખિલ જગદીશનો કોલેજનો સહાધ્યાયી હતો. મુંબાઈમાં જગદીશ જ્યારે ભણતો હતો ત્યારે અખિલ સાથે એને ઠીક મૈત્રિ થઈ હતી. એમાંયે ‘મૃચ્છકટિક’ નાટક ભજવવાથી વધારો થયો હતો. ચારૂદત્ત તરીકે જગદીશ ફાંકડું કામ કરતો અને એટલા ખાતર એને કોલેજના રંગમંડળ તરફથી સુવર્ણચન્દ્રક મળેલો હતો.

સાયંકાલ પડી; અને એક ટેક્સી આવીને રામદાસ–નિવાસ આગળ ઉભી રહી. અખિલ એમાંથી બહાર નીકળ્યો. જગદીશ બારીએ ઉભેલો હતો.

એના ખંડમાં આવીને અખિલે કહ્યું: “મિત્ર, તું રોકાઈ ગયો, એ ઘણુંજ ઠીક થયું. તારે અમારી લાજ રાખવાની છે. આપણી જૂની દોસ્તીના નામે મારે તને અપીલ કરવાની છે–”

“ચેકની રકમ ઓછી પડે છે, એજ કહેવા તું આવ્યો છે ને?”

“ચેકની તો લગીરે ચિન્તા નથી. અમારા મંડળે ૩૦૦૦ રૂા. એકઠા કર્યા છે! કોઈપણ નાટકશાળામાં બહુ બહુ તો રૂા. ૨૦૦૦નું

ઉત્પન્ન મેળવી શકાય છે; પણ અમે તેથી યે વધુ પ્રગતિ સાધી છે. એમાં સુરેશરાય એટલા જ રૂપીઆ ઉમેરી આપનાર છે. મારા પિતાજી પણ સરસ રકમ ઉમેરશે અને તું બે હજાર નહીં આપે તો ચાલશે..."

"ભાઈ, તારે જોઈએ તો ત્રણ હજાર લેજે, બસ? હવે કાંઈ કહેવાનું છે?"

"પણ હું રકમ માટે આવ્યો જ નથી. કંદર્પકુમારના પગનું હાડકું ભાંગી ગયું છે. તેનો જખ્મ બે ચાર દિવસમાં રૂઝાઈ જશે પણ તેનું હાડકું બેસતાં એક માસ વહી જશે."

"એમાં હું શું કરું, મિત્ર? મારાથી ઓછું એનું દુઃખ લઈ શકાય તેમ છે?"

"એનું દુઃખ નહીં—અમારું દુઃખ તારે દૂર કરવાનું છે. ચારૂદત્તનું પાત્ર તારે ભજવવું પડશે!"

"નોન્સેન્સ!" જગદીશ બરાડી ઉઠયો: "તને મારા સિદ્ધાંતોનો ખ્યાલ છે કે નહીં? એ કોલેજના દિવસો ગયા કે જ્યારે હું પરચુરણ પાત્રો સાથે કામ કરતો હતો. મેં તો કોઈપણ સ્વેચ્છાનાટયમંડળમાં કામ નહીં કરવાનો હવે નિશ્ચય કરેલો છે."

"તારે એ ફેરવવો, એવી મારી વિનતિ છે. ભાઈ સાહેબ, હું તને પગે લાગું છું. તારી આગળ ટોપી ઉતારું છું. કંદર્પકુમારની જગ્યાએ કામ કરીને અમારી લાજ રાખ. તને તો, એ આખો યે પાઠ યાદ હશે. તારો લખેલો છે. તારો ભજવેલો છે. આજ અમારું સદ્ભાગ્ય છે કે, તું આવી પહોંચ્યો છે. અમારૂં મોં તારા વડે ઉજળું રહેશે!"

"કહી રહ્યો? મારો જવાબ નકાર છે. એ માટે બીજાં કારણો પણ છે, ચારૂદત્તની અમર ભૂમિકા મેં તે દિવસોમાં ભજવીને તેને લાંછિત કરી છે. કયાં શૂદ્રકનું એ ઉમદા પાત્ર અને કયાં

આ માનવી જગદીશ! હું એ ભૂમિકાને વધુ લાંછન નહીં લગાડું. સિવાય..."

"આપણી ખામીઓને તું નિરર્થક તત્ત્વવેત્તાની દૃષ્ટિથી જુએ છે!"

"સિવાય બીજાં કારણો છે. હું મુસાફરીથી ખૂબ થાકી ગયેલો છું. મને વિશ્રાંતિની જરૂર છે. મારી માનસિક હાલત તારાં જુઠ્ઠાં બહાનાંથી બગડી ગઈ છે. તેં મને અહીં સેવાકાર્યના નામે બોલાવ્યો હતો અને અહીં આવીને જોઉં છું તો, માલ વિનાના જુવાનોની ભવાઈ તમે લોકોએ ભજવવા ધારી છે!"

"મારી બધી ભૂલો માટે હું તારી હજારવાર માફી માગું છું. અમે નાદાન છીએ, એ કબૂલ કરું છું પણ તું ઉદાર છે. દરગુજર કરવાની મારી અપીલ શું તું નહીં સાંભળે?"

"ના, ના અને ના." જગદીશે મક્કમપણે કહ્યું.

"જે પ્રેક્ષકો આવશે તેઓ નિરાશ થશે."

"અકસ્માત નિરાશા જ ઉપજાવે! એમાં કોઈ માનવીનાં જોર ચાલી શકે છે? કંદર્પકુમારને અકસ્માત થયો છે, એ આજનું નાટક મુલત્વી રાખવા માટે તમારી આગળ સબળ બહાનું છે. ઉદ્ઘોષ-યંત્રો સાથે આખીયે મુંબાઈનગરીમાં ટેકસીઓ ફેરવો. સર્વને જાણ કરો કે, મુખ્ય પાત્રને અકસ્માત નડયાથી આજનો ખેલ બંધ રહેશે! થોડા દહાડા પછી ભવ્ય જલસો ગોઠવજો."

"બહુ સરસ સલાહ આપી, શુભેચ્છક મહાશય! અમારી 'રેવડી દાણ દાણ' કરાવવામાં જ આપ શ્રીમાનને રાક્ષસી આનંદ આવે છે ને?"

"પણ હું શું કરું? મારું માથું દુઃખે છે; પગ દુઃખે છે."

"તો, ભાઈ, સેવક તે દબાવવા તૈયાર છે!"

"એવું કામ કરનારા નોકરો છે. તને એ કામ કરવા ના દેવાય."

"અમારી ખાતર નહીં તો એક ગભરૂ બાળાને ખાતર તું અમારા નાટકમાં ઉતરવા કૃપા કરીશ? એને અપાર નિરાશા થશે. એનો આટઆટલા દિવસનો ઉત્સાહ મરી જશે."

"ગભરૂ બાળાને ખાતર? એ કોણ છે વળી?"

"લીલા જાગીરદાર! જેણે આજ સહવારે મારી સાથે તારો સત્કાર કર્યો હતો તે!"

"એને નિરાશા ઉપજે એ સાથે મને કાંઈ જ લેવા દેવા નથી—"

"કેવાં સ્ત્રી-સન્માનનાં પુષ્પ વરસાવે છે, મિત્ર! બર્કના શબ્દો મને આજ યાદ આવે છે કે: 'સ્ત્રી-સન્માનના દિવસો વહી ગયા છે.'"

"તારે આથી પણ વધારે કાંઈ કહેવું હોય; કદાચ મને નઠોર, હેવાન, પથ્થર, જડ વગેરે કહેવો હોય તો કહે. મારી 'ના' નહીં પલટાય એ ચોક્કસ છે."

"ઠીક મારા માનવંત હિતેચ્છુ! નિસાસો નાંખીને અખિલ ઉઠયો: "આજ એક અબળાનું હૃદય તું ભાંગે છે એ ન ભૂલીશ! એના ભગ્નહૃદયની હાયનો ખ્યાલ પણ તારા જેવા એક કવિને આવી શકતો નથી તેથી મને અફસોસ થાય છે!"

તે ધીમે ધીમે જવા લાગ્યો. "એ નાટકીઆ! આમ આવ!" જગદીશે કહ્યું: "છેલ્લા વાકયો તેં મારા ઉપર અસર કરવા માટે ગોઠવ્યાં હતાં; ખરૂંને? એ વાકયોએ અસર કરી છે—"

અખિલે આનંદના આવેશમાં જગદીશના હાથ ઝાલી લીધા. જગદીશે આગળ કહેવા માંડયું ત્યારે એના અવાજમાં ગંભીરતા હતી: "હું કોઇનું હૃદય ભાંગવા ઇચ્છતો નથી. મારે કોઇના હૃદયના

નિસાસા નથી લેવા. લીલા જાગીરદારને ખાતર, આ નાટકની વસંતસેનાને ખાતર, એક અબળાને ખાતર, જગદીશ ચારૂદત્ત તરીકે કામ કરશે.”

અખિલ ખૂબજ ખુશ થઇ ગયો અંતઃકરણપૂર્વક તેનો આભાર માનીને તે વિદાય થયો, તે બહારોબહાર હોસ્પિટલેથી જગદીશ પાસે આવ્યો હતો. જ્યારે રંગભૂમિવાળા બંગલામાં તે ગયો ત્યારે સૌ કોઇ તેને પૂછવા લાગ્યા: “કંદર્પકુમારને ઠીક છે ને? પાઠ ભજવવા તે આવી શકશે ને?”

એ તમામ પૂછનારાંઓમાં લીલા પણ હતી. અખિલે તેને કહ્યું: “કંદર્પકુમાર તો એક માસ સુધી બિછાનું છોડી શકશે નહીં પણ તેને બદલે મેં એક અતિ ઉત્તમ પાત્રની સંમતિ મેળવી છે.”

“એ કોણ છે?”

“જગદીશ! આ નાટકનો લેખક! મારો પરમ મિત્ર!”

સૌ ખુશ થઇને અભિપ્રાયો આપવા લાગ્યાં:

“બહુ સરસ પસંદગી!”

“મિસ્ટર જગદીશચન્દ્રે ‘હા’ પાડી, એ ઘણું જ સારૂં કર્યું.”

“આપણને કંદર્પની ખામી લાગશે નહીં—બલ્કે, વધારે સરસ કામ મળશે!”

“જગદીશે તો આ કામ કરેલું છે.”

“લીલાદેવી! તમે એકકે વાર જગદીશ સાથે ‘રિહર્સલ’ કર્યું નથી. તમને સંકોચ તો નહીં લાગે ને?” અખિલે પૂછ્યું.

“ના.” લીલાએ કહ્યું: “પાત્ર ભજવતી વખતે વ્યક્તિ કોણ છે, એના વિચાર આપણા મનમાં રહેવો ન જોઇએ. કંદર્પકુમાર આવી શકે તેમ નથી અને તેને બદલે બીજા અજાણ્યા યુવક કામ

કરશે તેથી, હું ધારું છું કે, મારા કામમાં મુશ્કેલી આવશે નહીં. મારા વિષે તમે નિશ્ચિંત રહેશો."

"ઘણું સરસ કહ્યું!" અખિલ બોલ્યોઃ "મને તમારાં વેણ સાંભળીને બહુ જ શાન્તિ વળી."

સુરેશે જ્યારે અખિલ મારફત એ વાત જાણી કે, પાત્રોમાં ફેરફાર થનાર છે અને લીલાએ કહેલા શબ્દે શબ્દ અખિલે તેને કહી સંભળાવ્યા ત્યારે વસંત પણ તેની પાસે ઉભો હતો. સુરેશે અખિલનું કહેવું સાંભળીને આંખમાં આનંદનાં તેજ લાવીને કહ્યું:

"લીલાના જેવો હિમ્મતભર્યો જવાબ કદાચ દુનિયાભરની કોઇ જ સ્વેચ્છા કલાશોખીન બાળાએ આપ્યો નહોત. સ્ત્રી-જાતિ લજ્જાળુ હોય છે. એટલે અપરિચિત સાથે કામ કરવું તેને મુશ્કેલ જ લાગે. બીજી કોઈ કોલેજીઅન સન્નારીએ આવી સ્થિતિમાં 'ના' પાડી દીધી હોત; અને એને ખાતર આજનો કાર્યક્રમ પડતો મૂકવો પડયો હોત. હું પક્ષપાતથી નથી કહેતો પણ લીલાએ આજ તમારા નટ-મંડળની આબરૂ રાખી છે, એમ કહું તો ચાલે."

"અવશ્યઃ" વસંતે સૂર પૂર્યો, "આપે કહ્યું તે દષ્ટિબિન્દુથી જોતાં, આપનું કહેવું ખરું છે."

પ્રકરણ ૧૪

સંપૂર્ણ સફળતા

કલા-શોખીનોનો આનંદ સમાયો જતો નહતો. કંદર્પકુમારને બદલે નાટયલેખક જાતે જ મુખ્ય નાયકના પાત્ર તરીકે ઉતરશે, એ ખબરે તેમને ભારે ઉત્સાહી બનાવ્યા હતા. અને તેથી સૌ તેના આગમનની રાહ જોઈ રહ્યા હતા. નાટક રાત્રે ૯ વાગે શરૂ થનાર હતું. પણ ૭ા વાગતાં તો અખિલને કેટલાયે જણે સેંકડો વાર પૂછપરછ કરવા માંડી કે, 'જગદીશ હજી કેમ ના આવ્યો ?' અને 'એ હવે આવવો જોઈએ-હમણાં જ આવશે' એમ કહીને તેણે તેઓને આશ્વાસન આપ્યાં હતાં.

સર્વનો ઉત્સાહ જેમ બહારથી તેમ અંદરથી એકસરખો હતો. માત્ર એકજ વ્યક્તિના હૃદયની અને ચહેરાની વચ્ચે તફાવત હતો. અને તે વ્યકિત હતી લીલા. એનું હૃદય ફફડી રહ્યું હતું. એને વિશ્વાસ બેસતો ન હતો. એના દિલમાં ભય ઉપજ્યા કરતો હતો. 'રખેને એ મને ખુલ્લી પાડી દેશે તો ? કદાચ તે કાંઈ આડું અવળું બોલી બેસશે તો?' એ પ્રશ્નો તેને મુંઝવતા હતા. તે બીજાંઓ સાથે ઉપર ઉપરથી ડૉળ કરીને હસતી હતી; તે પોતાના પાઠમાં ખામી નહીં આવે એમ કહેતી હતી; પણ તેનું અંતર્ કબુલ કરતું ન હતું.

ગુનેગારના હૈયાના ધબકારાની ગતિ બમણી થતી જાય છે —ખાસ કરીને જ્યારે તેના ગુનાને અંગે તેની કસોટી થવાની હોય છે ત્યારે. લીલાની આજે જબરી કસોટી થનાર હતી. એનું હૈયું વધુ ઝડપથી ધબકતું હતું.

તે અને બીજાંઓ આઠ વાગે વસ્ત્રસજાવટમાં પ્રવૃત્ત હતાં, એવામાં "આવ્યો, આવ્યો" એવી ખબર ચોમેર પ્રસરી રહી. સર્વ જણ

પોતાની પ્રવૃતિ અધૂરી મૂકીને એને મળવા દોડયાં—પણ લીલાના પગ ઉપડયા નહી.

તે પોતાની જગ્યાએજ થંભી રહી. તેનાથી સહેજ બબડી જવાયું, "કંદર્પકુમારની સાથેજ મારે કામ કરવાનું હોત તો કેવું ઠીક થાત? રખેને આ કાંઈ ભાંગરો વાટી બેસશે તો ?" અચાનક એ વખતે વસંત તેની પાસે આવી પહોંચ્યો.

તેણે પૂછયું: "શેનો ભાંગરો વટાઈ જવાનો ભય સેવો છો, લીલાદેવી? શું જગદીશને અત્યાર અગાઉથી તમે ઓળખો છો ?"

"ના રે" લીલા સાવધ થઇને બોલી, "અમે તો રેલ્વે સ્ટેશન ઉપર આજ સહવારે મળ્યાં એ જ અમારું પ્રથમ મિલન હતું ! બધા કહે છે કે, એને એના પાઠ મોઢે છે પણ મને બીક લાગે છે કે, એ અધવચ્ચ ભૂલ કરી બેસશે અને આડું અવળું બોલીને ભાંગરો વાટી બેસશે તો નાટક બગાડી નાંખશે ! એની સાથે 'રિહર્સલ' થયું હોત તો ઠીક થાત ! આવી બાબતમાં અતિવિશ્વાસ ઠીક નહીં !"

"હં...હં... એજ તમારી ગૂંચવણ છે ને ? બાકી, હું તો તમારા શબ્દોથી એમ સમજ્યો કે, તમને તેનો પૂર્વ પરિચય હશે ! માફ કરજો, માઠું ના લગાડશો."

"ના. ના. એવું કાંઈ નથી." લીલાએ કહ્યું.

રંગભૂમિના પડદા પાછળ કલાશોખીનોએ જગદીશનો સત્કાર કર્યો અને લીલાએ પોતાના સ્થાને ઉભે ઉભે એની સ્વરપરંપરાઓ સાંભળી. તે મોટેથી હસતો હતો. ઘણા કલાશોખીનોને નામ દઈને બોલાવતો હતો; જુના પ્રસંગો સંભારીને આનંદ કરાવતો હતો. પોતાના કોલેજના દિવસોની અછડતી યાદ આપતો હતો, તે ઈલાને કહેતો સંભળાયો: "અહો, ઈલાદેવી ! મદનિકાના પાત્ર તરીકે તમારી સજાવટ સરસ છે ! તમે સુંદર કામ કરશો, એવી મને ખાત્રી છે ! હું તમને પ્રથમથી જ અભિનંદન આપી દઉં છું."

"અને ભાઈ કહે છે એવું સરસ કામ તમે કરશો તો હું તને સુંદર ભેટ આપીશ!" ઈલા બોલી.

"શી ભેટ?"

"આ મારી સાડીમાં મેં ખોસ્યું છે તે બટન!"

સૌ ખિલખિલાટ હસી પડયાં!

એવી જ રીતે બીજાઓ સહિત વાતો કરતો અને વિનોદ કરતો તે સંભળાયો. થોડીવારે લીલાએ સાંભળ્યું: "પણ વસંતસેના તો તેં મને બતાવી નહીં?" અખિલનો ઉત્તર સંભળાયો: "અરે, ભઈ, ચાલને તેયે બતાવું. એ શણગાર સજવામાં રોકાઈ હશે!" માણસોનાં પગલાં, એ પછી, નજદીક ને નજદીક સંભળાયાં. લીલા આયના તરફ મોં રાખીને કાનમાં લોળિયું પહેરતી હતી. તેવામાં તેનો પરિચિત સ્વર સંભળાયો: "અહો! આ રહી વસંતસેના! અદ્દભુત સુંદર વેષભૂષા!" લીલા તરફ તે સૌને મોખરે રહીને આવતો હતો, એમ લીલાએ આયનામાંથી જોયું,

લીલાની નજદીક તે આવ્યો ત્યારે લીલાનું મોં આયનામાં જોઈને તે બોલ્યો: "અહો! તમે વસંતસેના તરીકે સુયોગ્ય પાત્ર જ લાગો છો!" અખિલ તરફ જોઈને તે કૃત્રિમ ગુસ્સો કરતો બોલ્યો: "અરે, ભઈ, બધી વાતો તેં મને કરેલી પણ શ્રીમતી લીલાદેવી જાગીરદાર વસંતસેના તરીકે સરસ શોભે છે એવો તો જરીકે ઉલ્લેખ તેં કર્યો નહોતો!"

"મેં તો તને બધું કહેલું પણ તું ભૂલી ગયો; એટલો મૂર્ખ જ ને?"

"સાંભળજો! મૂર્ખ વિદુષકનું પાત્ર તો નાટકમાં પોતે ભજવવાનો છે અને મને મૂર્ખ કહે છે! અમારા કલાશોખીનો આમ જ છબરડા વાળે છે ને?" અને લીલા તરફ જોઈને તેણે કહ્યું: "નમસ્તે શ્રીમતી! દેખીતી રીતે તો જેને અંગ્રેજીમાં "Fit" એટલે 'તદ્દન લાયક' કહેવામાં આવે છે એવી જ તમારી સજાવટ

છે. અને કદાચ તમે ખૂબ શ્રમ લીધો હશે એટલે તો લીટીએ લીટી યાદ હશે; પણ મેં તો વર્ષોથી મારો પાઠ ભજવેલો નથી એટલે હું ગફલત કરૂં એ કુદરતી છે. જો જો, શ્રીમતી! એવી ગફલત વખતે મને એકાદ ચીમટો ભરીને ક્રોધાન્વિત ના થતાં, હોં કે?"

સૌ હસી પડયાં. "એ તો ગમ્મત કરે છે! બાકી મહાભારતના રચનાર વેદવ્યાસની ભૂલ થાય તો જ જગદીશની 'વસંતસેના'માં ભૂલ થાય!" અખિલ બોલ્યો.

"મિત્ર 'વસંતસેના'માં નહીં—ચારૂદત્તમાં, એમ કહે!" જગદીશે ભૂલ સુધારી.

અને આ પ્રકારે આવતા વેંત જ વિનોદ અને તે દ્વારા ઉત્સાહ પ્રસારીને જગદીશે પુનઃ એકવાર આડકત્રી રીતે અભિનેત્રીના હૃદયને મજબૂત બનાવ્યું.

બરાબર નવના ટકોરા પડતાં રંગભૂમિ પ્રેક્ષકવૃન્દથી ઠીચોઠીચ ભરાઈ ગયેલી દેખાઇ; અને નાટક તરત જ શરૂ કરવામાં આવ્યું. સૂત્રધાર અને નટીનો પ્રારંભનો સંવાદ ચાલતો હતો અને વસ્ત્ર-પરિધાન વિભાગમાં જગદીશ વસ્ત્ર સજતો હતો ત્યાં વસંત તેની પાસે આવ્યો. તે બોલ્યોઃ "મહોદય, તમે કૉલેજમાં ભણી રહ્યા હશો તે પછી હું તેમાં દાખલ થયો હોઇશ એટલે આપણો પરિચય નથી. પણ તમારે અને લીલાદેવીને કયાંથી પરિચય થયો હતો, વારૂ?"

"આજ સહવારે સ્ટેશન ઉપર અખિલે મને તેમનો પરિચય કરાવ્યો તે જ! બાકી, અમે અગાઉ કોઈ કોલેજમાં સાથે ભણતાં નહતાં; અથવા મારે ને એમને કલકત્તા તરફ કયાંયે મેળાપ થયો નહતો!" જગદીશે જવાબ દીધો.

"તમે ચોક્કસ સાચું કહો છો, એવી તમને ખાત્રી છે?"

"અને હું તેવું કહેતો નથી એમ તમે ચોકસાઈ સાથે કહી શકો છો ?"

"ના. ના...એવું કંઇ નથી. મને કંઈક એમ ભ્રમ ઉપજ્યો કે, તમે બે પૂર્વ-પરિચિત છો !"

"તમે વહેમી લાગો છો, મિસ્ટર વસંત !" જગદીશ કાંઇ આગળ બોલે એટલામાં અખિલ ત્યાં આવ્યો અને બોલ્યોઃ "તું ગપ્પાં મારે છે ? ઝટ કર, આ મારૂં કામ આવ્યું ને હું જાઉ છું પછી તારૂં કામ આવે છે. ના ભૂલીશ." તે ગયો અને તેની પાછળ વસંત ગયો.

સુરેશ, રામદાસ શેઠ, અને યશોધરા પ્રેક્ષક વર્ગમાં બેઠાં હતાં. તેઓ જુવાનીઆંનું કામ રસભેર જોવા માગતાં હતાં. તેઓની સાથે મુંબાઈની પ્રતિષ્ઠિત મંડળી પણ બેઠેલી હતી. ચારૂદત્તનું કામ જ્યાં પ્રથમ અંકમાં શરૂ થયું કે, પ્રેક્ષકવૃન્દે તેને વધાવી લીધો. સૌને નમન કરીને તેણે કાર્યારંભ કર્યો અને એના ભાવ, એની વાણી, એનો અભિનય, અને એનું સંગીત એ ચારેનો સમુચ્ચય પ્રેક્ષકોને માટે દિલજીત બન્યો. એ પાત્રને પ્રેક્ષકોનું અભિનંદન મળ્યું એટલે તમામ સ્વેચ્છા-નટનટીઓ પર તેની અસર થઈ અને તેઓએ પોતપોતાનાં પાત્ર આબાદ રીતે ભજવવા નિર્ધાર કર્યો.

સુંદર શરૂઆતથી એક કાર્ય અર્ધોઅર્ધ વિજયસાધના કરે છે, એમ કહેવાય છે. તે મુજબ, જગદીશની શરૂઆત સુંદર નીવડી અને એમાં વસંતસેનાના કામની શરૂઆત ઉમેરાઇ. પ્રથમ સંગીતે જ પ્રેક્ષકોને તેનામાં રસ ઉપજાવ્યો અને ઉત્તરોત્તર એમાં વૃદ્ધિ જ થતી ગઈ.

બીજાં નાટકોની પેઠે પ્રેક્ષકોમાં ભારે શોરબકોર અને ધાંધલનો અહીં અભાવ દેખાયો. સંસ્કારી જનોની પેઠે મોટે ભાગે તેઓ ચૂપકીદીથી નાટકનું રસપાન કરવા લાગ્યા અને કરૂણભાવ વખતે

તો, કેટલાંક નેત્ર આંસુભીનાં બન્યાં. હાસ્ય તો સૌને સહેજે હસાવે પણ કરૂણાર્દ્રતા જ્યારે પ્રેક્ષકોનાં દિલ જીતીને તેમની આંખ પલળાવે ત્યારે જ એ અભિનય અસરકારક છે, એમ કહી શકાય. આ નાટક ભજવનારાંઓએ કંઈક પ્રસંગોએ આવી અસર કરી. અને જ્યાં જ્યાં વસંતસેના અને ચારૂદત્તના મિલન-પ્રસંગો આવ્યા ત્યાં નાટકમાં રહેલી ઉચ્ચ સંસ્કારિતા વડે દીપી ઉઠતા તે બન્નેના ગુણયુક્ત ભાવોનું નિરૂપણ કરવામાં તે બન્નેએ એવી તો તદ્રૂપતા કરી કે, એ પ્રત્યેક પ્રસંગ પ્રેક્ષકોને ગમી ગયો.

નાટક પૂર્ણ થયું ત્યારે સૌએ અભિપ્રાય આપ્યો કે: "સંપૂર્ણ સફલતા પ્રાપ્ત થઇ છે"—માત્ર એકજ વ્યક્તિ સિવાય !

એ હતો વસંત ! નાટકની અંદર વસંતસેના અને ચારૂદત્તનાં પાત્રો જોકે અત્યંત મર્યાદાથી પ્રણયપ્રસંગો ભજવતાં હતાં તોપણ વસંતનું હૃદય તે જોઈને બળી ઉઠતું હતું. "આ માણસ આટલો બધો ભાગ્યશાળી ?! એને પ્રણયદેવતાએ કૃપાપ્રસાદ દીધો છે અને મનેજ તેણે વિદારી મૂક્યો છે !" ઇર્ષ્યાથી એનાં અંગે અંગમાં લાહ્ય ઉઠતી હતી અને જ્યારે ઉચ્ચ કક્ષાનાં દૃશ્યો વખતે પ્રેક્ષકો અનેકવિધ રીતે હર્ષ દાખવતા હતા ત્યારે વસંતની આંખ-માંથી ઈર્ષાનાં અગ્નિ-કીરણ ફેંકાતાં હતાં !

અખિલે નાટકના પ્રણયી યુગલની અત્યંત પ્રશંસા કરીને તેમને અભિનંદન આપ્યાં અને કહ્યું:

"જો હું ધંધાદારી નાટક કંપનીનો માલેક હોઉં તો તમને એને બાદશાહી પગારો આપીને મારી કંપનીમાં જ રોકી લઉં અને નાટકની દરેક રાત્રિએ પ્રેક્ષકો પાસેથી નાણાંની સેર મેળવી લઉં."

"લેકિન વોહ દિન કહાં સેં, ભૈયા !" જગદીશે કહ્યું: "નથી હું ધંધાદારી નાટકીઓ કે નથી લીલાદેવી કોઈ નાટકીયણ ! ખરૂંને શ્રીમતી ?"

લીલાએ માત્ર મોં વતી 'હકાર' દર્શાવ્યો; પણ એટલામાં વસંતે અને ઇલાએ આવીને વાતનું વહેણ ઊંધું જ વહાવ્યું.

"આજ તો તેં કંઈ ભારે સરસ નાટક ભજવ્યું ને શું, લીલા? માન ન માન; પણ તેં "એક્ટ્રેસ" તરીકે ક્યાંયે પણ કામ કર્યું છે; ખરૂં" ઈલાએ કહ્યું.

"એ સિવાય આટલું બધું સરસ "એક્ટિંગ" કેવી રીતે થઇ શકે?" વસંતે ટાહુકો પૂર્યો અને ઉમેર્યું: "અને આ શ્રીમાન પણ કોઈ ભારે કુશળ નટ હોવા જોઈએ. રંગભૂમિ પર એમણે પગ મૂક્યો ત્યારથી જ એમની છટા ઉત્તમ નાટકીઆને છાજતી હતી!"

"મિસ્ટર! તમે મને ઓળખતા નથી એજ ઠીક છે. બાકી તો, તમે મને કોઈ ખેલમાં ઉતરેલો દીઠો છે, એમ કહેવામાં પાછી પાની કરો એવા નથી!" જગદીશે કહ્યું.

"તમે નકામી ઊંધી ચર્ચા કરો છો! કોઇ પણ ખેલ સુંદર નીવડે, અને તેનાં પાત્રો ઉત્તમ કામ કરી બતાવે તેનો તમામ યશ દિગ્દર્શકને છે અને તેથી આજના નાટકની સંપૂર્ણ સફલતાનો બધો યશ સોએ સો ટકા મારે ફાળે જ આવે છે! હું મહાન દિગ્દર્શક છું!" અખિલે કહ્યું.

"ધન્ય, વયસ્ય મૈત્રેય! વાહ વિદુષક!" જગદીશે રમુજ કરી.

પ્રકરણ ૧૨

●

પૂછપરછ

●

અખિલ, ઈલા, વસંત અને જગદીશના વર્તુલમ વીંટળાયેલી લીલાની આસપાસ યુવકો અને યુવતીઓનું ટોળ રંગભૂમિની પાછળ જામી ગયું. કોઈએ લીલાના હસ્તાક્ષર માગ્યા કોઈએ સંદેશો માગ્યો; અને કોઈએ પોતાની સંસ્થામાં ભાગ લેવ નિમંત્રણ કર્યું. એમાં પ્રાતઃકાલે તેને મહાલક્ષ્મી રેલ્વે સ્ટેશને મળેલ ચાર યુવકો પણ હતા, જેઓએ પોતાના પ્રશ્નો ફરીથી તેની સમક્ષ રજુ કર્યા. હવે અહીંથી છટકી શકાય તેમ નહતું. લીલાએ એ પ્રસંગે જબરી હિંમત બતાવી. પ્રથમ તો તેણે હસ્તાક્ષર માગનારાંઓને પતવ્યાં. કોઈને કાંઈ સંદેશો તેને આપવાનો નહતો કારણકે, પોતે કોઈ મહાન્ મહિલા નથી, એમ તેણે વિનમ્રતાથ જણાવ્યું. પોતે કોઈ કૉલેજમાં ભણેલી નહતી; પોતાને કોઈ નાટ્યમંડળમાં કદી ભાગ લેવાની તક મળી નહતી; કિંવા કોઈ પણ કલાશોખીન સજ્જન કે સન્નારીનાં અભિનય પણ પોતાને જોવાને મળ્યાં નહતાં—આ તેના ઉત્તરો હતા.

"મારા પ્રશ્નનો ઉત્તર રહી ગયો." એક યુવકે કહ્યું: "મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓના સમારંભમાં ભાગ લેવા આપ સંમતિ આપી શકશો ?"

"એનો હું શો જવાબ આપું ? મને તો કંઈ સમજ પડતી નથી." લીલાએ કહ્યું.

"આપ હવેથી કોઈ સ્વેચ્છા–મંડળમાં ભાગ લેશો નહીં એવી મારી આપને સલાહ છે." જગદીશે અધવચ્ચે એને સલાહ

આપી: "કારણકે, આપે કરેલા અખ્તરા અપૂર્વ છતાંય ભયંકર હતા!"

"ભયંકર!" લીલાએ અચાનક પૂછયું: "એ કેવી રીતે?"

"હા. ભયંકર." જગદીશે કહ્યું: "જે પાત્ર આપે ભજવ્યું હતું તે કોઈ અસાધારણ પ્રકારનું હતું. એમાં લાંબા વખતની ધંધાદારી નટીને પણ માનસિક શ્રમ પહોંચે; તો પછી તમારા જેવાં કલાશોખીનની વાત જ શી? એટલે જ તમે ભયંકર અખ્તરા કર્યો હતો. મારી સલાહ છે કે, ફરીથી આવા અખ્તરા ના કરશો."

યુવકોમાં બબડાટ થઈ રહ્યો. લીલાએ કહ્યું: "તમારૂં કહેવું ખરૂં છે. આજની રાત સુધી મને બહુ માનસિક શ્રમ પડયો હતો. હવેથી બીજા કોઈ નાટયપ્રયોગમાં ભાગ નહીં લેવા મેં ઠરાવ્યું છે."

આ નિર્ણય ઉચ્ચાર્યા પછી તે મનમાં જ બોલી: "ખરૂં છે કે, અભિનેત્રી વનમાલા તરીકે જે કોઈએ મને કલકત્તામાં જોઈ હોય તે લીલા જાગીરદાર તરીકે મને અહીં ઉત્તમ કામ કરતી જોઈને તુર્ત જ મારા વિષે શંકા લાવે. માટે આવા ભયંકર અખ્તરા ફરીથી નહીં કરવાની સલાહ વ્યાજબી છે."

યુવકો અને યુવતીઓ વિદાય થતાં હતાં તે દરમ્યાન જગદીશે પુનઃ તેને કહ્યું: "હું એક બીજી સલાહ આપું? આપ હવે નિરાંતે ઉંઘી જાવ. આપની અસ્વસ્થતા એ સિવાય દૂર નહીં થાય!"

"એ પણ તમે વ્યાજબી સલાહ આપી છે." એમ કહીને લીલા ત્યાંથી વિદાય થઈ.

થોડીવારે જ્યારે સુરેશ ત્યાં આવ્યો ત્યારે વસંત સિવાય અન્ય કોઈ ત્યાં નહતું. "લીલા કયાં ગઈ?" સુરેશે પૂછયું.

"હું ધારૂં છું કે, તે અહીંથી ગઈ છે."

"તેની સાથે કોઈ હતું કે?"

"ઘણું ખરૂં 'ચારૂદત્ત' તેની સાથે તેને મૂકવા ગયો છે."

"કોણ, જગદીશ કે ?" સુરેશે કહ્યુંઃ "એ વિશ્વાસપાત્ર યુવક છે. વસંત ! તું તો ક્યાંથી જાણે ? પણ જગદીશનો પિતા મારી યુવાનીમાં એક લક્ષાધિપતિ હતો. મેં એને આજ કામ કરતો નિહાળ્યો ત્યારે જ મને તેનો બરોબર પરિચય થયો. રામદાસ તેને સારી પેઠે ઓળખે છે. વાલ્કેશ્વરમાં તેનું મકાન આવેલું છે. એ એક લાયક યુવક છે."

"એમ ? આપ એને ઓળખો છો ? ત્યારે તો તે એક નાટકીઓ નથી !" વસંતે આશ્ચર્ય બતાવતાં પૂછ્યું.

સુરેશ હસવા લાગ્યો. "નાટકીઓ ? તેં ભાંગરો જ વાટ્યો ને ? જોજે, એનું ભૂલેચૂકે અપમાન કરી બેસતો ! એ એક લાયક યુવક છે."

વસંતે આ સંબંધે, એ પછી, સુરેશને કાંઈ જ કહ્યું નહીં.

બીજા દિવસનો પ્રાતઃકાલ થતાં જગદીશ વહેલો ઉઠ્યો પણ અખિલની તબિયત સ્વસ્થ નહતી. રામદાસ શેઠ પણ જાગ્યા નહતા પરંતુ યશોધરા જાગી હતી. જગદીશ તેની પાસે જઈને વાતોએ ચઢ્યો.

"તમને ઉજાગરો દાખવતો નથી, કાકી ?" તેણે પૂછ્યું.

"ના. એક રાતે હું ઉંઘી ન હોઉં તો પછી બીજી રાતે જ ઉંઘું; પણ દિવસે મને ઉંઘ ન આવે." યશોધરાએ કહ્યું અને ઉમેર્યુંઃ "પણ જગદીશ, કાલ તો તમારી જુગલજોડી ઠીક ખીલી હતી, હોં ?"

"જુગલ જોડી ? મારી અને અખિલની વાત કરો છો ને ?"

"ના. તારી ને લીલાની ! એ છોકરી તો અજબ છે ને ! મને તો વિચાર આવે છે કે, એનું તકદીર કોના માટે તેજ હશે ?"

"તમો સ્ત્રીઓની આ રીત ઠીક નથી, કાકી ! એ જુવાનીઆંને જોયાં કે બસ, લગ્ન સંબંધી તર્કવિતર્ક કરવા તમે તત્પર થઈ જાઓ છો !"

"પણ આ જુવતી વિષે જુદી બાબત છે! એના બાપે એને વસંત સાથે પરણાવવી ધારી છે; પણ વસંત મારી ઈલાને પરણવાનો છે! તો પછી, અખિલ માટે લીલાને અમે પસંદ કરીએ પણ તેની વચ્ચે કાલથી તું આવ્યો! તમે કાલે નાટક ભજવતાં હતાં ત્યારે મને તો એમ લાગ્યું કે, શું કુદરતે તમારી એની જોડી નિર્માણ કરી હશે?"

"હું તો, કાકી, પરણવાના વિચારોની વિરુદ્ધ છું. હું જીવન-ભર ભીષ્મપિતામહ રહેવાનો છું. માટે લીલાને અખિલ સાથે પરણાવવી હોય તો આજે જ પરણાવી દેજો!"

"આજે જ! અરે, એ તે કંઈ એવું સહેલું છે? લીલાનો પિતા અખિલ સાથે લીલાને પરણાવવા તૈયાર થાય તોપણ વસંતનો પિતા તેમ થવા દે નહીં તો!"

"શા માટે ન થવા દે?"

"ખરું ખોટું તો કોણ જાણે; પણ કહે છે કે, વસંત લીલાને શોધી લાવ્યો છે અને એ બદલ બન્નેના બાપે એમનાં લગ્ન કરવા ઠરાવ્યું છે."

"કાકી, લીલાને વસંત શોધી લાવ્યો, એટલે શું? એને શું કોઈ અનાથાશ્રમમાંથી કે અબલાશ્રમમાંથી તે શોધી લાવ્યો છે? હું તો આ તરફ થોડાંક વર્ષથી નહોતો એટલે આપણાં ઓળખીતાંઓ અને સ્નેહીઓ વિષે કાંઈ જાણતો નથી પણ સુરેશરાયને વળી દીકરી જ ક્યારે હતી? મારી ભૂલ થતી હોય તો સુધારજો."

"ખરી વાત એમ છે કે, સુરેશરાય વીસેક વર્ષ ઉપર પરણ્યા હતા અને તેમને એક દીકરી થઈ હતી. પછી તો, વરવહુ વચ્ચે તકરાર થઈ એટલે વહુ દીકરી સાથે ક્યાંક ગુમ થઈ ગઈ!..."

"ગુમ થઈ ગઈ? અને સુરેશરાયને તેનો પત્તો લાગ્યો હતો કે નહીં?"

"સુરેશરાય પોતે યે ગુમ થઈ ગયા હતા. પણ હમણાં તે પાછા ફર્યા. વસંતના પિતાએ એમની જાગીર જાળવી રાખેલી છે; અને વસંતને તેનો વહીવટદાર બનાવેલો છે. સુરેશરાયે પાછા આવીને વસંતને અમુક માહિતીઓને આધારે લીલાને શોધવા ક્યાંક મોકલ્યો. અને તે તેને લઇ આવ્યો!"

"પણ શોધવા ક્યાં મોકલેલો? આકાશમાં, પાતાળમાં કે સાગરમાં?"

"એ વિષે અમે કોઈ કશું જાણતા નથી! અમારાથી કાંઇ આવી બાબતોમાં સુરેશરાયને પૂછો શકાય? પૂછીએ તે ઉંધો અર્થ કરે! વળી, સાંભળ્યું છે કે, છોકરી પણ એના પૂર્વ-જીવન વિષે વાત કરવા ના પાડે છે!"

"એટલે શું એના પૂર્વ-જીવનમાં કાંઈ ભેદ છે?"

"ભેદ તો કંઈ નહીં; પણ એણે અને એની માએ દુઃખ અને કરૂણા ભરેલું જીવન ગાળ્યું હોય એમ લાગે છે! ઈલાએ એકાદ બે વાર એ જીવન-પડદો ખોલવા કોશિષ કરેલી; પણ લીલાએ તે વાત બંધ પાડી હતી."

"હં...હં...ત્યારે આમાં કંઈ ભેદ જેવું નથી? લીલાનો ચહેરો તો—"

"એ તો એના બાપને મળતો આવે છે એ આપણે સૌ જોઈએ છીએ. વસંતને એ કારણ ઉપરાંત લીલાના જીવનની માહિતી એક જાસૂસ મારફત મળેલી. તે લીલા પાસેથી તેણે સાંભળેલી હકીકતને બરોબર બંધબેસ્તી મળતી આવી, એટલે જ લીલાને વસંતે એના બાપને સોંપી."

"કાકી, આ છોકરી છે તો સંસ્કારી, એમાં શક નથી. એણે શિક્ષણ કોલેજમાં નથી મેળવ્યું. ત્યારે શું ખાનગી રીતે મેળવ્યું હશે? પણ ખાનગી શિક્ષણ માટે તો પૈસા જોઇએ અને પૈસા તો એની મા પાસે નહોતા; ખરૂંને, કાકી?"

"એની માએ પોતે એને શિક્ષણ આપ્યું હશે; અથવા તો, ચાહે તેણે આપ્યું હશે; પણ જગદીશ, તને એ છોકરી સંસ્કારી લાગી ને? મારા અખિલ માટે એ દરેક રીતે લાયક છે ને? આપણે તો પેલી કહેવત પ્રમાણે વર્તવું કે, કેરી સારી છે કે કેમ? પછી આંબો ક્યાં હશે, કેવો હશે, એ બધી પંચાત કર્યે શો અર્થ સરે? છોકરી શિક્ષણવાળી છે, સંસ્કારવાળી છે, રંભા જેવી રૂપાળી છે, સાલસ સ્વભાવવાળી છે અને—"

"મતલબ કે, દરક રીતે તે અખિલને લાયક છે એવી તમને ખાત્રી થઈ ચૂકી છે; ખરૂંને, કાકી? હું પણ એ જ અભિપ્રાયનો છું."

"જીવતો રહે, ભાઈ!"

"વારૂ; સુરેશરાયનો લીલા પ્રત્યે ખૂબ જ સ્નેહ જણાય છે, એ તમે જોયું છે, કાકી?"

"અરે, એ તો પોતાનું જીવન હવે પોતાની છોડીને વાસ્તે જ જીવે છે, એમ કહે છે. એના જેવો "બાપનો પ્રેમ" દુનિયાભરમાં મેં ક્યાંય દીઠો નથી. બીજું કહું, જગદીશ! જેવી રીતે દીકરીને પોતાના પુર્વ–જીવનની વાતનો કંટાળો છે તેવી રીતે બાપને પણ એ દીકરીની એ સંબંધીની વાતોમાં ચર્ચા કરવાનો કંટાળો છે! "સદા મગનમેં રહેતા જી" એ પ્રમાણે તે વર્ત્તે છે!"

"જીવનનું એ ઉમદા ધોરણ છે, કાકી! ખાઓ, પીઓ ને ખેલો! ધમાચકડી ને ધાંધલ શીદ કરવી? મારો સિદ્ધાંત પણ એ છે, એની તમને ખબર છે ને?"

"તને તો હું ક્યાં 'ઘુરાની બારકસ' તરીકે મૂળથી નથી ઓળખતો?" અચાનક જ અખિલે ત્યાં આવતાં કહ્યું: "ખાઓ, પીઓ ને ખેલો, એ તારા સિદ્ધાંતની મને ખબર છે."

"એની સામે મારો એક વાંધો નોંધી લેજો." રામદાસ શેઠે અત્રે અખિલની પાછળ આવતાં કહ્યું: "કાયમને માટે એ નિયમ ઠીક નથી. અમે વેપારી લોકો એને 'દેવાળીઓ સિદ્ધાંત' કહીએ છીએ. "ખાઓ, ખર્ચો ને બચાવો' એ કરકસરીઓ નિયમ ધ્યાનમાં રાખશો તો, પાછોતરના દિવસમાં દુ:ખી નહીં થાઓ."

"આપનું કહેવું ખરૂં છે, મુરબ્બી" જગદીશ બોલ્યો અને એ બાદ અખિલ સહિત તે ગઈ કાલ રાતના નાટકની વાતપર ચઢયો. તેઓ વાત કરતા બહારના ભાગમાં ગયા ત્યાં સુરેશરાયનો નોકર ચિઠ્ઠી લઈને આવ્યો; એ ચિઠ્ઠી જગદીશ માટે હતી. જગરીશના પિતાના એક જૂના પરિચિત અને મિત્ર તરીકે સુરેશે જગદીશને પોતાને ત્યાં મળી જવા નિમંત્રણ કર્યું હતું.

"તું આવે છે કે ?" જગદીશે અખિલને ચિઠ્ઠી બતાવતાં પૂછ્યું.

"ઇજન તને છે. મારી તો તબિયત ઠીક નથી. તું એકલો જા." ચિઠ્ઠી વાંચીને અખિલે કહ્યું.

"પણ તારાં માતુશ્રીએ મને કહ્યું તે ઉપરથી તું લીલાના હાથનો ઉમેદવાર હોવાથી તારે તેની સાથેના મિલન-પ્રસંગો વધારવા જોઇએ."

"માતુશ્રીનું કહેવું હું તને બીજી રીતે સમજાવું. હું લીલાને અંતરથી ચાહું છું. પણ મારો પ્રેમ કેવો છે એ કવિ વિના અન્ય કોઈ નહીં સમજી શકે. એ પ્રેમ એવો છે કે જે મારી આ ટૂંકી જિંદગીનો પંથ ઉજાળે છે–સરળ બનાવે છે–મધુર બનાવે છે; અને એને લીધે જિંદગી જીવવા યોગ્ય છે, એમ મને લાગે છે. મારા અંતરનો એ પ્રેમ હું વ્યક્ત કરૂં તો, અથવા તે પ્રકટ થઈ જાય, તો, મને ભય છે કે, રખેને મને નિરાશા પ્રાપ્ત થાય! એટલે જ હું કેવળ આંતરિક પ્રેમમાં રાચું છું."

"અહો, કવિરાજ." જગદીશે કહ્યું: "આપના પ્રેમના સ્વચ્છ આકાશમાં વાદળાં લાવવાં એ જોખમકારક છે, એટલે હું વધારે ચર્ચા નથી કરતો પણ એટલું જ કહું કે, આપને ધન્ય છે!"

અખિલ સ્મિત કરતો તેનાથી વિખુટો પડયો અને જગદીશે આજે જે વાતો જાણી હતી તેનું મનન કરતો સુરેશભુવન તરફ ગયો.

બગીચામાં લીલા છોડવાઓ આગળ એ ફરતી હતી. એણે સાદાં વસ્ત્ર પહેર્યાં હતાં. એ સાદાઈમાં એ શોભતી હતી. જગદીશ દરવાજામાંથી દાખલ થયો ત્યારે એની નજર એના ઉપર પડી; પણ તુર્ત જ જાણે એને ઓળખતી નથી તેમ એ નજર એણે ફેરવી લીધી. જગદીશ એની પાસે ગયો અને બે હાથ જોડી, "નમસ્તે" ઉચ્ચારીને બોલ્યો: "મુરબ્બી સુરેશરાયજી બંગલામાં છે કે? નોકર મારફત એમણે મને બોલાવ્યો છે."

"નમસ્તે." તે પણ હાથ જોડીને બોલી: "પિતાજી અંદરજ બેઠા હશે. આપ અંદર જઈ શકો છો." અને તે ફૂલના છોડવાઓ તપાસવા લાગી.

"હું આપને માટે પૂછપરછના અસંખ્ય સંદેશાઓનો વાહક છું, શ્રીમતી—" તે અટકી ગયો.

"લીલા જાગીરદાર" તે અધવચ્ચ બોલી.

"ભાગ્યેજ મને આપનું નામ યાદ આપવું પડે, લીલાદેવી! જો આપની તબિયત સ્વસ્થ ન હોય તો હું આપની તબિયત અંગેની એ બધી પૂછપરછ વિષે કાંઈ કહીને આપને ત્રાસ આપીશ નહીં."

તે હસી અને બોલી: "ના. ના. એવું કાંઈ નથી. હું સંપૂર્ણ સ્વસ્થ છું. પૂછપરછ કરનાર સૌને એમના કુશળ સમાચારના વળતા સંદેશ કહેશો. અને આપ પોતે સ્વચ્છ છો ને?"

" મારા સંબંધી કશું પૂછવાની જરૂર નથી, શ્રીમતી લીલાદેવી" એક છોડ બતાવીને તે બોલ્યો: "આ 'રાતની રાણી' જ્યારે ખીલે છે ત્યારે નાદુરસ્ત તબિયતવાળાને પણ તંદુરસ્ત બનાવે છે! પણ મારા મિત્ર અખિલની તંદુરસ્તી પર ઊલટી અસર થઈ છે. તે બિમાર પડી ગયો છે. "

"મને એ જાણીને દિલગીરી થઇ. એમણે ગજા ઉપરાંત પરિશ્રમ લીધો છે. તેથી તેઓ બિમાર પડી જશે એવો મને ભય હતો. એમને કહેશો કે હું એમની કુશળતા ચાહું છું" અને એમ કહીને તેણે બંગલા તરફ દૃષ્ટિ કરી.

જગદીશને ત્યાં જવાનું એ આડકતું સૂચન હતું. ચકોર જગદીશ 'નમસ્તે' કહીને ત્યાંથી વિદાય થયો.

પ્રકરણ ૧૬

લીલાની તસ્વીર

જગદીશ જ્યારે સુરેશરાય પાસે ગયો ત્યારે તે એક આરામ ખુરશીમાં બેઠો હતો. એના હાથમાં એક પુસ્તક હતું પણ એણે હજી તે ઉઘાડીને વાંચવા માંડયું નહતું. અગાઉ જ્યારે જગદીશે એને જોયો હતો ત્યારે સુરેશ એક જુવાન અને કરોચળીઓ વિનાના ચહેરાનો હતો. આજ એના માથાના અને મૂછાના વાળ સફેદ થઈ ગયા હતા. વહેલા આવેલા વૃદ્ધત્વને અંગે એને ચહેરે કરોચળીઓ દેખાતી હતી. પરંતુ એની આંખોમાં સતેજપણું હતું; જુવાની જેટલી જ ચમક હતી. જગદીશે તેને જોઈને પ્રણામ કર્યાં એટલે તે ઉત્સાહભેર બોલ્યો: "અહો ! એકદમ જ આવી પહોંચ્યો ને શું? આવ, જગદીશ, આવ. ગઈ રાતની તારી કામગિરીથી તું થાકેલો જણાતો નથી ! યૌવન તો એવું જ હોય ને, ભાઈ ? જગદીશ, તું તો કલાશોખીનોનું એક અપ્રતિમ રત્ન છે. મેં રામદાસને તેજ વખતે કહ્યું હતું અને હજી પણ સૌને એજ કહ્યા કરીશ. અને તું મારા મિત્ર અવનીશનો પુત્ર એટલે મને તો તારા માટે ગૌરવ જ ઉપજે. આપણે બહુ વર્ષે મળ્યા, નહીં ? તું તો મુંબઈમાં કેટલાંયે વર્ષથી નહોતો આવ્યો, ખરૂં ?"

જગદીશે એક ખુરશીમાં બેસતાં કહ્યું: "લગભગ આઠેક વર્ષે હું મુંબાઈ આવ્યો છું."

"એ દરમ્યાન બહારગામ જુદે જુદે સ્થળે મુસાફરી કરેલી કે, એક જ જગ્યાએ રહેલો ?"

"વિવિધ સ્થળોએ ફર્યો હતો, મુરબ્બી. છેલ્લો કલકત્તા અને થોડાક દહાડા દિલ્હી હતો."

"એમ ? કલકત્તા પણ તું જઈ આવ્યો છે! ત્યાં કેટલો વખત રહેલો ?"

આ વખતે લીલા દીવાનખંડમાં આવી પહોંચી. જગદીશે સહેજ લીલા તરફ નજર કરતાં સુરેશને જવાબ દીધો: "કલકત્તામાં હું છ એક માસ રહેલો અને બહુ બહુ તો એકાદ મહિના ઉપર મેં કલકત્તા છોડયું હશે."

લીલા કે જે બેઠી નહતી તે એક બીજા ખંડમાં જવા લાગી. એને ભય ઉપજ્યો કે, રખેને કલકત્તાની વાત લંબાશે પણ સુરેશે તે લંબાવી નહી. વાતને મુંબઈનો વળાંક આપતાં તેણે કહ્યું: "અને હવે મુંબઈમાં છ એક મહિના તો રહીશ ને ? તેં તો આવતાં વેંત મુંબાઈની બુદ્ધિમાન જનતા પર તારો પ્રભાવ પાડયો છે! લીલા, કેમ ચાલી ? કંઇ કામમાં ગુંથાયેલી છે કે શું ? જગદીશનો તેં આભાર માન્યો ?"

"મારો આભાર ?" જગદીશે કહ્યું: "મુરબ્બી, આભાર તો મારે લીલાદેવીનો માનવાનો છે કે, એમણે ગઈ રાતે અનુપમેય કામ કરી બતાવ્યું."

"અનુપમેય" સુરેશ બોલ્યો: "એનો પ્રથમ પ્રયાસ હતો, તોપણ! બેશક, બેશક, લીલાનું 'વસંતસેના' તરીકેનું કામ 'અનુપમેય' જ હતું."

જગદીશ મનમાં બોલ્યો: "ત્યારે સુરેશરાયને ખબર નથી કે, આ અભિનેત્રી વનમાલા છે! પોતાનો ખરો પરિચય અભિનેત્રી એ આ 'પિતાજી'ને આપ્યો નથી!" અને પછી પ્રકટપણે તેણે કહ્યું: "અખિલ, ઈલા તેમજ બીજાં પાત્રોએ પણ એકંદરે સરસ કામ આપ્યું હતું."

"તમારૂં આખુંયે સ્વેચ્છાભિનય મંડળ એક આકસ્મિક સુંદર ચોકઠા રૂપ હતું. હવે પછી ફરીથી આ નાટક તમે ભજવો

તો એમાંનું એક પણ પાત્ર બીજું હોય તો એ ચોકઠું તૂટી ગયેલું જ લાગે. જગદીશ! તું મુંબઇમાં રહેવાનો હોય તે દરમ્યાન અવાર-નવાર અમૃતનગર આવતો રહેજે. અમે આવતી કાલે ત્યાં જવા ઉપડીશું...અને...હાં...તારા વિષે એક વાત મને યાદ આવી. તું તો ચિત્રકલાનો પણ શોખીન છે!...તારે અમારી સાથેજ અમૃતનગર આવવું જોઇશે. મારો ચિત્રસંગ્રહ નિહાળીને તારે અભિપ્રાય આપવો જોઇશે."

"આપના આમંત્રણ માટે આભારી છું. પણ આપની સાથે નહીં આવું. બે-ચાર દિન બાદ જરૂર આવીશ."

"ભલે. જ્યારે રૂચે ત્યારે આવજે. મારૂં સુરેશભુવન તારૂં બીજું ઘર છે, એમ સમજજે અને એક દિવસ આવીને બીજે દિવસ જતા રહેવાની ઉતાવળ ના કરીશ. ખૂબ દિવસ રહેવાનો વિચાર કરીનેજ આવજે."

એક કાગળ ઉપર આ વખતે પેન્સિલથી જગદીશ કંઇક લીંટા તાણતો હતો. હજી તો સુરેશ એને એ વિષે કાંઇ પૂછે એટલામાં તો સુરેશના ચહેરાની રૂપરેખા ચીતરીને જગદીશે તેના હાથમાં મૂકી.

"આબાદ 'સ્કેચ'!" સુરેશે તે જોઇને આશ્ચર્યચકિત થતાં કહ્યું. અને લીલાને ઉદ્દેશીને તે બોલ્યોઃ "બેટા, જો તો, ચિત્રકારે બે ક્ષણમાં પોતાની નિપૂણતાનો કેવો સરસ પરિચય કરાવ્યો!"

લીલા પિતા પાસે ગઈ અને તે રૂપરેખા નિહાળતી હતી ત્યાં દેશના એક નામાંકિત પુરૂષનો ચહેરો પેન્સિલના લીંટાથી તાદ્દશ ચીતરીને જગદીશે તેઓ સામે ધર્યો.

"વાહ્ વાહ્!" સુરેશે તે જોતાં કહ્યુંઃ "તારી આટલી બધી નિપૂણતા છે તો હવે તારે અમૃતનગર જેમ બને તેમ

જલ્દીથી આવવુંજ જોઇશે. આપણે કલાચર્ચા કરીશું અને મને તેથી ખૂબ આનંદ થશે. લીલા બેટા, જગદીશ માટે આપણા બંગલામાં એક સરસ ખંડની જોગવાઇ કરી મૂકજે."

"જરૂર, પિતાજી. ત્યાં જઇને આપણે એમના આગમનની રાહ જોઇશું."

"ઠીક કહ્યું બેટા."

પિતા–પુત્રી વચ્ચેના સ્નેહની સાંકળના અંકોડા કેમ ગંઠાયલા રહે છે, એનો ખ્યાલ જગદીશને આવી ગયો. પુત્રીને લગારે ડંખે, એવું નહીં બોલવાની કાળજી પિતા રાખે છે અને પિતાની 'ચાલતી વહેલ' માં પુત્રી બેસી જાય છે!

જગદીશને હવે આજની મુલાકાત વધારે લંબાવવાની જરૂર રહી નહીં. તે ઉભો થતાં અને પ્રણામ કરતાં બોલ્યો: "પાંચ દિન બાદ હું જરૂર અમૃતનગર આવીશ. પણ જગતના મહાન્ કલાકારોની પીંછી આગળ મારી પીંછી તુચ્છ છે, એ હું આપને કહી દઉં; અને એ મહાપુરૂષોની કલા ઉપર અભિપ્રાય આપતાં હું એક નાચિઝ મામુલી જ ગણાઉં."

સુરેશ હસ્યો. પણ કાંઈ બોલ્યો નહીં. જગદીશ વિદાય થયો. લીલાએ આજે ભારે સંકોચ બતાવ્યો હતો. લીલાએ એક અજાણ્યા પ્રત્યે દેખાવ પૂરતી વિવેકશીલતા બતાવી હતી; અને પરિચિતતા બિલકુલ બતાવી નહતી. જગદીશે જતાં જતાં એની એ રીતભાત માટે મનમાં અભિપ્રાય આપ્યો: "ગઈ કાલની મારી શિખામણથી તે 'સાવધ' બની ગઇ છે! નાટકોમાં નકલી સ્વાંગ ભજવવો સહેલો છે, પણ સાચા જીવનમાં તે ભજવવો સહેલો નથી. એકનું અનુકરણ બીજામાં કરવા જતાં 'ભયંકર પ્રયોગ' થાય છે એમાં શંકા નથી."

* * *

"ત્યારે, તું 'અજંટા' શૈલિ અને 'બંગાળી' શૈલિનો ખાસ રસિયો છે! બેશક, હું પણ એ શૈલિઓનો ચાહક છું. રવિવર્માં શૈલિ વિષે તું શું ધારે છે?"

"એ જૂની શૈલિ છે, મુરબ્બી! તમે એ શૈલિની દ્રૌપદી જુઓ કે દમયંતી, મોહિની જુઓ કે શકુન્તલા, એમાં ચહેરાનું એકજ ઢબનું સુરેખપણું દેખાશે. ભાવ જોકે વાતાવરણને સાનુકુલ હશે પણ આંખોમાં એકજ પ્રકારની ઢબ દેખાશે. પણ બંગાલી શૈલિમાં મૃગાક્ષી, કમલાક્ષી અને મીનાક્ષી એવી વિવિધ આંખો-વાળી ઢબના ચહેરા જોવાના મળશે. અજંટામાં આપણને મુદ્રાઓ, અંગમરોડ અને એવા કંઈ અદ્દભુત ભાવનાં આલેખન નજરે પડશે કે, કલા તો તેજ છે, એમ કહ્યા વિના નહીં ચાલે."

પાંચ દિવસ બાદ જ્યારે જગદીશ અમૃતનગર પહોંચ્યો ત્યારે પોતાના કલાસંગ્રહમાં સુરેશે તેને ફેરવવા માંડયો. તે વખતે સુરેશ અને જગદીશ વચ્ચે આ વાતચીત ચાલતી હતી. લીલા તેમની સાથે હતી પણ તે તટસ્થ તરીકે વર્ત્તતી હતી. તેઓ એક પાશ્ચાત્ય કલાકારના 'કુંવારી માતા'ના ચિત્ર આગળ જઈ પહોંચ્યા. એ ચિત્રમાં ચહેરા ઉપરના ઉદાસીન, ગંભીર પરંતુ નિર્દોષ ભાવ નિહાળીને જગદીશે કહ્યું: "કેટલું બધું સરસ ભાવનિરૂપણ! મુરબ્બી, હું ચહેરાના ભાવોનો ખાસ શોખીન છું. ઝટ ઝટ 'સ્કેચ' દોરી કાઢવા માટે ચહેરાઓનાં વૈવિધ્યનો અને તે ઉપરના ભાવોનો મેં ખાસ અભ્યાસ કર્યો છે અને અનુભવ મેળવવા કોશિષ કરી છે. એક વાર એક ચહેરો હું જોઉં તેને સ્મૃતિપટમાંથી ભૂંસી શકતો નથી."

અને આમ કહેતી વખત એની દૃષ્ટિ સુરેશ ઉપરથી વળીને એની બાજુમાં ઉભેલી ખુબસુરત વ્યક્તિ તરફ ગઈ. એની સાડીમાં ચોઢેલું ગુલાબનું એક ફૂલ જમીન પર એના પગ પાસે પડયું હતું. એ ફૂલ તરફ એની નજર ગઈ. એજ વખતે એ ખુબસુરત

વ્યક્તિની દૃષ્ટિ પણ તે ફુલ પર પડી. બન્ને સાથે જ નીચાં વળ્યાં. બન્નેએ સાથે જ તે ફુલ લેવા હાથ લંબાવ્યા. બન્નેની નજર એક થઈ. પણ સહેજ સ્મિત અને ચહેરા પર ગુલાબ જેવી સહેજ વધુ લાલાશ સાથે જગદીશ એ ફુલ પહેલું ઝડપી શકયો. અદાબેર લીલાને તેણે તે આપ્યું.

સુરેશનું ધ્યાન ચિત્ર જોવામાં જ હતું. જગદીશે દર્શાવેલા વિચાર ઉપર તે મનન કરતો હતો. લીલાને જગદીશે જે વખતે ફુલ આપ્યું તે વખતે ચિત્ર તરફ જ જોતો જોતો તે બોલ્યોઃ "પવિત્ર બક્ષિસ! ચહેરાઓની યાદદાસ્ત રહેવી એ બેશક એક પવિત્ર કુદરતી બક્ષિસ છે! એ મુદ્દામાં હું સહેજ પછાત છું. અસંખ્ય ચહેરાઓના સમાગમમાં હું આવેલો છું પણ મને તે ખાસ યાદ રહેતા નથી. પણ મારા વખતમાં એવા માણસોના સમાગમમાં હું આવ્યો છું જેઓ ચહેરાઓ ઉપરથી વિચિત્ર ઠગાઈઓ પકડી શકેલા છે. એક દાખલામાં એક પુરુષ વર્ષો બાદ ગુમ થયા પછી પાછો ફરીને એક સ્ત્રીના પતિ તરીકે ચહેરાની વિચિત્ર ઠગાઇ કરીને ઠસી બેઠેલો. સ્ત્રીએ તેને પતિ તરીકે સ્વીકાર્યો પરંતુ જીવનની છેલ્લી ઘડીએ તેનો સ્ફોટ થઈ ગયો. તે 'મળતા ચહેરાનો માનવી' હતો, પણ સ્ત્રીનો સાચો ભરથાર નહતો, એમ સાબીત થયું હતું."

"સાચો પતિ એ દાખલામાં આવી લાગ્યો હતો કે શું?"

"ના...હું યાદદાસ્ત કસી જોઉં...ના......એ બાઇનો સાચો પતિ કયાંથી આવી લાગે? નકલીએ તેને મારી નાંખ્યો હતો પણ એના મિત્રે એ ખૂન પકડી પાડયું હતું અને એથી એ નકલીનો બિચારાનો અંતકાળ બગડયો..." આ વખતે સુરેશને કાને "ઉહૂ! કેટલો બધો તાપ!" એવા શબ્દો સંભળાયા. લીલા એક બારી આગળ ઉભી ઉભી પોતાની સાડીના છેડાથી પોતાના શરીરને પવન નાંખી રહી હતી, એવું એણે જોયું.

"અરે, હું કેવો અવિચારી! કલાના વિષયની ચર્ચામાંથી આડીઅવળી સામાજિક ભેદી વાતોએ હું ક્યાં ચઢી ગયો! જગદીશ, બેટા લીલા, અહીંથી ચાલો; આપણે ખુલ્લી હવામાં જઈએ."

"ના. ના. એવી કંઈ જરૂર નથી, પિતાજી! બારી આગળ હું ઉભી રહી એટલે હવાથી ગરમી જતી રહી." લીલાએ કહ્યું.

"ત્યારે તો ઠીક." સુરેશ બોલ્યોઃ "નહીં તો આજે હવે ચિત્રો જોવાનું બંધ રાખીએ. વળી, કાલ જોઈશું."

"એવું ના કરશો. આજે જ જોઈ નાંખો."

સુરેશ, જગદીશને પોતાનાં કુટુંબીઓની તસ્વીરો આગળ લઈ ગયો. સુરેશે એમાં એની પોતાની, એના પિતાની, અને માતાની છબીઓ બતાવી. પણ એમાં સુરેશની પત્નીની એટલે કે લીલાની માતાની તસ્વીર નહતી, એમ તુર્તજ જગદીશને લાગ્યું. એને ઇચ્છા થઈ કે, એ વિષે પ્રશ્ન પૂછું; પણ તે અટકી ગયો; કારણ સ્પષ્ટ હતાં. પ્રથમ તો, એ એક દુઃખી યાદ હતી. બીજું, હમણાં જ મળતા ચહેરાની ઠગાઈના પ્રસંગનો ઉલ્લેખ થઈ ગયો ત્યારે લીલા, તાપ (!) થી અકળાઈ ગઈ હતી. માણસનું હૃદય શોકપરિતાપથી બેચેન હોય; ઉકળેલું હોય ત્યારે તેમાં વધારો કરવાની શયતાન–વૃત્તિ ન જન્માવે, એવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ જગતમાં મળી આવશે–સિવાય કે વિશુદ્ધ પ્રેમી.

જગદીશ, એ પ્રકારનો એક પ્રેમી હતો. એણે લીલાના દગ્ધ હૃદયમાં વધારે બળતણ હોમવાં ઉચિત ગણ્યાં નહીં. સુરેશ પોતાનાં સગાંઓ સંબંધી વાતો કરતો હતો અને જગદીશ તે સાંભળ્યા કરતો હતો. લીલા બારી આગળ ઉભી હતી. સુરેશ પોતાની માતાની તસ્વીરમાંની આંખ ઉપર આંગળી મૂક્યા બાદ બોલ્યોઃ "જગદીશ. તને બંગાળી શૈલિની સ્ત્રીઓની આંખોનાં વૈવિધ્યનો ખ્યાલ છે પણ આ આંખો તને કોઈ જીવતી વ્યક્તિનો ખ્યાલ આપે છે?"

"બેશક, મુરબ્બી, લીલાદેવીની આંખો આપનાં માતુશ્રી જેવી છે!"

"શાબાશ!" સુરેશે તેનો ખભો થાબડીને કહ્યું: "તું એક કાબેલ મુખપરીક્ષક છે, એની મને ખાત્રી થઈ ચૂકી: અને લીલાના ચહેરામાં—"

આ વખતે લીલા ધીમે ધીમે બારી આગળથી તેઓની નજદીક આવી. સુરેશે પોતાનું વાક્ય પૂરૂં કર્યું: "આ તસ્વીરોમાંથી કોઈનું સામ્ય તને જડે છે?"

"લીલાદેવીનું આખુંયે વદનકમળ અને ખાસ કરીને હડપચી આપના પિતાશ્રીને મળતાં છે અને આપના ચહેરામાં પણ આપના પિતાશ્રીનુ સામ્ય છે."

"શેકસપિયરના શબ્દોમાં હું કહીશ: 'સાક્ષાત્ ન્યાયદેવતા ન્યાય આપવા આવ્યો!' જગદીશ, તારી કલા અને તેને લગતી બીજી આવડતો માટે મને આ ઉપરથી ઘણું માન ઉપજ્યું! લીલાનો ચહેરો મને અને મારા પિતાને મળતો છે. મારી માતાની આંખોનો વારસો લીલાને મળ્યો છે! લીલા બેટા—"

"જી... પિતાજી"

સુરેશ લીલાને વાસંતીના ચિત્રના કબાટ પાસે લઇ ગયો. અને બોલ્યો: "તું આવી તે દિવસે આ કબાટ આપણે ઉઘાડયું હતું. એ પછી મેં કદાપિ ઉઘાડયું નથી. આજ જગદીશને, એક સાચા કલાપરીક્ષકને આપણે એ બતાવીએ...તો..."

સુરેશે પોતાનાં ખિસ્સામાં હાથ નાંખી જોયાં. આ દરમ્યાન, લીલાનો ચહેરો સફેદ બની ગયો. એ પરની ગુલાબી લાલિમા જાણે ઉડી ગઈ, એમ જગદીશને લાગ્યું. એની આ સ્થિતિ શા કારણે થઇ, એ વિષે જગદીશ કાંઈ સમજી શકયો નહીં.

" હં...આ કબાટ..." સુરેશે જગદીશ તરફ જોઇને વિહ્વલ અને થડકતા સ્વરે કહ્યું: "આ કબાટમાં...લીલાની માતાની તસ્વીર છે...જગદીશ, એની કુંચી હું શોધતો હતો. મને યાદ આવતું નથી કે, મેં એ ક્યાં મૂકી છે? બેટા લીલા! કુંચી ક્યાં હશે? તને ખ્યાલ છે કે?"

"એ કુંચી તો ખોવાઈ ગઈ છે, પિતાજી" લીલા બોલી. એ શબ્દો ઉચ્ચારતી વખતે જગદીશ તરફ એની નજર સહેજ જ ગઈ; અને પછી, એ બંધ કબાટની કળ તરફ તે જોઈ રહી. કુચી ગુમ થયાના સમાચાર સાંભળીને સુરેશનો ચહેરો દુઃખના ભાવથી ભરાઈ ગયો. એના કપાળ પર પ્રસ્વેદનાં બિન્દુ દેખાયાં. રૂમાલથી તે લૂછતાં ધીમા સ્વરે તે બોલ્યો:

" કુંચી ખોવાઈ ગઇ!...બરાબર...કબાટ હવે નહીં ઉઘડી શકે! ઉઘડે તો દુઃખી યાદ તાજી કરે!...ના...ના... નહીં ઉઘડે... જગદીશ! કબાટ બંધ છે! તસ્વીર જોવાનું પણ બંધ જ રહેશે...આજને માટેજ નહીં...કદાચ કાયમને માટે...ચાલ, બેટા લીલા! હવે તો આપણે ખુલ્લી હવામાં જવું જ જોઇશે! મને બહુ તાપ લાગ્યો..."

"મારે ખભે હાથ મૂકો, પિતાજી" લીલા બોલી.

"અને બીજો હાથ મારે ખભે મૂકો, મુરબ્બી" જગદીશ બોલ્યો.

એ ડોસો, એ બન્નેના ખભાને ટેકો દઈને ચિત્રસંગ્રહાલયની બહાર જતો હતો ત્યાં જગદીશે કહ્યું: "મુરબ્બી, લીલાદેવીની તસ્વીર આપે ક્યાં મૂકાવી છે? સંગ્રહાલયમાં તે કેમ નથી?"

એ પ્રશ્ન સાથે જ ડોસાનું હૃદય ખીલ્યું અને આંખ ચમકી ઉઠી: "મારા સંગ્રહની મોટામાં મોટી ઉણપ, તેં કહી બતાવી! લીલાની તસ્વીર માત્ર એ સંગ્રહાલયમાં જ નહીં; બલ્કે, મારા બંગ-

લાના બે–ત્રણ વધુ ખંડમાં હોવી જોઇએ. એ ખામી તત્કાળ સુધરવાનો વિચાર, તેં મને ઠીક સુઝાડયો!"

"મુરબ્બી, એ સંબંધમાં હું એક ભીક્ષા માગું છું."

"ભીક્ષા?" સુરેશે પૂછયું.

"હા. લીલાદેવીની તસ્વીર આ એક રખડેલ, ભટકેલ ચિત્ર દોરનારની પીંછીથી ચીતરવાં દેવાની પરવાનગી આપવા કૃપા કરશો?"

"વાહ! વાહ!" સુરેશે બન્ને ખભેથી હાથ લઇ લેતાં કહ્યું: "હું કેવો ભાગ્યશાળી! મારી પુત્રીની તસ્વીર આબાદ ચીતરી શકે એવો કાબેલ કલાકાર આજ મારે આંગણે આવી ચઢયો છે! પણ એને મારે વિનતિ કરવી જોઇએ તેને બદલે એ ભીક્ષા માગે છે?! જગદીશ, હું શરમિન્દો બનું છું..."

"મુરબ્બી, આપ આ શું કહો છો? આપને એમાં શરમિન્દા બનવા જેવું કાંઈ જ નથી. હું તો આપનો બાલક છું. મને આપ આજ્ઞા કરો." આમ કહી, લીલા તરફ જોઈ જગદીશે કહ્યું: "સેવકની પીંછીને અજમાયશ આપવા આપ પરવાનગી આપશો?"

લીલા ચૂપ રહી. નીચું મોં રાખીને તે પોતાની સાડીના પાલવને આમળી રહી. સુરેશે કહ્યું: "જગદીશ, તેં એક લાયક બાબત લાયક સમયેજ રજુ કરી છે. લીલાનું ચિત્ર તું બહુ સરસ ચીતરી શકશે, એવો મને વિશ્વાસ બેસે છે; અને તારા પ્રશ્નના જવાબમાં લીલા ચૂપ રહી છે, તે ઉપરથી આપણે એક ધોરી નિયમે કામ શરૂ કરી દઇએ. એ નિયમ આ છે:–"મૌન સંમતિનું કારણ છે–ખાસ કરીને સ્ત્રીઓનું મૌન'. ખરૂં ને, બેટા લીલા?"

હવે તેણે માત્ર મૌન રાખ્યું નહીં–કહેવતમાં કરેલા સુધારા બદલ સ્મિત કર્યું.

"તે ખુશી છે!" સુરેશે જગદીશને કહ્યું: "કહે, જગદીશ, ક્યારથી તું રીતસર કામ શરૂ કરશે? લીલાએ તું બતાવે તે સ્થિતિમાં બેસવું જોઇશે-કલાક, બે કલાક-અને એમ ધીમે ધીમે એ ચિત્ર માટે કેટલાયે દિવસ અમુક કલાકો સુધી તમે બેસશો ત્યારે ચિત્ર તૈયાર થશે; ખરૂને?"

"લીલાદેવી જ્યારથી આજ્ઞા કરે ત્યારથી હું તૈયાર છું."

"આપણે એ બધી વિગતો પછી નક્કી કરીએ તો, પિતાજી?" લીલાએ પહેલી જ વાર જગદીશ તરફ હર્ષભરી દષ્ટિ કરતાં સુરેશને કહ્યું: "એવી તો ઝીણી ઝીણી ઘણી વિગતો કદાચ અગાઉથી નક્કી કરવી પડશે; કારણ કે, આ ચિત્રકારો તો 'આમ બેસો ને, તેમ બેસો' એવું કહી કહીને આપણને ગુલામી પ્રથાની યાદ આપે છે!"

સુરેશ અને જગદીશ બન્ને જણ છેલ્લા વાક્યથી હસ્યા; પણ જગદીશે ઉમેર્યું: "હું એ રદ કરવામાં આવેલી પ્રથા, કોઇપણ અધિકારની રૂઇએ, કોઈ ઉપર ફરજીઆત લાગુ પડવાના મતનો નથી!"

●

પ્રકરણ ૧૭

●

ગુલામની ગાથા

●

જગદીશ એક બે દિન માટે પોતાની ચિત્ર-સામગ્રીઓ લેવા મુંબાઈ ગયો. ચિત્રકલા એને જો કે, સાધ્ય હતી તોપણ કેટલાક વખતથી તેણે તૈલચિત્રો કે જલમિશ્રિત રંગોનાં ચિત્રો દોર્યાં નહોતાં. પણ કેવળ અભિનેત્રીના વિશેષ સમાગમમાં આવવા ખાતર અને સુરેશની પ્રસન્નતા જીતી લેવા ખાતર તેણે આ કાર્ય માથે લીધું હતું. છતાં એને શંકા હતી કે, આખરી જીત થશે કે કેમ? અભિનેત્રીએ અવારનવાર ઉલટપાલટ પદ્ધતિની વર્ત્તણુક રાખવા માંડી છે; ઘડીકમાં ખુશ દેખાય છે; ઘડીકમાં ભાવહીન અને અપરિચિત દેખાય છે. એનું અહીંનું આગમન ભેદયુક્ત છે એમાં તો શંકા નથી. પોતાના પૂર્વ-જીવનની સુસાધ્ય કલાઓ વિષે તે સાફ ઇન્કાર કરે છે; છતાં તેજ કલાઓ બીજે નામે તે દાખવે છે! ચિત્રસંગ્રહાલયના કબાટની તસ્વીર જો ખુલ્લી થઇ હોત તો એક રહસ્યનો સ્ફોટ થઈ શકયો હોત. એ તસ્વીરની નારીનો ચહેરો કેવો હતો? એ કબાટની ચાવી ગૂમ થઇ છે, એવું અભિનેત્રીએ શા વાસ્તે કહ્યું હતું? અને એ કબાટ બંધ કેમ રહે છે?

એ રહસ્યની ગૂંચ ઉકલે અથવા ન ઉકલે તોપણ જગદીશે પોતાના મનમાં એક ઠરાવ કર્યો હતો. તે અભિનેત્રી હોય; કે લીલા હોય; તે જે છે તેના પ્રત્યે જગદીશનો પ્રેમ છે. જગદીશ તેને જીતશે અને જીતશેજ—ચાહે તેવી મુશ્કેલીઓ આવશે તો પણ!

ચોથે દિવસે તે અમૃતનગર પહોંચ્યો ત્યારે સુરેશે તેને કહ્યું: "હું તો એમ માનતો હતો કે, તેં માથે લીધેલી કામગિરી તું ભૂલી ગયો હોઇશ!"

"આપ બન્નેમાંથી કોઈ તે વિસરી ગયાં નથી, એ જાણીને મને આનંદ થયો."

એજ વખતે લીલા ત્યાં આવી પહોંચી. સુરેશે કહ્યું: "આખરે જગદીશ આવ્યો છે. હું તેને કહેતો હતો કે, તેં માથે લીધેલી કામગિરી ભૂલી ગયો હતો કે શું?"

"એવી ભૂલ થઇ હોત તો ઠીક થાત!" લીલાએ કહ્યું.

"એમ કેમ કહો છો?" જગદીશે પૂછ્યું.

"કારણકે, તમારે એક માથાકુટીઉં કામ કરવું ના પડત! હું એક પૂતળાની માફક એકજ સ્થિતિમાં શું કલાકોના કલાકો સુધી બેસી રહી શકીશ? અને લગીર પણ મારૂં ડોકું હાલ્યું કે, માખી ઉરાડવા મેં હાથ હલાવ્યો તો તમે મને તેમ નહીં કરવા ચેતવણીઓ આપ્યા કરશો!"

"ના. ના. હું એવો કડક નહીં થાઉં. તમે લગીર પણ થાકો કે કંટાળો એટલે તુર્તજ મને કહી દેજો. હું કામ બંધ કરીશ."

"એ કરાર તમને કબૂલ છે?"

"જરૂર. પાંચ મિનિટ બેસીને તમે કહેશો કે, હવે હું આજ નહીં બેસું, તો તેજ પળે હું અટકી જઇશ."

"વારૂ; હવે ચિત્ર દોરવાનું સ્થાન કયાં પસંદ કરીશું?" સુરેશે પૂછ્યું: "હું ધારૂં છું કે, છજું વિશાળ છે. તેમાં અજવાળું અને હવા પુરતા પ્રમાણમાં આવે છે. એને તું પસંદગી આપે છે કે, જગદીશ?"

"ઘણું ઉત્તમ સ્થાન!" એમ કહેતો દીવાનખંડમાંથી તે છજામાં ગયો અને તેનું અવલોકન કરવા લાગ્યો.

સુરેશે નોકરોને બોલાવ્યા અને જગદીશના કહેવા મુજબ ખુરશીઓ ગોઠવી. જગદીશે પોતાનાં સાધનો ગોઠવ્યાં. સુરેશ

મલપતે ચહેરે એ દૃશ્ય જોઇ રહ્યો. જ્યારે જગદીશે બધું તૈયાર કરી લીધું ત્યારે લીલાને ઉદ્દેશીને પૂછ્યું: "તમે તૈયાર છો કે?"

"પણ મારે તૈયારીમાં શું કરવાનું?"

"કંઈજ નહીં. ખુરશીમાં બેસો; અને હસતું મોં રાખો. બાકીનું બધું હું સંભાળી લઇશ!"

"મારે સાડી બદલવી જોઈશે?"

"ના. તમે કોઇ પણ જાતના ઠઠેરા વિના, જેવાં સાદાં અને સરળ છો, તેવાંજ હું તમને ચીતરીશ. હા; પણ એક સુધારો હું સૂચવીશ. તમારી વેણીમાં એક ગુલાબ ખોસવાની જરૂર છે."

"હું બગીચામાંથી મંગાવી આપું છું. બીજું કાંઇ જોઇએ?" સુરેશે પૂછ્યું.

"ના. બીજું કાંઈ નહીં."

સુરેશ બહાર ગયો અને થોડીવારે નોકર સાથે પાછો ફર્યો. એકલાં ફુલજ તે નહોતો લાવ્યો. કૉફી પણ લાવ્યો હતો: "કામ-કાજની શરૂઆતમાં કૉફી પીવાથી સ્ફુર્ત્તિ આવે છે. કેમ, તું શું માને છે, જગદીશ?"

"અવશ્ય; આપનું કહેવું ખરૂં છે, સુરુભાઈ."

કૉફી પીધા બાદ અને કેવી રીતે બેસવું એ વિષે સૂચનાઓ આપ્યા બાદ જ્યારે જગદીશે કામ શરૂ કર્યું ત્યારે થોડીવાર ત્યાં થોભ્યા બાદ સુરેશ જતો રહ્યો. જગદીશે સૌથી પ્રથમ લીલાનો એક પેન્સિલ-સ્કેચ દોર્યો. એ એક બાજુએ મૂકી દઈને તેણે બીજા સ્કેચમાં વધારે સુરેખરીતે અવયવો દોરવાં શરૂ કર્યાં. વીસેક ક્ષણ વીતી હશે તે બાદ લીલા સહેજ કંટાળેલી જણાઈ; એટલે જગદીશે પૂછ્યું: "શું તમે કંટાળી ગયાં?"

"ના. ના. લગીરે નહી!" લીલાએ કહ્યું.

"બાકી, કરાર મુજબ, જ્યારે તમે ઇચ્છો ત્યારે મારે તમને છૂટી જવા દેવાનાં છે!" સુરેશ બોલ્યો: "એકજ શબ્દ અને જાણે ગુલામને આજ્ઞા ફરમાવી હોય તેમ હું મારી પેન્સિલ મૂકી દઈશ."

તે શૂન્ય દૃષ્ટિએ તેના તરફ જોઈ રહી—જાણે તેના શબ્દોએ તેને અસર કરી ન હોય તેમ. જગદીશે કહ્યું: "આજના યુગમાં ગુલામ શબ્દ ઉચ્ચારવો નિરર્થક છે; કેમકે ગુલામી પ્રથાનો જગત ભરમાંથી નાશ થયેલો છે. દેખીતી રીતે કોઈ, કોઈનું ગુલામ નથી અને એવું સંબોધન કોઈને થઈ શકે તેમ નથી. પરંતુ એમ છતાં આપણે સૌ ગુલામ છીએ. કોઈનો પ્રભાવ જેના ઉપર પડે તે ગુલામ છે. કોઇને કોઈ ચીજની કુટેવ પડે, એ ગુલામી છે. કોઇ વિચારોનો, કે ભાવનાઓનો ગુલામ છે; કોઈએ કોઈ પ્રતિજ્ઞા લીધી હોય તો તેનો તે ગુલામ હોય છે—"

આ વખતે અચાનક જ લીલાએ ખુરશીમાં પોતાનું મોં બીજી બાજુએ ફેરવી લીધું. જગદીશ ઘડીકવાર બોલતો બંધ રહ્યો. થોડીવારે લીલાએ પુનઃ પોતાની અસલ રીતે પોતાનો ચહેરો રાખ્યો એટલે જગદીશે કહ્યું: "આભાર!" અને આગળ કહેવા માંડયું: "હું પ્રતિજ્ઞાની ગુલામી વિષે કહેતો હતો. માનવજીવનમાં કોઇકવાર એવી આકરી પળો આવી લાગે છે કે, જ્યારે ક્રોધમાં અને અવિચારીપણે અમુક પ્રતિજ્ઞા લેવાઈ જાય છે. એની ગુલામીની સાંકળો આપણને જન્મભર બંધનગ્રસ્ત રાખે છે. કેટલાક તો લાગણીઓના ગુલામ બને છે. સિદ્ધાંતના ગુલામ બને છે. ગુરૂના ગુલામ બને છે. માલિકના ગુલામ બને છે. ગુલામીનાં શારીરિક બંધન આ યુગે રદ્દ કર્યા છે પણ માનસિક ગુલામીનો નાશ કર્યો નથી. આ સર્વ ગુલામીમાં લાગણીની ગુલામી, ગુલામના સર્વ યત્નો છતાંય, એને મહાબંધનમાં રાખે છે—રાતદિન એ બંધનની સાંકળોમાં એ જકડાયલો જ રહે છે. એક ગુલામની ગાથા હું જાણું છું. એ એવો પુરૂષ હતો કે જે કોઈપણ દુન્યવી બંધનમાં પળભર પણ ન રહે. સંપત્તિવાન,

કુળવાન્, વિદ્યાવાન્, બુદ્ધિવાન્, અને ભાગ્યે જ કોઇ લલિતકલાથી અણજાણ. બંધનગ્રસ્તો તરફ એ સદાય હસતો; એમની ગુલામીની સાંકળો તરફ જોઇ ઘૃણા દાખવતો; પોતાની માનસિક અને શારીરિક સ્વતંત્રતામાં રાચતો. પણ એક દિન એવો આવ્યો કે જ્યારે એને પોતાને ગુલામીના બંધનમાં પડવાની ફરજ પડી. ”

તે ઘડીભર થંભી ગયો. એના મોં પર સ્મિત ફરક્યું. એણે ચિત્રની પ્રાથમિક રૂપરેખાના કાગળ તરફ નજર નાખી. પેન્સિલ ઉઠાવીને એ કાગળમાં અમુક સ્થળે સહેજ લીટો દોર્યો અને આગળ કહેવા માંડયું:

“ હું તો સામાન્ય કોટિનો એક ચિત્રકાર રહ્યો. પણ શબ્દોમાં મને કોઇ વર્ણન કરતાં જેટલી મુશ્કેલી પડે તેટલી ચિત્ર દોરતાં ના પડે. એ ગુલામે જે એક ચહેરાનું વર્ણન મારી આગળ કરેલું તે ચહેરો ઘણો જ સુંદર હતો. સમસ્ત જગતમાં એણે જોયેલા ચહેરાઓમાં એજ એક સર્વશ્રેષ્ઠ હતો. એ ચહેરાનો એ ગુલામ બન્યો હતો ! હા, ચહેરાનો ગુલામ ! એમાં કશું જ આશ્ચર્ય નથી. એ ચહેરો જુએ નહીં તો એને કશું જ ચેન પડે નહી. ન વાત, ન ચીત, ન જરીકે પિછાન, ન પરિચયનો ય સંભવ. અને છતાંય એ ચહેરા ખાતર એણે ગુલામી સ્વીકારી. દિનરાત એનું પૂજન કરવામાં એ તલ્લીન રહ્યો. બીજાં કોઈ કામકાજ તેને રૂચ્યાં નહી.”

પુનઃ એ થંભી ગયો. પણ આ વેળા તો એણે પોતાની સામેના ચહેરા તરફ જોયું. એ ચહેરામાં ખૂબસુરતી હતી પણ કંઈ જ ભાવ ન હતા. ન કોમળતા, ન કર્કશતા, ન આનંદ, ન શોકઃ સર્વશૂન્ય દૃષ્ટિએ, એ ચહેરામાંની આંખો ટગર ટગર ટમટમી રહી હતી.

“ ગુલામ ! શરીર અને મનથી વેચાયલો ગુલામ ! ” ચિત્રકારે કહેવા માંડયું: “ એનાં બંધન દિવસે દિવસે વજ્ર જેવાં બનવા માંડયા. ન તૂટે, ન છૂટે. પણ એ સખ્ત થતાં જતાં

બંધનમાં યે ગુલામ વધારે આનંદ અનુભવતો રહ્યો. મુક્ત થવા તે ઇચ્છતો નહતો. મુક્તિમાં દુઃખ છે એમ એને લાગ્યું! જકડાયલી સ્થિતિ સૌથી વધુ સુખી સ્થિતિ છે, એવું તે ગણવા લાગ્યો. પણ એને ચહેરાની માલિકણના હૃદયમંદિરમાં પહોંચવું હતું. એણે યાત્રા શરૂ કરી. વિકટ પંથ! વિઘ્નકંટકોનાં ઝૂંડ! પણ એ ગુલામે પોતાની જકડાયલી હાલતમાં યે એ પ્રવાસ ન છોડ્યો. શ્રમ સેવીને મંદિરનાં પગથીઆં ચઢ્યો; ઉંબરમાં પહોંચ્યો અને મનોમૂર્તિનાં ચરણકમળમાં પડ્યો. પરિણામ શું આવ્યું? કોઈપણ સહજ કલ્પી શકે એવું એ પરિણામ હતું. એ ગુલામનો તિરસ્કાર થયો! એના પ્રત્યે ઘૃણાભર્યું વર્ત્તન બતાવવામાં આવ્યું. એને કડક સ્વરે આજ્ઞા કરવામાં આવી: “જા!” ગુલામના હૈયામાં એ શબ્દોએ કેવી અસર કરી હોવી જોઇએ? હતો તો માત્ર એકજ શબ્દ; પણ આખી યે બારાખડીમાં એ સૌથી વધુ ખરાબ શબ્દ હતો. એ એકજ શબ્દે, કદાચ ગુલામની જંજીરો તોડી નાંખી હોત; એ છૂટો થઈ શક્યો હોત; પણ ના, ગુલામને લાગ્યું કે, બહારથી ‘જા’ કહેવાયું છે પણ અંદરખાનેથી ‘આવ’ છે! એ ભ્રમ હો; અર્ધ સત્ય હો; વા સત્ય હો; ચાહે તે હો; ગુલામે ‘જા’ શબ્દથી પોતાનું હૃદય ભાંગી નાંખ્યું નહીં, સાંકળો તોડી નાંખી નહી પણ એ ચહેરાનું સંસ્મરણ રાખીને તે ભાટકાં મારવા લાગ્યો મહિનાઓ, વર્ષો અને યુગો વહી જાય પણ એના વિના અન્ય નહીં–આ એની મૂર્ખાઈ ભરેલી, અવિચારી ઉતાવળી **પ્રતિજ્ઞા** હતી. હસતે મુખે અને આશાભર્યા હૈયે સ્વીકારી લીધેલી ગુલામી વાળા આસામીની એ પ્રતિજ્ઞા હતી કે, મૃત્યુ થાઓ તો ભલે આ જંજીરોમાં જકડાયલી હાલતમાં થાઓ; પણ એ જ ચહેરાના હૃદયમ સ્થાન મેળવવું! સંયોગોમાં પ્રતિકુળતા ઉમેરાઈ. એ માનસમૂર્તિ ગુમ થઈ. કંઈક સમય પછી અકસ્માતને યોગે એનો પાછે મેળાપ થયો. ગુલામે ‘જા’ શબ્દનો તિરસ્કાર એકવાર અનુભવ્યે

હતો. દુર્ભાગ્યે, બીજી વારના મિલનમાં એણે અપરિચિતતા અનુભવી. એની આરાધ્યદેવી એને તદ્દન ભૂલી ગઈ હતી. પણ ગુલામ એને વિસર્યો નહતો. એ વફાદાર હતો; પોતાનાં જંજીરના ખણખણાટથી એને એ ત્રાસ આપવા માગતો નહતો. એની આજ્ઞાને ઝંખતો એને દ્વારે એ ફરીથી ઉપસ્થિત થયો. 'જા' અથવા 'આવ' એ બેમાંથી કિયો શબ્દ આ વખતે એને મળશે એની એને ખબર નહતી. એ દેવીના શબ્દ પર એના જીવનનું અવલંબન હતું."

એ વળી પાછો ચૂપ રહ્યો. એણે રંગની પીંછી હાથમાં લીધી. અને કેન્વાસ પર તે પીંછી ફેરવવા માંડી અને કહ્યું: "કદી કોઇની ગુલામી નહીં કરનાર એ સ્વેચ્છાગુલામ હજી યે વફાદાર છે. વિપરીત સંજોગોમાં પોતાની મનોમૂર્તિ માટે પ્રાણ ડૂલ કરવાનો પ્રતિજ્ઞાધારી છે. પણ એના હૃદયમાં એક જ ભય છે. આજ સુધીની એની ગુલામીનો ખ્યાલ નહીં લાવીને એની મનેપ્સિત આરાધ્યદેવી ફરીથી એને ઠોકરે મારશે–બીજો સેવક પસંદ કરી લેશે...અને તે વખતે..."

એના હાથમાંથી પીંછી પડી ગઈ. જમીન પર પડવાથી એનો ઠબકારો થયો, એ પીંછી લેવા તે નીચો વળ્યો. એની આંખો, એ વખતે ઉંચે જોઇ રહી હતી. સામેનો રૂપાળો ચહેરો સહેજ ફિક્કો પડતો જતો હતો.

નીચે વળેલી સ્થિતિમાં જ રહીને તેણે પોતાનું વાક્ય પૂરું કર્યું: "તે વખતે તે ખચિત દીવાનો બની જશે! ગરીબ બિચારો! કેવળ એકજ આશામાં જીવી રહ્યો છે; એકજ વેણ માટે ગુલામીમાં જકડાયલો રહ્યો છે. ખાસ નોંધવા જેવું છે કે, એ વેણ ખાતર એ સદાકાળ ચૂપ રહી શકે છે; કોઈ પણ આફત વેળા સંરક્ષક બની શકે છે; કોઇ પણ સમયે ઢાલ રૂપ બનવા આકાંક્ષા સેવી રહ્યો છે. ચાલુ યુગનો એ ગુલામ, દુનિયાભરમાંથી જ્યારે ગુલામી નાબૂદ થયેલી છે, ત્યારે રાજીખુશીથી ગુલામ તરીકે બંધાઈ રહ્યો છે!"

આ બધું કહેતી વેળા, એની નજર એ ચહેરા તરફ હતી. એ ચહેરો ફિક્કાશથી તેને નિહાળી રહ્યો હતો. છેલ્લું વાક્ય તે બોલ્યો ત્યારે તે ઉભી થઈ. છતાંય તેની નજર તો તેના પ્રત્યેજ હતી. તેણે બે ડગલાં ભર્યાં. તેની છેકજ નજદીક એ ડગલાં હતાં. સ્પર્શની પૂરી સુગમતા હતી. નીચે વળેલાએ હાથ લંબાવ્યો. ડગલાં ભરનારનાં ચરણને એ હાથ અડકયો. વિપળ માટે તે ત્યાં થંભેલો રહ્યો. ડગલું પાછું હઠાવી લેવાયું નહીં. પગપરનો હાથ નીચે વળેલાએ પોતાની આંખો પર મૂકયો.

એની એક અસર થઈ. ઉભી થયેલીની આંખો થોડી પળ માટે બંધ થઈ. ધ્યાન, મનન, ચિંતન અને લાગણીનો આ સાક્ષાત્કાર હતો એમ નીચે વળેલાએ માન્યું. પ્રફુલ્લ બનીને તે બોલ્યોઃ " વફાદાર એકનિષ્ઠ ગુલામ પર કૃપાની પૂરી ખાત્રી આ સિવાય બીજી કઈ હોઈ શકે ? "

છજ્જાથી થોડેક દૂર આ વખતે એક સ્વર સંભળાયોઃ " કોઈ જ નહીં ! "

અભિનેત્રી ચમકી. જગદીશ પણ ચમક્યો. એ સ્વર સાંભળતાં બન્ને જણ સ્વસ્થ થઈ ગયાં. સુરેશ છજ્જામાં આવ્યો. તેની પાછળ નોકર હતો. સુરેશ તેને કહેતો સંભળાયોઃ " અત્યારે તો અહીં કોઈ જ આવવું જોઈએ નહીં–કોઈ જ નહીં ! બહેનનું આજનું ચિત્રકામ પૂરૂં થાય તે પછીજ તે બીજાઓને મળી શકશે; માટે ઈલાને કહે કે, બહેન ઘણા કામમાં છે–નહીં મળે ! "

જગદીશ અને લીલાની નજર, એક થઈ. બન્નેની આંખમાં એ વખતે શાંતિના–સ્વસ્થતાના ભાવ હતા.

" મારા ન્યાયાધીશ હવે આવી પહોંચ્યા ! એમનો ચુકાદો મને માન્ય છે. " જગદીશ ઉત્સાહભર્યાં સ્વરે બોલ્યો.

સુરેશ તે બન્નેની નજદીક આવ્યો. તેણે પૂછ્યુંઃ " શું તમારી વચ્ચે ઝઘડો પડયો છે ? "

જગદીશે જે કાગળ પર પ્રાથમિક રૂપરેખા દોરી હતી તે સુરેશના હાથમાં મૂકતાં કહ્યું: "શું આટલી પ્રગતિ ઓછી છે? પણ લીલાદેવીને એટલાથી સંતોષ થતો નથી! હું કબૂલ કરું છું કે, હું મહાન ચિત્રકાર નથી. મારી કલા, ક્ષતિઓથી ભરપૂર હોઇ શકે એમાં શંકા નથી. પણ મને સમય જોઈએ–પૂરતો સમય–સ્વતંત્ર સમય."

"તેથીજ ઈલા હમણાં લીલાને મળવા આવી છે તોય મેં મળવા દીધી નહીં!" સુરેશ બોલ્યો: "તમારા કામમાં વિઘ્નો આવવાં જોઇએ નહીં. બીજાઓની દખલ પણ હોવી જોઈએ નહીં. પણ...જગદીશ! તેં તો ઠીક પ્રગતિ કરી છે!" ચિત્રના કાગળમાં અમુક અમુક સ્થળે આંગળી મૂકતાં તે "બોલ્યો: ઠીક આખુંયે ચીતરાઇ ગયું છે. માત્ર એમાં આંખો મૂકવી બાકી છે; અને તે તો અઘરામાં અઘરું કામ છે! ગર્દન અને ખભા સુધીનો ભાગ ચીતરાઇ શકયો છે. એ તાદશ છે. મસ્તકનો કેશકલાપ, નાક કાન, હોઠ, અહો! એ બધામાં તાદશતા આવી છે ને શું!" લીલા તરફ જોઇને તે બોલ્યો: "અને તું તો ઉભી થઈ ગઇ છે, બેટા લીલા! આજ થાકી ગઇ કે શું?"

"હા. પિતાજી હવે તો કાલ બેસીશું." લીલાએ કહ્યું.

"ભલે. જેવી તારી મરજી. ઇલા કદાચ ફરવા જવા માટે તેડવા આવી હશે. તેની સાથે જઇ આવજે, જવું હોય તો."

લીલા, દીવાનખંડમાં ગઇ. જગદીશે પોતાનાં સાધન સંકેલ્યાં અને તે સુરેશ સાથે ચાલ્યો.

પ્રકરણ ૧૮

રમતારામ

અમૃતનગરમાં વસંત આવ્યો ત્યારે મહાલક્ષ્મીની રંગભૂમિમાં ઉત્પન્ન થયેલી ઈર્ષ્યાની આગ શમી નહતી. તેણે જ્યારે જાણ્યું કે, જગદીશ પણ અમૃતનગર આવ્યો છે અને સુરેશે તેને લીલાની તસ્વીર ચીતરવાનું સોંપ્યું છે ત્યારે તે બોલ્યોઃ "જગદીશ ભારે નટખટ જણાય છે! તેથી જ તેણે લીલાનું દિલ ચોર્યું છે અને હવે બુઢ્ઢા ઉપર પણ પોતાનો જાદૂઈ પ્રભાવ પાડશે! બાકી, મેં લીલાને કહ્યું હોત કે, હું તારૂં ચિત્ર દોરૂં અથવા તો, હું તારો ફોટોગ્રાફ પાડું તો, મને તે 'હા' કહેત કે? ખચિત જ તેણે મને ના પાડી હોત; કારણ કે, 'વંસતસેના' નાટકમાંથી એ બે વચ્ચે પ્રેમ વધારે જામ્યો છે ને!......

"હું સમજી શકતો નથી કે, એ બે જણ પ્રથમ ક્યાંક મળેલાં છે, એ વિચાર મારા મનમાંથી કેમ ખસતો નથી? તેઓ બન્ને જણ 'ના' પાડે છે તો ય હું માની શકતો નથી! આવી રૂપાળી અને ભણેલી યુવતી જુઠું બોલતી હશે, એવો મને ખ્યાલ નહતો! બે પગે ચાલનાર હરકોઈએ એનો સંગીત પરનો કાબુ જોયો ત્યારથી કહ્યું છે કે, એણે બહુ સરસ તાલીમ લીધેલી છે. છતાં એને પૂછીએ છીએ તો જાણે ગોઠવી ગોઠવીને એકસરખા ઉત્તરો દેતી હોય તેમ કહે છે કે, "ના મેં કોઈ નાટકમાં કામ કર્યું નથી!" "ના. હું તો કૉલેજમાં કે ક્યાંયે ભણેલી નથી!" કેવા જુઠા જવાબ? શું કોઈ પણ બાબતમાં પાવરધાપણું એમને એમ ટપકી પડતું હશે! એમ કદાપિ બની શકે નહીં. લીલાના પૂર્વ-જીવનમાં અવશ્ય એને સંગીતની અને નાટકને લગતી તમામ

તાલીમ મળેલી છે; અને જગદીશ એની સાથે પરિચયમાં આવેલો છે !......

"ઘડીભર મને એમ વિચાર આવે છે કે, સુરેશકાકા પાસે જઇને કહી આવું કે, મને આવી સુંદર, આવી ભણેલી, આ સંગીતજ્ઞાન ધરાવનારી લીલા નહીં જોઈએ. મારે તો, મેં ધારણા રાખી હતી તેવી ભલી, ભોળી, સાદી, અજ્ઞાન ગામડીઅણ લીલા જોઇએ છે કે જે ઘરસંસાર સારી રીતે નિભાવે અને મારા પ્રેમનો બદલો પોતાના પ્રેમમાં આપે. ....

"પણ એવી લીલા કાંઈ અત્યારની લીલામાંથી બને ખરી? ન બને ! અને તેથીજ મારી પ્રકૃતિને અનુકુળ તે નથી ! અને હવે તો, તેને જગદીશ મળ્યો છે ! કદાચ એ બેનાં લગ્નને સુરેશકાકાની પરવાનગી મળે તો ? માખણદાસ જેવો જગદીશ, એ બાપ-દીકરીને પલાળશે અને મુગ્ધા અને મિલ્કત બેય મેળવશે ! શું મારે મુડદાલની માફક તે જોઈ રહેવું ? શેકસપિયરનું 'કર્કશાનું વશીકરણ' નાટક ભજવીને શું આ મનસ્વી મહિલાને હું ઠેકાણે ના લાવી શકું ?......મારે શું કરવું ?......"

આ મુજબ અવારનવાર ઈર્ષાગ્નિની જ્વાલાથી ઘેરાયેલો રહેતો વસંત, ઘણુંખરૂં અમૃતનગરની આસપાસ ફરવા નીકળી પડતો અને સુરેશભુવનમાં જતો નહિ. કંઈ ખાસ જરૂરી કામ હોય તો સુરેશને ચિઠ્ઠી લખીને પુછાવતો.

લીલાની તસ્વીર ચીતરવાનો પ્રારંભ થયો તેજ સાંજે વસંત સીમાપ્રાંતમાં ફરતો હતો અને કુદરતના સૌન્દર્યનું પાન કરતો હતો તેવામાં તેણે એક જગ્યાએ એક ઘોડાગાડી ઉભેલી જોઈ. એ ઘોડાગાડીમાં કોઈ બેઠેલું નહતું; પણ તેનો ગાડીવાન ગાડી પાસે ઉભો ઉભો બીજા કોઈક માણસ સાથે વાત કરતો હતો. વસંત તેઓની નજદીકથી પસાર થયો એટલે ગાડીવાન તે માણસ આગળ 'વસંત શેઠ !' એમ કહીને પોતાનો

પરિચય કરાવતો હોય એમ વસંતને લાગ્યું. વસંતે ગાડીવાન તરફ જોયું એટલે તે બોલ્યો: “ આ તો અમારાં ઈલા શેઠાણીની ગાડી છે. તેઓ જરાક દૂર ફરવા ગયાં છે. જમણા હાથ તરફ જશો, એટલે તેમનો મેળાપ થશે. ”

“ મને કંઈ તેમને મળવાની જરૂર નથી. ” વસંતે કહ્યું: “ પણ તમે મારૂં નામ દઈને શી વાત કરતા હતા ? ”

“ કંઈ નહીં, શેઠ ! ” ગાડીવાન બોલ્યો: “આ તો મેં મારા આ દોસ્તદારને તમારી ઓળખાણ આપી કે અમારાં ઈલા શેઠાણી જોડે જેમનાં લગન થવાનાં છે, તેજ તમે વસંત શેઠ ! ”

“ આવી આવી વાતો તમને કોણ સુઝાડે છે ? કોઈના વિષે નકામી વાતો જોડી કાઢવી ઠીક નહીં. ”

“ એટલે ? મારા શેઠ, શું હું જુઠ્ઠું બોલું છું ? અમારાં શેઠાણી જ કહેતાં હતાં. ફક્ત નાનાં શેઠાણી નહીં, મોટાં શેઠાણીયે કહેતાં હતાં...અને...મુંબાઈથી અમૃતનગરમાં તો એટલા જ વાસ્તે ફરીથી અમારાં શેઠાણી રહેવા આવ્યાં છે ને ? પણ—જુઓ, સામેથી આ મારાં શેઠાણી આવ્યાં ? હવે કહો તો, એમની રૂબરૂ ખરી વાત કહેવરાવું ? ”

“ નહીં, ભાઈ નહીં. એવાં ચુંથણાં ચૂંથવામાં માલ નથી. જે કાળે જે બને તે ખરૂં. એમાં ખરૂં ખોટું તપાસવાનું હોય નહીં. પણ બધી ઉડતી વાતો ખરી જ માની લેવી જોઈએ નહીં. ” વસંત એમ કહીને ઈલા આવતી હતી તે રસ્તામાં તેને અને તેની સાથેની એક વ્યક્તિને અધવચ્ચ મળવા આગળ વધ્યો.

ઇલા એકલી જ ફરવા આવી નહતી પણ તેની સાથે લીલા પણ હતી. કદાચ, તેઓને જોઈને વસંત તેમને મળ્યો નહોત; પણ આ ગાડીવાને જે ચર્ચા ચૂંથી હતી તે વિષે તે વધારે પંચાત કરે નહીં એટલા ખાતર જ તે આગળ વધીને તેમને મળ્યો.

લીલાએ તો માત્ર વસંતને નમસ્કાર કર્યા; પણ ઇલા નમસ્કાર કરીને થોભી નહીં અને બોલીઃ "અહો ! આજ તો પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગ્યોને શું ? સાચું કહેજો, વસંત ! તમે મારી ખાતર જ આ તરફ ફરવા આવ્યા ને ?"

વસંત બલાત્કારે હસ્યો અને બોલ્યોઃ "હું તો અકસ્માત જ આ સ્થળે ફરવા આવ્યો હતો."

"પણ આજ હું તમને મારી બા પાસે લઈ ગયા વિના નહીં રહું. હમણાં જ હું લીલાબ્હેનને કહેતી હતી કે, મારાં બા તમારા માટે કેવી કેવી આશાઓ રાખે છે અને હું પણ કેવા ધ્યેયથી તમારી સાથે લગ્ન કરવા માગું છું."

"તમે 'કદાડે કંકોડાં' જેવી વાતો કરો છો !" વસંત બોલ્યોઃ "જો હું સાફ સાફ વાત કરું તો..."

લીલા અત્રે અધવચ્ચ બોલીઃ "મારું કહેવું માનશો ? કોઈ જાતની સાફ વાતો કરવાનો સમય અત્યારે ઉપસ્થિત થયો નથી કે યોગ્ય સ્થાન પણ આ નથી. ખુલ્લી હવામાં કુદરતનો આનંદ મેળવવા આપણે આવ્યાં છીએ. એનો ઉપયોગ કરીને દિલ શા માટે ન બહેલાવવું? ઇલા બહેન, તમે તમારાં માતુશ્રી પાસે વસંતરાયને લઈ જવા માગો છો ને ? ચાલો, હું પણ સાથે આવું છું."

વસંત આ સાંભળીને કંઈક ખુશી થયો. લીલાની આ મીઠી રીત એને ગમી.

"ચાલો, આપણે થોડીવાર સુધી ફરીએ. પછીથી જઈશું." તેણે કહ્યું અને તેઓ ત્રણે સાથે સાથે ફરવા લાગ્યાં. લીલાએ પ્રકીર્ણ વાતો કરવા માંડી. અધવચ્ચ ઇલા, પોતાના પ્રેમ-પુરાણ વિષે કંઇક બોલવા માગતી ત્યાં લીલા તે બાબતને ખુબીથી ફેરવી નાંખતી. અને એ સાંજ એ રીતે અર્ધો કલાક ફરીને ગાળ્યા બાદ તેઓ ગાડીમાં બેસીને ઇલાને ઘેર ગયાં.

યશોધરાએ વસંત અને લીલાના આગમનથી હર્ષ દાખવ્યો સુરેશની ખબરઅંતર પૂછી અને એટલામાં તો રામદાસ પણ તેઓની સાથે વાતોમાં જોડાયો. પરિણામ એ આવ્યું કે, જે વાતચીત માટે યશોધરા ઝંખતી હતી એમ ઈલાએ કહ્યું હતું, તેનો મોકો યશોધરાને મળ્યો નહીં. એકાદ કલાક 'વાતોએ વડાં' કર્યાં પછી, તેઓ જેમ ને તેમ વિખુટાં પડયાં.

તેઓને વિદાય આપીને ઈલા પાછી ફરતી હતી; ત્યાં તેના ગાડીવાને કહ્યું: "નાનાં શેઠાણી, મારી ગાડી પર જે એક માણસ બેઠો હતો તેને તમે જોયો હતો?"

"મારૂં તેના તરફ ખાસ ધ્યાન નહોતું. પણ તેં કેમ પૂછ્યું?"

"એ લીલાબહેન વિષે અને વસંત શેઠ વિષે પૂછપરછ કરતો હતો"

"એમ? એ શું પૂછતો હતો?"

"મને તે પૂછતો હતો કે, 'જાગીરદાર શેઠનાં લીલાદેવી નામે દીકરી કહેવાય છે તે એજ છે કે?' અને મેં જ્યારે 'હા' પાડી ત્યારે ખૂબ વાર સુધી તેમના તરફ જોઈ રહીને કંઈક બબડયો હતો!"

"શું બબડયો હતો?"

"એને મેં એ વિષે પૂછ્યું હતું, ત્યારે તેણે કહ્યું હતું કે, 'હમણાં એ ભેદ નહીં સમજાય; અને જો તું ડાહ્યો હોય તો એ બદલ પૂછપરછ ના કરીશ. વખત આવ્યે હું કાંઈક નવું સવું તને કહીશ!'"

"ભેદ? નવું સવું?"

"હા. એણે એમ કહ્યું અને તે સાથે તમારે માટે એક અરજ કરી છે—"

"મારે માટે અરજ?"

"હા. એણે કહ્યું છે કે, 'વસંત શેઠ સાથેની લગ્નની તમારી ઉમેદ કોઈ પણ જાતનો બદલો લીધા વિના કે એક પણ પાઈ લીધા વિના હું પૂરી કરી આપીશ!'"

"એમ? એ છે કોણ?"

"પરદેશી બ્રાહ્મણ છે. પહેલાં એની હાલત સારી હતી. હાલમાં બિચારો વખાનો માર્યો આ તરફ આવ્યો છે. પણ તે જોષ સારા જુએ છે!"

"એટલે કે એ જોષી છે? ત્યારે તો, એકવાર એને જરૂર બા પાસે લાવજે."

"તે ફરીથી મળવાનું કહી ગયો છે. આવશે ત્યારે મેળવીશ."

"તે ક્યાં રહે છે?"

"એ તો શહેર બહાર એક ખંડીએરમાં પડયો રહે છે. ગરીબ માણસ રહ્યો એટલે ભાડાના પૈસા ક્યાંથી લાવે?"

"એણે પોતાનું નામ કહ્યું કે?"

"હા. એનું નામ રમતારામ છે!"

"વારુ; જ્યારે એ રમતારામ આવે ત્યારે અમારી પાસે મોકલજે. મારા અને અખિલભાઈના જોષ જોવરાવીશું અને એના હાથમાં કંઈક દક્ષિણા પણ મૂકીશું."

પ્રકરણ ૧૯

●

એ કોણ છે?

●

મહાલક્ષ્મી ખાતે સુરેશ, લીલા અને વસંત નાટ્ય-પ્રયોગ માટે રહ્યાં હતાં તે દરમ્યાન લીલાએ પોતાના અંગત ઉપયોગ માટે કેટલીક જરૂરી વસ્તુઓ, સાડીઓ, કબજા માટે કપડાં, ઘરેણાં વગેરે ખરીદ્યાં હતાં. સુરેશની સાથે જ મુંબાઈના મશહૂર વેપારીઓની દુકાનોમાં જઈને તેણે તે ખરીદી કરેલી હતી. નાટ્ય-પ્રયોગ માટે જે કોઈ વસ્તુઓ સુરેશ લાવેલો તેનાં જેમ 'બીલ' બનાવાયેલાં, તેમ લીલાની વસ્તુઓનાં પણ 'બીલ' બનાવવામાં આવેલાં. એ બધાં 'બીલ' એક દિન અમૃતનગરમાં સુરેશને ટપાલમાં મળ્યાં. એનાં નાણાં મોકલવામાં કાંઈ જ વાંધો નહતો પણ સુરેશને કંટાળો ઉપજ્યો કે—આ બધું કામ વસંતનું છે અને પોતાને આ બધી પંચાત શી? વસંત કેટલાક દિવસથી તેને મળ્યો નહતો. ઘણીવાર ચિઠ્ઠીથી જ તે સુરેશને પૂછપરછ કરતો રહેતો હતો. એને રૂબરૂ બોલાવવા માટે સુરેશે નોકરને મોકલ્યો. તે આવ્યો એટલે સુરેશે તેને કહ્યું:

"વસંત, આ બધાં 'બીલ'માંથી કિયાં લીલાનાં ખાતાનાં છે અને કિયાં તમારા નાટ્ય-પ્રયોગ ખાતાનાં છે, એ તારવી કાઢીને તેના પૈસા ચૂકવી દે; અને સાંભળ, આવી બધી પરચુરણ બાબતો ઉપર શા માટે મારે લક્ષ આપવું જોઈએ? તું જ તને ઉચિત લાગે તેમ તેની વ્યવસ્થા કરી લેતો જા."

"નાટ્ય-પ્રયોગની જે વસ્તુઓ આપ લાવેલા તેનાં એ 'બીલ' છે. વેપારીઓને આપે સૂચના આપી હોત તો તેઓ તે 'બીલ' મને મોકલી આપત. એ બધાં બીલ રામદાસ શેઠને આપણે મોકલવાનાં છે. અને લીલાના અંગત ખર્ચનાં 'બીલ' આપણે ચૂકવી દઈશું.

રકમ તો ખાસ્સી એક હજાર ને પચીસની થઈ છે. પણ હવે, વેપારીઓએ એટલી કિંમતનો માલ સાચે જ આપ્યો છે કે કેમ, એ લીલાને પૂછવું રહ્યું."

"પૂછી જોજે ને દરેક વિગત મેળવી લેજે."

"પણ મને આજે તો વખત નથી!"

"કેમ? શું કોઈ અગત્યના કામમાં તું આજ રોકાયેલો છે?"

"કંદર્પકુમારની તબિયત ઘણી બગડી છે. તેને સુન્દરગામના વૈદરાજ નિખિલરત્ન સેનને બતાવવા માટે લઈ જવામાં આવ્યો છે."

"મુંબાઈની સિવિલ હોસ્પીટલમાંથી ગામડાગામમાં! અને ડાક્ટરી સારવારને બદલે દેશી વૈદની સારવાર! એ વૈદરાજનું નામ તો મેં આજે જ સાંભળ્યું!"

"તેઓ બંગાળાથી એકાદ માસ ઉપર જ આ તરફ આવ્યા છે; પણ ચિકિત્સામાં ઘણા પારંગત કહેવાય છે, અને માત્ર આયુર્વેદમાં બાહોશ છે એમ નથી; તેમણે પાશ્ચાત્ય ડાક્ટરી પદવી પણ મેળવી છે. હવા પાણીની અનુકૂળતાને ખાતર તેમણે સુંદરગામ જેવું નાનું ગામ પોતાના વસવાટ માટે નક્કી કર્યું છે પણ એક માસના અરસામાં એ તો યાત્રાધામ બની ગયું છે. કેટલાયે દરદીઓ એમની મુલાકાતે દૂર દૂરથી ત્યાં જાય છે."

"ઠીક. ઠીક. તો, આવતી કાલે તું બધાં 'બીલ'ની વિગત મેળવી લેજે ને?"

"ત્યાં કદાચ મારે બે-ત્રણ દિવસ રહેવું પડે."

"રહેવાની જોગવાઈ એ ગામડાગામમાં ક્યાંથી હશે?"

"એક મહિનામાં તો તે ગામમાં મોટો ફેરફાર થઈ ગયો છે મુરબ્બી! ગામડીઆઓ પોતાનાં ખેતરોમાં ઝુંપડાં બાંધીને રહેવા ગયા છે અને પોતાનાં ઘર તેઓએ ભાડે આપવા માટે ફાજલ પાડયાં છે. વળી, મુંબાઇના કેટલાક ગૃહસ્થોએ વૈદરાજને વિનતિ

કરી છે કે, કાયમને માટે જો પોતે ત્યાં રહે તો, એક ઉપચાર-આશ્રમ બનાવી આપીએ—"

"ત્યારે તું કંદર્પને જોવા જઈશ એટલો વખત લીલાનાં બીલની વિગતો મેળવવાની બાબત ઢીલમાં પડશે !" સુરેશે સહેજ નિરાશા દાખવતાં કહ્યું. અને વિચારશૂન્ય સ્થિતિમાં તે પડી ગયો.

વસંતને સમજ પડી નહીં કે, સુરેશને બીલ પતાવવા માટે આટલી બધી ચટપટી કેમ થઈ રહી છે, અને આ બાબત ચિંતા કે ઉદ્વેગ કરવા જેવી નથી છતાં તે શા માટે એવી લાગણી બતાવે છે ?

અચાનકજ સુરેશે કહ્યું: "વસંત, લીલાને તેનાં અંગત ખર્ચ કરવા માટે જોઈતી રકમ સારૂ આપણી પરાધીનતા ભોગવવી પડે નહી એટલા ખાતર કાંઈક અલગ વ્યવસ્થા કરીએ તો ?"

વસંતને હવે સમજાયું કે, સુરેશ લીલાને નાણાંને લગતી પૂર્ણ સ્વતંત્રતા આપવા માગતો હતો, તેથીજ તે 'બીલ' પતાવવા ઉતાવળો થયો હતો. વસંતે કહ્યું: "હા, એ વ્યવસ્થા સહેલાઈથી થઈ શકે. મુંબઈની એકાદ બેંકમાં એના નામનું ચાલુ ખાતું ખોલાવીએ—"

"બહુ ઉત્તમ વ્યવસ્થા !" સુરેશ હર્ષમાં આવી જઈને બોલી ઉઠયો: "એને જે કાંઈ લાવવું હોય તે લાવે અને ચેકથી તેનાં નાણાં આપણી કોઈની દખલગિરી વિના પતવી દે ! લીલાને બોલાવ."

એ વખતે નોકરડી રાધા ત્યાં આવી પહોંચી. તેની મારફત લીલાને બોલાવવામાં આવી. પોતાની પાસે તેને બેસાડીને સુરેશે તેના માથા ઉપર હાથ મૂકતાં કહ્યું: "બેટા લીલા ! તેં મુંબાઈમાં જે ખરીદી કરી હતી તેનાં બીલ આવ્યાં છે. એ બીલની વિગતો તું મેળવી જોજે. અખિલને આજે બહારગામ જવાનું છે. એ બીલ જો બરોબર હોય તો તેની રકમ આ વખતે તો વેપારીઓને રોકડી આપી દઈશું પણ એ પછી તારે તારાં ખર્ચ માટે મને કે વસંતને કાંઈ

પણ પૂછવાનું રહે નહી, તે બદલ એક અલગ વ્યવસ્થા કરવા વિચાર છે. મુંબઈની એક બેંકમાં તારૂં ખાતું ખોલીશું. એમાં હું પાંચ હજાર રૂપીઆ તારા નામ પર હાલતુર્ત મૂકીશ. તું ચેક મારફત એ નાણાં માલવાળાઓને ચૂકવતી રહેજે."

લીલા વિચારમાં પડી ગઈ. તેના મેં ઉપર ગંભીરતાના ભાવ નિહાળીને સુરેશે પૂછ્યું: "કેમ, શા વિચારમાં પડી?"

"પણ એવી અલગ વ્યવસ્થા શા માટે? જેમ ચાલે છે તેમ ચાલવા દો ને, પિતાજી?"

"નહીં, બેટા! વસંત ઘણાં કામકાજમાં રોકાયેલો રહે છે; અને મને તો આવી બાબતોની પંચાત ગમતી નથી. તને આ પ્રકારનું એક સ્વરાજ્ય મળવું જોઈએ. કરોડપતિ જાગીરદારની ઉંમરે પહોંચેલી દીકરીનું સ્વતંત્ર ખાતું પણ બેંકમાં ન હોય, એ જાગીરદારની મિલ્કતને લાંછન છે. હવે આમાં તારે કાંઈ આનાકાની કરવાનીજ રહેતી નથી."

પુનઃ લીલા વિચાર–તંદ્રામાં પડી ગઇ. એ વખતે ખંડના બહારના ભાગમાંથી મોં વતી વાગતી એક સિસોટી સંભળાઈ. એ માત્ર એક સામાન્ય ટૂંકી સિસોટી નહોતી; પણ તેમાં એક રાગ વગાડવામાં આવતો હતો. સિસોટીમાં વગાડવામાં આવતો એ રાગ નજદીક ને નજદીક સંભળાયો. થોડીવારે ખંડન ઉંબરમાં જગદીશ દેખાયો. રાગ અચાનક બંધ થઇ ગયો.

સુરેશે જગદીશને જોઇને કહ્યું: "આવ, કલાકાર! તું ઠીક વખતે આવ્યો. એક બાબતમાં તું લીલાને સલાહ આપ."

વસંતે એને જોઈને મોં મચકોડયું અને મનમાં કહ્યું: "હાસ્તો! મુગ્ધા અને મિલ્કત લઇ જવા ઇચ્છતો મર્કટ જ યોગ્ય સલાહ આપી શકે ને!"

સુરેશે જગદીશને બેંકમાં લીલાના નામનું ખાતું ખોલવાની વ્યવસ્થા કરવાની વાત કહી એટલે જગદીશ બોલ્યોઃ "અહો ! એમાં તે ગૂંચવણ જેવું શું છે ? નાણાં લઈને આપણે બેંકમાં જઈએ; એટલે બેંકવાળાઓ તો, આપણને પૂરતા માન સાથે તમામ વ્યવસ્થાઓ કરી આપે. લીલાદેવી ! બેંકમાં ખાતુ ધરાવવું એ એક જાતનું માન છે. તમને એ ખાતુ ખોલવાની પદ્ધતિનો ખ્યાલ આપું. તમને પ્રથમ તો ક્લાર્ક તરફથી એક 'ફોર્મ' અને કાગળની બે કાપલીઓ આપવામાં આવે. તમારે એક ખાસ ટેબલ આગળ જઈને તમારી 'ઇંડીપેંડેંટ પેન'થી તે ફોર્મમાંનાં ખાનાં ભરવાનાં. રૂપીઆની રકમ; તમારૂં નામ; શરનામું અને તમારી સહી. કાગળની કાપલીઓમાં તમારી એજ સહી પ્રમાણે સહી કરવાની. તેમાંની એક તમારી પાસે રહે. બીજી બેંક પાસે રહે. બેંક એ સહીને ઓળખે. એમ કહું કે, તે તમને નહીં પણ તમારી સહીના સ્વર, વ્યંજન, અનુસ્વાર, હ્રસ્વ, દીર્ઘ, માત્રા ઇત્યાદિને જ ઓળખે, તો ખોટું નથી. જ્યારે તમે પૈસા ઉપાડવા માટે તમને અપાયલી ચેક બુકમાંથી ચેક ભરીને મોકલો ત્યારે એ નમૂના મુજબ જ તમારે સહી કરવાની. એ સહી બરાબર મળી રહે એટલે જેના ઉપર ચેક લખાયો હોય તેને તમારા ખાતામાંથી નાણાં મળે. કહો, આમાં કશી જ મહેનત છે ? બેંકવાળાઓ તો તમને નાણાં સંબંધમાં ઘણી જ સરસ અનુકુળતાઓ કરી આપે છે. આજના યુગમાં બેંક વિના પૈસાવાળાઓને ન જ ચાલે."

"બહુ સરસ રીતે તેં આ વિગત કહી બતાવી, જગદીશ." સુરેશે કહ્યુંઃ "આમાં ક્યાંયે તકલીફ જેવું છે, લીલા ?"

"બેંકમાં ખાતાંઓ ખોલવામાં આવ્યા પછી સહીના હસ્તાક્ષર સંબંધે ખાસ તકલીફ છે, એ બાબત ઉપર હું ધ્યાન ખેંચું છું." જગદીશે કહ્યુંઃ "ઘણીવાર ચેકોમાં ખોટી સહીઓ થાય છે, ત્યારે તે પાછા ફરે છે. સહીમાં ફેરફાર હોય ત્યારે આવું

બને છે. સિવાય, એમ પણ બને છે કે, ચેક-બુક રઝળતી રાખવામાં આવી હોય અને તેમાંનો એકાદ કોરો ચેક ફાડીને કોઈના તરફથી બનાવટી સહી પણ કરવામાં આવે અને નાણાં લઈ જવામાં આવે! બેંકવાળાઓ તકેદારીઓ રાખે છે એમ છતાંયે કેટલા યે બનાવટી સહીઓના બનાવો બનતા હોવાનું આપણે સાંભળીએ છીએ. માટે બેંકમાં ખાતું ખોલ્યા પછી સહીનો નમૂનો, ચેક-બુક તેમજ પાસ-બુક રઝળતાં નહીં મૂકવાની ખાસ સાવધગિરી રાખવી જોઈએ."

"જગદીશ, મને હમણાં જ એક વિચાર આવ્યો." સુરેશે કહ્યું: "આજેજ હું, તું અને લીલા મુંબાઈ જઈએ અને એક બેંકમાં લીલાના નામનું ખાતું ખોલી આવીએ."

જગદીશ તેને ઉત્તર ન આપતાં વસંત સામે જોઈ રહ્યો. વસંતે કહ્યું: "આપનો ઈરાદો બરાબર છે, મુરબ્બી. આપને જગદીશ આ બાબતમાં ઠીક દોરવણી કરી શકે તેમ છે, એટલે મારી ચિંતા ઓછી થઈ." જગદીશ તરફ જોઈને બોલ્યો: "આ માટે હું તમારો ઘણો આભારી થયો છું."

"આજ તો તારે જવું હોય તો જા; પણ તારી બધી તકલીફો કાંઈ અવારનવાર અમે નહીં બચાવીએ." સુરેશે કહ્યું.

વસંત ત્યાંથી વિદાય થયો પણ તેના દિલમાં શંકાના વાદળાં ઘેરાઈ ગયાં. તે મનોગત કહેવા લાગ્યો: "આ જગદીશ અને લીલા માટે શું ધારી લેવું? વખત વહેતો જાય છે તેમ તેમ મારી શંકા દૃઢ થતી જાય છે. એ બે જણ કોઈ અજબ પ્રેમ-નાટક ભજવી રહ્યાં છે અને સુરેશકાકા, એ નાટકમાં ફસાઈ પડયા છે! બે દિન થોભી ગયા હોત તો શું વહી જતું હતું? મારે જ હાથે કામ કરાવવું હોત તો તેમ કરી શકાયું હોત. પણ જગદીશને તેમણે જાતે જ સૂચના કરી કે, હું, તું અને લીલા મુંબાઈ જઈએ! અને પાંચ

હઝારની રકમ! નાણાંનું આવું સ્વરાજ્ય કેવળ લાગણીવશતાને ખાતર!...

"મારી એક શંકાને તો વધુ દઢતા જગદીશના બેંકને લગતા ભાષણ ઉપરથી થઈ. બનાવટી ચેકો, ખોટી સહીઓ, એ બધું તે બોલ્યો હતો શા માટે? કદાચ લીલાને તે આડકત્રી રીતે કાંઈ ચેતવણી આપતો હતો કે? તેઓ બન્ને જણ અગાઉ ક્યાંક મળેલાં છે! તેઓ બન્ને જણ કોઇ જબરદસ્ત ઠગાઈ કરવા અહીં આવ્યાં છે!...મારું ચિત્ત એ એના વિચારોમાં ભ્રમિત થઇ જાય છે!... પણ...જવા દઉં એ માથાઝીક...નહીં તો હું પાગલ બની જઇશ..."

વસંતે આ પ્રમાણે જગદીશ અને લીલા સંબંધી વિચારો બંધ રાખીને સુંદરગામ તરફ પ્રયાણ કરવા નક્કી કર્યું. સુરેશને ત્યાં બે ઘોડાગાડીઓ હતી. એક તેણે ઉપયોગમાં લીધી.

અમૃતનગરથી ચારેક માઇલ દૂર સુંદરગામ આવેલું હતું. ખેતરોના માર્ગે થઇને તેની ગાડી ચાલી ત્યારે પોતાનું મન રોકાયેલું રાખવા માટે તેણે ગાડીવાન સાથે, એ ગામને લગતી વાતો કરવા માંડી. ગાડીવાન સુંદરગામથી પરિચિત હતો. એ ગામમાં એક દેવમંદિર આવેલું હતું. એની પાસે હરિમતિ નામે એક વૃદ્ધા રહેતી હતી. ગાડીવાનની એ સહેજ દૂરની સગી થતી હતી. અગાઉ હરિમતિ એની જુવાનીમાં દાઇ તરીકે કામ કરતી હતી. અમૃતનગરમાં પણ તેણે ઘણાં કુટુંબોમાં દાઈ તરીકે કામ કર્યું હતું. ગાડીવાને જ્યારે એ હરિમતિને લગતી વાતો કરી ત્યારે વસંતને યાદ આવ્યું કે, 'હું નાનો હતો ત્યારે એક હરિમતિ અમારે ત્યાં આવતી હતી તે જ આ નહીં હોય?'

"આપ એને શી રીતે ઓળખી શકશો?" ગાડીવાને પૂછ્યું; "આપ નાના હતા ત્યારે તે જુવાન હતી. આપ મોટા થઈ ગયા અને તે વૃદ્ધા થઇ ગઈ. એનામાં તો બહુ ફેરફાર થઈ ગયો હશે!"

"પણ જેને હાથ હું ઉછર્યો અને રમ્યો છું, અને હું બાર–તેર વર્ષનો થયો ત્યારે ય જે અમૃતનગરમાં અમારે ત્યાં હતી તે જ એ હરિમતિ હશે, તો કદાચ હું તેને નહીં ઓળખું તો ય તે તો મને ઓળખશે જ."

"એ બનવા જોગ ખરૂં; એનો સ્વભાવ ઘણો સારો છે. હેતાળ છે અને દિલની સાફ છે. ગરીબ છતાં યે પરગજુ અને ભલી છે."

"મને એની કેટલીક વાતો યાદ આવે છે. જોઉં છું, જો તે એ જ હશે તો એ વાતો કાઢીશ."

ગાડીવાને સુંદરગામ પહોંચ્યા પછી ગાડી મંદિર તરફ જ લીધી. સવારના આશરે દશ વાગ્યાનો સમય થયો હતો. મંદિર પાસેથી પસાર થતાં અચાનક જ વસંતે ગાડીવાનને કહ્યું: "ગાડી થોભાવ."

ગાડી શા માટે વસંતે ઉભી રખાવી એનો ખ્યાલ પ્રથમ તો ગાડીવાનને ના આવ્યો પણ જ્યારે મંદિરમાંથી ગવાતું એક સંસ્કૃત ગીત વસંત ધ્યાન દઈને સાંભળવા લાગ્યો ત્યારે ગાડીવાનને સમજાયું કે, કેમ તેણે ગાડી ઉભી રખાવી છે.

એ ગીત કાંઈ આલાપ કે તાનપલ્ટા સાથે ગવાતું ન હતું. એ હતી તો સ્તુતિ: સાદી અને સરસ. પણ મીઠા હલકથી અને દિલને ગમી જાય એવી ઢબે તે ગવાતી હતી. ગાડીવાન તેનો અર્થ સમજ્યો નહીં પણ તે ગીત જેમ જેમ આગળ વધ્યું તેમ તેમ તે પોતાની આંગળીઓ પોતાની બેઠક ઉપર ઠોકીને તાલ આપતો રહ્યો. વસંત તો એ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો હતો.

એ ગીત પૂરૂં થયું ત્યારે તે બોલ્યો: "આંબાની ડાળ પરથી જાણે કોયલ ટહૂકે એવો એનો મીઠો સાદ નહોતો ?"

ગાડીવાન કાંઈ જવાબ દેવા તત્પર થતો હતો ત્યાં એ મંદિર-માંથી એક જુવાન બાળા બહાર નીકળી. એણે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ગળામાં રૂદ્રાક્ષની માળા સિવાય બીજાં કંઈ જ આભૂષણ તેણે પહેરેલાં નહતાં. તે પગથીઆં ઉતરતી હતી ત્યારે સૂર્ય-કિરણ તેનાં મોં ઉપર પડતાં હતાં. એને લીધે તેની કુદરતી કાન્તિ કરતાં યે તે વધુ કાન્તિમતી દેખાતી હતી. પણ... પણ... અચાનક જ એનું મોં વસંતને એક બીજી યાદ આપી રહ્યું. તે આશ્ચર્ય-ચકિત થઈ ગયો. તેણે પોતાની આંખો ચોળી જોઈ કે, પોતાને કાંઈ ભ્રમ તો થતો નથી? પરંતુ તેમ કર્યા પછી યે એને લાગ્યું કે, જાણે એ બાળા, પોતાના મનમાં લીલા જાગીરદારની યાદ તાજી કરી રહી છે!

"ના. ના. એ તો મારા મનનો ભ્રમ છે! માણસનું મન ઘણીવાર જેના વિચારોમાં તલ્લીન હોય છે તેનો જ સાક્ષાત્કાર બીજાઓમાં તે કરે છે. માનસશાસ્ત્રના એ નિયમે મને આ બાળા લીલા જેવી દેખાય છે!..." તે મનોગત આમ બોલી રહ્યો ત્યાં ગાડીવાને કહ્યું: "લ્યો, શેઠ, આ હરિમતિ મા આવ્યાં!"

ખરે જ, એક વૃદ્ધા મંદિરમાંથી બહાર આવીને તેનાં પગથીઆં ઉતરતી હતી. આશરે સાઠેક વર્ષની એ હરિમતિ હતી. વસંતે ગાડી-માંથી ઉતરીને જ્યાં એ વૃદ્ધાને પ્રશ્ન કર્યો કે: "મા, મને ઓળખો છો?" ત્યાં આંખના ભમ્મર ઉપર ઉંધી ધરેલી હથેલી રાખીને તેના તરફ થોડીવાર સુધી ખુલ્લી જોઈ રહ્યા બાદ તે બોલી: "યદુરાય શેઠનો વસંતભાઈ કે?"

"હા. મા. તે જ હું. તમે મને ઓળખ્યો ખરો!"

"તું તો મારા હાથમાં રમેલો, મારે હાથે ઉછરેલો. ભાઈ, તને હું કેમ ના ઓળખું?" તે વૃદ્ધા બોલી અને હેતથી તેણે વસંતની પીઠ પર હાથ ફેરવવા માંડયો. ગાડીવાને આ વખતે

ડોશીમા પાસે આવીને કહ્યું: "મા, હું મારા વસંતશેઠને તમારી પાસે લાવ્યો છું."

"કોણ, રઘુ કે ? ઠીક કર્યું, બેટા. આવા મોટા મનખનાં દર્શન તો અમ ગરીબને દેવદર્શન જેવાં દુર્લભ હોય છે."

"દેવદર્શન તો સદાય ખુલ્લાં હોય છે, મા." વસંતે કહ્યું: "હમણાં જ તમે શંકરના મંદિરમાં પૂજા કરીને આવ્યાં અને આ તમારી દીકરી..." વસંતે જુવાન બાળા કે જે દૂર ઉભી રહેલી હતી તેના તરફ આંગળી કરી.

"ભાગીરથી તો મારી ધરમની દીકરી છે. ચાલો, મારે ત્યાં આવો છો ને, મારા નાના શેઠ !"

"મારે તો, બંગાળી વૈદરાજને ત્યાં જવું છે."

"સેનબાબુને ત્યાં જવાનું છે ને ? પછી જવાશે; પહેલાં તો મારી ઝૂંપડીમાં ચાલો."

એ વૃદ્ધાનું મકાન 'ઝૂંપડી' તો નહોતું પણ ગામડાગામમાં એવી ત્રણ ઓરડીઓ વાળું મકાન કાંઇ ખોટું ન ગણાય. મકાનના આગળના ભાગમાં લીપેલીગુંપેલી ખુલ્લી વિશાળ જગ્યા હતી અને તેને કાંટાની વાડ કરેલી હતી. ત્યાં ખાટલો ઢાળી આપવામાં આવ્યો. 'ભાગીરથી' તરીકે જે બાળાનું નામોચ્ચરણ થયું હતું તે મકાનની અંદર ગઇ, એટલે વસંતે સૌથી પહેલો પ્રશ્ન પૂછ્યો:

"માજી, એ કોણ છે ?"

પ્રકરણ ૨૦

ભાગીરથી

હરિમતિનો ચહેરો ગંભીર બની ગયો. સહેજ દયાર્દ્ર સ્વરે તે બોલી:

"એ માબાપ વિનાની એક અનાથ છોકરી છે. સેનબાણુ ગુજરાતમાં આવતા હતા ત્યારે એને બિચારીને પોતાની સાથે લાવ્યા છે. એ આવી ત્યારે તો માંદી હતી. અને થોડાક દહાડાથી સાજી થયા પછી એને એક વિચિત્ર રોગ થયો છે."

"પણ એ કાંઇ માંદી દેખાતી નથી!"

"એટલે જ વિચિત્ર રોગ કહું છું ને, ભાઇ? આખો દહાડો એ ઉદાસ બેસી રહે છે. "મા, મા" એમ કહ્યા કરે છે. કોઈની સાથે ભેળાવું એને ગમતું નથી. અજાણ્યા માણસોને જુએ છે ત્યારે મુંઝાઈ જાય છે અને લોકોનું ટોળું એકઠું થયેલું હોય છે ત્યારે તો તેને એવી અકળામણ થઇ જાય છે કે, તે નાસીને ઘરમાં ભરાઇ જાય છે!"

"વૈદરાજ આટલાં બધાંને સાજાં કરે છે અને આ છોકરીને સાજી નથી કરી શકતા?"

"વૈદરાજે જ એને માટે સોના જેવો ઉપાય બતાવ્યો છે ને? એને દવાની કાંઈ જ જરૂર નથી એમ વૈદરાજ કહે છે. એને કેવળ મગજ ઉપર આઘાત લાગેલો છે તેથી બિચારી આમ હાંફળીફાંફળી ને ગભરાયલી રહે છે, એવું વૈદરાજે બરાબર ચિકિત્સા કરીને જણાવ્યું છે. એને સાજી કરવાનો એકજ ઉપાય એમણે બતાવ્યો છે. એને શાન્તિ આપવી, આરામ આપવો અને બને

તો, તે ખુશ થાય એવી વાતો કરવી. ઉપરાંત, એના દિલમાં પ્રભુભક્તિ ઉત્પન્ન કરવી."

" પ્રભુભક્તિ એ તે કાંઈ ઈલાજ છે ? "

" વસંત શેઠ, એને તમે સંસ્કૃત ગાતાં સાંભળી નથી એટલે જ આમ કહો છો !"

વસંતને મંદિર આગળ સાંભળેલું સંસ્કૃત ગીત યાદ આવ્યું. "તમે મંદિરમાંથી બહાર નીકળ્યાં તે પહેલાં એ છોકરી ગાતી હતી ?"

" હા. વૈદરાજે એને એ સ્તુતિ શીખવાડી છે. અને કહી મૂક્યું છે કે, જ્યારે ગભરામણ થાય ત્યારે એ સ્તુતિ ગાવી. અને કોઈવાર તે ઘરમાં ગાય છે તો કોઈવાર મંદિરમાં જઈને ગાય છે. જ્યારે ભાગીરથી એ ગીત ગાય છે ત્યારે તમે એના મોં તરફ જોયું હોય તો તમને એમજ લાગે કે, કેવી નિર્દોષ ભક્તિથી અને એક ધ્યાનથી ગાય છે ? મેં એક ચમત્કાર જોયો છે. જ્યારે એ ગીત એ ગાય છે ત્યારપછી એને શાંતિ વળે છે. બસ આ જ એની દવા છે, તમે એને જ્યારે કહો ત્યારે એ ગીત ગાશે. એને એ એક જ ગીત આવડે છે. બહુ મહેનતે વૈદરાજે શીખવ્યું છે. વૈદરાજ કહે છે કે, જો એકાદ મહિનો તે આ પ્રમાણે ગાળશે તો, એના મનને લાગેલો કોઈક આઘાત દૂર થઈ જશે."

" એને શો આઘાત લાગ્યો છે ? "

" એ તો શી ખબર ? એ તો પોતાને અનાથ કહે છે. દુનિયામાં મારું કોઈ નથી એમ કહ્યા કરે છે. અને ગભરાય છે ત્યારે 'મા' 'મા' એમ બૂમ મારે છે."

" એની મા કોણ હતી, એ વિષે કંઈ બોલે છે ? "

" ના. અને એવી કોઈ જ દિલગીરી ઉપજાવનારી વાતો એને મોઢે કરવાની વૈદરાજે સાફ ના પાડી છે. વૈદરાજને પોતાને તો

ચોવિસે કલાક દરદીઓની નાડી તપાસવામાં વિતાડવા પડે છે એમ કહું તો ચાલે. એટલે ભાગીરથી બિચારી સાથે સહવાસમાં રહી, એનું જતન કરે એવી કોઇ બાઈની શોધમાં વૈદરાજ હતા. હું એકવાર મારા માટે દવા લેવા ગઇ હતી. વૈદરાજે ભાગીરથીને મારે ત્યાં રાખવા કહ્યું, ત્યારથી હું એને રાખું છું."

"ત્યારે તો એને 'મા' મળી ખરી !"

"વસંત શેઠ! તમને તમારી જનેતાની ખોટ મેં આવવા દીધી નથી. એવી રીતે જ ભાગીરથીની મા બનવા હું મહેનત લઉં છું અને શંકર ભગવાનની કૃપાથી મને એ 'મા' બરાબર ગણે છે. ઈશ્વર કરશે તો વૈદરાજે કહ્યા મુજબ, હું એને આનંદ કરાવી, હસાવી બોલાવી, એક નહીં તો બે મહિને પણ એનું દુઃખ ભૂલાવી દઇશ."

આ વખતે અંદરથી 'મા' 'મા' એવો એ બાળાનો સ્વર સંભળાયો. વસંત ખાટલામાંથી ઉભો થઈ ગયો.

"તમે બેસી રહો, શેઠ. તમારૂં આ કામ નહીં. એનો ગભરાટ હું હમણાં જ દૂર કરી દઇશ." આમ કહીને ડોશીમા મકાનની અંદર ગઇ.

આશરે પંદરેક મિનિટ બાદ તે બહાર આવી અને બોલીઃ "એને મીઠી મીઠી વાતો કરીને મેં ઉંઘાડી દીધી."

"ઠીક; ત્યારે હમણાં તો હું જાઉં છું."

"વૈદરાજને ત્યાં જાઓ છો ને ? પાછા વળતાં અહીં થઇને જજો, નાના શેઠ" એમ કહીને હરિમતિએ એને વૈદરાજના મુકામ તરફનો રસ્તો બતાવ્યો.

રઘુ સહિત વસંત ત્યાંથી નીકળી પડયો.

* * *

વસંત સુંદરગામમાં ત્રણેક દિવસ રહ્યો. કંદર્પની સ્થિતિ સુધારા ઉપર હતી અને સેનઆણુના મુકામથી થોડે દૂર આવેલા એક મકાનમાં તેને રાખવામાં આવ્યો હતો. હરિમતિના મકાનના ચોગાનમાં વસંત અને તેનો ગાડીવાન રોજ રાતે ખાટલા ઢાળીને સુતા અને હરિમતિને આ પ્રતિષ્ઠિત મહેમાનની મહેમાનગિરી કરવામાં આનંદ આવતો.

વસંતનું મન અહીંના વસવાટથી કાંઈક વધુ પ્રફુલ્લ બન્યું. અમૃતનગર અને તેને લગતી ચિંતાઓને તેણે વિસારી મૂકી હતી. જગદીશ કે લીલાનું સ્મરણ તેને થતું નહતું પણ તેને બદલે તેનું મન એક નવા સ્મરણથી ભરપૂર બન્યું હતું. એ સ્મરણ હતું ભાગીરથીનું. વસંતે તેની પ્રકૃતિ વિષેના હરિમતિના શબ્દો ધ્યાનમાં રાખ્યા હતા. એને દુઃખ ઉપજે એવું કાંઈ નહીં કહેવાનું તે લક્ષમાં રાખતો. જે વિષયો તેને ગમતા હોય તેની જ વાતો કરવા તે તત્પર રહેતો.

હરિમતિ, વસંત અને રઘુ વાતો કરતાં ત્યારે ભાગીરથી પ્રથમ તો એમાં ઝાઝું ભળતી નહીં. કોઇવાર તે ઘરમાં બેસી રહેતી; તો કોઇવાર માત્ર શ્રોતા તરીકે તેમની વાતો તે સાંભળતી; અથવા તો, ચોગાનમાં અહીં તહીં ફરતી. વસંત ઘણુંખરૂં તેવે વખતે તેના નિર્દોષ ચહેરા તરફ જોઈ રહેતો. વાતોનો વિષય જ્યારે અમૃતનગર અને સુરેશભુવન વિષે પલટાતો ત્યારે ભાગીરથી તેમાં કાંઈક રસ લઇને ધ્યાન દઈને સાંભળતી એવું વસંતે અનુભવ્યું હતું.

એક પ્રાતઃકાળે હરિમતિ વસંતને તેના બાળપણની કેટલીક વાતો કહેતી હતી ત્યારે ભાગીરથી તેઓની પાસે આવીને બેઠી. વસંતે તેને કહ્યું: "તમે જે સ્તુતિ ગાઓ છો તે ઘણી સારી છે: મારે તે લખી લેવી છે. તમે તે ક્યાંથી શીખ્યાં હતાં ?"

"વેદકાકાએ મને તે શીખવાડી છે."

"તમે મને તે શીખવાડશો ?"

"હું એના અરથ જાણુતી નથી. એકવાર મને વૈદકાકાએ તે સમજાવ્યા હતા પણ હું ભૂલી ગઈ છું. એટલે તમને શું શીખવાડું ?"

"તમે ફક્ત તેના બોલ બોલજો અને હું લખી લઈશ. પછી તમે કહેશો તો હું તે સમજાવીશ."

"ભાગુબેન, હમણાં એ લખે, તું બોલીશ ?" હરિમતિએ પૂછ્યું.

"હા. બોલું છું" અને એમ કહીને તે પલાંઠી વાળીને બેઠી. તેણે હાથ જોડયા અને સ્તુતિ ગાવા માંડી. તે ધીમા અને સ્પષ્ટ શબ્દોમાં ગાતી હતી. તેથી વસંતે બન્યું તેટલું લખી લીધું. એ લખતી વખતે એણે ખાસ નિહાળ્યું કે, ભાગીરથીનો ચહેરો જાણે પવિત્રસલિલા ભાગીરથી નદી જેવો શાંત, સ્વચ્છ અને નિર્દોષ ભાવયુક્ત દેખાતો હતો. એ ગીત ગાઈ રહ્યા પછી એના ચહેરા ઉપર એક પ્રકારની ઔર ઝલક દેખાઈ. એમાં ચિત્તની સ્વસ્થતાની ઝાંખી થતી હતી.

"તમને હું આ ગીત સમજાવું ?" વસંતે પૂછ્યું.

"આજ નહીં. પછી કોઈવાર સમજાવજો. તમારે ત્યાં આવાં ગીતો શું કોઇ ગાતું નથી ?"

"ના. અમે બધાં જે કાંઈ ગાઈએ છીએ તેના અર્થ તરફ ધ્યાન આપતાં નથી. અને અમારે ત્યાં આવી શાંત એકાંત, આવી સાદાઈ, એ બધું નથી હોતું. તમને અહીં ગમે છે ?"

"હા મને ગમે છે. પણ તમારે ત્યાં બીજાં કોણ કોણ છે ? હરિમતિ મા જેવાં મા છે ? તમારા પિતા છે ? તમારા ભાઈ છે ? બહેનો પણ છે ?"

રમેને વાતચીતનું વહેણ ગમગીની તરફ ઉતરી ના જાય તેથી સંભાળપૂર્વક વસંતે જવાબ દીધો: " તમને અમારે ત્યાં આવવું ગમે તો એક દહાડો લઈ જઈશ. અમારાં મકાન મોટાં છે. એમાં મોટા બગીચા છે. એમાં રંગીન અને સુગંધીદાર ફુલ ઉગે છે. હરિમતિ માએ અમારાં મકાન જોયાં છે, ખરું ને મા ? "

"ભાગુબેન, હું તને એક દહાડો જાગીરદારની દીકરી માટે વાત કરતી હતી તેનો વર આ વસંત થાય છે.એ એનાં લગ્ન થવાનાં છે."

" અમૃતનગરના જાગીરદારની દીકરીની તમે વાત કરતાં હતાં તેનો વર ? " ભાગીરથીએ પૂછ્યું : " પણ તમેજ એને જોઈ નથી એમ કહેતાં હતાં ને ? "

"હા. મેં એને જોઈ નથી પણ એનાં ઘણાં વખાણ સાંભળ્યાં છે." હરિમતિએ કહ્યું : " વસંતશેઠ, શું ભાગીરથી કરતાંયે તે વધારે રૂપાળી છે ? પણ હું ભૂલી. એ કયાંથી રૂપાળી હોય ? આની તોલે તો દુનિયાભરની કોઈ છોકરી ના આવે. આ તો ચંપાનું ફુલ છે." અને એમ કહીને હરિમતિએ ભાગીરથીને પોતાની સરસી ખેંચી અને એનું શરીર પોતાના શરીર સાથે દાબીને માનું હેત બતાવતાં વળી પાછું કહ્યું : " જેમ આની તોલે બીજી કોઈ ના આવે તેમ વસંત શેઠ, મારે મન તો, તમારી તોલે કોઇ છોકરો ના આવે."

" પણ હું તો કાળો છું " વસંતે કહ્યું.

" ના તમે કાંઈ સીધી જેવા કાળા નથી. તમે તો કૃષ્ણજી જેવા શ્યામ છો. શ્યામળાં તો સોહામણાં ગણાય, વસંત શેઠ. "

" મા, તમે બહુ આનંદી છો. જો તમે માનો તો હું તમને અને ભાગીરથીને મારે ત્યાં લઈ જાઉં. "

" ના રે, મારા નાના શેઠ ! સેનબાઈ ભાગીરથીને અહીંથી સાજીસમી કર્યા વગર કયાંયે જવા ના દે. તમને કયાંથી ખબર હોય? હંમેશાં એની ખબર કાઢવા માટે પોતાના માણસોને તેઓ અહી,

મોકલે છે. દુધ, ફળ, લીલો મેવો અને એવી વસ્તુઓ રોજ મોકલેછે. કોઇ વાર વખત મેળવીને સહવારના પહોરમાં કે મોડી રાતે પણ પોતાના સુતા પહેલાં તે પોતે આવી જાય છે. ભાગુને એમના વિના ના ચાલે. એમને ભાગુ વિના ના ચાલે. એ બેને છુટાં કરૂં તો મને પાપ લાગે."

"ત્યારે તો અહીં ભાગીરથી સુખ અને સારી સંભાળમાં છે. બાકી હું યે એટલાજ વાસ્તે પૂછતો હતો."

"એ માટે તો કાંઇ ચિંતા કરવાની નથી. બાકી, એકાદવાર તમે બધાં અહીં આવો તો ઠીક પડે. મારા મોટા શેઠ બહુ ઘરડા થઇ ગયા હશે."

"પણ હજી એમનામાં કૌવત ટકી રહેલું છે. હું ત્યાં જઇને વાત કરીશ અને એકાદવાર આ તરફ ઉજાણી જેવું રાખીને બધાંને લાવીશ."

"ઉજાણી માટે અહીંથી એક ગાઉ 'પવન ટેકરી' આવેલી છે, ત્યાં તમને મઝા પડશે."

"પવન ટેકરી? હા, એ જગ્યા તમે ઠીક યાદ કરાવી. એ ટેકરી મેં જોયેલી છે. મારા પિતાજી નાનપણમાં મને તેની ઉપર કોઇ કોઇ વાર ફરવા લઇ જતા. ત્યાં જુના વખતનાં ખંડેરના, મૂર્તિઓના કે ધાતુના સિક્કાના અવશેષો પણ મળી આવે છે. મારા પિતાજીએ એકવાર બુદ્ધ ભગવાનની એક ખંડિત મૂર્તિ ત્યાંથી મેળવી હતી."

"ત્યારે તો, એ જગ્યા તમારી જાણીતી છે. ખરૂંને?"

"હા. પણ મા, એ ઉજાણી અમે ત્યાં રાખીએ ત્યારે તમારે બન્નેએ આવવાનું હોં કે?" વસંતે આમ કહીને ભાગીરથીને પૂછ્યું: "આવશો ને તમે? મારા દોસ્તદારો, પિતાજી, કાકા બધા આવશે."

ભાગીરથી કાંઈ બોલી નહીં. હરિમતિએ કહ્યું: "એ બહુ શરમાળ છે. એની તબિયત સારી હશે તો તે દિવસે જોયું જશે."

આ વખતે ભાગીરથી ડોશીમાના બાહુપાશમાંથી છુટી થઈને ઉઠી. તે કંટાળેલી જણાતી હતી. વસંતે આ બાબત વધારે લંબાવવી ઉચિત ધારી નહીં. તે પણ ઉઠ્યો અને 'કંદર્પને હું જોઈ આવું' એમ કહીને ત્યાંથી ગયો.

જતાં જતાં એને વિચાર આવ્યો : "કેટલી સરળ અને ભોળી બાળા છે? સેનબાબુ સાથે બંગાળામાંથી એક અનાથ માબાપ વિનાની છોકરી તરીકે તે આવી છે. તેને કાંઈક આઘાત લાગેલો છે. 'મા' 'મા' કહ્યા કરે છે. અમૃતનગરની વાતોમાં રસ લે છે. અને એનું મોં, મને કંઇ એવીજ યાદ અવારનવાર આપ્યા કરે છે કે, લીલાની આ બહેન તો ન હોય! બહેનોનાં જોડકાં ઘણી જગ્યાએ આવાં મળી આવે છે. ભાગીરથી અને લીલા, એ બેને એકસરખાં વસ્ત્ર પરિધાન કરાવીને એક સાથે ઉભી રાખી હોય તો કદાચ સુરેશ કાકા પણ ભુલાવામાં પડી જાય કે, સાચી લીલા કઇ? મને યાદ છે કે, એકવાર મેં ઉર્દુ તખ્તા ઉપર શેકસપિયરના નાટક ઉપરથી ઉતારેલું "ભૂલભુલૈયા" નાટક જોયું હતું. મળતા ચહેરાથી વળતી મહોકાણનું એ એક પ્રહસન છે. પેલો નટખટ મર્કટ જગદીશ એવું નાટક ભજવે અને એમાં ભાગીરથી અને લીલાને ઉતાર્યાં હોય તો ફારસ બરાબર ભજવાય!"

પ્રકરણ ૨૧

કુતૂહલ વૃત્તિ

લીલાના તૈલચિત્રની પ્રગતિ થઈ રહી હતી. પ્રતિદિન બે અઢી કલાક સુધી જગદીશની સામે તે બેસતી અને જગદીશ પોતાની પીંછી ચાલુ રાખતો. સુરેશને એ ચિત્ર ઘણું ગમી ગયું હતું. તે ઘણુંખરૂં તે ચિત્રકામ વખતે ત્યાં બેસતો અથવા તો, નજદીકમાંજ ફરતો રહીને અવારનવાર તે તરફ નજર નાંખવા આવતો.

જગદીશને પ્રથમ દિને પોતાનો નિઃસીમ પ્રેમ લીલા સમક્ષ વ્યક્ત કરવાની જે તક મળી તે પુનઃ કદાપિ પ્રાપ્ત થઈ નહીં. પણ તેથી તે પોતાના મગજનું સમતોલપણું નહીં ગુમાવતાં જેવો ને તેવો હસમુખો જ રહેતો.

લીલાએ ચિત્રકામ સિવાયનો વખત. અમૃતનગરનાં ગરીબોમાં ફરવામાં ગાળવા માંડયો હતો. કોઈ વાર ગાડીમાં, તો કોઈ વાર પગે ચાલીને તે ગરીબોનાં મકાનો પાસે જતી; તેઓની ઇચ્છાઓ જાણતી અને તેઓને જે જરૂરીઆતો હોય તે પૂરી પાડતી. જ્યારે તે ક્યાંક આબાળકોને માંદા નિહાળતી ત્યારે ગામના ડાકટરને બોલાવીને તેઓને દવા અપાવતી; તેમને ખોરાકમાં દૂધ કે ફળાદિ લેવા ડાકટર ફરમાવે તો તે માટે તે બંદોબસ્ત કરી આપતી. ટાઢે થથરતાં ઝૂંપડાંવાસીઓને ઓઢવા માટે તે ધાબળા પૂરા પાડતી. અનાજની તંગીવાળાઓને અનાજ પૂરૂં પાડતી. અને જેમનાં બાળકો તંદુરસ્ત માલુમ પડતાં તેઓને અક્ષરજ્ઞાન આપવા તે જાતે કોશિષ કરતી.

લીલાનું આ પ્રકારનું સેવાકાર્ય ગરીબોને ઘણું રુચિકર થઈ પડયું અને તેઓ તેને આશીર્વાદ આપવા લાગ્યાં. અમૃતનગરમાં ચોમેર આ વાત ફેલાઇ ગઇ અને એને લીધે લીલા લોકપ્રિય બની ગઈ. ઘણીવાર કોઈ આજારી વૃદ્ધ, તેની સેવાસુશ્રૂષાથી સાજો થતો ત્યારે બીજાને મોઢે એવું કહેતો માલુમ પડતો: "એ તો દયાની દેવી છે. એનામાં પૈસાદારની મગરૂરી નથી. ગરીબોનાં ગંદાં ઘર કે કપડાં જોઈને તેને સૂગ ચઢતી નથી. પણ તે તેમની પાસે જઈ, તેમને સ્વચ્છ રહેવા શિખામણ આપે છે અને સ્વચ્છતા રાખવા માટે સાબુ પણ આપે છે. જો બધા પૈસાદારો આવા હોય તો આ દુનિયા છોડી જવાની મારા જેવા બુઢ્ઢાને પણ ઈચ્છા થાય નહીં !"

કોઈ વૃદ્ધ સ્ત્રી કહેતી: "ગરીબની દાઝ જાણનાર આવી તો કોઈ રૂપાળી જુવતી મેં આજ સુધી જોઇ નથી. એને મગરૂરી નથી; ખુમારી નથી અને ગરીબો તરફ ધિક્કાર નથી. એની આંખમાંથી અમી ઝરે છે; અને એ અમી એવાં જાદુગારાં છે કે, સુકાં ઝાડ લીલાંછમ બની જતાં હોય તેમ બુઢ્ઢાંઓનાં હ્રદય પણ જુવાન બની જાય છે. ઘણું જીવો એ બ્હેન અને ઈશ્વરના બધા આશીર્વાદ એના પર ઉતરો."

તે ગામના સિમાડામાં જઈને ત્યાં ચરતી ગાયોનાં શરીર પર હાથ ફેરવતી; ગામનાં કુતરાંને રોટલા નાખતી અને કોઈ કોઈવાર તો સિમાડામાં ઝાડે ઝાડે કૂદતાં વાંદરાંને પણ ખાવા માટે એકઠાં કરીને તેઓની ધિંગામસ્તી તથા કૂદાકૂદ નિહાળીને આનંદ પામતી.

શહેર બહાર ફરતી ફરતી તે એકવાર એક ખંડીએર આગળ ગઈ, ત્યારે તેમાંથી તેણે ઈલાને બહાર નીકળતી દીઠી. ઇલાની નજર લીલા પર પડતાં જ તે બોલી: "અહો, લીલા બેન, તમે અહીં કયાંથી ?"

"અમસ્થી ફરવા જ; પણ તમે ?"

"મને તમારો ચેપ લાગ્યો ! અહીં ખંડીએરમાં એક ગરીબ દરદી માણસ રહે છે એમ મારો ગાડીવાન કહેતો હતો. હું તેને માટે પૈસા અને દવા લાવી હતી. તમે ગરીબોની સેવા કરો છો એટલે એ સારા કામનું મેં અનુકરણ કર્યું."

"ઘણું ઠીક કર્યું" એમ કહીને લીલા, ખંડીએરની અંદર નહીં જતાં ઇલા સહિત પાછી વળી. ઇલાને એ ઠીક લાગ્યું કારણકે, જો લીલા અંદર ગઈ હોત તો રમતારામને તેણે જોયો હોત કે જેને એકવાર તેણે જોયો હતો. રમતારામ ગરીબ દેખાતો હતો પણ દરદી જેવો દેખાતો નહતો. લીલા ખંડીએરમાં ગઈ નહીં તેથી ઇલાએ પોતાની વાતની વધુ ચર્ચા કરી નહીં અને બંને જણ ઘર તરફ જવા લાગ્યાં.

જો લીલા દશેક ક્ષણ પહેલાં તે ખંડીએરમાં ગઈ હોત તો તેણે ઇલા અને રમતારામની પોતાના વિષે જ વાતો સાંભળી હોત. પાંચ–સાત દિન થવા છતાં રમતારામ ઇલાના ઘર તરફ ગયો નહતો તેથી ઇલાને ચટપટી થઈ હતી. વસંત સાથે પોતાનાં લગ્ન કાંઇ પણ બક્ષિસ લીધા વગર એ રમતારામ જોષી કરાવી આપશે, એવી જે વાત ઇલાને તેના ગાડીવાને કહી હતી તે બાબતમાં રમતારામ સાથે વધુ ખુલાસાથી વાત કરવા તે ઇચ્છતી હતી. આથી તેની લાંબી ગેરહાજરીને લીધે તે જાતે જ તેની શોધમાં નીકળી પડી.

રમતારામ ખંડીએરમાં બેઠો હતો ત્યારે તે ત્યાં જઇ પહોંચી. "તમે જ રમતારામ કે ?" તેણે તેની નજદીક જતાં પૂછ્યું.

"હા. સન્નારી. તમારો આવરદા લાંબો છે. હું તમારા વિષેજ વિચાર કરતો હતો."

"શા વિચારો કરતા હતા ?"

"જાગીરદારનાં દીકરી તમારાં ખાસ સહીપણી ાય છે; ખરું ને ?"

"હા. એમ છે તો ખરું. તમને એના માટે પૂછપરછ ારવાની કેમ જરૂર પડી ?"

"એનું કારણ એ કે, મને રૂા. અઢીસો એ સન્નારી વડે ળવાના હતા; પણ વસંત શેઠે તે ગુમાવ્યા !"

"તમારી વાત સ્પષ્ટતાથી કહો તો સમજાય."

"તો સાંભળો. લીલા બહેન જાગીરદાર વિષે ઢાકા અને ીજાં શહેરોમાંથી માહિતીઓ એકઠી કરીને તેમને શોધી ાઢનાર ગુપ્તચર હું છું."

"એને બહારગામથી શોધી લાવનાર તો વસંતરાય હતા, ેમ કહેવાય છે."

"પણ મૂળ શોધક હું છું. મને અઢીસો રૂપીઆ આપવાના રાવીને લીલાદેવીની માતાની તસ્વીર આપીને તેમની શોધનું કામ ોંપાયેલું. હિંદનાં જુદાં જુદાં ગામોમાં મેં તેમની પૂંઠ પકડી હતી. ાલો હું ઢાકા ગયો હતો. ત્યાંથી તે મુસાફરીએ ઉપડી ત્યારે હું ાદુરસ્ત તબિયતને લીધે સહેજ મોડો પડયો. હું તેનો પરિચય ઠ અહીં લગી આવીને આપી શકયો હોત પણ અધવચ્ચ વસંત ાઠનો અને તેનો મેળાપ થયો અને તે લાવ્યા."

"તમને પૈસા કોણ આપવાનું હતું ?"

"સુરેશરાય જાગીરદારના મુંબઈના ધારાશાસ્ત્રીઓ."

"તેઓ કોણ છે ?"

"મેશર્સ જમુભાઈ બળવંતરાય એંડ આદમજીની કંપની. ા સોલિસિટરોની પેઢી છે. તેઓએ મને કામ સોંપેલું. તેઓ પાસે

જ્યારે હું પૈસા લેવા ગયો ત્યારે તેમણે ના આપ્યા. તેનું કારણ વસંત શેઠ લીલાને શોધી લાવ્યા તે હતું."

"તમારી વાત સાચી હોય તો તમે જાગીરદારને મળીને તમારી મહેનતનો બદલો લઈ શકો છો."

"પણ તેઓને કહે ભાગ્યેજ કાંઈ વળે. પૈસા તો મારે તેઓ પાસેથી લેવાના હોય જેઓએ મને કામ સોંપ્યું હોય; અને બીજાઓ તે બાબતમાં દાદ દે નહીં."

"તો પછી એ વિષે તમે બીજાઓ આગળ ફરીયાદ કરો, એ નકામી છે. તમે આ બાબત પડતી મૂકો."

"મેં એમ કર્યું હોત પણ તમારે લીધે તે બાબત મેં ચાલુ રાખી છે. નાણાંને લગતી ફરિયાદ મેં ફક્ત તમારી આગળજ કરી છે. આનું એક કારણ એ છે કે, શ્રીમતી લીલા જાગીરદારનાં આપ જો કે દેખીતી રીતે સહીપણી છો, પણ આપનું હૃદય એને ધિઃક્કારે છે!"

ઈલા ચોંકી. જોકે એના અંતરની એ વાત હતી તોપણ આવી રીતે એક અજાણ્યો માણસ એ કહે તે વ્યાજબી નહોવાથી તે બોલીઃ "તમો વિચિત્ર વાતો કરો છો!"

"આપ માઠું ના લગાડશો પણ અમે ગુપ્તચરો સામા માણસનાં હૃદય માપી શકીએ છીએ. આપનું દિલ લીલાદેવીથી એટલા માટે નારાજ છે કે, આપનાં અને વસંત શેઠનાં લગ્નમાં તે આડખીલી રૂપ છે. જો આપ મને સહેજ મદદ કરો તો એ આડખીલી દૂર કરી દઉં."

"કેવી રીતે તમે એ મદદ કરવા માગો છો?"

"આપને કાંઈ જ પૈસા આપવા પડે તેમ નથી; અથવા તો બીજું કાંઈ કરવાનું નથી. ફક્ત, લીલાદેવીના એકાંત ભુવનમાં આપે જવાનું છે અને હું આપને કહું તે વસ્તુ લાવી આપવાની છે."

"તમે તો મૂરખ છો. એવાં કામ તો કોઈ નોકરો કરે! અને એવી કોઈ ચીજ તમને લાવી આપવાની મારે શી જરૂર?"

"વસંતશેઠ સાથે તેનાં લગ્ન થતાં અટકે અને તે બાઈ બદનામ થાય, એ તેનો હેતુ છે."

"બદનામ? એ શા વાસ્તે બદનામ થાય? એના જીવનમાં શું કાંઈ કલંક છે?"

"એના જીવન વિષે તમે લોકો જે કાંઈ જાણતાં નથી તે હું જાણું છું."

"તમે શું જાણો છો? શું તે કોઈ નાટકીઆણ હતી?"

"આપ તો વાતનું વહેણ આડે રસ્તે લઈ ગયાં. આપ પ્રથમ મને એટલો વિશ્વાસ આપો કે, લીલાદેવીના એકાંત ખંડમાં આપ જઈ શકશો અને મારી કહેલી ચીજ લાવી આપશો, તો, હું આપની સાથે કાંઈ વધારે વિશ્વાસપૂર્વક બોલી શકું."

"એવું તો હું કાંઈ કરી શકું નહીં. તમે અણછાજતી માગણી કરો છો."

"પણ આ બાબતમાં કોઈ નોકરને વિશ્વાસમાં લઈ શકાય તેમ નથી. હલકા માણસો વિશ્વાસનો ભંગ કરે અને કદાચ બીજાની લાંચ લઇને આપણાં કામ બગાડી નાંખે. આથીજ ઉદાર અને ખાનદાન માણસોનો વિશ્વાસ હું ચાહું છું."

"તમે કઈ ચીજ માગો છો?"

"એ કહેવાનો સમય હજી આવ્યો નથી; તેમ કોઇ ચીજ અત્યારે મને જોઈતી નથી. હાલ તુર્ત તો આપ એટલું જ કરજો કે, લીલાના જીવનમાં કાંઇક ભેદ છે એવું ખ્યાલમાં રાખીને તેની હીલચાલ પર બારીક નજર રાખશો. અમે ગુપ્તચરો બારીક નજર કેવી રીતે રાખીએ છીએ તે આપને સમજાવું. કોઈવાર અમે અચા-

નક જ શિકારના ઘરમાં જઈ પહોંચીને તેના કોઈ ખાનગી કામનો ભેદ મેળવી લઇએ. તેનાં ખાનગી આચરણ કેવાં છે, તેને શું પ્રિય છે, શું અપ્રિય છે, એ બધાની માહિતી મેળવીએ. આપ હાલ તુર્ત એટલું કરશો અને એની નોંધ કરી લઇને મને ખબર આપશો તો બસ થશે."

આ વખતે બહારના ભાગમાં કોઈકનાં પગલાં સંભળાયાં એટલે રમતારામે કહ્યું: "કોઇ આવ્યું. આપ જાઓ. હું આપને ફરીથી મળીશ." અને ઈલા તુર્ત જ ત્યાંથી બહાર નીકળી ગઈ. એને તે વખતે લીલાનો મેળાપ થયો હતો.

ઘેર જઇને ઈલા વિચારમાં પડી ગઈ. વસંત સાથે લીલાનું થનારૂં લગ્ન અટકી પડે એવું તે અંતઃકરણથી ઇચ્છતી હતી. એવું કરવા રમતારામ ઇચ્છતો હતો અને લીલા બદનામ થાય તે વાસ્તે તેના ઉપર બારિક દેખરેખ રાખવા તે કહેતો હતો. લીલા પાસેથી કોઈ ચીજ લાવવા તેણે સૂચવ્યું હતું, જે ચીજનું નામ તેણે દીધું નહતું. લીલા પ્રત્યેના આંતરિક ધિક્કારની ઇલાના દિલની ઇચ્છા રમતારામે કહી બતાવી હતી. તે ઉપરથી ઈલાને લાગ્યું કે, આ માણસ જે કાંઈ કહે છે તે કરતાં વધારે જાણે છે. તેની સૂચનાઓ ઉપયોગમાં આવે કે નહીં અથવા તો તે દ્વારા કાંઇ અર્થ સરે કે નહીં તોપણ કુતૂહલ વૃત્તિને ખાતર લીલાની ઉપર છૂપી દેખરેખ રાખવામાં કાંઈ ગેરવાજબી નથી.

પ્રકરણ ૨૨

કિયે માર્ગે ?

બે દિવસ વિત્યા અને રમતારામ ઇલાના ઘર પાસે રખડતો દેખાયો. તે કોઈ ભામટાની માફક રખડતો નહતો પણ આવતા જતા લોકોના હાથ જોઈ, રમલના પાસા નાંખી, તેમની રાશિ અને ઉંમર પૂછી કુંડલી બનાવી જોષ જોતો. કોઈને કહેતો કે, તમને પૈસાદાર બૈરી મળશે; કોઈને કહેતો હતો કે, તમને નૈઋત્ય કોણમાંથી દાટેલો ખજાનો મળશે; કોઈને કાંઈ અને કોઈને કાંઈ, એમ તે જોષ જોઈ, આનો બે આના લઈ, લોકમાં જ્યોતિષ વિદ્યાના ચમત્કારનો પ્રચાર કરતો.

ઇલાએ પોતાના ઘરની બારીમાંથી એને જોયો. ગાડીવાન ઝાંપામાં ઉભો ઉભો જોષીરાજની જ્યોતિષ વિદ્યાનો પ્રભાવ જોઈ રહ્યો હતો. લોકોને એના કહેલા જ્યોતિષથી લાભ થતો હતો કે કેમ તે લોકો જાણે પણ જોષીરાજ તો આના ઉપર આનાનો થોક ખિસ્સામાં જમાવતા હતા ! ઇલાએ ગાડીવાનને તેને ઘરમાં બોલાવવા કહ્યું. બે હાથ જોડી નમસ્કાર કરતો તે આવ્યો અને ઇલાનો હાથ જોવા લાગ્યો. વસંત સંબંધી આશાભરેલા બે શબ્દો કહીને તેણે ઉમેર્યું: " આપનાં લગ્ન તો પ્રતિભાશાળી અને પ્રતિષ્ઠાપાત્ર પૈસાદારને ત્યાં થાય એવો યોગ છે; પણ વચમાં શનિનું નડતર છે. તે દૂર કરવું જોઈશે. આપની પાસે હસ્તાક્ષર છે ? "

" હસ્તાક્ષર તે કાંઈ પાસે લઈને ફરૂં ? કહે તો લખી આપું. " ઇલાએ કહ્યું.

આમ તેમ આડું અવળું જોઈને કોઈ જોતું નથી એમ નિહાળીને રમતારામ બોલ્યો: " આપના નહીં, લીલા જાગીરદારના ! "

"ના. એના તો ક્યાંથી હોય ?" ચોંકીને ઇલાએ ધીમે સ્વરે કહ્યું.

"ત્યારે આપે હજી આપની કામગિરી બરાબર બજાવી નથી. એના હાથની કોઈ ચિઠ્ઠી મેળવો. એ ચિઠ્ઠીમાં એની સહી મેળવો. અને પછી મને આપો."

"એ કેવી રીતે બને ?"

"વાહ ! તમે કોઈ બહાનું કાઢીને એને ત્યાંથી કોઈ ચીજ મંગાવો. દાખલા તરીકે, જેનો જવાબ તેને નકારમાં આપવો પડે એવી ચીજ મંગાવો; અને તેને હસ્તાક્ષર કાગળ પર મૂકવાજ પડે એવી આડકત્રી ફરજ પાડો. બસ પછી બેડો પાર."

"બેડો પાર ? એમાં તારો હેતુ શો છે, રમતારામ ?"

"ઘણોજ પવિત્ર; ઈલાદેવી, આપના માર્ગમાંથી તેનો કાંટો જાય અને આપનાં લગ્ન નિર્વિઘ્ને વસંતરાય થાય, એજ એનો હેતુ છે. બધું મને ના પૂછશો. તમારા હિત માટે મેં આ સૂચના કરી છે."

"પણ ખુલ્લું નહીં કહો ત્યાં સુધી હું 'ના' જ પાડીશ."

થોડોક વિચાર કરીને ફરીથી એ ગુપ્તચરે આમ તેમ જોઈ કોઈ નથી એમ ખાત્રી કરી જોઈ અને એ બાદ કહ્યું:

"સાંભળો, થોડાક દિવસ ઉપર લીલાબ્હેન, જાગીરદાર શેઠ પોતે અને પેલો જગદીશકુમાર, જેણે નાટકમાં લીલાબ્હેન સાથે કામ કર્યું હતું, તેઓ મુંબાઈની "ધી ન્યુ નેશનલ મ્યુચ્યુઅલ કોઓપરેશન બેંક લી." માં જઈ લીલાબ્હેનનું ખાતું ઉઘડાવી આવ્યા છે અને એ બ્હેન ઘણાઓને ચેક આપીને પૈસાનાં દાન કરે છે."

"એ તો હું જાણું છું. એમાં તેં શું નવું કહ્યું ?"

"એવો એક ચેક મારી પાસે આવ્યો છે, એ તમે જાણો છો ? કબૂલ કરો કે નથી જાણતાં."

"તમારી પાસે ચેક શા બદલ આવ્યો ?"

"જોષ જોવા બદલ! પાંચ રૂપીઆનોજ છે. મુંબઈની એ બેંકમાં તેઓ જે દહાડે ગયાં તે દહાડે હું તેઓ ન જાણે તેમ તેમની પાછળ ગયો હતો અને પછી બેંક આગળ પગથાર ઉપર 'ફરતા જોષી' તરીકે બેસી ગયો હતો. તેઓ બહાર નીકળ્યાં ત્યારે મેં આશીર્વાદ આપી તેને રૂચિકર ટીકા કરી તેનું ધ્યાન ખેંચ્યું. તે ગાડીમાં બેઠી અને મેં તેની ભવિષ્યવાણી ભાખી. તેણે તે ઉપરથી પોતાનો હાથ મને બતાવ્યો, અને મેં તેનું ભવિષ્ય કહ્યું. જગદીશ કુમારે એ વખતે ટીકા કરી કે, 'આને સરસ ભવિષ્ય જોતાં જોકે આવડતું નથી પણ નભી શકે એવું આવડે છે કે જે મારા જેવોયે કહી શકે! પરંતુ એના ધંધા પર મારે તરાપ મારવી નથી એટલે જે રકમ એને દક્ષિણા તરીકે આપવી હોય તે તમે ચેકની અજમાયશ કરવા ખાતર ચેકથી આપો.' કૌતકને ખાતર એ વિચાર એને ગમી ગયો અને એણે મને પાંચ રૂપીઆનો ચેક આપ્યો."

આમ કહીને જોષીએ ઈલાને પોતાનો ચેક દેખાડયો. અને કહ્યું: "હવે મારે આ જાતની જ એની સહી જોઇએ છે; કારણ કે, આ ચેક તો બેંકમાં જવાનો એટલે મારી પાસે તેનો નમૂનો નહીં રહેવાનો!"

"પણ તમે એ સહીને શું કરશો?"

"એનો કાંઈ ગેરઉપયોગમાં કરવાનો નથી. એવી જ બનાવટી સહી કરીને બેંકમાં ખોટો ચેક રજુ કરવાનો નથી, પણ મારી પાસે કેટલીક સહીઓના નમૂના છે તે સાથે તે રાખી મૂકવો છે. મેં એવું તો હઝાર-પંદરસો સહીઓનું 'આલ્બમ' બનાવેલું છે... અને એક ખાસ કારણ તમને એકલાંને જ કહું છું...એની સહી સાચી નહીં હોવાનો મને શક છે અને તેથી હું તે માંગું છું..."

ઈલા વિચાર-તંદ્રામાં પડી. "હવે દરિયામાં ઝંપલાવ્યું છે તો પાછાં ન હઠો. હવે તો 'આગે બઢો' એ રણભેરીથી કામ કરો. આપ થોડા વખતમાં જોશો કે, આ ગુપ્તચર રમતારામે કેવા ચમત્કારથી લીલાની આસપાસનો એક ભયંકર ભેદ ખોલ્યો છે! પણ એની મુખ્ય શરત, આપણા કરાર મુજબ, તમારે મને સહાયક થવાની છે. તમે સહાય નહીં કરો તો તમે જોતાં રહેશો અને એ 'ભાયડો' એને પરણી જશે!"

માણસના વિચારોની રગ પારખીને વાત કરવા ટેવાયલા રમતારામનાં છેલ્લાં વેણે ઈલાને વીંછીના ડંખની માફક ચમકાવી અને તેણે લીલાની સહી મંગાવવા કબૂલ કર્યું.

"અનુભવીઓ કહી ગયા છે કે, 'કાલે જે કરવાનું છે તે આજે કર. આજ કરવાનું છે તે અત્યારે કર. વખત વહી જશે તે પછી તું તે ક્યારે કરીશ?' માટે હમણાં ને હમણાં કૃપા કરીને એક ચિઠ્ઠી લખીને તેનો જવાબ મંગાવો."

"પણ એમાં શું લખું?"

"લખો હું લખાવું." અને એ ગુપ્તચરે એવી કેટલીક બે-ચાર માગણીઓ કરતી ચિઠ્ઠી લખાવી કે, જેનો જવાબ દીધા વિના લીલાને ન જ ચાલે.

આશરે વીસ ક્ષણ વિતી ચૂકી ત્યારે ગાડીવાન મારફત મોકલેલી એ ચિઠ્ઠીનો જવાબ આવી ગયો અને ઈલાને નમન કરીને રમતારામે તે જવાબ પોતાના ખિસ્સામાં મૂક્યો. બાદ તે ઉઠ્યો અને શિકાર પર દેખરેખનું કામ ચાલુ રાખવા સૂચના આપી ચાલ્યો ગયો.

ઈલા ઘડીભર વિચારતંદ્રામાં બેસી રહી. કંઈક વારે ઉઠીને તે બોલી: "હું નથી સમજી શકતી કે, હું કિયે માર્ગે જાઉં છું? એનું એ કહેવું તો ખરૂં છે કે, એક વાર ઝંપલાવ્યા પછી હવે

પાછાં ન હઠો." તેણે નિસાસો નાંખ્યો અને મનોગત કહ્યું: "જે થાય તે ખરૂં! એનો ભેદ જાણવા માટે મદદ તો કરવી જ!"

તે "મદદ તો કરવી જ" એ શબ્દો સહેજ મોટેથી બોલી એટલામાં અખિલ ત્યાં આવી લાગ્યો અને બોલ્યો: "કોને મદદ કરવાની છે?"

"ભાઈ" ઈલાએ બહાનું કાઢયું: "તમે જાણ્યું કે? લીલા ગરીબોને મદદ કરી રહી છે. તેની વાહ વાહ બધેજ બોલાય છે. હું પણ ગરીબોને મદદ કરવા વિચાર કરતી હતી."

અખિલે મોટેથી સંભળાય એવો નિસાસો નાંખ્યો. ઈલાએ તેનું કારણ પૂછતાં અખિલ બોલ્યો: "ક્યાં તે અને ક્યાં તું? તે તો સાચા દિલથી ગરીબોની સેવા કરે છે અને તું તો દેખાદેખી તેમજ કીર્તિ મેળવવા ખાતર સેવા માટે તત્પર થઇ છે! માઠું ના લગાડીશ; પણ અનુકરણિયાવેડા જ નુકશાનકારક છે!"

"અને તું તો જાણે કોઈનું અનુકરણ નહીં કરતો હોઊ? લીલા પ્રત્યે તને આટલો બધો પ્રેમ છે તેથી જ બધાંનું અનુકરણ કરીને તું તેનાં વખાણ કરે છે; ખરૂંને?"

ફરીથી અખિલે નિસાસો નાંખ્યો; અને કહ્યું: "'ઘાયલકી ગત ઘાયલ જાને, દૂજો ન જાને કોય.' તેમ ઈલા, અંતરના વિશુદ્ધ પ્રેમનો તને ક્યાંથી ખ્યાલ હોય? હું લીલાને વખાણું છું તે કોઈના અનુકરણથી નહીં પણ મારા જિગરમાં એની પ્રતિમા રમી રહી છે તેને ખાતર; અને હું તેની આગળ મારો પ્રેમ કદાપિ જાહેર કરવાનો નથી કારણ કે, હું જાણું છું કે, બબ્બે જણ તો તેના ખુલ્લા પ્રેમી છેજ. એમાંથી એકને જ્યારે નિરાશા મળશે ત્યારે એની ગતિ કેવી થશે એ હું જાણું છું. હું તો મારી આશાઓના બાગમાં જ પ્રેમસુગંધિ લઇને ફરતો રહીશ. મારો પ્રેમ પ્રકટ નહીં થાય. એ પ્રકટ કરીને નિરાશા મેળવું એવી સ્થિતિ મને

નહી જોઈએ. સાચો પ્રેમી તે છે, જે હૃદયમાં પ્રેમ સમાવી જાણે છે. હું એ જાતનો માનવી છું."

ઈલા હસી પડી અને બોલી: "આવા વિચારો ધરાવીને તું કિયે માર્ગે જાય છે, એજ હું તો સમજી શકતી નથી!"

"બરાબર! જેમ તારા વિષે હું મારા મનમાં સવાલ કરૂં છું તેમજ તું મારા વિષે સવાલ કરતી જણાય છે! પણ એમજ હોયને? બહેન અને ભાઈની પ્રકૃતિ તો એક સરખી જ હોયને?"

"વારૂ, વારૂ, બા કે પિતાજી આગળ આવા ગાંડા ગાંડા વિચારો પ્રકટ ના કરીશ, સમજ્યો?" અને એમ કહીને તે ઘરમાં જતી રહી.

પ્રકરણ ૨૩

●

મનોયાતના

●

જ્યારે ઈલા અને વસંત મળતાં કે લીલા અને વસંત મળતાં ત્યારે પ્રેમદેવતા જાણે જગત તજીને જતા રહ્યા હોય એવી વસ્તુસ્થિતિ બની રહેતી પણ જ્યારે લીલા અને જગદીશ મળતાં તેમજ ભાગીરથી અને વસંત મળતાં ત્યારે જાણે કોઈ બંધ પેટીમાંથી બહાર નીકળવા માટે પ્રેમદેવતા તરફડીઆં મારતો હોય એવી વસ્તુસ્થિતિ બની રહેતી. લીલાનું ચિત્ર પૂરૂં થવાની તૈયારીમાં હતું તે દરમ્યાન જગદીશની અન્ય પ્રવૃત્તિ ગામના માણસોમાં ભળવાહળવાની રહી. કોઈ વાર તે રામદાસને ત્યાં જતો અને ઈલા, અખિલ તેમજ યશોધરા સાથે ગપ્પાં મારતો. રામદાસ શેઠની અવરજવર મુંબાઈ અને અમૃતનગર વચ્ચે ચાલુ રહેતી. મીલ અંગે તેઓ અઠવાડીઆના પાંચેક દિવસ મુંબાઈ જતા અને એએક દિવસ અમૃતનગરમાં ગાળતા; કોઈવાર આખુંયે અઠવાડીઉં મુંબાઈમાં જ ગાળી નાંખતા. ગામના હેડમાસ્તર, ડાકટર, મુખી અને સ્થાનિક ગ્રામમંડળના પ્રમુખને ત્યાં પણ જગદીશ જતો. વસંતના વૃદ્ધ પિતા યદુરાય પાસે પણ તે જતો અને મુંબાઈની આઠ–દશ વર્ષ ઉપરની જીવનકહાણીઓની ચર્ચા કરતો. આ બધા મિલનપ્રસંગોમાં જગદીશે સર્વ ઉપર એક સરખી છાપ પાડી હતી અને તે એ કે, જગદીશ હસમુખી પ્રકૃતિનો અને અનેક પ્રકારની માહિતીઓ ધરાવનાર કલાકાર છે. યદુરાય ઉપર એક વધુ છાપ એવી પડી કે, જગદીશ એક સંપૂર્ણ સદ્‌ગૃહસ્થ છે.

જગદીશનું સ્મિત, જગદીશનો વિનોદ અને જગદીશની અનેકવિધ માહિતીઓથી અમૃતનગરમાં તે એક લોકપ્રિય મહેમાન

બની ગયો. લીલાને જ્યારે ચિત્ર માટે બેસવા તેની નોકરડી રાધા મારફત તે કહેણુ કહાવતો ત્યારે હંમેશાં એનું કહેણ વિવેકી અને માનસૂચક રહેતું: "શ્રીમતી લીલાદેવીને હમણાં ચિત્ર માટે બેસવા અવકાશ છે કે?" "તેઓ ચિત્ર માટે બેસવા થોડીક ક્ષણોની ફુરસદ ફાજલ પાડી શકશે કે?" અને જ્યારે તે આમ કહાવતો ત્યારે લીલા એ કહેણને વિનતિ કે યાચના રૂપ નહોતી ગણતી; પણ જાણે આજ્ઞા હોય એમ ગણતી અને તુર્ત જ પોતાનું બધુ કામકાજ પડતું મૂકીને જતી. તેઓ કાયમ તે છજ્જામાં જ બેસતાં, જેમાં જગદીશે પોતાનું 'ગુલામીનું બંધન' કબૂલ કર્યું હતું. ચિત્રકામ દરમ્યાન, લીલાનું હૃદય એ 'ગુલામ'ની અદા અને છટાથી અત્યંત સંમોહિત થઈ જતું. જેમ જેમ તે તેને જોતી તેમ તેમ તેનું અંતર કહેતું કે: "આ મારો સ્વજન છે. ખારા જળમાં આ એક વીરડી છે." એ એની આંખો એકવાર નહીં, અનેકવાર મળતી ત્યારે લીલાને લાગતું કે, જગતભરના સ્નેહનો વાસ જગદીશની આંખોમાં છે. એમાંથી કેવળ અમી વર્ષતી; સહેજ પણ સંતાપ, વેદના કે ક્રોધના ભાવ એમાં દેખાતા નહીં. જ્યારે જગદીશ કોઈ વાર એની છેક જ સમીપ જઈને પોતાના હાથથી એનું મસ્તક અમુક સ્થિતિમાં રાખવા સ્પર્શ કરતો ત્યારે તે એટલો બધો તેની અડોઅડ રહેતો કે, માત્ર બન્ને વચ્ચે દોરાપૂર અંતર રહેતું, અને ત્યારે......

લીલાના ચિત્તમાં એક સ્વપ્ન જાગૃત થતું. જાણે કલકત્તાના પોતાના એકાન્ત મકાનના દરવાજામાં એ ઉભો છે અને અનન્ય એકનિષ્ઠાથી કહી રહ્યો છે: "જો તમારો અંતરાત્મા આ ચુકાદો આપતો હોય કે, દીપ પર પ્રાણ ઓવારતા પતંગની પેઠે મારે પણ ડૂલ થવું તો અવશ્ય હું તે મસ્તકે ચઢાવીશ......" "જો મારી કસોટી કરવા તમારો ઇરાદો હોય તો તમારી ઇચ્છામાં આવે તે શરત રજુ કરો......"

જ્યારે ચિત્રકામ દરમ્યાન કોઈવાર અમુક જાતના ભાવ મોં પર રાખવાની સૂચના આપતાં જગદીશનું મુખ, લીલાના મુખની છેકજ નજદીક જતું ત્યારે પરસ્પર નીકળતા શ્વાસોશ્વાસ જાણે હવામાં એક થઈને અબોલ શબ્દ ઉચ્ચારતાઃ "ગુલામ! શરીર અને મનથી વેચાયેલો ગુલામ!" લીલાને એ વખતે પ્રશ્ન ઉઠતોઃ "એની આ ગુલામી કેટલી બધી ઉત્કટ છે!" તે અળક-લાપણાથી કે આવેશથી જગદીશને સ્વર્શવા સ્હેજ માત્ર કોશિષ કરતી નહીં; પણ આ 'ગુલામ'નું સાંનિધ્ય જાણે સદાકાળ પોતાની આસપાસ કોઈ કવચની માફક રહે તો કેવું સારૂં, એમ તે ઇચ્છતી. જાણે તે પોતાની ઢાલ છે; પોતાના મનની લાગણીઓનો પૂરો સરંક્ષક છે, એમ તે અનુભવતી. જગદીશની જીભમાં સંયમનો જાદુ હતો. ભૂતકાળની એક પણ વાત એના હોઠ બહાર નીકળી નહતી; કોઈની આગળ એ વિષે લીલાને એણે હલકી પડવા દીધી નહતી. તેના મનની લાગણીઓને આઘાત ન પહોંચે એવી એ 'ગુલામ'ની કાળજી રહેતી.

અને ઘણીવાર લીલાની રાતો અનિદ્ર સ્થિતિમાં પસાર થતી. આ સંરક્ષકની સેવાઓ કોઈવાર કામમાં લેવાની જરૂર પડશે કે કેમ, એ પ્રશ્ન એને મુંઝવી રહેતો. એ સંરક્ષકને કિયો બદલો આપવો ઉચિત થઈ પડે એ વિષે લીલા કદાપિ કોઈ નિર્ણય કરી શકતી નહીં.

સમીપ છતાંય દૂર, એમ એને લાગતું. પોતાના અંતરની લાગણીઓને પ્રકટ કરવી, અત્યારની સ્થિતિમાં અશક્ય હતી, એટલે જગદીશ પોતાનાથી દૂર હતો એમ લીલાને લાગતું. અને પોતાનું અંતર જો ખોલાય તો એમાં જગદીશ હતો એમ હરકોઈ જોઇ શકે, એટલે જગદીશ પોતાની સમીપ હતો એમ લીલાને લાગતું. આ ત્રિશંકુ સમી સ્થિતિમાં, પ્રેમદેવતાનાં 'વજ્ર જેવાં કઠોર અને કુસુમ જેવાં કોમળ' બાણથી ઘવાયલું એ નારીહૃદય

જગદીશ પ્રત્યેના વહેવારમાં મનોયાતનાથી સદાય વેદનાપૂર્ણ સુખ અનુભવતું.

રાત્રે અનિદ્ર હાલતમાં જ માત્ર નહીં પણ દિવસે યે તે ભયભીત હરિણી જેવી કોઈકવાર બની જતી. હમણાં હમણાં તો, બેંકમાં ખાતુ ખોલી આવ્યા પછી એના મનમાંથી, સહી કરતી વખતનું દૃશ્ય ખસી શકતું નહતું. 'વનમાલા કીર્ત્તિકર' ને બદલે 'લીલા સુરેન્દ્રરાય જાગીરદાર' એવી સહી કરતી વેળા એના હૃદયમાં શૂળ ભોંકાઈ હતી. એને એમ લાગ્યું હતું કે, "હું આ ખોટી સહી કરુ છું. આ ગુનો છે. આ નામ મારૂં નથી; છતાં એ નામે હું સહી કરૂં છું." જો એ વાત પ્રકટ થઈ જાય તો? વહાલપના સકળ ભંડાર રૂપ સુરેશરાયને આ સહીથી એણે ઠગ્યો હતો; વસંત જેવા વહેવારૂ માણસને ઠગ્યો હતો; આખી દુનિયાને ઠગી હતી. એને કોઈ, એના તરફ આંગળી ચીંધીને કહે કે, આ તો અભિનેત્રી વનમાલા છે અને લીલા જાગીરદાર નથી, તો એની કેવી પરિસ્થિતિ થઈ જાય? જગત આખુંયે તેના ઉપર ધિક્કાર વરસાવે અને ક્રોધપૂર્ણ આંખો કાઢીને કહેઃ "ઠગારી! ઠગારી!......"

લીલાના કાનમાં જ્યારે "ઠગારી! ઠગારી!" એ શબ્દો ગૂંજતા ત્યારે તે અતિશય વિહ્વળ બની ઉઠતી. એને ઘણો અજંપો થઈ જતો હતો. ન ખુરશીમાં સ્થિર બેસી શકતી; ન પલંગમાં સુઈ શકતી; ન બારી આગળ ઉભી રહી શકતી કે ન છજામાંયે શાંતિ મેળવી શકતી.

એક વેળા પોતાના હૃદયની વિષાદપૂર્ણ સ્થિતિમાં એને ઢાકાનગર નજદીક થયેલો રેલ્વે અકસ્માત યાદ આવ્યો. એને ઘવાયલી લાચાર હાલતની કોમળવદના છોકરી યાદ આવી. એ છોકરી સાથેની વાતચીત, એમાં રહેલી આર્જવતા અને આર્દ્રતા યાદ આવ્યાં. એની નોંધપોથી યાદ આવી.

લીલા એક કબાટ પાસે ગઈ. પોતાની કેડે ખોસેલો રૂપાનો ચાવીઓનો ઝુડો તેણે હાથમાં લીધો અને તેમાંની એક ચાવી વડે તે કબાટ તેણે ઉઘાડયું. કબાટમાં એનાં કપડાંની ખેવડમાં એ નોંધપોથી હતી. લીલા પૂંઠાની એ એક જીર્ણ નાનકડી ચોપડી હતી. લીલા તે નોંધપોથી બહાર કાઢીને એક કૉચમાં પડી અને તેનાં પાનાં ઉથલાવીને તેણે વાંચવા માંડયાં.

વાંચવામાં તે એવી તલ્લીન બની ગઇ હતી કે, ખુલ્લાં બારણાંનાં ઉંબરમાં હળવે પગે આવીને ઉભી રહેલી એક વ્યક્તિ તરફ તેનું લગીરે લક્ષ નહતું. કીમતી વસ્ત્ર જેણે પરિધાન કરેલાં છે અને જે એક કોટયાધિપતિની છોકરી છે, તેના હાથમાં જીર્ણ હાલતની એક નાનકડી ચોપડી છે. જાણે રત્નજડિત એક પ્રતિમાના હાથમાં માટીનો લોચો હોય એવી આ પરસ્પરવિરૂદ્ધ અને અસંભવનીય વસ્તુસ્થિતિ, ઉંબરમાં ઉભી રહેલી વ્યક્તિને કુતૂહલ ઉપજાવી રહી. એ વ્યક્તિએ માત્ર લીલાને કૉચમાં પડીને એ નાનકડી જૂની ચોપડી વાંચતાં જોઇ નહતી; પણ રૂપાની ચાવીથી, સુશોભિત કબાટમાંથી, મૂલ્યવાન વસ્ત્રોની વચમાંથી એ જુની ચોપડી કાઢતાં દીઠી હતી.

વ્યક્તિ બારણાંની આડમાં છુપાઈ ગઇ. અને કૉચમાં પડેલીની નજરે પડાય નહીં તેમ તેની ચિકિત્સા નિહાળી રહી. વચ્ચે વચ્ચે તે પોતાની આસપાસ પણ આમતેમ નજર નાખતી હતી કે, કોઇ બહારનું માણસ તો પોતાને જોતું નથી ! ના; એના ચિકિત્સા-દર્શન દરમ્યાન, એકાદ ચલિયું પણ, બહારથી તે તરફ આવતું નજરે પડતું નહતું. વ્યક્તિ સાવધતાથી છુપાઈ રહી. લીલાના મુખમાંથી કાંઈ ઉદ્‌ગારો બહાર પડે છે કે કેમ, એની રાહ જોઇ રહી. આશરે દશેક ક્ષણ વીતી ગઈ. જીર્ણ નોંધપોથીનું લીલાનું અવલોકન ચાલુ રહ્યું—એ અબોલ સ્થિતિમાં હતી પણ મુખપરના ભાવ અબોલ નહતા. મનોયાતના; વિહ્‌વલતા અને આકુલવ્યાકુલતા !

વ્યક્તિ મનોગત કહેવા લાગીઃ “ આમ શા માટે ? આનું કારણ શું ? એ નાનકડી ચોપડીમાં શું હશે ? ”...અને “ભેદ !” “ નવું સવું ”...એવા એવા શબ્દો તેનું મન અવારનવાર બોલી રહ્યું. લીલા કૉચમાંથી ઓચિંતી ઉઠી. છુપાયલી વ્યક્તિને લાગ્યું કે, એના ગોરા ચહેરા ઉપર શ્યામતા છવાઈ ગઈ છે !

લીલા ધીમે ધીમે લથડતે પગલે કબાટ પાસે ગઇ અને કબાટમાં એ નાનકડી ચોપડી પુનઃ કીંમતી વસ્ત્રોની વચમાં મૂકી દઇને, કબાટ બંધ કરી દીધા બાદ છજામાં ગઈ અને પવનમાં કાંઇક સ્વસ્થતા મેળવવા ત્યાં ઉભી રહી.

આ વખતે વ્યક્તિએ અંદર પ્રવેશ કર્યો અને ઉંબરાની અંદર બે પગલાં ભર્યાં બાદ તેણે હાંક મારીઃ “ લીલા બહેન ! લીલા બહેન ! ક્યાં છો ? ”

“ કોણ ઈલા બહેન ! આવો, આવો, હું છજામાં છું. ” લીલાએ જવાબ દીધો. ઈલાએ પ્રથમ તો પ્રકીર્ણ વાતો કરી અને એ બાદ સૂચવ્યુંઃ “ હું એમ પૂછવા આવી હતી કે, આપણે કોઈ અનુકુળ દિવસે એકાદ મેળાવડો કરીએ તો ? એક બીજાને મળાય હળાય અને આનંદ પડે. ”

“ એમાં કોને વાંધો હોય ? ”

“ મારો ઈરાદો એવો છે કે અમારે ત્યાં એ મેળાવડો કરવો. અને મુંબાઇથી એકાદ સરસ ગવૈયાને એ પ્રસંગે બોલાવવો. ”

“ એ પણ સરસ વિચાર છે. ” લીલાએ કહ્યું. એ વખતે “ લીલા બેટા ક્યાં ગઈ ? ” એમ કહેતો સુરેશ ત્યાં આવ્યો. એની સાથે વસંત હતો.

“ આ રહી પિતાજી ” એમ કહેતી લીલા છજામાંથી દોડીને ખંડની અંદર આવી. સુરેશના હાથમાં મુખમલની એક સુંદર પેટી હતી.

"વસંત એક આશ્ચર્યજનક ખરીદી કરી લાવ્યો છે." સુરેશે કહ્યું: "તારે માટે આવી વસ્તુઓ જ્યારે પણ એના જોવામાં આવે ત્યારે લઇ મૂકવાનું એને મેં કહી મૂકેલું છે. એટલે એ મુંબાઈ ગયો હતો ત્યાંથી આ બધું લઈ આવ્યો.!"

સુરેશે પેટી લીલાના હાથમાં મૂકી અને જ્યારે લીલાએ ખોલી ત્યારે તેમાંથી મોતીની ચાર બંગડીઓ, રત્નનો અમોલ ચંદ્રહાર કાનનાં લવિંગિયાં, હીરાની એક ચૂની—એવો ઝવેરાતનો એક કીમતી સુંદર સમૂહ એની નજરે પડયો.

"અહો! બહુ સરસ છે!" ઈલા, તે જોઇને બોલી ઉઠી. તેણે વસંત તરફ એક પ્રેમદૃષ્ટિ ફેંકી પણ વસંતે તે ઝીલી નહીં. ખરે જ, જાણે પ્રેમદેવતા ઉંઘી ગયો છે એમ ઈલાને લાગ્યું. એણે બોળે બોળે વસંતને વાત કરાવવા માટે ફરજ પાડવા માંડી:

"બહુ જ કીમતી લાગે છે, નહીં?" ખાસ તેના તરફ જોઈ, તેને સંબોધીને ઇલાએ પૂછ્યું.

"હા. પણ કીમતનો તો આમાં સવાલ જ નથી, ને? પસંદગીનો સવાલ છે." વસંતે કહ્યું.

સુરેશ બોલ્યો: "ખચિત, લીલા બેટા! તને આ આભૂષણો પસંદ પડયાં ને? આ તો જાણે સત્તાવીસ હઝારની નજીવી રકમનો સવાલ છે; પણ તને ના ગમે તો એથીયે ભારે કીમતનો માલ વસંત પાસે મંગાવવામાં મને વાંધો નથી. તું પસંદ કરે તો પચાસ હઝાર પણ કંઈ વિસાતમાં નથી!"

"મને એ ગમ્યો, પિતાજી," લીલાએ કહ્યું: "એ બહુ સરસ છે!"

"તો તે પહેર ને? તને એ કેવાં શોભે છે, એ મારે જોવું છે. એ પહેરીને તું કેવી પ્રસન્ન થાય છે, એ મારે જોવું છે." સુરેશે કહ્યું.

પિતાની પ્રસન્નતા જીતવા લીલાએ તે આભૂષણ તત્કાળ પહેરી લીધાં. ઈલાએ તેને તે પહેરવામાં મદદ કરી અને તે પહેરાઈ ચૂક્યાં ત્યારે સુરેશ બોલ્યો: "વસંત, કહે જોઈએ. આ આભૂષણોમાં લીલા કોના જેવી શોભે છે?"

"એક કોટયાધિપતિની સંપત્તિને અનુરૂપ જ આભૂષણોમાં તે શોભે છે." વસંત બોલ્યો.

ઈલા અધવચ્ચ બોલી: "લીલા બહેન આ આભૂષણોમાં એવાં શોભે છે કે જાણે સ્વર્ગથી સંચરતી કો અપ્સરા!"

સુરેશ બોલ્યો: "મારો અભિપ્રાય જૂદો છે. લીલાની માતાને આવાં આભૂષણોમાં મેં ઘણી શોભી ઉઠતી દીઠેલી છે. 'મા તેવી દીકરી.' લીલા પણ એની માતા જેવી શોભે છે. ખરૂંને દીકરી?"

"આપ ખરૂં કહો છો, પિતાજી" લીલાએ મક્કમ અને હિમ્મતભર્યા સ્વરે જવાબ દીધો: "આપની કુલદીપિકા તરીકે મને આ આભૂષણ ઘણાં સરસ શોભે છે."

"હવે એ પહેરીનેજ 'પવન ટેકરી' પરની ઉજાણીમાં તમારે આવવાનું, હોં કે?" વસંત બોલ્યો: "હું ખરૂં કહું છું ને, મુરબ્બી?"

સુરેશે કહ્યું: "લીલા, વસંત એક નવી વાત લાવ્યો છે, એ વિષે તો હું તને કહેવું ભૂલી ગયો."

લીલા મનમાં સહેજ ગભરાઈ. 'નવી વાત' એ શબ્દો, રખેને એના કોઈ ભયની આગાહીરૂપ હોય. સુરેશે આગળ કહ્યું: "એકાદ અનુકુળ દિવસે આપણે બધાંય 'પવનટેકરી'પર ઉજાણીએ જઈએ એવી એની સુચના છે." અને તેણે 'પવનટેકરી'નો પરિચય આપ્યો.

લીલાએ આ દરમ્યાન ઘરેણાં ઉતારીને મુખમલની પેટીમાં પાછાં મૂકવા માંડયાં હતાં. સુરેશે 'પવનટેકરી'ની ઐતિહાસિક

તવારિખ કહી. તે બાદ વસંતે 'પવનટેકરી' નજદીક આવેલા સુન્દરગામમાં હરિમતિ નામની અમૃતનગરની એક જુની દાઈ વસે છે અને પોતે તેને મળી આવ્યો ત્યારે લીલાની માતા સંબંધી અને અમૃતનગરનાં જુનાં કુટુંબો સંબંધી હરિમતિ પુરાણી વાતો તાજી કરતી હતી એમ કહ્યું; લીલાનાં વખાણ તેણે સાંભળ્યાં છે અને લીલાને તે જોવા ઉત્કંઠિત છે, એમ પણ જણાવ્યું; અને ત્યાં એક જુનું શિવાલય આવેલું છે તે પણ કહ્યું–માત્ર ન કહી વાત ભાગીરથી સંબંધી; કે તેના વિષે પોતાના દિલમાં પ્રેમદેવતા એ કરવા માંડેલી લીલા સંબંધી.

હરિમતિની યાદ સુરેશના મનમાં પણ તાજી થઈ. અને તેણે અભિપ્રાય આપ્યો: "એ ગરીબ બાઈ બહુ સારા સ્વભાવની છે. એ અહીં રહેતી ત્યારે બહુ કામમાં આવતી. લીલાની માતાને તે ઘણી ઉપયોગી થઈ પડતી. એને તારે જરૂર મળવું જોઈએ, લીલા. ઉજાણી વખતે તેને મળી શકાશે."

લીલાએ હરિમતિ વિષે તો કાંઈ અભિપ્રાય આપ્યો નહીં; પણ ઉજાણીમાં જવા બદલ તેણે ખુશાલી દર્શાવી.

"અમને એમાં બોલાવવાનાં કે?" ઇલાએ પૂછ્યું.

"વાહ! તમે સૌ ના હો, તો, ઉજાણી ફિક્કીજ થઈ પડે ને?" સુરેશ બોલ્યો. એ વખતે, જગદીશ અને અખિલ ત્યાં આવી પહોંચ્યા. ઇલાએ અખિલને કહ્યું: "તું ઠીક વખતે આવ્યો, ભાઈ! હું લીલાબહેનને એકાદ અનુકુળ દિવસે આપણે ત્યાં મેલાવડો કરવા કહેવા આવી હતી; પણ વસંતરાય 'પવન ટેકરી' ઉપર ઉજાણી કરવા જવાની સૂચના લાવ્યા છે. સુરેશકાકાને એ સૂચના પસંદ છે. મને પણ ખૂબ પસંદ છે. લીલાબહેનને પણ પસંદ છે. તમે એ જગ્યા પસંદ કરો છો ને?"

"દીલાદેવી, આપના ભાઇનો અભિપ્રાય પૂછોછો એ તો જાણે ઠીક પણ એ પહેલાં હવામાપક યંત્રનો યે અભિપ્રાય પૂછવો જોઇએ !" જગદીશ બોલ્યો.

"લ્યો, આ કાંઇક નવો વિનોદનો વિષય લાવ્યો !" અખિલે કહ્યું.

"હવામાપક યંત્ર સંબંધી જગદીશ વિનોદ કરતો હોય એમ હું નથી માનતો." સુરેશે કહ્યું.

જગદીશ બોલ્યો: "મેં ઘણી ઉજાણીઓ, ઘણા ઉત્સવો અને ઘણા તહેવારો વેળા અનુભવ્યું છે કે, તે દિવસોએ જ હવા બગડી જાય છે ! ઓચિંતાં પવનનાં તુફાન થાય છે કે, વરસાદ પડે છે ! ખ્યાલમાં લાવો એ કલ્પના ચિત્ર કે, હારદોર બધા જમવા બેઠા હોય અને ધૂળનું તૂફાન થઇને પત્રાવલિઓમાં ધૂળ ને કાંકરા પડે ! વળી, મનમાં દોરો એ ચિત્ર કે, સોળે શણગાર સજીને કુલદીપિકાઓ—"

અચાનક જ લીલાની આંખમાં ચમકાર જણાયો. 'કુલદીપિકા' શબ્દ થોડીક જ ક્ષણ ઉપર આભૂષણો પહેરીને એણે પોતે જ વાપર્યો હતો. એના શબ્દ મનોમન સાક્ષી રૂપ આ એનો 'સંરક્ષક' અત્યારે વાપરી રહ્યો છે...

જગદીશે પોતાનું કહેવું પૂરૂં કરવા માંડ્યું: "ઉત્સવમાં કે મેળામાં ભાગ લેતી હોય અને મેઘ પોતાના લાવલશ્કર સહિત તુટી પડે ! કહો, એ વખતે એ બધાં કેવી પરિસ્થિતિમાં મૂકાઈ જાય ?"

"તારૂં કહેવું ખરૂં છે." અખિલ બોલ્યો: "પણ હોણ સાલ તો વરસાદના વાખા છે. એટલે એવું તુફાન કે વરસાદ થવા સંભવ નથી."

"તમે કલકત્તામાં રહેતા હતા ત્યારે તમને આવા તુફાન કે વરસાદનો અનુભવ થયેલો કે?" વસંતે જગદીશ તરફ જોઈને ચીણગારી મૂકી.

"અરે, ભાઇ, કલકત્તા તે શું સ્વર્ગ છે કે, જયાં ઝાપટાં ન પડે અને હવામાન બદલાય નહીં? પણ અહીં કરતાં ત્યાંની હવા કંઈક વધુ ખુશનુમા ખરી અને આ તરફની ચોમાસાની ઋતુથી તો તોબા! ઓચિંતો જ આવીને દિલ ને દિમાક બેય બગાડી નાંખે!" જગદીશે ઝડપથી જવાબ દીધો. એની હાજરજવાબી સૌને આનંદ કરાવી રહી. પણ લીલાના મુખ ઉપર સહેજ વિષાદનાં વાદળાં દેખાતાં હતાં. અખિલે કહ્યું:

"મહેરબાની કરીને બે દૂર દૂરનાં નગરોનો મુકાબલો કરવો રહેવા દો. આ તો વાંસ પર ટાંગેલી પેલી ખીચડીની હાંલ્લી જેવી વાત થઈ, જેની નીચે જમીન પર તાપ કરીને તે ખીખડી થઈ જશે, એમ ઈચ્છવા બરોબર છે...અને...અને...મિત્ર જગદીશ! તું કેમ ઓચિંતો ગંભીર બની ગયો? તને તારી કલકત્તાની કોઈ ન કહેવા જેવી વીતક યાદ આવી કે શું?"

"વાંસ પર ટાંગેલી હાંલ્લીની તારી અન્યોક્તિએ મને મુંઝવ્યો! મને અચાનક વિચાર આવ્યો કે, જેમ એ હાંલ્લી વાંસ પરથી તુટે ને અગ્નિમાં પડવા સાથે તેના ભાંગીને ટૂકડે ટૂકડા થઈ જાય તેમ જો હું ટેકરી પરથી પડયો તો મારી યે તેવી જ સ્થિતિ થવાની ને?" જગદીશે કહ્યું.

એને ખબર નહતી કે, હતવિધિએ નિર્માણ કરેલા એક સંયોગની જ આગાહી એનાં આ વાકયોમાં હતી.

પ્રકરણ ૨૪

●

મદ્રાસી પથિક

●

વસંતનાં અનેક કામકાજોમાં એક કામનો ઉમેરો થયો હતો; અને તેથી તેને દર બે ત્રણ દિવસને અંતરે સુંદરગામ આવવાનું એક સંગીન કારણ મળ્યું હતું. સુંદરગામમાં જે જીર્ણ શિવાલય હતું તે જાગીરદારની મૃત પત્ની વાસંતીના સંસ્મરણમાં સમરાવવા માટે તેણે જાગીરદાર આગળ વિચાર રજુ કર્યો હતો. વાસંતીની યાદગીરી રહે છે, એટલા ખાતર સુરેશે તે વિચાર પસંદ કર્યો હતો. વસંતે ધમધોકાર તે શિવાલયનું સમારકામ શરૂ કરાવી દીધું; અને મીસ્ત્રીઓ, મજુરો, કડીઆઓ વગેરેને રાત દિન કામે લગાડીને પંદર દિવસમાં તે કામ પૂરૂં કરી દેવા નિર્ણય કર્યો.

આ સમારકામ ચાલુ હતું ત્યારે વસંત તેની પ્રગતિ નિહાળવા આવતો પણ હરિમતિને મકાને જઇને બે–ત્રણ કલાક ત્યાં ગાળવા ચૂકતો નહીં. હરિમતિ તેની પૂર્વ–પરિચિત દાઈ હતી એટલા જ ખાતર નહીં પણ તેને ત્યાં રહેતી ભાગીરથીમાં તેને રસ ઉત્પન્ન થયો હતો તેટલા ખાતર તે હરિમતિને ત્યાં ખાસ જતો હતો. એનું વારંવાર ત્યાં આવવું અને દિલસોજીભરેલી રીતે બોલવું ભાગીરથીને ગમી ગયું હતું. બીજાં ત્રાહિતોને જોઇને તે ગભરાતી કે ભયભીત બની જતી પણ વસંતને જોઇને તે તેમ કરતી નહીં. જાણે તેની ભળ ભાંગી ગઈ હોય એમ તે તેની સાથે ભળતી–હળતી હતી.

લગભગ દશેક દિવસ વહી ગયા હતા. જીર્ણ શિવાલય હવે તડામાર સમારકામને યોગે રોનકદાર દેખાવા લાગ્યું હતું. તેવામાં એક

દિન સાયંકાલે વસંત ત્યાં આવ્યો અને વાસંતીના નામની તખતી, તે શિવાલયમાં મૂકવા સંબંધી મુખ્ય મીસ્રી સાથે વાતચીત કરીને બીજી પણ કેટલીક સૂચનાઓ આપ્યા બાદ હરિમતિને ત્યાં હમેશના નિયમ મુજબ ગયો. હરિમતિ ઘરમાં નહોતી પણ ભાગીરથી એકલી જ હતી. હરિમતિએ ભાગીરથીને શીખવાડી મૂક્યું હતું કે, કોઈવાર હું ઘરમાં ન હોઉં અને વસંત શેઠ આવી ચઢે તો તેમનો આદરસત્કાર કરીને બેસાડવા અને તેમને માટે ચહા બનાવવી. આથી આજે જ્યારે ભાગીરથી એકલી હતી ત્યારે સૌથી પહેલીવાર તેને વસંતની આગતાસ્વાગતાનો મોક્કો મળ્યો. તેણે વસંતને ચોગાનમાં ખાટલા પર બેસાડ્યો; પીવા માટે પાણી આપ્યું અને કહ્યું: "મા વૈદ કાકાને ત્યાં ગયાં છે. પણ તમે તમારે નિરાંતે બેસો. હું ચહા બનાવી લાવું છું."

વસંતના મોં ઉપર તે સાંભળીને સ્મિત ફરક્યું. તેણે કહ્યું: "હું ખુશીથી બેસીશ અને એક પ્યાલો નહીં, બે પ્યાલા ચહા પીશ. પણ એક બીજી શરત કે, તમારે પેલું સંસ્કૃત ગીત ગાવું જોઈશે."

"તમને પણ એ ગીત મારી પેઠે કેમ પસંદ પડ્યું છે? તમે તો પૈસાદાર છો. સુખી છો. મારા જેવા દુઃખી કે ગરીબ નથી!"

એવામાં એક મદ્રાસી જેવો દેખાતો માણસ ચોગાનના દરવાજા આગળ આવ્યો અને મદ્રાસી ભાષામાં એણે કાંઈક પૂછ્યું. ભાગીરથીએ તેને ભાંગીતૂટી મદ્રાસી ભાષામાં જવાબ દીધો અને હાથ લાંબો કરીને કોઇક રસ્તો ચીંધ્યો.

એ માણસ તેણે ચીંધેલી દિશામાં હળવે હળવે ચાલવા લાગ્યો એટલે વસંતે પૂછ્યું: "તમે તો ગુજરાતનાં છો અને બંગાળામાં રહેલાં હતાં એટલે બંગાળી ભાષા તમને આવડે એ કુદરતી છે, પણ મદ્રાસી ભાષા તમે ક્યાંથી શીખ્યાં?"

"હું એકલા બંગાળામાં જ રહી નથી. મદ્રાસ, મહિસુર નિઝામ હૈદ્રાબાદ વગેરે સ્થળોએ પણ રહેલી હતી."

"એમ ? તમે તો ગરીબ અને દુઃખી હતાં એમ કહો છો; તો એ બધાં શહેરોમાં તમે કેવી રીતે ગયાં હતાં? પૈસા વિના કાંઇ એવાં શહેરોમાં જઈ શકાય ?"

"હું ચહા બનાવી લાવું પછી આપણે એ બધી વાતો કરીએ." એમ કહીને ભાગીરથી ઘરમાં ગઇ. વસંત થોડીવાર એકલો બેઠો પણ ભાગીરથીની છેલ્લી વાત તેના મનમાં ઘોળાઈ રહી. જે શહેરોમાં ભાગીરથી ફરી હતી તે શહેરોમાં તે કેવી રીતે ગઈ હતી, અને કોની સાથે ગઈ હતી એ જાણવાની તેને ખૂબ ચટપટી થઇ રહી. આથી તે, ઉઠીને ઘરમાં ગયો.

એજ વખતે પેલો મદ્રાસી માણસ, જેણે ભાગીરથીને મદ્રાસી ભાષામાં પૂછપરછ કરી હતી તે, પાછો ફર્યો અને આમ તેમ નજર કરીને પોતાને કોઈ જોતું નથી એવી ખાત્રી કરી લઇને દરવાજામાં પેઠો. મકાનની એક બારી આગળ જઇને, ઉંચે ચઢાવેલા વેલાઓની આડમાં લપાઈને તે ઉભો રહ્યો.

ભાગીરથીએ શગડી ઉપર તપેલી મૂકેલી હતી. તેમાં ચહાનું પાણી ગરમ થતું હતું. વસંત તેનાથી થોડેક દૂર બેઠો અને બોલ્યો: "તમારાં કોઇ સગાંવહાલાં મદ્રાસ અને મહિસુર તરફ વસે છે કે શું ? તમારાં સગાં–સંબંધીઓ, ત્યારે તો, બહુ હશે."

"મારાં સગાં–સંબંધી આ દુનિયામાં કોઈ જ નથી. કોઇ હતાં પણ નહીં. જે હતાં તેણે અમારો ત્યાગ કર્યો હતો."

"ત્યાગ કર્યો હતો ? તમે એ વિષેની તમારી બધી હકીકત મને કહેશો ? મને તમે કોઇ પારકો માણસ ના ગણશો. એમ જ માનજો કે, હું હરિમતિ માનો દીકરો છું. તમે જાણો છો કે, મને હરિમતિ મા, એ પ્રમાણે જ ગણે છે. જો એમની રજા હોય તો, હું તમને અને તેમને દરેક વાતે સુખી કરવા તૈયાર છું."

"તમારી લાગણી માટે મને હરિમતિ માએ ઘણી વાતો કહી છે. તમારા વિષે પણ મને એમણે કેટલુંક કહ્યું છે. મને તેથી વિશ્વાસ ઉપજ્યો છે કે, તમે સારા માણસ છો. પણ કયાં તમે મોટા માણસ અને કયાં હું ગરીબ અનાથ નમાઈ છોકરી! દુનિયામાં મારૂં કોઈ નહોતું અને નહીં રહે, એ નક્કી છે."

"તમે એવી રીતે મુંઝાઓ, એ ઠીક નહીં. પણ એ તો કહો કે, તમે જે બધાં શહેરોનાં નામ દીધાં તેમાં તમે કેવી રીતે જઈ ચઢયાં હતાં? તમે એ શહેરોમાં મુસાફરી કરી હશે ત્યારે પૈસાદાર અને સુખી હશો. જો તમારો ત્યાગ કરનાર અને તમને દુઃખી કરનારનાં નામ મને આપશો તો તેમની સામે પગલાં લઈને હું વેર લઈશ."

"ના એવું કરવાથી કાંઈ મારૂં મન રાજી થાય નહીં—મારી મા...હા...સ્વર્ગમાં બેઠેલી મારી માનો આત્મા પણ વેર લેવાથી રાજી થાય નહીં. મને એવો માર્ગ લેવાનો સ્વપ્નમાં પણ વિચાર ના આવે એમ હું ઈચ્છું છું."

"તમે સાત્વિક વૃત્તિનાં છો, એ જાણીને મને આનંદ થાય છે. આપણે વેરની વાત નહીં કરીએ. પણ તમે પેલાં શહેરોની વાત તો કહો? તમે કિયા સંયોગોમાં ત્યાં ગયાં હતાં?"

"મારી મરનાર મા એક શેઠને ત્યાં નોકરી કરતી હતી—"

ભાગીરથીની વાત વસંત રસભેર સાંભળવા લાગ્યો. બારી બહાર ઉભેલો મદ્રાસી પણ પોતાના કાન સરવા કરીને તે વાત સાંભળવા લાગ્યો. ભાગીરથી આગળ બોલી: "તે શેઠ અમને પોતાની સાથે લઈ જતો. હું બાળપણથી તે શેઠનાં માણસો અને મુનિમો પાસે જ ઉછરેલી છું. પણ એ કોઈ અનારાં સગાં નહતાં. એ કોઈને અમારા માટે લાગણી નહતી. મારી મા માંદી પડી એટલે એનાથી નોકરી થઈ શકી નહીં. ત્યારે તે શેઠે તેને નોકરી-

માંથી રજા આપી દીધી. મારી માની સંભાળ લેનાર કોઈ નહતું. -સિવાય કે ઈશ્વર."

"તમારાં મા ગુજરી ગયાં તે વખતે હું તમારી પાસે હોત તો ઠીક થાત."

"વૈદકાકા, હરિમતિ મા અને તમે, એ બધાંનો દિલાસો હવે મને મળ્યો છે. પણ મારી માના મરણ વખતે મારૂં કોઈ નહતું."

"તમારાં જોડીઆં બહેન પણ તે વખતે તમારી સાથે નહોતાં ?"

"મારી બહેન ? મેં તમને એવું ક્યાં કહ્યું છે કે, મારી જોડીઆ બહેન હતી ?"

"તમારા જેવા ચહેરાની કોઈ બહેન તમને નથી ?"

"ના. મારી માને મારા સિવાય બીજી કોઈ દીકરી નહોતી. મને ભાઈ પણ નથી કે બહેન પણ નથી."

"તમે બેએક મહિના ઉપર ઢાકામાં હતાં ને ?"

"આશરે બે-દોઢ મહિના ઉપર હું ત્યાં હતી. શું તમે તે વખતે ઢાકામાં આવ્યા હતા ?"

"ના. હું તો ઢાકા સુધી આવી શક્યો નહતો. પણ ઢાકા નજદીક તમારા જેવા, તમને મળતા ચહેરાની તમારી બહેન—"

"વળી પાછી તમે મારી બહેનની વાત કરો છો ! મને તો એકકે બહેન નહતી અને નથી; તો પછી મળતા ચહેરાની બાબતમાં પૂછવાપણું ક્યાં રહ્યું ?"

"પણ તમારો ચહેરો કોઈકનેયે મળતો છે એ નક્કી છે. કાં તો તે તમારી સહીપણી હોય; તમારી દૂરની સગી હોય અને તમને તેના વિષે ખબર નહોય એ બનવાજોગ છે."

"મારો ચહેરો કોઈ જીવતી સ્ત્રીને મળતો આવતો હશે કે કેમ એની મને શંકા છે. પણ મારી માનો ચહેરો મને મળતો હતો. એ બિચારી હમેશાં મને કહેતી કે, તું મારી તસ્વીર છે."

"બીજા કોઇનો ચહેરો તમને મળતો નહતો? તમને ખાત્રી છે?"

"પણ કેવી રીતે બીજા કોઇનો ચહેરો મારા જેવો હોય? મારી માને બીજી કોઈ દીકરી જ નહોતી. તમે તો આ બાબત ચોળીને બહુ જ ચીકણી કરી! ખોટું ના લગાડશો. લ્યો ચહા પીઓ."

અને તેણે ચહાનો પ્યાલો ભરીને તેની સામે મૂક્યો. ચહા પીતાં પીતાં વસંત બોલ્યો: "ત્યારે મારી ભૂલ થતી હશે. પણ ખરૂં પૂછાવો તો હું એ સમજી શકતો નથી કે, તમને મેં જ્યારે સૌથી પહેલાં મંદિરને ઓટલેથી ઉતરતાં દીઠાં ત્યારે મને એમજ લાગ્યું હતું કે તમે જાગીરદાર સુરેશરાયની દીકરીના જેવા ચહેરા-વાળાં છો—"

ભાગીરથી, વસંતનું છેલ્લું વાક્ય ગણગણતી વિચારમાં પડી ગઈ. પણ થોડી વાર પછી બોલી: "હરિમતિ મા તમારી એક પ્રકૃતિની વાત કરે છે તે ખરી લાગે છે! જાગીરદારની દીકરી પાછળ તમે ગાંડાતૂર થઇ ગયેલા છો, એટલે તમારી નજરમાં તેજ રમ્યા કરે છે!"

"તમે તમારી તસ્વીર ક્યાંયે પડાવેલી છે?"

"ના. પણ તમે જે મળતા ચહેરા વિષે વાત કરો છો તે કદાચ મારી માની તસ્વીર જોઇને કહેતા હશો, અથવા તો, તેને પોતાને તમે જોઈ હશે તેથી કહેતા હશો."

આ શબ્દો વસંતના દિલમાં રમી રહ્યા; અને તેને લીધે તે ભાગીરથીને વધુ સવાલો કરતો અટકી જઇને મનોગત વિચારવા લાગ્યો: "માની તસ્વીર! માના ચહેરા સાથે મળતાપણું! ત્યારે, મારો ભ્રમ નથી......આવો ચહેરો મેં ક્યાંક જોયેલો છે—પછી તે જીવતી બાઇનો હો; કે કોઇ મરી ગયેલીનો...મેં એ ચહેરો ક્યાં જોયો હશે?......" વસંત આ વિચારોમાં ગરકાવ થયેલો હતો તેવામાં

બારી બહાર છુપાએલા માણસે પોતાનું ડોકું ઉંચું કરીને બારીની અંદર પડેલી એક ચીજ લઈ લીધી. એ વખતે એના ઉંચા થયેલા ડોકા તરફ અચાનક ભાગીરથીની નજર ગઈ. અને "ઓ મા !" એમ કહેતી બારી તરફ આંગળી ચીંધતી તે કહેવા લાગી: "ચોર ! ચોર !"

વસંત ઉઠયો અને બારી તરફ ગયો પણ એ વખતે તો પેલો માણસ ત્યાંથી દોડીને જતો રહ્યો હતો. "એ તો પેલો મદ્રાસી હતો, જેની સાથે તમે વાત કરી હતી." અંદર પાછા વળતાં તેણે કહ્યું. પણ એ પછી ભાગીરથીની તબીયત સ્વસ્થ રહી નહીં. વાતચીતમાં એનું ચિત્ત ચોંટયું નહીં. વસંતે હવે એ વાત ચર્ચવી બંધ કરી અને ભાગીરથીનું પ્રિય સંસ્કૃત ગીત તેણે ધીમે સ્વરે ગાવા માંડયું.

જે મદ્રાસીએ વસંત અને ભાગીરથીની વાતો છુપાઇને સાંભળી હતી તે શિવાલય તરફ જઈ તેના ઓટલા ઉપર બેઠો અને પોતાના હાથમાંની ચીજ નિહાળતો મનોગત કહેવા લાગ્યો: "આજ મેં જબરદસ્ત ભેદ જાણ્યો ! હું આગળ જતાં એક મોટો ગુપ્તચર તરીકે નામાંકિત થઈ શકીશ—જો આ ભેદનો ભંડો હું વખતસર ખોલી દઈશ તો !......"

તેણે પોતાનો મદ્રાસી તરીકેનો સ્વાંગ કાઢી નાંખ્યો અને તે વખતે તેને જો વસંતે દીઠો હોત તો તે કહેત કે, "આ તો ઈલાના ગાડીવાનનો દોસ્તદાર છે !" લીલાએ, સુરેશે કે જગદીશે તેને જોયો હોત તો તેઓ કહેત કે, "આ તો 'ફરતો જોષી' છે !" અને ઈલાએ તેને જોયો હોત તો તે કહેત કે, આ તો રમતારામ છે !

પ્રકરણ ૨૫

ગભરાટ

લીલા બગીચામાં એકલી ફરતી હતી. એ વખતે અચાનક "જય જય શેઠાણીજી!" એવા શબ્દો પોતાની પાછળથી બોલાયેલા સાંભળીને તે ચમકી. મોં પાછું વાળીને જોતાં તેણે 'ફરતા જોષી'ને દીઠો. હાથ જોડતો નમ્રવદને તે સંકોચાતો સંકોચાતો ઉભો હતો. લીલાએ તેને ઓળખ્યો. મુંબાઈની બેંકમાં ખાતું પડાવતી વખતે તે બેંક આગળ મળ્યો હતો અને તેણે તેનો હાથ જોયો હતો.

"તમે અહીં આવ્યા છો? કેમ, શીદ આવવું થયું?"

"આપને આશીષ આપવા આવ્યો છું, શેઠાણીજી! આ ગામમાં મારૂં ઠીક ઠીક ચાલે છે. આપે તે દિવસે પેલો ચેક આપ્યો હતો તે ..."

"વટાવ્યો ને? એના પૈસા તમને મળી ગયા ને?"

"કેમ ના મળે? એ તે શું આપના સિવાય બીજા કોઈની સહીનો ચેક હતો કે પૈસા ના મળે? બેંકવાળાએ તે લઈ આપની સહી સરખાવી અને તરત કહ્યું: 'સહી બરાબર છે. પૈસા આપી દો' અને મને ઝટ મળી ગયા! આપનું ઈશ્વર કલ્યાણ કરે. આ ઘરેણું આપનું છે ને શેઠાણીજી?" આમ કહીને તેણે તેના હાથમાં એક ચીજ મૂકી.

લીલાએ તે તપાસી. માથામાં નાખવાની રૂપાની તે એક ચાક હતી. જુના વખતની કારીગરીનો તે એક સુન્દર નમૂનો હતો. તેની વચ્ચોવચ્ચ સૂર્યનું ગોળ ચિત્ર હતું અને સૂર્યના ગોળાકારની વચ્ચે "વાસંતી સુરેશરાય" એવા શબ્દો કોતરેલા હતા. એ શબ્દો

વાંચતાંજ લીલાનું મોં પડી ગયું. એનો ચહેરો ફિક્કો બની ગયો. એણે કહ્યું : " હા એ ચાક મારી છે. તમને ક્યાંથી મળી ? હું ધારૂં છું કે— "

" આપ બહેન કોઇવાર સુન્દરગામ આવ્યાં હતાં ? "

" સુન્દરગામ ! "

" પેલાં હરિમતિ મા રહે છે તે ગામ ! નક્કી, આપ ત્યાં આવ્યાં હશો અને તમારી માંદી, દુખીયારી અને બંગાળામાંથી આવેલી બહેનની મુલાકાતે ગયાં હશો ! તે તમારા ચહેરાને મળતી બંગાળણ છે .... "

" એ જોષી, સબુર, મારા સવાલનો જવાબ આપવાને બદલે આડી આડી વાતો કયાં કરો છો ? આ ચાક તમને રસ્તામાંથી જડી હતી ને ? હું ધારૂં છું કે— "

" એ ચાક મને ક્યાંથી મળી તેજ હું આપને કહેતો હતો, શેઠાણીજી ! એ મને સુંદરગામમાંથી મળી છે. હરિમતિ માને ત્યાં તમારા જેવા ચહેરાની તમારી ગરીબ બહેન રહે છે તેની પાસે હતી. એ બિચારી ગરીબને મદદ કરવા આપે વિચાર કરવો જોઈએ. એની ગરીબી તરફ આપે નિષ્ઠુર થવું ન જોઈએ ! "

લીલા પ્રકટપણે કાંઇ બોલી નહી પણ ' તમારા જેવા ચહેરાની તમારી બહેન...ગરીબ... બંગાળણ...' એ શબ્દો આ માણસે અવારનવાર કહ્યા તે તેના દિલમાં ખટકી રહ્યા. એને આ માણસ આગળ પોતાના મનની કાંઇ નબળાઇ દેખાઇ જાય નહીં તેથી તેને તુર્તજ વિદાય કરી દેવો જોઈએ એમ માનીને તેણે પોતાના ખિસ્સામાં હાથ નાંખ્યો. તેમાંથી પાંચ રૂ.ની નોટ કાઢીને તેના હાથમાં મૂકતાં તે બોલીઃ " હું તમારો આભાર માનું છું. તમે મારી ચાક લાવ્યા તે બદલ આ ફુલ નહીં ને ફુલની પાંદડી રૂપ દક્ષિણા છે. "

નોટ પોતાના હાથમાં લઈ ખિસ્સામાં મૂકી તે બોલ્યો: "એક વાત આપને કહેવાની, શ્રીમતી! હું આ ચાક તેના ઘરની બારીમાંથી ચોરી લાવ્યો છું! તેના પર નામ લખેલું છે તેથી એમ લાગે છે કે, અહીંથી તે ચોરી ગઇ હશે. તે તમારી ગરીબ બહેન છે? વાસંતી નામ તમારાં કોઈક સગાંનું હશે! તેને તે કોઇવાર મળવા આવી હશે. ત્યારે કદાચ..." તે આમ તેમ જોવા લાગ્યો.

એટલામાં વસંત ગાડીમાં બેસીને આવતો દેખાયો; એટલે જોષી બોલ્યો: "પેલા વસંત શેઠ આવ્યા. એ મને જોઇને ગુસ્સે થઇ જશે. આપનો હાથ હું જોઉં છું એવો દેખાવ કરવા દેશો? આપનો હાથ મારા હાથમાં આપો, શ્રીમતી! મેં વસંત શેઠને એક-બે વાર એ છોકરીને મળતા દીઠા છે. હું આપને એમના સંબંધી થોડીક બાતમી આપીશ...હાથ લાંબો કરો..."

એનાં છેલ્લાં વાક્યોએ લીલાને ચમકાવી અને એણે પોતાનો હાથ લંબાવ્યો. રમતારામે તે પોતાના હાથમાં લઇ, ચત્તો રાખીને તેમાંની રેખાઓ જોવાનો ડોળ કર્યો:

"સંપત્તિરેખા ઘણી સરસ છે. જીવનમાં કોઈ વેળા કદાપિ ..."

વસંત સુરેશભુવન બહાર ગાડી ઉભી રાખીને તેનાંથી ઉતર્યો અને અંદર આવીને લીલા તથા રમતારામ જ્યાં ઉભાં હતાં ત્યાં આવવા લાગ્યો: "તે આવે છે. મને તેમના ગુસ્સાથી બચાવજો, શ્રીમતી ..." બહુજ ધીમેથી રમતારામ બોલ્યો.

"આવા ભામટા જોષીઓને તમે શા માટે ઉત્તેજન આપો છો લીલાદેવી!" વસંતે નજદીક આવતાં પૂછ્યું અને રમતારામને ઉદ્દેશીને તે બોલ્યો: "કેમ રે, પૈસા પડાવવા આવ્યો છે ને?"

"શેઠ, મારા જેવા ગરીબ પ્રમાણિક માણસને......"

"એને ના વઢશો, વસંતરાય" લીલાએ કહ્યું: "એ એક નિર્દોષ ગરીબ બ્રાહ્મણ છે. આવાઓની આંતરડી આપણે શીદને

કકળાવીએ ? પોતાની મેળે એ અહીં આવ્યો નથી. મેં જ એને બોલાવ્યો હતો."

વસંત બબડતો બબડતો જતો રહ્યો. તેની ગાડી દેખાતી બંધ થઈ ત્યાંસુધી રમતારામ તેના તરફ જોઈ રહ્યા બાદ બોલ્યો: "પૈસાદાર લોકો ઘણીવાર ગરીબ છોકરીઓની ગરીબાઈનો લાભ લે છે. વસંત શેઠ એ ગરીબ બંગાળણને ત્યાં આવે છે; વાતો કરે છે; તેના હાથની ચહા પીએ છે. આપની સાથે વસંત શેઠનાં લગ્ન થવાનાં છે તેથી આપને ચેતવું છું. મારી આ બાતમી આપને ઉપયોગી થઈ પડશે. હરિમતિ માને ત્યાં આપે જઈને એ છોકરીને ત્યાંથી કાઢી મૂકાવવી જોઈએ. નહીં તો......"

અચાનક જ એ વખતે કોઈક કહેતો સંભળાયો:

"અહો ! જોષીરાજ ! આપનાં પુનિત પગલાંથી આ બંગલો આજ કાંઈ પાવન થયોને શું ?"

લીલાએ અને રમતારામે જોયું કે, બંગલાંની અંદરથી જગદીશ તે વખતે ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે ઉપલો પ્રશ્ન રમતારામને કર્યો હતો.

"હં..હં..શેઠાણીજીની કૃપાનું એ પરિણામ છે, એકટર સાહેબ !" હાથ જોડતો અને સ્મિત કરતો નમ્રતાથી તે જગદીશને કહેવા લાગ્યો.

"એકટર સાહેબ ! તમે તો મને કોઈ નવો ખિતાબ આપી દીધો ને શું, જોષીરાજ !"

"શેઠજી, આપે મહાલક્ષ્મી ખાતે ભજવેલો ખેલ મેં જોયો હતો, અને મારો અભિપ્રાય આપું ? રંગભૂમિ પર એકટર તરીકે ધંધો કરનારાઓ આપની 'એકટીંગ' આગળ ખાંડ ખાય છે, ખાંડ, મારા શેઠ ! એક રૂપીઆની ટિકિટમાં હું બેઠો હતો પણ મારા પૈસા તે ખેલમાં આપનું એકટીંગ જોતાં વસૂલ થઈ ગયા હતા, મારા શેઠ ?"

"ત્યારે, જોષીરાજ, તમે નાટકોના રસિયા જણાઓ છો !"

"નાટકો, ફિલ્મો, નૃત્યના જલસા, સંગીત–પાર્ટીઓ, બધાં-માંયે, શેઠજી, મને રસ છે! હું ગરીબ છું પણ મારોયે જીવ છે ને, મહેરબાન!"

જગદીશ ખડખડાટ હસ્યો: "તમે રંગીલા લાગો છો! હું એ માટે તમને ઠપકો આપતો નથી. જીવન–નાટકમાં બધાયે માન-વીઓ નટ છે. અને મને ખાત્રી છે કે, તમારા જીવનમાં તમે યે નાટક ભજવી રહ્યા છો!"

"જરૂર, હું પણ એક 'એકટર'જ ગણાઉં. મારૂં એકટીંગ જોષી તરીકે ખૂબ ખીલી નીકળે."

"વારૂ; તો લીલાદેવીના જોષમાં તમે આજે શું જોયું, ભૂદેવ?"

જોષીએ હાથની રેખાઓ તરફ આંગળી કરીને કહ્યું: "થોડાક વખતમાં એમનું લગ્ન થશે. લગ્ન પહેલાં આફતનાં વાદળાં આવશે, પણ એ વીખરાઈ જશે. વાદળાંની ઘનઘોર ઘટામાં એક રૂપેરી દોરો ચમકશે અને એને લીધે લીલાદેવીનું કલ્યાણ થશે!"

"જા, અહીંથી જાય છે કે નહીં? લોકને તેમાંયે ખાસ કરીને કોમળ મનની સ્ત્રીઓને ગભરાવી મારવાનો ધંધો તું લઈ બેઠો છે? જા, એકદમ, ચાલ્યો જા!" જગદીશે ગુસ્સે થઈને તેને કહ્યું.

રમતારામ દયાર્દ્ર દૃષ્ટિએ લીલા તરફ જોઈ રહ્યો. લીલાએ કહ્યું: "એને ધમકાવવાની જરૂર નથી. એનું કામ પૂરૂં થયું છે. લ્યો, જોષીરાજ, આ એક રૂપીઓ દક્ષિણા; અને હવે તમે જઈ શકો છો." લીલાએ તેના હાથમાં રૂપીઓ મૂકયો અને તે લઈને વાંકો વળીને પ્રણામ કરતો, નમ્રતાના વધુ ને વધુ ભાવ દાખવતો રમતા-રામ ત્યાંથી જતો રહ્યો.

લીલા એક બાંકડા ઉપર હતાશ ભાવે બેસી પડી. જગદીશ તેની પાસે આવ્યો અને બોલ્યો: "તમારા હૃદયમાં કાંઈક ગભરાટ ફેલાયો છે!"

" ગભરાટ ! ના, શું તમને હું ગભરાયલી દેખાઉં છું ? " લીલાએ પૂછ્યું અને ઉમેર્યું: " હું મજબુત મનની છું. "

" તમે મજબુત નિર્ણયવાળાં છો, એમ કહો, અથવા તો મજબુત પ્રતિજ્ઞાવાળાં છો, એમ કહો. "

" એ બાબતમાં જેવી કહેવી હોય તેવી કહો; પણ હું ગભરાયલી તો નથી જ ! "

" આ શકમંદ ભામટો મારા આવ્યા પહેલાં તમને કાંઈક ગભરાવી નાંખનારી વાતો કહી ગયો હોય એવો મને શક ઉપજે છે. તમે તેના કહેવા સામે મન મજબુત રાખ્યું હોય એ સંભવિત છે; પણ તમારૂં મોં તમારી હતાશા કહી આપે છે. તમારૂં થાકેલું હલનચલન તમારા મનની આરસી છે, છતાં પણ તમે ' ગભરાયલાં નથી ' એમ કહો છો એ કબુલ રાખવા હું તૈયાર છું. "

" મારૂં હલનચલન તમને થાકેલું લાગ્યું ? ના, હું થાકેલી નથી. અને એ પુરવાર કરી આપવા હું આજે સુન્દરગામની સીમમાં ફરવા જવાની છું. "

" હું ઇચ્છું છું, કે, મને તમારી સાથે રહેવા તમે પરવાનગી આપશો. જોષીએ કહ્યા પ્રમાણે જો આફતનાં વાદળાં ધાઈ આવે તો તેમાં રૂપેરી વાદળી થવાની તક મને મળે, તમારૂં સંરક્ષણ હું કરી શકું...... "

" એવી કાંઇ જરૂર નથી. આફત આવવાનો સંભવ નથી. સંરક્ષણ કરવાની જરૂર પણ ભાગ્યેજ પડશે. કેમકે, હું મજબુત મનની છું. તમને મારા મોં પર ગભરાટ ભાસ્યો હોય તો તે ભ્રમ છે. મને ગભરાટ નથી. હું એકલીજ ફરવા જઇશ...હું આ ચાલી...મને કોઈના સંરક્ષણની જરૂર નથી...મારી સાથે આવવાની કોઇને યે જરૂર નથી... "

અને એમ કહીને લીલા ઉઠી. મજબુત મનનું પ્રતિબિંબ પાડતી હોય તેમ તે મક્કમ પગલાં પાડતી ચાલવા લાગી; કંઈક વેગભેર ચાલવા લાગી અને સુરેશભુવનમાંથી તે બહાર નીકળી.

જગદીશ મનોગત બોલ્યો: “આજે કાંઈક પણ અવનવીન બન્યું છે ખરું ! એ જોયી કાંઈક પણ તેને કહી ગયો છે ! લીલાને તેના કથનથી ગભરાટ ઉપજ્યો છે ! માનવ-જીવનમાં એવી પળો આવ્યા વિના રહેતી નથી. મને ભય ઉપજે છે કે, હવે એ પળો આવે છે-માત્ર તેના જ જીવનમાં નહીં પણ મારા યે જીવનમાં ! ”

એની પાછળ કોઈનો પગરવ સંભળાયો. જગદીશે પાછળ જોયું તો સુરેશ જણાયો: “જગદીશ, તું એકલો જ ઉભો છે કે ? લીલાને તેં દીઠી કે ? મને ઓચિંતોજ કંઈ એવો વિચાર આવ્યો કે, લીલાને જોઉં. શાથી એ વિચાર આવ્યો એ સમજાતું નથી પણ મનુષ્યના જીવનમાં કોઈક પળો એવી ન આવે, ભાઈ, કે જ્યારે એને સ્વજન માટે ચિંતા ઉપજે ? હમણાં મારી એવી હાલત બની ગઈ અને તેથી હું લીલાને શોધવા આવ્યો ! ”

“લીલાદેવી થોડીવાર ઉપર અહીંથી બહાર નીકળી સીમા-પ્રાંતમાં ફરવા માટે ગયાં છે. એમની ચિંતા આપને થાય એ કુદરતી છે. આપનું એમના પ્રત્યે જે પરમનિર્મળ વાત્સલ્ય છે, અને એમના પ્રત્યે આપ જે ઉદારભાવ ધારણ કરી રહ્યા છો તેને લીધે આપનું જગત આપની પુત્રીમાં જ છે એવું આપને લાગે એમાં શંકા નથી. પણ એમની કશી ફીકર કરશો નહીં. મેં એમને પૂછ્યું કે, હું સાથે આવું ? પણ એ ના પાડીને ગયાં છતાં, હું...”

“હા, તું એની પાછળ જા. વસંત અહીં હોત તો તેને હું તેની પાછળ મોકલત. જોજે, એ બહુ દૂર જાય નહીં અને એના પર કંઈ આફત આવી પડે નહીં.”

“આફત ? અહીં આફત જેવું છે શું ? માણસને કોઈ વેળા ન સમજાય એવી આફતોના તર્કવિતર્ક થાય છે. કદાચ આપે કહ્યું

તેમ, આપ એ તર્કવિતર્કની પળોમાં હશો. મારા તરફથી હું આપને હિમ્મત આપું છું. લીલાદેવીની કોઈપણ આફતમાં હું તેમની ઢાલ રૂપ રહીશ, શ્રીમાન્ !"

"ઘણા ઉત્તમ શબ્દો!" સુરેશે કહ્યું: "જગદીશ, તું હવે જઈ શકે છે. હું બાગમાં ફરીને મારી નિરાશાની લાગણીઓ દૂર કરીશ."

* * *

લીલા સુરેશભુવનમાંથી બહાર નીકળીને સુન્દરગામ તરફ જવા લાગી. એને જગદીશે ગભરાટ ઉપજ્યો છે એમ કહ્યું હતું તે ખોટું પાડવું હતું. પોતાને મન કંઈજ ચિંતા નથી; કશો ઉદ્વેગ નથી; પોતાનું હલનચલન જરાય થાકેલું નથી અને 'આફતનાં વાદળાં'ની જોષીએ કહેલી વાતમાં પોતાને લગીરે શ્રદ્ધા નથી એવું બતાવવા માટે તે નીકળી પડી હતી પરંતુ રમતારામ સાથેની વાતચીતે તેને ખરેખર ગભરાટ ઉપજાવ્યો હતો.

પ્રથમ તો, ચેકની સહીનો ઉલ્લેખજ તેને છળાવી હતી. 'એ તે શું આપના સિવાય બીજા કોઈની સહીનો ચેક હતો કે પૈસા ના મળે?' એ પ્રશ્નજ એવો હતો કે જેમાં 'બીજા કોઈની સહી' શબ્દોમાં જાણે ભયંકર વ્યંગ રહેલું છે, એમ એને લાગ્યું હતું. વસ્તુતઃ અભિનેત્રી વનમાલાએ 'લીલા જાગીરદાર'ની સહીનો એ ચેક લખ્યો હતો, એ વિચારે તરતજ તેના મનને ગભરાવી નાંખ્યું હતું. અને પછી, રમતારામે એના હાથમાં રૂપાની ચાક મૂકી હતી. એમાં 'વાસંતી સુરેશરાય' નામ કોતરેલું હતું. વાસંતીની યાદ અભિનેત્રીને હમેશાં દુઃખ ઉપજાવતી હતી. પોતે વાસંતીની દીકરી નથી, એ વિચાર જ એને સંતાપિત કરતો હતો; અને સંતાપના એ બોજમાં સુન્દરગામમાં હરિમતિને ત્યાં રહેતી 'તમારા ચહેરાને મળતી બંગાળણ' 'માંદી દુખીઆરી અને તમારી ગરીબ બહેન' એ શબ્દોએ ચિંતાનો બોજો ઉમેરી દીધો હતો. રેલવે-અકસ્માતમાં જે છોકરીને મરેલી માનીને પોતે નાસી છૂટી હતી તે જ છોકરી શું બંગાળાથી

અહીં આવી પહોંચી છે, એવો પ્રશ્ન એના મનમાં જન્મ્યો હતો અને જો તે એજ છોકરી હશે તો, પોતાનું પોગળ વેરાઈ જશે એમ એને લાગવા માંડ્યું હતું.

અને દિલમાં લાગેલા એ સમાચાર રૂપ જખ્મ ઉપર જાણે મીઠું ભભરાવવામાં આવતું હોય તેમ 'વસંત શેઠને એક બે વાર એ છોકરીને મળતા દીઠા છે' 'વસંત શેઠ એ ગરીબ બંગાળણ સાથે વાતો કરે છે; તેના હાથની ચાહ પીએ છે.' 'આપની સાથે વસંત શેઠનાં લગ્ન થવાનાં છે, તેથી આપને ચેતાવું છું' એ બધાં વાક્યોએ તો અભિનેત્રીના હૃદય પર ખૂબ જ આઘાત કર્યો હતો. રખેને વસંત, ખરો ભેદ જાણી જાય અને 'ખરી લીલા એ છે અને આ નથી' એમ કહીને સુરેશભુવનમાંથી અભિનેત્રીને હાંકી મૂકે—શરમિંદગી ભરેલી હાલતમાં અને બેઆબરૂ બનાવીને કાઢી મૂકે તો, પોતાની અત્યાર સુધીની સંભાળભરી સર્વ કોશિષો વ્યર્થ જશે અને પોતાના હૃદયના ચૂરેચૂરા થઈ જશે, એમ અભિનેત્રીને લાગ્યું.

હજી તો, હમણાંજ તેણે હૃદયને કઠણ બનાવીને સુરેશ આગળ "હું આપની કુલદીપિકા છું" એમ કહેવું શરૂ કર્યું હતું. ભાર મૂકીને તે સુરેશને આડકત્રી રીતે એમ મનાવવા કોશિષ કરતી રહી હતી કે, 'તમારી પુત્રી જ હું છું અને તે પણ તમારી મૃત પત્નીની' અને એ કોશિષો પર શું સંયોગોના વિપરીત વહને પાણી ફેરવી દેવા ધાર્યું હતું ?

લીલા અકળાઈ ઉઠી હતી. એનું મસ્તક જાણે બહેર મારી ગયું હતું એમ એને લાગવા માંડ્યું હતું અને એમાં જગદીશ તથા જોષીના 'એક્ટર અને એક્ટીંગ' ના સંવાદે પાછી ગભરામણ વધારી મૂકી હતી. ગભરાયલી વ્યક્તિને 'તું ગભરાઈ ગઈ' એમ કહેવામાં આવે તો તે 'નથી ગભરાઇ' એમ દંભથી જવાબ આપ્યા વિના રહે નહીં. જગદીશે લીલાને ગભરાટનો સિદ્ધો પ્રશ્ન કર્યો અને લીલાએ તેની ના પાડી. વસ્તુતઃ ગભરાઇ ગઈ હોવા

છતાં ના પાડી અને મજબુત મનની છું એમ કહ્યું. જગદીશે એમાં 'મજબુત પ્રતિજ્ઞાવાળાં છો' એમ કહીને અભિનેત્રીને તેની પ્રતિજ્ઞાની યાદ આપી. એણે તો કુદરતી રીતે કહ્યું હતું કે, જાણે તમે મારા પ્રેમને મચક નહીં આપવાની મજબુત પ્રતિજ્ઞા લીધી હોય એમ લાગે છે; પણ અભિનેત્રીને એને લીધે પોતાની સ્વર્ગસ્થ માતા યમુના સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી.

હૃદયના ગભરાટની સ્થિતિમાં તે એકલી ફરવા નીકળી પડી તો ખરી, પણ ચાલતાં ચાલતાં પોતાની માતા સમક્ષની પ્રતિજ્ઞાની યાદ એના હૃદયને દંશ દઈ રહી. 'શું મારી પ્રતિજ્ઞા હું પૂરી કરી શકી છું ?' એ એકજ પ્રશ્ન એના મનને વીંધવા લાગ્યો અને "ના, ના, ના." એ શબ્દો બોલતા એના હૃદયના ધબકારા હથોડાની પેઠે એના કાનમાં વાગી રહ્યા હોય એમ એને લાગવા માંડયું.

એ ઝડપભેર ચાલવા લાગી. શીતળ પવનની મંદ મંદ લહરીઓ માર્ગમાંથી આવતી હતી પણ જાણે ગરમ વાયૂ એના શરીરને લાગે છે એમ એ અનુભવવા લાગી. એના કપાળે પ્રસ્વેદનાં બિન્દુ બાઝતાં હતાં, ચાલતી ચાલતી એ સિસ્કારા બોલાવતી હતી; ઉહૂકાર કરતી હતી. પાછળથી એ વખતે એક ગાડી આવતી હોય એમ એને લાગ્યું. તે ઉભી રહી ગઇ. થોડીવારે એ ગાડી નજદીક આવી. એણે જોયું કે, એ એની જ ગાડી હતી. ગાડીવાન બોલ્યોઃ "શેઠસાહેબે મને કહ્યું કે, આપ ફરવા ગયાં છો. રખેને આપ થાકી જાઓ, એથી મને મોકલ્યો."

લીલા કાંઈ જ બોલ્યા વિના ગાડીમાં બેસી ગઈ. "આગળજ હાંકુ કે, બાસાહેબ ?" ગાડીવાને પૂછ્યું. લીલાએ 'હા' પાડી, બીજો એક પણ શબ્દ ન કહ્યો.

સુન્દરગામના શિવાલય નજદીક ગાડી પહોંચી ત્યાં લગી બેચેન હાલતમાં લીલા તેમાં પડી રહી. એવામાં કેદાર રાગના સૂર

સંભળાયા. દુઃખ અને સંતાપ વેળા પ્રભુને સહાય કરવા માટે જાણે પ્રભુને વીનવણી થતી ન હોય, એવા એ રાગના ગીતના શબ્દો ઉચ્ચારાતા હતા. લીલા ગાડીમાં ટટ્ટાર થઈ બેઠી થઈ ગઈ.

“ ઉભી રાખ ” ગાડીવાનને તેણે કહ્યું. ગાડી ઉભી રહી. લીલાએ બહારના ભાગમાં નજર કરી. રાત પડી ચૂકી હતી. ચાંદની ચોમેર છવાઈ ગઇ હતી. થોડેક દૂર દૂધે ધોયેલું હોય એવું શ્વેત મંદિર દેખાતું હતુ. ગાડી એ મંદિરનાં પગથીઆંથી દશેક ફીટ દૂર થોભી ગઈ હતી. લીલાએ ગાડીવાનને કહ્યું: “ તારે અહીં તહીં ક્યાંયે ફરવું હોય તો જા. હજી અહીં એકાદ કલાક હું રોકાઇશ. ”

“ વારૂ; બાસાહેબ, ” એમ કહીને ગાડીવાન ઘોડાને એક ઝાડ સાથે બાંધીને ગામની અંદર ગયો.

થોડી વેળા વીતી એવામાં એ મંદિરમાંથી સફેદ વસ્ત્રમાં સજ્જ થયેલી એક સુન્દરી બહાર નીકળી. એ સુન્દરી પ્રથમ તો આમ તેમ જોવા લાગી. બાદ મંદિરની દિવાલ ઉપર ચોંટેલી એક તખ્તી આગળ જઈને તે વાંચતી ઉભી રહી. એનો ચહેરો એ વખતે અભિનેત્રી જોઇ શકતી ન હતી. થોડી વાર થઇ અને એ સુન્દરી તખ્તી આગળથી પોતાનું મુખ ફેરવીને મંદિરનાં પગથીઆં તરફ આવવા લાગી. અભિનેત્રીએ એના તરફ જોઇને પોતાની આંખો ચોળી જોઈ. તે તરૂણી સંસ્કૃત ગીત ગણગણતી પગથીઆં ઉતરવા લાગી અને અભિનેત્રી ડોળા ફાડીને તેના તરફ ટગર ટગર નિહાળી રહી. તે સુન્દરીનું ધ્યાન ગાડી તરફ કે ગાડીમાં બેઠેલી વ્યક્તિ તરફ ન હતું. અભિનેત્રીનું ધ્યાન તેના તરફ બરોબર હતું.

જ્યારે પગથીઆં ઉતરી રહીને તે સુંદરી માર્ગમાં ચાલવા લાગી ત્યારે તેનો ચહેરો દેખાતો બંધ થયો. આંખોથી એ

ચહેરો દેખાતો બંધ થવા છતાં જાણે અભિનેત્રી સમક્ષ હવામાં તે તરવરી રહ્યો. એના દિલમાંથી એ ખસ્યો નહીં. શા માટે ?

કારણ કે, ઢાકા નજદીક થયેલા રેલ્વે અકસ્માતમાં જે છોકરીને અભિનેત્રીએ મરેલી માની હતી તેનોજ એ ચહેરો હતો ! જેણે પોતાનું નામ 'લીલા જાગીરદાર' કહ્યું હતું તેનો જ એ ચહેરો હતો ! જેના જીવનવૃત્તાંતની નોંધપોથી લઈને અભિનેત્રી નાસી છૂટી હતી તેનોજ એ ચહેરો હતો ! જેનું નામ ધારણ કરીને પોતે સુરેશ ભુવનમાં વસી રહી છે તેનો જ એ ચહેરો હતો !

"શું એ સાચે જ લીલા જાગીરદાર છે કે એનું ભૂત છે ? એ મરી ગયેલી હતી અને એને હું જીવતી કેમ જોઉં છું ?" અભિનેત્રી ગણગણી.

એક ચિત્કાર સમેત અભિનેત્રી ગાડીની બેઠકમાં ઢળી પડી !

પ્રકરણ ૨૬

●

પ્રેમદેવતાને ઠોકર !

●

વસંત જ્યારે ભાગીરથી પાસેથી ગયો ત્યારે ભાગીરથીના મનમાં તેની સાથેની વાતો રમી રહી. મળતા ચહેરાની બાબત વસંતે ચોળીને ચીકણી કરી હતી–ખૂબ ચર્ચી હતી; અને એ ચર્ચામાં ભાગીરથીના પુર્વજીવનનો વૃત્તાંત જાણવા તેણે યત્ન કર્યો હતો. એમાંથી ભાગીરથીને એની મૃત માતાની અને દુખીઆરા જીવનની કટ્ટુ યાદ તાજી થઈ હતી. વસંતે જાગીરદારની પુત્રી સંબંધી પણ વાતો કરી હતી અને તે દરમ્યાન આશ્વાસનની એક વાત કહી હતી કે 'હું તમને અને હરિમતિ માને દરેક વાતે સુખી કરવા તૈયાર છું.' પણ ક્યાં એ શ્રીમંત વસંત અને ક્યાં પોતે એક અનાથ નમાઇ બાળકી ! અસમાન સ્થિતિને લીધે ભાગીરથીને ક્ષોભ ઉત્પન્ન થયો હતો. ગરીબાઈ અને અનાથપણાને લીધે જગતમાં પોતાનું કોઈ નથી એમ એને લાગ્યું હતું. જો પોતે એક સુખી બાલિકા હોત, જો જાગીરદારના કુટુંબ જેવી પોતાની સુસ્થિતિ હોત તો ?...

ભાગીરથીના મનમાં વસંત સંબંધી વિચારો આવતા રહ્યા. વસંત માટે જાણે પોતાના મનમાં કોઈક ન સમજાય એવી મીઠી લાગણી ઉપજી છે એમ એને લાગ્યું. વસંતની સાથે વાતો કરવામાં એને પોતાને કંઈક હૃદયની શાંતિ મળતી હતી એમ લાગ્યું. વસંત પૈસાદાર છે, આબરૂદાર છે, છતાંય અવારનવાર અહીં આવે છે અને વખત ગાળે છે. એમાં એ કેટલો બધો ગર્વવિનાનો–સાદો સરળ માણસ છે એમ ભાગીરથીને લાગવા માંડયું. પૈસાની સાહેબીને લીધે ગરીબો તરફ નફરત કરનારાઓ વિષે ભાગીરથી કાંઈક

જાણતી હતી. ગરીબો ઉપર હુકમ કરતા અને ગરીબોની લાગણીનાં લગીરે માપ નહીં આંકતા શેઠીઆઓ સંબંધી, ભાગીરથીને એની મૃત માતાની સાથે રહેતાં, ખ્યાલ હતો. પણ વસંત એવો નહતો. પૈસાની મગરૂરી એનામાં નહતી. આવો એ પૈસાદાર પોતાને ત્યાં અવારનવાર થોડી થોડી વાર આવે છે પણ જો કાયમ એ પોતાની સાથે રહે અને કાયમ એની વાતો સાંભળવાનું પોતાના ભાગ્યમાં હોય તો કેવું સારૂં, એમ ભાગીરથીને લાગવા માંડયું હતું પણ...

પણ સાચેજ એ સ્થિતિ સંભવિત નહતી કારણ કે લીલા સાથે તે પરણવાનો હતો અને પછી તો લીલાના સહવાસમાં તે રહેવાનો એટલે આ તરફ ભાગ્યેજ આવવાનો—ગરીબ અને અનાથ ભાગીરથીને તે ભૂલી જવાનો ! અને ભાગીરથી જેવી છે તેવીજ ગરીબ અને અનાથ રહેવાની !

લીલા કેટલી બધી ભાગ્યશાળી ગણાય ? એને સાહેબી છે: સુખ છે અને આ ગર્વવિહોણો પૈસાદાર એનો પતિ થશે ! બધાનાં ભાગ્ય એવાં નથી હોતાં...

અને ભાગીરથીને આ વિચારોમાંથી એની મૃત માતા યાદ આવી. એને ગભરામણ થઇ ગઇ. એ મા, મા, કહેતી ઘર બહાર નીકળી પડી અને દોડીને મંદિરમાં જઈ બેઠી. કંઇક વાર સુધી તો તે એમને એમ શૂન્ય મને મંદિરમાં બેસી રહી; કંઇવાર સુધી તે ભીંતને અઢેલીને બેચેન હાલતમાં જડવત્ પડી રહી અને એકાએક "रक्ष माम्" એ શબ્દો એના મુખમાંથી નીકળી પડયા. કેદાર રાગની ગતમાં તે લલકારી રહીઃ

त्वामहं प्रणितोऽस्मि शंकर चन्द्रशेखर रक्ष माम्

એક ને એક લીટી તે ગુંજવા લાગી અને એ ગુંજનમાં શીતલ વાયુની લહરીઓએ એના શરીરને સ્પર્શ કરતાં, એ આહ્‌લાદ અનુભવવા લાગી. બીજા કશા વિચારો એના મનમાં રહ્યા નહીં, એ લીટીનું ગુંજન જ એને પ્રફુલ્લ બનાવવા લાગ્યું અને...

હાથ જોડીને, ભીંતના ટેકાથી અલગ થઈ જઈને તે ટટ્ટાર બેઠી. તેણે આંખો મીંચી અને આખુંયે ગીત પહેલેથી તે ધીમા અને પ્રશાંત સ્વરે ગાવા લાગી. પૂર્ણ ગીતે એને ઉલ્લસિત બનાવી—પૂર્ણ સ્વસ્થ બનાવી અને તે ત્યાંથી બહાર નીકળી.

અચાનક એની દૃષ્ટિ મંદિરની બહાર ભીંત પર ચોઢેલી તખતી તરફ ગઈ. તેણે તે તખતીમાંના અક્ષરો વાંચ્યા:

"સ્વ. શ્રીમતી વાસંતીદેવી,
તે અમૃતનગરના જાગીરદાર સુરેશરાય
અમૃતરાયનાં ધર્મપત્નીની પવિત્ર યાદમાં
આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. તા......"

પુનઃ ગીત ગુંજતી તે પગથીઆં ઉતરી અને હરિમતિ માની મઢૂલીમાં ગઈ.

એ વખતે એને શુભ્ર ચાંદનીમાં અભિનેત્રીએ ગાડીમાં બેઠે બેઠે નિહાળી. ભાગીરથી સ્વસ્થ બનીને ગઈ. અભિનેત્રી અસ્વસ્થ બનીને ગાડીમાં પડી.

એકનો ગભરાટ દૂર થયો હતો. બીજીનો ગભરાટ વધી ગયો હતો!

લીલા ગાડીમાં ચિત્કાર સમેત ઢળી પડયા પછી થોડીવારે ગાડીવાન ગામમાંથી આવ્યો. ગાડીના દરવાજા આગળ જઈ લીલાની વરદી માગવા તે બોલ્યો: "બા સાહેબ!"

પણ તો મૂર્ચ્છિત હતી! ગાડીવાન મુંઝાઈ ગયો.

"એમને શું થઈ ગયું? કોઇને બોલાવું?" એમ મનમાં વિચાર કરતો, તે આમ તેમ જોવા લાગ્યો. એટલામાં જે રસ્તેથી ગાડી આવી હતી તે રસ્તામાંથી એક વ્યક્તિને ગાડી તરફ આવતી નિહાળીને તેના ચહેરામાં કંઈક ખુશાલી ફેલાઈ. તેના તરફ દોડતો

જઈને તે કહેવા લાગ્યો: "જગદીશ શેઠ, જગદીશ શેઠ, ઝટ ચાલો ને ? લીલા બા બેહોશ થઈ ગયાં છે !"

જગદીશ ઝડપથી ગાડી આગળ આવ્યો. લીલાની બેહોશી જોઈને તેણે આમ તેમ નજર કરીને કહ્યું: "જા, તો. આ મંદિરમાં કુવો હશે. એમાંથી પાણી લઇ આવ. પાણી છાંટીશું એટલે શુદ્ધિમાં આવશે."

ગાડીવાન મંદિરમાં ગયો; અને થોડીકવારમાં પાણીથી ભરેલી એક બાલદી લઇ આવ્યો. જગદીશે લીલાના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો; એક ચાંગળું પાણી તેના મોંમાં જવા દીધું, અને પરિણામે લીલાએ આંખો ઉઘાડી. જગદીશને જોતાં જ તે સફાળી બેઠી થઈ અને પૂછવા લાગી:

"તમે અહીં ક્યાંથી ? શા માટે તમે અહીં આવ્યા ? મારા તરફ ટગર ટગર શું જોઈ રહ્યા છો ? શું હું તમને ભૂત જેવી લાગું છું ?"

"માફ કરજો." જગદીશે ધીમા શાંત સ્વરે કહ્યું: "તમને એકલાં જતાં જોઈને હું સુરેશભુવનમાં ધીરજથી બેસી રહી શક્યો નહીં. પિતાજીએ ગાડી મોકલી. હું પગપાળો તમારી પાછળ આવ્યો."

"તમે ક્યારના અહીં આવ્યા છો ?"

"એ કેવી રીતે કહી શકું ? પળો મને યુગો સમા ભાસી છે; વિપળો વર્ષો સમી ભાસી છે !"

"તમે અહીં કોઈ વ્યક્તિને જોઈ હતી ?"

"ગાડીવાન, અહીં કોઈ આવ્યું હતું ?" લીલાના પ્રશ્નનો જવાબ દેવાને બદલે જગદીશે ગાડીવાનને સવાલ કર્યો.

"હું તો ગામમાં ગયો હતો. હમણાં જ ત્યાંથી પાછો ફર્યો ત્યારે બાસાહેબને મેં બેહોશ દીઠાં. પછી તો, આપ સાહેબ આવ્યા !" ગાડીવાને કહ્યું.

"એણે તો કોઇને જોયો નથી; પણ એક વ્યક્તિને મેં દીઠી છે! શું તે તમારી પાસે આવી હતી?" જગદીશે ગાડીવાનનો ઉત્તર સાંભળ્યા બાદ કહ્યું.

"તમે કોઈ વ્યક્તિને અહીં દીઠી છે, એમ?" લીલા સહેજ ગભરાટ ભરેલા સ્વરે બોલી. રખેને સાચી લીલા જાગીરદારને જગદીશે પણ જોઇ હોય અને પોતાની પોકળતાનો પ્રકાશ હવે હાથવેંતમાં હોય એમ અભિનેત્રીને લાગ્યું.

"મારી એક સૂચના માનશો? થોડોક વખત ચાંદનીમાં ફરો. ગાડીમાં ઇંધાઇ રહેવું ઠીક નથી. તમે સ્વસ્થતા મેળવશો એટલે હું વાત કરીશ." જગદીશ બોલ્યો.

અભિનેત્રી તુર્તજ તેનો કાંઇ પ્રતિકાર કર્યા વિના ગાડીમાંથી નીચે ઉતરી. ક્યાં જવું, એ વિષે પ્રથમ તો તે ગુંચાઇ; પણ પછી, તે મંદિર પાછળ મેદાનમાં ચાલી.

જગદીશ તેની પાછળ ગયો.

એક ઝાડ નીચે થડ આગળના ટેકરા પર તે બેઠી. તેણે પૂછ્યું: "તમે કઈ વ્યક્તિને દીઠી હતી?"

જગદીશે તેની સામે બેસતાં જવાબ દીધો: "પેલા ચવિત્રા જોષીને! તે ખુશખુશાલ જતો હતો. તમે અહીં બેશુદ્ધ હતાં! નક્કી, એણે તમને કંઇક ગભરાવી નાંખનારી વાત કહી છે! તમારા હૃદય પર તેણે આઘાત કર્યો છે! તમે મને પરવાનગી આપો તો હું તેને સોટીએ સોટીએ ફટકારૂં!"

જગદીશે જોષીનું નામ દીધું તેથી અભિનેત્રીએ શાંતિ અનુભવી. એણે પેલી 'મળતા ચહેરાની' બાઇને દીઠી નથી, એને કંઇ વહેમ ઉપજ્યો નથી, એ બદલ રાહત મેળવીને તે બોલી: "ના, ના, આપણે શા માટે તેને ફટકારીએ? એણે મારા હૃદય ઉપર કાંઇજ આઘાત કર્યો નથી. પણ એના સિવાય, તમે બીજી કોઇ વ્યક્તિને જોઇ હતી?"

"ના. બીજા કોઈને નહીં. શું તમારી બેહોશીનું કારણ અન્ય કોઈ હતું ?"

"ના. ના. હવા આવતી ન હોવાથી હું બેચેન બની ગઇ હતી. પણ હવે મને ઠીક છે. તમને મેં શરૂઆતમાં કાંઈ કહ્યું હોય તો માઠું ના લગાડશો પણ તમે મારી બેચેની દૂર કરી છે તે બદલ હું તમારો આભાર માનું છું."

"હા ! પણ મારી બેચેની દૂર નથી થઈ !" જગદીશે કહ્યું.

અભિનેત્રી તેના તરફ ટગર ટગર જોઇ રહી. તે બોલ્યો: "તમને ક્યાંથી ખ્યાલ આવે કે, મૌન સેવીને અજ્ઞાતનો સ્વાંગ ભજવીને, હું ખૂબ જ બેચેન બની રહ્યો છું ! તમારૂં મોં ના ફેરવો, લીલાદેવી ! અગાઉની વાતો તમને યાદ આવતી હોય કે નહીં તે તમે જાણો; પણ હું તો તે ભૂલી શકતો નથી. મારા ઉપર તમે શા વાસ્તે વિશ્વાસ રાખતાં નથી ?"

"તમારી ઉપર વિશ્વાસ રાખવાનું કાંઇ કારણ ?"

"કારણ એજ કે, હું ફરહાદ છું. તમે શીરીં છો."

તે આ સાંભળીને ઉઠીને ઉભી થવા ગઈ. પણ જગદીશે ઉભા થઈ તેનો માર્ગ અવરોધીને કહ્યું: "ના જશો. આજ એકવાર ફરીથી મારૂં કહેવું સાંભળ્યા પહેલાં ના જશો. બેસો. મહેરબાની કરીને બેસો." તે અસ્વસ્થ મનથી બેઠી. જગદીશે કહેવા માંડયું:

"મારો પ્રેમ કાંઈ તમારા માટે નવી વાત નથી ! મહિનાઓથી, અને દૂર દૂરના સ્થળમાંથી તમે તે પિછાણ્યો છે ! વાણીથી શક્ય એટલું બધું જ મેં તમને કહી દીધું છે. લીલા ! વનમાલા ! હું તમને કિયા નામે બોલાવું ? તમે ચાહે તે નામધારિણી હો, હું તમને ચાહું છું એ નિઃશંક છે. અને તમે એમ માનો છો કે, મારો પ્રેમ આંધળો છે ? ના. મુંબાઈમાં તમે પગ મૂક્યો ને મેં તમને પિછાણી લીધાં છે. કોઇને મોંયે એ સંબંધી મેં એક પણ હરફ કહ્યો નથી.

તમારા ભૂતકાળનો પડદો એક તસુભાર પણ મેં ઉચક્યો નથી—કોઈને તેનાં રજમાત્ર દર્શન કરાવ્યાં નથી. હું સમજી શકતો નથી કે તમે આટલા બધા વખત દરમ્યાન શા વાસ્તે એ ભૂતકાળ પર પડદો ઢાંકી રાખ્યો છે?"

"તમે એનું કારણ જાણતા નથી?"

"હું તે જાણતો નથી. કલ્પનાઓ કે અનુમાનો કરવા મેં પરવા કરી નથી. જો એનું કાંઈ રહસ્ય હોય તો તે જાણવા હું તલસું છું; એટલું જ નહીં પણ તે બદલ મારા ઉપર વિશ્વાસ રાખવા હું વિનવું છું. તમે એમ માનો છો કે, હું વિશ્વાસઘાત કરીશ?"

"ના. પણ તમને એ રહસ્ય બદલ કાંઇ શંકાઓ ઉદ્દભવી છે કે? અને ઉદ્દભવી હોય તો તે શી છે?"

"હું કાંઈ જ શંકાઓ કરતો નથી. વનમાલા કીર્તિકર, શા વાસ્તે લીલા જાગીરદાર તરીકે ઓળખાય છે એથી મારા મનમાં મને ઘણું આશ્ચર્ય થાય છે. તેમ છતાં તે આશ્ચર્ય હું દાબી દઉં છું. પણ એથી તમે જે ભય વહોરી લીધો છે તે કેટલો ભયંકર છે તે તમે જાણતાં જ હશો. મૃત ગણાયેલી વનમાલા તમે છો એવું પ્રકટ થઈ જતાં જે આફતના ઓળા તમારી ઉપર આવશે એનો વિચાર તમે કદી કર્યો છે? પારકાં રહસ્ય જાણવા માટે ખણખોદ કરનારાઓ દુનિયામાં અપાર પડયા છે. પણ જગદીશચંદ્ર પંડિત બી. એ. ઓનર્સ તેવો નથી. તેણે ચૂપકીદીથી ગુલામી સ્વીકારી છે. તે ચૂપ રહીને સંરક્ષક બનવા માગે છે. આવો અનંત, અનુપમેય, અમોઘ, અવિચલ, પ્રેમ તમે ક્યાંયે દીઠો છે? વનમાલા! મને એનો બદલો આપો. મારે તમારી સાથે લગ્ન કરવું છે. મને લગ્નની પરવાનગી આપો."

વલમાલા ઉભી થઈ ગઈ; અને તેનાથી સહેજ દૂર જઈને ઉભા રહેતાં બોલી: "તમને ખબર છે કે, તમે શું માગો છો?"

"અવશ્ય હું માગું છું લગ્ન!"

"કોની સાથે ?"

"જેના પર મને નિઃસીમ પ્રેમ છે તેની સાથે–પછી ચાહે તો તે લીલા હોય કે વનમાલા હોય–નામની મને પરવા નથી! તમારે કિયા સંયોગોમાં લીલા તરીકે અહીં વસવું પડયું છે એ હું જાણતો નથી; પણ એ સંયોગોમાં અપ્રમાણિકપણું કે અપવિત્રતા નહીં હોય એવો અટલ વિશ્વાસ ધરાવું છું. કદાચ તમારે તમારાં માતુશ્રી સાથે દૂર દૂર બીજા નામે વસવું પડયું હશે તેનું કારણ જાગીરદાર કુટુંબની પ્રતિષ્ઠાને ઝાંખપ ન લાગે તે હશે. દુર્ભાગ્યે તમારાં માતુશ્રીનું દુ:ખદ અવસાન થતાં તમે આ તરફ આવ્યાં હશો; પણ એમાં એટલું તો ચોક્કસ જ હશે કે, તમે સુરેશરાયનાં પુત્રી હશો જ—"

"હા. હું સુરેશરાય અમૃતરાય જાગીરદારની પુત્રી છું."

"એ સાંભળીને મારી બેચેની દૂર થાય છે. અને તેથી હવે હું અજ્ઞાતવાસનું તમારૂં વનમાલા નામ ભૂલી જઇશ. તમને હવેથી લીલાદેવી તરીકે જ ઓળખીશ અને તે નામે સંબોધન તો કરૂં છું એ તમે જાણો છો" તે હસ્યો અને પુનઃ બોલવા લાગ્યો: "ખરેખર! હું કેવો મૂર્ખ! આજ સુધી હું એમ માનતો હતો કે, તમે સુરેશરાય જાગીરદારને ઠગી રહ્યાં છે? કુદરતી રીતે જો તમે તેમનાં પુત્રી હો તો તમારો એ અધિકાર મેળવો એમાં કશું ખોટું નથી. તમારા રંગભૂમિના જીવનની ચર્ચા તમારાં નવાં મિત્રો કરે એ તમને ગમે નહીં, એ પણ સ્વાભાવિક છે; તેથી તમે એ વિષેની યાદ ભૂંસી નાંખવાં મથ્યાં છો, એ હવે મને સમજાય છે. પરંતુ હું તો તમારો પુરાણો પરિચિત છું. છતાં યે મારા પર તમે અવિશ્વાસ મુકયો હતો, એ આશ્ચર્યજનક જ હતું! તમે તમારાં માતુશ્રીની તસ્વીર પણ મને બતાવી નહીં–જો કે મેં તો કલકત્તામાં તેમને જીવતા દીઠાં હતાં! આટલો બધો ભેદભાવ મારી સાથે તમે રાખ્યો છે તે માટે હું તમને મીઠો ઠપકો યે આપતો

નથી. અને હવે જ્યારે સાચો ખુલાસો થઇ ગયો છે અને અસલના મારા વિશુદ્ધ અને પ્રામાણિક પ્રેમમાં તેથી ફરક પડયો નથી ત્યારે હું તમારી પાસેથી ઉત્તર માગું છું કે, લગ્ન ક્યારે કરશો ? ”

જવાબ દેવાને બદલે અભિનેત્રી પોતાની આંખો મોટી કરીને તેના સામે જોઈ જ રહી. જગદીશને ન સમજાયું કે, તે આમ શા માટે નિરખી રહી છે ? એના અંતરના ભાવ સમજવા તે ખૂબ તલસી રહ્યો અને આકળવિકળ થઇને બોલ્યો: “ તમે અબોલ કેમ ઉભાં છો ? તમને શું મારા પ્રેમમાં શંકા છે ! ”

“ ના. ” જાણે કોઈ બંધીઆર ઘેરાયલા ઉંડાણમાંથી જવાબ નીકળતો હોય એમ સંભળાયું; અને એ જ ઉંડાણવાળો જવાબ આગળ વધ્યો: “ પણ મારી આગળ એ પ્રેમની વાત ના કરશો. હું એ વિષે કાંઈ જ સાંભળવા માગતી નથી ! ”

“ અર્થાત્ ? ” આશ્ચર્યમાં ડૂબેલો જગદીશ બોલ્યો: “ શું હું તમારી દૃષ્ટિમાં અયોગ્ય છું ? ”

“ ના. એ પ્રશ્ન નથી, પણ હું તમારી સાથે લગ્ન કરી શકું તેમ નથી. ”

“ કારણ શું છે ? ”

“ હું તમને ચાહતી નથી. જાઓ, મારી આગળથી જતા રહો. પ્રેમની વાત હવે કદાપિ ઉચ્ચારશો નહીં. ”

જગદીશ આભો બની ગયો. આટલા આટલા કાળક્ષેપ પછી આટઆટલી યાતનાઓ, વિનવણી અને અત્યંત નીચી કક્ષાની ગુલામી સુધીના પતન પછી શું આ શબ્દો સાંભળવા તેનું ભાગ્ય સર્જાયું હતું.

અંતરના ઉકળાટથી તે બોલ્યો: “ આવો કમનસિબ હુકમ કરવાનું તમારૂં જીગર કેમ ચાલ્યું એ હું સમજી શકતો નથી ? લીલા ! તમે મને ઠોકરે મારો છો, એમ ન માનશો—પ્રેમદેવતાને

ઠોકરે મારો છો ! જો તમારે મને નકારના શબ્દો કહેવાના હતા તો શા માટે આજલગી તમે મને ઉત્તેજન આપ્યું ? ”

“ હું શું કરતી હતી તેનો મને ખ્યાલ ન હતો. મારે તમારી કોઇપણ વાત આજ પહેલાં સાંભળવી જોઈતી ન હતી. તમારી વચ્ચે અને મારી વચ્ચે એવો એક અંતરાય છે કે જેથી આપણે આ તકે જુદાં પડવુંજ જોઇએ. જાઓ, મહેરબાની કરીને જાઓ. મારા જીવનમાં તમે મુદ્દલે રસ લેશો નહીં. ”

અને એમ કહીને તે જવા લાગી.

“ એક વાત સાંભળતાં જાઓ. ” જગદીશ બોલ્યો : “ તમે કહ્યું કે, આજસુધી તમે શું કરતાં હતાં તેનો તમને ખ્યાલ ન હતો. હું કહું છું કે, અત્યારે તમે શું કરો છો તેનો યે તમને ખ્યાલ નથી ! તમે પ્રેમદેવતાને ભાંગીફોડીતોડી નાંખવા કોશિષ કરો છો ! પણ પ્રેમ કદાપિ મરતો નથી; તેના ટૂકડા નથી, તે અમર છે; અને અમર રહેશે. મને તમે તમારા જીવનમાં મુદ્દલે રસ નહીં લેવા ફરમાવ્યું છે. હું તમારી એ વાત બાલિશતાભરેલી ગણું છું. તમારા સંરક્ષક થવાની મેં પ્રતિજ્ઞા લીધેલી છે. તમે મને ચાહોછો કે નહી એ બાબત ગૌણ છે. મારો તમારા પ્રત્યે વિશુદ્ધ પ્રેમ છે એ મહત્વની બાબત છે અને તેને અંગે સાંભળતાં જાઓ અને સ્મરણમાં રાખજો કે, ભવિષ્યમાં તમને મારી જરૂર પડયા વિના રહેશે નહીં. તે વખતે હું લગીર પણ અચકાયા વિના તમારી વહારે ધાઈશ. તમારા બેપવાઈભરેલા શબ્દોને હું લક્ષમાં લઈશ નહીં. ”

જવાબમાં એક પણ હરફ ઉચ્ચાર્યા વિના તે જતી રહી. જગદીશને જબરદસ્ત આઘાત લાગ્યો હતો. તેનાથી એક ડગલું પણ ચાલી શકાયું નહીં. તે પાષાણની પ્રતિમાની પેઠે બેસી રહ્યો.

પ્રેમદેવતાને આજ અણધારી ઠોકર વાગી હતી !

●

પ્રકરણ ૨૭

●

વચનનાં મૂલ્યાંકન

●

અભિનેત્રી પોતાની ગાડી પાસે આવી. એ આમ તેમ જોવા લાગી કે, ક્યાંય પેલી બાલા દેખાય છે? ના. તે ક્યાંયે દેખાતી નહતી! તેની દૃષ્ટિ મંદિર પર પડી. મંદિરની ભીંત ઉપર ચોટેલી એક તખતીમાંથી તે બાલા જતી વખતે કાંઈક વાંચતી દેખાઈ હતી એવું તેને યાદ આવ્યું. તે શું વાંચતી હતી? અભિનેત્રી મંદિરનાં પગથીઆં ઉપર ચઢી. તખતી આગળ ગઈ. સુરેશરાય જાગીરદારની સ્વર્ગસ્થ ધર્મપત્ની વાસંતીનું નામ એ તખતીમાં વાંચીને તેના મુખમંડળ ઉપર ક્રોધનાં વાદળાં ધાઈ આવ્યાં. તે મનોગત બોલી: "એની માના નામની તખતી! પિતાજીએ પોતાની લગ્નિતા ધર્મપત્નીને આખરે ન્યાય આપ્યો! પાષાણની આ તખતી ધર્મસંસ્થામાં ચોઢીને તેમણે જગતને એમ દેખાડયું કે, એ મરનારને મારા જીવનમાં ધાર્મિક સ્થાન હતું. અસ્તુ. પણ......" અભિનેત્રીને એની પોતાની માતા યમુના યાદ આવી. માતાની લગ્ન-વિહોણી હાલત; જગતના લોક સમક્ષ એનાથી ઉન્નત મસ્તક નહીં રાખી શકાયાની અને લાંછિત, ઓસંગાયેલું, લજ્જાભર્યું એકલ જીવન વિતાડયાની એની હાલત, અભિનેત્રીને પોતાને લજ્જિત બનાવી રહી.

"પણ મારી માતાનું શું? જેની સાથે પિતાજીએ લગ્ન કર્યા નહતાં, જે લગ્ન માટે હક્કદાર હતી, છતાંયે જેનું મોં પ્રપંચથી બંધ કરવામાં આવ્યું હતું, જેને વેગળે અજ્ઞાત જીવન ગાળવા માટે ધકેલી મૂકવામાં આવી અને જીવનભર જેની સાથે એ પછી તેમનું મિલન થયું નહતું તે મારી માતાની સંસ્મૃતિ શું કાંઈ જ નહીં?......

"કોઈ રીતે શું તેનાં નામની યાદગિરી જાળવવાનો પોતાનો ધર્મ, પોતાની ફરજ, પિતાજીને નૈતિક રીતે બંધનમાં રાખતી નથી? વાસંતીદેવી ચિરસ્મરણીય બને છે! યમુનાદેવી અજ્ઞાત, વિસ્મૃત અને લાંછિત રહે છે! એના નામનો ઉલ્લેખ પણ પિતાજીના આજના જીવનમાં ક્યાંયે નથી! એનું જાણે અસ્તિત્વ જ નહતું એવી વર્ત્તણુંક પિતાજીએ રાખી છે!

"વેર! વેર! વેરની મારી પ્રતિજ્ઞા! મરતી માના બિછાના આગળ મેં લીધેલી પ્રતિજ્ઞા!........."

અભિનેત્રી અચાનકજ હસી. એના ક્રોધના ભાવ હાસ્યમાં પલ્ટાઈ ગયા. એ પુનઃ સ્વગત બોલીઃ "મારી પ્રતિજ્ઞા મેં પૂરી કરી છે! આજ પિતાજીના હૃદયમાં હું જ એકલી વસી રહી છું. મારી આંખે એમનું હૃદય જુએ છે. એમ કહું કે, મારી માતા પ્રત્યેના સર્વ અન્યાયનો ખંગ મેં વાળ્યો છે, તો તેમાં શું ખોટું છે? વાસંતીદેવી તો માત્ર પાષાણની તખતીમાં નામના ઉલ્લેખ માત્રથી જ સંસ્મરણ રૂપે જડાઇ છે; પણ એની તસ્વીર? એ તો કબાટમાં બંધ છે! અર્થાત્ એની પ્રતિમા પણ જગત સમક્ષ જાહેર થઈ નથી અને મારી માતાની યાદ મારામાં—એની કુખે જન્મ લેનારી એની દીકરીમાં કાયમને માટે તરવરી રહી છે! પિતાજીના હૃદયમાં આ લીલાનું જે મહત્વનું સ્થાન છે તે યમુનાદેવીનું પ્રતિબિંબ છે! યમુનાદેવી! તારી દીકરીએ તારૂં વેર લીધું છે! પોતાનો બોલ પાળ્યો છે! પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી છે!........"

અભિનેત્રીને જગદીશ યાદ આવ્યો. તે બોલીઃ "અને એના હૃદય ઉપર આજ મેં આઘાત કર્યો! એના શબ્દોમાં કહું તો, એના પ્રેમદેવતાને ઠોકર મારી! એમાં મારી પ્રતિજ્ઞાને અનુરૂપ પગલું જ મેં લીધું છે! મારા હૃદયની નબળાઈ શું જગદીશ જાણી જાય? નહીં. હું એને ચહાઉં છું, એમ કહીને મારા મનના કોમળ ભાવ, નમ્ર લાગણીઓ અને મંદ મોળા વિચારોનો લાચારીભર્યો

ચિતાર એની સમક્ષ હું પ્રકટ કરૂં તો તેમાં મારૂં અધઃપતન છે. હું વનમાલા હતી એ વાત એ પોતે ભલે કહે; એકવાર શું, શતસહ-સ્ત્રવાર ભલે કહે; પણ હું શું મારા મુખથી એને કહું કે, "હા. હું તે હતી?" ના. ક્ષણભર નહીં. મારૂં હૃદય મજબુત છે. ઈન્કાર કર્યો તે ઇન્કાર જ રહેવાનો છે! હું સુરેશરાય અમૃતરાય જાગીર-દારની દીકરી લીલા જાગીરદાર છું. અને......અને......" અભિ-નેત્રીએ તખતી પર વાસંતીદેવીના નામપર પોતાના હાથનો પંજો મૂકીને કહ્યું: "હું જ એની દીકરી તરીકે જાહેર થઈ છું!"

આટલા શબ્દો સમેત તે ત્યાં ક્ષણભર પણ થોભી નહીં. "એની દીકરી છું" "સુરેશરાયની દીકરી છું" "જાગીરદારની લીલા છું" એવા કંઈક શબ્દો, જાણે નાટકનો કોઈક પાઠ ગોખતી હોય તેમ અવારનવાર પોતાના મનમાં બોલ્યા જ કરતી અભિનેત્રી, ઝડપભેર ગાડીમાં બેસી ગઈ અને ગાડીવાનને તેણે વરદી આપી: "ઝડપભેર હવે ઘર તરફ હાંક."

× × ×

વસંત, ભાગીરથી કનેથી વિખુટો પડયા પછી ઘર તરફ જતાં એની સાથેની વાતચીતના મનનમાં જ ઓતપ્રોત થઈ ગયો હતો. 'મળતા ચહેરાઓ'એ એને ભારે મુંઝવ્યો હતો, જેમાં, એ ચહેરાઓ વિષેની વાતચીતે ઉમેરો કર્યો હતો. ભાગીરથીનું મોં સૌથી પ્રથમ વસંતને લીલા જેવું લાગ્યું હતું. લીલાની શું એ બહેન હતી, એ પ્રશ્નનો ખુલાસો જયારે ભાગીરથીએ નકારમાં કર્યો અને પોતાની માને પોતે જ એકની એક દીકરી હોવાનું કહ્યું ત્યારે પ્રશ્ન અણઉકેલ્યો રહેતો હતો કે, એનું મોં કોને મળતું હતું?

"બેયના ચહેરા હું સરખાવું." વસંત ઘર તરફ જતાં મનોગત બોલ્યો: "લીલાનું નાક અણીદાર છે. તેવું જ ભાગીરથીનું છે. બન્નેના હોઠની પહોળાઈમાં તફાવત નથી. કપોલપ્રદેશ, એ

ગાલ, કાન, ભમ્મરો, બધાં જ વાનાં...હા,...એ બધાં જ વાનાં એકસરખાં છે. આંખો ! એમાં કાંઈક તફાવત છે. લીલાની આંખો-માંની ચમક, ભાગીરથીમાં નથી ! સિવાય, એ બેની આંખોમાં થોડું થોડું અંતર છે. એકને મૃગ જેવી આંખો કહો; તો બીજીને કમળ જેવી કહેવી પડે. તફાવત રહેલો છે. પણ ચિત્રો દોરનારા-ઓ જ સમજી શકે, એવો એ તફાવત છે. બીજાઓને એની સૂક્ષ્મતાનો ખ્યાલ ન આવે. એ તફાવતને લીધે ભાગીરથી, લીલાની બહેન નથી એમ જો ગણીએ તો, કોનો ચહેરો મને મુંઝવી રહ્યો છે કે જે ચહેરો ભાગીરથીને મળતો હોવાનું હું માનું છું?..." થોડેક દૂર ગયા પછી ફરીથી તે બોલ્યો:

"હાં...લીલાની માતા વાસંતીદેવીનો ચહેરો ! લીલાને હું લાવ્યો ત્યારે સુરેશકાકા સહિત ચિત્રસંગ્રહાલયમાં અમે ફરતાં હતાં. સુરેશકાકાએ બંધ કબાટ ખોલીને લીલાની માતા વાસંતીદેવીની તસ્વીર અમને બતાવી હતી. લીલા એ વખતે દુઃખથી પરિવેષ્ટિત થઈ ગઈ હતી...એ વાસંતીદેવીનો ચહેરો ભાગીરથીને મળતો છે...! ખૂટતો અંકોડો સાંકળમાં બેસી ગયો ! વાસંતીદેવીની આંખો અને ભાગીરથીની આંખો એકસરખી આબેહૂબ છે !..."

પણ વસંતનું જિગર આટલું નોંધ્યા પછી ભાગીરથીના જીવન વિષે આગળ વિચાર કરવાની હિંમત કરી શક્યું નહીં. ભાગીરથીને વાસંતીદેવીની દીકરી તરીકે કલ્પવા જેટલું મક્કમ મન વસંતનું ન હતું. રખેને એ મૃતાત્માને પોતે અન્યાય કરી બેસે એવી માનસિક ભીરૂતાથી વસંતના વિચારો મળતા ચહેરાના વિચારો ઉપરથી પલ્ટાઈ ગયા અને એ પછી જે વિચારો તેના મનમાં જન્મ્યા તે ભાગીરથીની સાદી અને સરળ રીતભાત, શાંત ગંભીર મુખભાવ અને ભક્તિમય વર્તનવાણી વિષેના વિચાર હતા.

"જો મારે લગ્નની પસંદગી કરવાની હોત" તે મનોગત બોલ્યો: "જો મારા પિતાજીએ સુરેશકાકાને લીલા સાથે જ મારૂં

લગ્ન કરવાને બાંધી લીધા ન હોત અને એ બે વચ્ચે એવો કરાર ન હોત તો, હું ભાગીરથીને જ લગ્ન માટે પસંદ કરત. મને પેલા નાટક 'ખૂબસુરત બલા' માંની ઔરતની વ્યાખ્યા યાદ આવે છે. એમાં કહેલું છેઃ 'ઓરત વો હય, જીસ્મેં રહમ હો, શર્મ હો, સચ્ચાઈ હો, બાવફાઈ હો, પારસાઈ હો, જિસ્મેં ફિરસ્તોંકી તીનત ઔર હુર કી ઇસ્મત પાઈ હો." ભાગીરથી બસ આ જ ગુણોને અનુરૂપ છે. મને ટેનિસનની એક કવિતા પણ યાદ આવે છે. હું એ સંભારી કાઢું..." તે મનન કરવા લાગ્યો. તેણે 'પ્રિન્સેસ' કાવ્યમાંની એ લીંટીઓ યાદ કરી અને તે બોલવા લાગ્યોઃ

O Woman ! Lovely Woman ! Nature made thee,
To temper man; We had been brutes without you.
Angels are painted fair to look like you.
There's in you all that we believe of heaven,
Amazing brightness, purity and truth.
Eternal joy and everlasting love !

"જો હું ભાગીરથીને પામું તો એનામાં આ કાવ્યની પ્રત્યેક લીંટીનો સાક્ષાત્કાર થાય ! જીવનની એ અનોખી કવિતા બને. આકાશ પૂંઠળ રહેલું કહેવાતું સ્વર્ગ અહીં પૃથ્વીમાં ઉતરે...પણ... એ કેવી રીતે બની શકે ? લગ્નના પ્રશ્ન સંબંધમાં હું સ્વતંત્ર નથી-એટલા જ માટે કે, વચન રૂપી કરાર મોજુદ છે. મારા પિતાજીએ સુરેશકાકાને બાંધી લીધા કે, હું લીલાને શોધી લાવું તો મારાં લગ્ન લીલા સાથે કરવા. એ બન્નેએ કરેલા મોઢાના કરારને મેં આજ સુધી પુષ્ટિ આપી છે. લીલાને હું શોધી લાવ્યો છું. 'એ જ એ લીલા આપની દીકરી છે' એમ મેં સુરેશકાકાને કહ્યું છે. એમણે પોતે તે માન્યું છે એટલું જ નહીં પણ એમને

ખાત્રી થઈ ચૂકી છે કે, એ લીલા છે. મેં 'વસંતસેના' નાટકની ભજવણી દરમ્યાન સુરેશકાકા આગળ લીલાના લગ્નનો કરાર પાળવા સંબંધી ચોક્કસ વાતચીત કરી લીધી છે. એમણે એ કરાર નિભાવવા જોરશોરથી ટેકો આપ્યો...હવે ?...ભાગીરથી વચ્ચે આવી ! હું ભાગીરથીને અંતઃકરણથી ચાહું છું. શું એટલા ખાતર હવે હું સુરેશકાકા પાસે જઇને એમ કહું કે, 'લીલા સાથે લગ્ન નહીં કરૂં ? લીલા પર મને પ્રેમ નથી.' લીલા કદાચ મને ચહાતી ન હોય એવો નવ્વાણુ ટકા સંભવ છે પરંતુ વચનની કિંમત શું મારાથી ભૂલી જવાય ? વચન એ વચન છે. લીલા વસંત સાથે પરણશે' એ વચન મારા પિતાએ મેળવ્યું છે, સુરેશકાકાએ તે આપ્યું છે, મેં એ વચન આજ સુધી નિભાવ્યું છે. વચન કોઈ કાળે ન ફરવું જોઇએ. કોઈ સંયોગમાં ન ફરવું જોઈએ. '**રઘુકુલ રીત સદા ચલિ આઈ, પ્રાન જાય અરૂ વચન ન જાઈ**' એ રઘુકુલની રીત જગતના પ્રત્યેક માનવી માટે આદર્શ રૂપ છે. એ આદર્શ ખાનદાન, કુળવાન અને કીર્તિમાન પુરુષે પાળવો જ જોઇએ......"

તેણે ગાડી આગળ ચલાવી. તે પગ પછાડીને કહેવા લાગ્યોઃ "લાચાર ! વાસંતીદેવીના ચહેરા સાથે ભાગીરથીના ચહેરાનું મળતાપણું છે; છતાં લાચાર ! અને વાસંતીદેવીના એકલદુઃખી અથડામણવાળા જીવનના સંયોગો ભાગીરથીને કદાપિ 'લીલા' ઠરાવતા હોય તોપણ હવે હું એક લીલાને લીલા રૂપ મનાવ્યા પછી બીજી લીલાને તેની સામે ખડી કરી શકું નહીં. મારી એ ખાનદાની ગણાય નહીં, મારા કુળની પ્રતિષ્ઠાને એ છાજે નહીં અને મારા પિતાજીને તેમજ સુરેશકાકાને તેથી જે માનસિક આઘાત થાય તેનું કોણ જાણે કેવું યે વિઘાતક પરિણામ આવે ! એ તો ભયંકર સોદો થઈ પડે ! વહેવારૂ અને વેપારી 'લાઈન' થી વિરૂદ્ધ, એક પણ સોદામાં હું નામુક્કર જઈ શકું નહીં ! લાચાર ! મારો સોદો ચાહે તેવો નાપસંદ છે; છતાંયે મારે તે કાયમ રાખવો જોઈ શે !"

આ નિર્ણય ઉપર આવતાં વસંતના અંતઃકરણને અત્યંત કલ્પાંત થયું. એના દગ્ધ હૃદયમાં ખૂબ બળબળ થઈ. "જો લીલા મને ચહાતી હોત" તે બોલ્યોઃ "તો કેટલું બધું સારૂં થાત ? એના પર મને પ્રેમ નથી; પણ......એની આસપાસ વ્યામોહનું વાતાવરણ છે. એની સમીપ હું હોઉં છું ત્યારે કોઈ અનેરો વ્યામોહ મને આકર્ષે છે. જો મને એ ચહાતી હોત......"

વિચારો બંધ પડયા. વસંત સુરેશભુવન નજદીક આવી પહોંચ્યો. 'ફરતા જોષી' સાથે લીલાને એણે વાત કરતી જોઈ. ઠપકો આપ્યો. લીલાએ એનો પક્ષ કર્યો. જોષીએ કાકલુદી કરી અને વસંત નારાજીથી વિદાય થયો.

●

પ્રકરણ ૨૮

●

કસોટીની એરણ પર

●

અમૃતનગરનો જાગીરદાર એક પ્રાતઃકાલમાં છાપું વાંચતો હતો તેવામાં યદુરાય તરફથી એક પત્ર લઇને વસંત આવી પહોંચ્યો. જ્યારે વસંતે સુરેશના હાથમાં એ પત્ર મૂક્યો ત્યારે સુરેશે કહ્યુંઃ "તું જ વાંચ ને એમાં શું લખ્યું છે ?"

"પિતાજીએ મને તે વાંચવાની ના પાડી છે."

"અહો, એવું તે તારાથી છાનું મને તેમણે શું લખ્યું છે ?" એમ કહી સુરેશે તે પત્ર ફોડયો અને વાંચવા માંડયોઃ

"ભાઈ સુરેશ, વસંત અને લીલાનાં લગ્ન સંબંધે હવે શું ધાર્યું ? કયાં લગી આપણે ઢીલ કરીશું ? એ બેને લગ્નિત જોવા હું તલસી રહ્યો છું. તારા તરફથી લગ્નની મિતિ નક્કી થઇને આવે તેની રાહ જોઉં છું. લી. યદુરાયની શુભાશિષ"

"તું તો કંકોત્રીનો સંદેશવાહક બન્યો છે ને શું ?" સુરેશે વસંતને કહ્યુંઃ "એમાં તારાં લગ્નની વાત લખી છે. વારુ; હવે કહે. મેં અને તારા પિતાએ પરસ્પર આપેલાં વચન અમલમાં મૂકીએ કે ?"

"મારા પિતાજીએ શું લખ્યું છે તે હું જાણતો નથી પણ જો આ પ્રશ્નમાં મારો સ્વતંત્ર અભિપ્રાય આપ પૂછતા હો તો..."

"તારો સ્વતંત્ર અભિપ્રાય મારાથી કયાં અજાણ્યો છે ? પણ વસંત, તારા પિતાની પત્રિકા તારે વાંચવાની જરૂર છે. લે, વાંચ." સુરેશે તેના હાથમાં તે પત્ર મૂકયો.

વસંતે તે વાંચીને કહ્યુંઃ "મારા પિતાજીને......"

સુરેશ અધવચ્ચ બોલ્યોઃ "તારા પિતાજીને તું કહી દેજે કે, જો આજ લગ્ન-મુહૂર્ત્ત હોય તો હું કાલપર તે ઠેલવા માગતો નથી; અને હું ધારું છું કે, તું પણ એમ જ ઇચ્છે છે."

"મારી ઇચ્છા બે વાતપર નિર્ભર છે. લીલા શું ચાહે છે તે મારે જાણવું જોઈએ; અને આપની આજ્ઞાથી જો લીલા મારી સાથે લગ્ન કરે તો તે ઠીક નહીં."

"લીલાની ઇચ્છા તું પોતે જાણી શક્યો હોય તેના કરતાં હું વિશેષ જાણું છું. અત્યાર અગાઉ આપણે બે, આ લગ્ન બાબતમાં જે વાતો કરી ચૂક્યા છીએ, તે તને યાદ હશે. તેં શરૂઆતમાં કહ્યું હતું કે, લીલા ઠંડી અને કંઈક બેદરકાર માલુમ પડી છે. પણ તેં કદાપિ અમૃતનગરનાં ગરીબોનાં ઘરમાં જઈને જોયું છે? તેઓ લીલાને આશીર્વાદ દઇ રહ્યાં છે. તેઓ લીલાની લાગણીઓની ઉષ્ણતાનો આસ્વાદ મેળવી ચૂક્યાં છે; લીલાની દરકારનો અનુભવ મેળવી ચૂક્યાં છે. આજ સુધીમાં લીલાએ તેઓના હિતમાં દશ હજાર રૂપીઆના ચેક ફાડયા છે. એટલે લીલાને ઠંડી અને બેદરકાર કહેવી એ એને અન્યાય છે."

"હું ઇચ્છું છું કે, હું કોઈ ગરીબ હોત..."

"હા. તો કદાચ તેની લાગણીઓની ઉષ્ણતા તેં પ્રત્યક્ષ અનુભવી હોત પણ ખરી વાત એ નથી. ખરી વાત એ છે કે, લીલાને જ્યાંસુધી મેં સુરેશભુવનની માલિકણ નથી બનાવી; જ્યાં સુધી તેને હસ્તક મારો ધનભંડાર મૂક્યો નથી ત્યાંસુધી તેને અહીં એક જાતનું અપરિચિતપણું લાગે છે."

"એટલે? અહીં એને અપરિચિતપણું શા માટે લાગે? શું તે આપની પુત્રી નથી?" વસંતે પૂછ્યું.

"અગાઉની વાતોની યાદ તાજી કર. લીલાની માતા પરિત્યક્તા સમી હતી એ વાત તું ભાગ્યે જ ભૂલી ગયો હોઇશ. તેની માતાની પુત્રી તરીકે મેં તેને ખરી રીતે ત્યારે જ સ્વીકારી ગણાય કે જ્યારે હું તેને આ ઇમારત બક્ષિસ કરૂં; જ્યારે મારો આખોયે ધનભંડાર તેને સુપરદ કરૂં. એ પછી તેનું સ્વમાન અહીં જળવાયું છે એમ

તેને લાગે. તે પોતે એક ધનિક કન્યા તરીકે તારા જેવા ધનવાન વરની સમાન પોતાને ગણે. તેનો ક્ષોભ દૂર થાય. અને અહીં તેને લાગતી અપરિચિતતા દૂર થાય."

"આપ એમ માનો છો કે, એ પછી લીલા મારી સાથે રાજીખુશીથી લગ્ન કરશે ?"

"તું શંકાખોર જ રહ્યો ! લીલામાં મેં જે ગુણો નિહાળ્યા છે તેને યોગે હું કહી શકું છું કે, હું એને મારી મિલ્કત આપીશ તે બાદ તે તારી સાથે જ લગ્ન કરશે."

"આપ એમ કહો છો તો હું માની લઉં છું, અને જો મને તેનો સાક્ષાત્કાર થશે તો મને આ લગ્ન કબૂલ છે."

"વારૂ; એક બીજો પ્રશ્ન. મિલ્કત તેને મળ્યા પછી જાગીરદારીનો પ્રશ્ન રહેશે. તારૂં લગ્ન તેની સાથે થતાં તમને બન્નેને તે મળે એ માટે તને જ વહીવટદાર તરીકે રાખવાનો ફેરફાર હું કરીશ."

"મારે એ વિષે કાંઇ ખાસ કહેવાનું નથી."

"વારૂ; તો જા, લીલાને મારી પાસે મોકલ અને પછી તેના સંબંધી ખુશાલીભરેલો જવાબ સાંભળવા માટે તું પુસ્તકાલયના ખંડમાં બેસ."

વસંત ગયો. લીલાના ખંડ આગળ જતાં તે તેમાંથી બહાર નીકળતી હતી. વસંતને જોઇને તેણે નમસ્કાર કર્યાં અને કહ્યું: "કંઈ કામ માટે આવ્યા હતા ?"

"હું તમારા પિતાજીનો સંદેશો કહેવા આવ્યો હતો. તમારાં લગ્ન સંબંધી તેઓ તમને કાંઇ કહેવા માગે છે, તેથી બોલાવે છે. લીલાદેવી ! મારી લાગણીઓ તમે જાણો છો......પણ ના, તેમના મુખથી જ તમે બધું સાંભળજો અને મારી જરૂર હોય તો હું પુસ્તકાલયના ખંડમાં બેઠો છું."

લીલા ગંભીરતાથી તેનું કહેવું સાંભળી રહ્યા બાદ તેજ હાલતમાં તેને નમસ્કાર કરીને વિદાય થઈ.

લીલા સુરેશ પાસે ગઈ એટલે કૌચમાંથી અર્ધો ઉઠીને સુરેશ બોલ્યો: " આવ, બેટા ! હું તને ક્યારનો ઝંખી રહ્યો છું. વસંત તને મળ્યો ? કેટલો બધો આજ્ઞાંકિત જુવાન ! એના જેવો એક પણ ગુણીયલ યુવક મેં હજી સુધી જોયો નથી. વળી તે એક ઈમારતનો માલિક છે. તે સંપત્તિમાન છે. તારામાં અને તેનામાં મેં ગુણોનું એકસરખાપણું મેં નિહાળ્યું છે; પણ જ્યારથી તું અહીં આવી છે ત્યારથી મેં તારામાં સંકોચપણું જોયું છે—ક્ષોભની લાગણી નિહાળી છે. એનું એક મહત્ત્વનું કારણ હું શોધી શક્યો છું. તે એ કે, તને પરતંત્રતા ભાસે છે ! તું કદાચ વિનમ્રતાથી એમ કહીશ કે, તને કશું જ પારતંત્ર્ય ભાસતું નથી પણ હું તે નહીં માનું. બેંકમાં તારૂં ખાતું ખોલવામાં આવ્યું છે તે દૃષ્ટાંત હું તને આપું છું. જ્યારથી તને તારાં નાણાંની વપરાશ માટે સ્વતંત્રતા અપાઈ છે ત્યારથી તેં તારી રુચિ અનુસાર તેનો ઉપયોગ કર્યો છે. મને કહેવા દે કે, તેં દુરૂપયોગ કર્યો નથી; સદુપયોગ કર્યો છે. એ એક જ દૃષ્ટાંતે મને વધુ પ્રેરણા આપી છે. તારી સ્થિતિનો મેં ખ્યાલ કર્યો છે, અને તેથી તને મેં સુરેશભુવનની માલિકણ બનાવવા નિર્ધાર કર્યો છે—મારી સકળ સંપત્તિ તને આપી દેવા ઠરાવ્યું છે. તું એ રીતે તારા આખાયે જીવન દરમ્યાન સંપત્તિ અને શ્રી સંબંધે સ્વતંત્ર રહીશ. જેમ તારા ગુણોના સદુપયોગમાં તું સ્વતંત્ર છે તેમ સંપત્તિમાં પણ સ્વતંત્ર રહીશ. એ પછી વસ્તુ-સ્થિતિ એવી બની રહેશે કે, તું ગુણોમાં તેમજ સંપત્તિમાં વસંત-ની સમાન કક્ષામાં રહીશ. કદાચ બન્ને બાબતમાં તેના કરતાં વિશેષ !"

અભિનેત્રી આ સાંભળીને આભી જ બની ગઈ. તેને વિચારો આવ્યા: એક પિતા પોતાની પુત્રી માટે આટલું બધું વહાલ બતાવે છે ! પુત્રીમાં આટલો બધો વિશ્વાસ મૂકે છે ! આટલું બધું

સ્વાતંત્ર્ય આપે છે! આ બધું અભિનેત્રી પોતે જીરવી શકશે? શું આ બધી બક્ષિસ માટે પોતે સર્વાંશે લાયક છે? અથવા તો, શું વિધિ તેની કસોટી કરી રહી છે? સકળ સંપત્તિનો ભંડાર પોતાને હસ્તક આવે, એ પછી પોતાની ડાગળી તો છટકી નહીં જાય? અથવા તો પોતાનું પોલ પ્રકાશિત થઈને જેટલે ઉંચે પોતે ચઢે છે તેટલી જ નીચે પોતે પટકાઈ તો નહીં પડે?

તે પિતાનાં ચરણોમાં બેસી પડી અને ધીમા સ્વરે કહેવા લાગીઃ "હું શું આપની આટલી બધી ઉદારતાને યોગ્ય છું? મારામાં શું એ સંપત્તિ જીરવવાની તાકાદ છે? મને શું આટલું બધું સદ્ભાગ્ય છાજે છે?"

"એમાં શો શક? હું તને મેળવીને ઠગાયો નથી. સુરેશ-ભુવનના સંસ્કારી માલેકનું સંતાન જે પ્રકારનું હોવું જોઈએ, તે પ્રકારની સર્વ રીતભાત તેં અત્યાર સુધી બતાવી છે. તને એક પણ કડવો બોલ કહેવાની મને કદાપિ જરૂર પડી નથી. તારી પૂંઠે હું જ્યાં ત્યાં તારાં વખાણ સાંભળી રહ્યો છું. તેં સેંકડો જણની આંતરડી ઠારી છે. લીલા બેટા, તારા વડે હું ઉજળો રહ્યો છું; અને મને ખાત્રી છે કે, તું તારા પિતૃકુળને વધારે દીપાવીશ. મને ઉપજેલા સંપૂર્ણ સંતોષને લીધે જ હું તને મારા એક પુત્રની માફક સર્વ સંપત્તિ બક્ષિસ કરૂં છું. વારૂ; એ સંબંધી કાયદેસર વિધિ હું મુંબાઈના ગોરા ધારાશાસ્ત્રીઓને સોંપીશ. દરમ્યાન અત્યારે તને મેં એક બીજા કારણસર બોલાવી છે."

"શું હજી આપ મને કસોટીની એરણ પર મૂકવા માગો છો, પિતાજી!"

સુરેશે સ્મિત કરીને કહ્યુંઃ "મારે તને સુખસાગરમાં ડુબાડી દેવી છે, બેટા! હવે સાંભળ. સ્ત્રી અને પુરુષના જીવનનો મહદ્ પ્રસંગ લગ્ન છે, એ તું કબૂલ કરે છે કે?"

અભિનેત્રીએ ફક્ત હકારદર્શક મસ્તક હલાવ્યું.

"લીલા બેટા !" સુરેશે કહ્યું: "મારી ઉમ્મર હવે વધતી ચાલી. તું બેશક એમ ઇચ્છે કે, અનંત કાલ સુધી હું તારા વડીલ તરીકે કાયમ રહું. પણ માનવ-ઇચ્છા એ પ્રશ્નમાં તો કદાપિ બર આવતી નથી, એટલે હું તને કોઈ કુશળ સંરક્ષકના હસ્તમાં મૂકવાનો વિચાર સેવી રહ્યો છું. મેં ચોપાસ નજર કરી જોઈ. તારે લાયક એકજ જુવાન મેં નિહાળ્યો છે. તું પોતે તેનાથી પરિચિત છે. જેવો તેના વિષે મારો અભિપ્રાય છે તેવો તારો પણ છે. હું ધારું છું કે, હું તને ભ્રમમાં રાખું એ ઠીક નહીં. હું વસંત વિષે વાત કરું છું."

અભિનેત્રીએ ઉંચે જોયું. વ્હાલપની મૂર્ત્તિ સમો એનો તાત અતિશય મધુર ભાવો સહિત તેના તરફ નિરખી રહ્યો હતો. તેણે તેના મસ્તક પર હાથ મૂકયો—જાણે સકલ સ્નેહની ખાણ રૂપ એ તાતના સર્વ આશીર્વાદ પોતાના ઉપર ઉતરતા હોય એવી એક જાતની અનેરી શાન્તિ અભિનેત્રીએ અનુભવી. એ બોલ્યો: "તને વસંતની સમાન કક્ષામાં મેં એટલા માટે મૂકી દીધી છે કે, તેના કરતાં તું કોઇ રીતે ઉણપવાળી છે, એવું તને લાગવું જોઈએ નહીં. એના સંબંધી મારી સૂચના તને યોગ્ય લાગે તો સ્વીકારજે અને યોગ્ય ન લાગે તો ના પાડજે. તું અને તે બન્ને જણાં લગ્નથી જોડાઓ તો, મને બે-ત્રણ વાતે સંતોષ મળે તેમ છે. મારી જાગીરદારીનો વહિવટ તે કરતો આવ્યો છે તેમ કરશે. મારી સંપતિ યોગ્ય હાથોમાં જવાથી ખીલશે. તમારો બેયનો સહકાર કદાચ અમૃતનગરના લોકને પાણીને બદલે અમૃતપાન કરાવશે. અને સૌથી છેલ્લું મારા સંતોષનું કારણ મિત્ર-ઋણ અદા કર્યાનું હશે."

એ વખતે કાગળનો એક ટૂકડો જમીન પર પડયો. લીલાએ તે હાથમાં લીધો. સુરેશનું જાણે તેના તરફ ધ્યાન નહોય તેમ સુરેશે

કહ્યું: "મિત્ર-ઋણની બાબતમાં કદાચ તને સમજ નહીં પડે; પણ વસંતના પિતા તરફથી આજે જ આવેલી ચિઠ્ઠી હું તને વંચાવું એટલે તને ખ્યાલ આવશે. ક્યાં ગઈ એ ચિઠ્ઠી ?" સુરેશ કોચમાં આમ તેમ ખાંખાખોળા કરવા લાગ્યો.

"આ તો ન હોય, પિતાજી ? નીચે જમીન પર પડી ગઈ હતી !" લીલાએ કહ્યું.

"તેં વાચી ? ન વાંચી હોય તો વાંચ."

લીલાએ તે વાંચી: "વસંત અને લીલાનાં લગ્ન સંબંધે હવે શું ધાર્યું ? હવે ક્યાં લગી ઢીલ...લગ્નની મિતિ નક્કી થઈને આવે તેની રાહ જોઉં છું..."

"હું આ સંબંધે આપની ઈચ્છાને માન આપું તેથી આપને સંતોષ થશે, પિતાજી ?"

"પરમ સંતોષ, બેટા !"

"તો આપનો બોલ મને શિરોમાન્ય છે, પિતાજી !"

"ધન્ય, પુત્રી !" સુરેશ બોલ્યો: "પણ તને આથી એમ લાગવું ન જોઈએ કે, મારા કહેવાથી તું તેને સ્વીકારે છે. તારે અન્ય કોઈ સાથે લગ્ન કરવું હોય તો તેનું નામ દેતાં સંકોચ અનુભવીશ નહીં."

"એવું કંઈ નથી પિતાજી ! મારા માટે આપ આટલું બધું કરો અને હું આપના પરમ સંતોષનું સાધન ન બનું તો મારા જેવી નફ્ફટ કોણ ?"

આના જવાબમાં અભિનેત્રીએ શબ્દો સાંભળ્યા નહીં; પણ અનુભવ્યું કે, પિતાએ તેનું મસ્તક બન્ને હાથ વડે ઝાલ્યું અને પોતાના કપોલપ્રદેશ ઉપર પિતૃસ્નેહદાન દીધું.

વાત્સલ્યની ઝડી વરસી રહી હતી. પુત્રી અને પિતાનાં હૃદય આનંદછલોછલ હતાં. એ દરમ્યાન પિતા બોલતો સંભળાયોઃ "તેં મને આજે કેટલો બધો સુખી કર્યો છે, એનો તને કદાચ ખ્યાલ નહીં આવે. મેં જે ઈચ્છયું હતું તે તેં પાર પાડયું છે. બેટા! મારી પ્રતિજ્ઞા તેં પૂરી કરી છે!......"

"નીકળ અહીંથી, બદમાશ!" અચાનકજ એ વખતે બહારથી કોઈકના કઠોર શબ્દ સંભળાયા.

"એ કોણ કોને કહે છે, પિતાજી!" કંપારી અનુભવતી લીલા સહેજ દબાયલા સ્વરે પૂછવા લાગી.

"ધાંટો તો ભીમાનો જણાય છે! કદાચ કુતરૂ કે બિલાડી..."

એ વખતે ખંડના પ્રવેશદ્વારમાં નોકર ભીમો દેખાયો. તેના હાથમાં દૂધનો એક પ્યાલો હતો. તેણે તે પ્યાલો નાનકડી ત્રિપાઇ પર મૂકતાં કહ્યુંઃ "એક બિલાડી પેંધી પડી છે, તે ઘણુંખરૂં દૂધ પી જાય છે! મેં બે પ્યાલા ભરીને મૂકયા હતા તેમાંથી એક તેણે ઢોળી નાંખ્યો......."

સુરેશ ખડખડાટ હસવા લાગ્યોઃ "રહેવા દે, એ તારૂં બિલ્લી-પુરાણ! તેં નાહક મોટો ઘાંટો પાડીને લીલાને છળાવી મારી! જા, હવે બીજો પ્યાલો ભરી લાવ. અને હં...ત્રીજો પણ લાવ અને વસંતને પુસ્તકાલયમાંથી અહીં મોકલ."

ભીમાના જવા પછી સ્વસ્થતા અનુભવીને લીલા પિતાના ઘૂંટણ પાસેજ બેસી રહી હતી ત્યાં વસંત આવ્યો. "વસંત! હું જીત્યો છું. લીલાનું લગ્ન તારી સાથે થશે. લીલાની તેમાં પૂરી સંમતિ છે. એને પૂછવું હોય તો પૂછી જો. મારી ઈચ્છાથી નહીં; પોતાની ઈચ્છાથી તે તેને સ્વીકારે છે, તારા ગુણોને યોગે તને સ્વીકારે છે. તમે બન્ને સુખી થાઓ, એવો મારો આશીર્વાદ છે.

તારા પિતાજીને આ શુભ સમાચાર કોઈ જોષી મારફત યોગ્ય મુહૂર્ત જોવરાવીને આપી દેજે." સુરેશે કહ્યું.

લીલા સામે વસંત જોઇ રહ્યો. સ્મિત કરતાં અને લજ્જિત થતાં લીલાએ તેને નમસ્કાર કર્યા. તેણે પ્રતિનમસ્કાર કર્યા.

ભીમો દૂધના પ્યાલા લાવ્યો અને તેમાંના દૂધને ન્યાય આપ્યા પછી પ્રકીર્ણ વાતો કરીને જ્યારે એ ત્રણ છૂટાં પડયાં ત્યારે લીલાના મનમાંથી, બિલાડી મારફત ઢોળાયલું દૂધ અને ભીમાના શબ્દોઃ 'નીકળ અહીંથી, બદમાશ!' એ બે પ્રસંગો ખસ્યા નહીં. બરાબર જે વખતે સુરેશે કહ્યું હતું કેઃ 'મારી પ્રતિજ્ઞા તેં પૂરી કરી છે' તે વખતેજ એ શબ્દો બોલાયા હતા! શું હતવિધિનો એમાં કાંઇ કારમો સંકેત હતો? લીલાને સમજ પડી નહી કે, ભાવિના ગર્ભમાં શું રહેલું હતું? પિતાની જે સકળ સમૃદ્ધિ પોતાને મળી હતી તેથી હવે પોતે સુખસાગરમાં ડૂબકી મારતી હતી કે દુઃખગર્તા તરફ પોતે પતનને માર્ગે ખેંચાઇ જતી હતી?

પ્રકરણ ૨૯

●

પડકું'થીઓનું ઝૂમખું

●

ચોમેર એ વાત ફેલાઈ ગઈ કે, અમૃતનગરના જાગીરદારની દીકરીનું લગ્ન, તેના વહીવટદારના દીકરા વસંતરાય સહિત નક્કી થઈ ચૂક્યું છે. લગ્નનો દિવસ આગામી વસંતપંચમીનો ઠર્યો હતો. એકાદ મહિનાની એમાં વાર હતી પણ એ સમય પૂર્વતૈયારીઓ માટે ઘણો ટૂંકો હતો. ભારે ભવ્યતાથી એ લગ્ન થશે અને દૂર દૂરથી અનેક મોટા મિજબાનો એ વખત અમૃતનગરમાં પધારશે.

આ ખબરથી અમૃતનગરની સમસ્ત જનતા ખુશ થઈ ગઈ. લીલાના ગુણોથી એ ગામમાં કોઈ અપરિચિત નહતું. એની ગરીબો પ્રત્યેની લાગણીએ એને લોકપ્રિય બનાવી હતી. અને વસંતના કામગરા શ્રમશીલ સ્વભાવથી પણ સર્વ વાકેફ હતાં; એટલે આ 'જુગતે જોડું' મળ્યું એમ સૌ કહેવા લાગ્યાં પરંતુ......

અમૃતનગરમાં મુંબાઈથી હવાફેર માટે આવેલા રામદાસ શેઠના કુટુંબમાં આ સમાચારે ત્રણ વ્યક્તિઓને નાઉમેદ બનાવી: રામદાસ શેઠ પોતે, તેની પત્ની યશોધરા અને તેની પુત્રી ઈલા.

"સાંભળ્યું કે? પેલીનાં લગન પેલા સાથે નક્કી થઈ ગયાં!" યશોધરાએ કહ્યું,

"ભલેને થયાં. એય પસ્તાશે. છોકરી સ્વતંત્ર મિજાજની છે. એને આખો દહાડો અહીં તહીં રખડવું છે અને પૈસા વેડફી મારવા છે! છોકરો મહાચિંગુસ છે! બેને બનતી રાશ આવવાની છે, શી રીતે?" રામદાસ શેઠે જવાબ દીધો.

"મારી ઈલાને વાસ્તે શું હવે મારે બીજો કોઈ મુરતિયો શોધવો રહ્યો? મને તો ઘણી અકળામણ થાય છે!"

"બા, તારે ચિંતા કરવી નહીં." ઈલા બોલી: જોજે ને, આ લગ્ન જ થવાનાં નથી! ચહાનો પ્યાલો ભરીને મૂક્યો હોય, હોઠ આગળ લઈ જવાતો હોય તોપણ શું? એ પ્યાલામાંથી ચહા પીવાય ત્યારે પીધી ગણાય! તેમ, લગ્ન લીધાં અને લગ્ન કર્યા એ બે બાબતો વચ્ચે હજી તો ઘણું અંતર રહેલું છે!"

"દીકરી, આ તો તું ઈર્ષાથી બોલે છે!" રામદાસે કહ્યું.

"ના, હું અમુક કારણોને લીધે બોલું છું. એ વિષે અત્યારથી હું કશું કહી શકું નહીં પણ વખત આવ્યે સૌ જોશે ને જાણશે!"

"એમ?" યશોધરાએ કહ્યું: "પણ જોજે, એમાં તારૂં નામ આવે નહીં; અને વસંતને પણ કહી દેજે કે, આ લગ્ન ફોક થાય તો તારી સાથેનું લગ્ન અહીં નહીં–મુંબાઈમાં ઘણી ધામધૂમથી કરીશું અને એને એક નાની મીલ ખરીદી આપીશું."

"પણ એટલું બધું શા માટે?" રામદાસે કહ્યું: "એની જ ઉપર કાંઈ છાપ મારી છે? એ નહીં તો બીજો!"

"ના. એ ધાર્યો તો એને જ લેવો છે! વટને ખાતર એક લાખ રૂપીઆ ખર્ચ થઈ જાય તોયે શું થઈ ગયું? એને એવડી મોટીમસ પહેરામણી આપીને યે લલચાવી શકાય. તેને બદલે મેં મીલની લાલચ આપી છે! ઈલા તું તારે જે કાંઈ ગડમથલ કરતી હોય તે કરતી રહેજે પણ જેમ બને તેમ જલ્દીથી લગ્નની કબુલાત લઈ આવજે, સમજી?"

એ વખતે અખિલ ત્યાં આવી પહોંચ્યો. માદીકરીએ અને પિતાએ ઈલાના લગ્નની ચર્ચા બંધ પાડી દીધી; કારણકે તેઓ જાણતાં હતાં કે, અખિલ આવી કોઈ આડપદ્ધતિનો વિરોધી હતો.

અખિલે આવતાં વેંત ખબર આપીઃ "પરમ દિવસે પણે સૌએ 'પવન ટેકરી'ની ઉજાણીમાં જવાનું છે. મુંબાઈથી સ મોટરો મંગાવવામાં આવી છે. એમાં બેસીને સૌએ જઈશું."

"ઉજાણી તું આપે છે, ભાઈ? શેની ખુશાલીમાં?" ઈલાએ યું.

"મને કહેવામાં આવે તો જરૂર હું આપું; પણ આ તો શરાય આપે છે. લીલાનું લગ્ન વસંત સાથે નક્કી થઈ ચૂક્યું ખુશાલીમાં તેઓ તે ઉજાણી આપે છે."

"અહો! એ એનાં લગ્ન નક્કી થઈ ચૂક્યાં! ત્યારે તો તું—"

"હું કાંઈ એથી તારી પેઠે ઈર્ષાથી બળી જતો નથી!"

"મને ઈર્ષા?! તું તો પાગલ જેવું બકે છે?"

"પાગલ જેવું શું? મેં તો તને કંઈવાર વસંતની ખુશામદ ો નિહાળેલી છે! આપણે નાટક ભજવ્યું તે દરમ્યાન તું તેની ળ ઘસડાતી હતી! પણ કદાપિ તેં મને એકાદ ગુલામની લીલાની પાછળ જતો જોયો છે? નહીં. કદાપિ નહીં."

"પણ તને નિરાશા તો થઈ જ ને આ પરિણામ જાણીને?"

"એને નિરાશા ન કહેવાય. યત્નો કર્યાં હોય અને તે ળ જાય ત્યારે નિષ્ફળતાથી નિરાશા ઉપજે. મેં તેવું કાંઈ જ નથી. હા, હું હૃદયમાં પ્રેમ ધરાવતો હતો—"

"અને નિષ્ફળતા મળશે એ બીકે તે પ્રકટ કરતો નહતો, ને?" ઈલા ખડખડાટ હસતી તાળીઓ પાડતી બોલી ઉઠીઃ ારામાં લાયકાત નહોતી માટે જ તું પ્રકટ વિચારો દર્શાવતાં ો હતો! નિષ્ફળતાનું ઈનામ તું પહેલે નંબરે જીતી જાય છે, ઈ!"

"એક બીજો હિસ્સેદાર તેમાં છે!—મારો મિત્ર જગદીશ!"

"ભાઈ, જો મારો અભિપ્રાય પૂછે તો એ ઘણોજ લાયક જુવાન હતો! લીલાએ તેને ના સ્વીકાર્યો, એમાં એના જીવનની મોટામાં મોટી ભૂલ થઈ છે!"

"પણ એ બેપરવા જુવાન છે! એ તો આ વાત સાંભળ્યા બાદ ડેરાતંબુ ઉઠાવે છે! આજે સાંજે તે મુંબાઇ જાય છે!"

"એનું શરનામું તું જાણે છે?" યશોધરાએ પૂછ્યું.

"ઈલા માટે કે?" અખિલે અધવચ્ચ પ્રશ્ન કર્યો: "પણ એ વિષયમાં એનો અભિપ્રાય મેં પૂછી જોયો છે. હવે જીવનભર એ ભીષ્મપિતામહ રહેવાનો છે. એની આગળ એકજ પ્રશ્ન હતો: 'લીલાને મેળવવી' અને હવે એનો એકજ નિર્ણય છે: "એ નહિં તો અન્ય કોઈ નહીં" એટલે બા, એની આશા રાખવી વ્યર્થ છે!"

"હું અમસ્થી પૂછતી હતી! એ હોશિયાર જુવાન છે; તો કોઈ વાર તારા બાપુજીને મીલ માટે એકાદ સેક્રેટરી જોઈતો હોય તો એવાને પૂછાવી શકાય, એટલા માટેજ."

"તો જ્યારે એને રાખવો હોય ત્યારે મને કહેજો. હું તેને બાપુજી પાસે લાવીશ."

ઇલા આ વખતે બારી આગળ ઉભી હતી ત્યાંથી એકદમ બહાર ગઈ. અખિલ અને તેનાં માતાપિતા વાતોએ વળગેલાં રહ્યાં તે દરમ્યાન ઈલાનું ત્યાંથી જવું સકારણ હતું, તેણે પોતાના ઘર બહાર રમતારામને રખડતો જોયો હતો. એની સાથે વાતચીત કરવા અને વસંત-લીલાનું લગ્ન તોડી પાડવામાં એની તમામ મદદ લેવા તે અત્યારે ખૂબ ઉત્સુક બની ગઇ હતી.

ઈલા મકાનના આગળના ભાગમાંથી રમતારામની નજરે પડીને પાછળના ભાગ તરફ ગઈ અને દરવાજા આગળ ઉભી રહી.

થોડીવારે રમતારામ તેની પાસે આવ્યો: "કલ્યાણ! જય થજો બા સાહેબનો!" એમ બોલીને એણે આશીર્વાદ આપ્યા.

"કોને કહો છો, જોષીરાજ! જય તો બીજે કરાવી આવ્યા! પછી તમારી પાસે તે સિલક જ ક્યાંથી હોય!"

"ઈલા બહેન, 'છેલ્લો ઘા રાણાનો' એવી એક નવી કહેવત મેં રચી કાઢી છે! આખરી દાવ હવે રમાય છે! એટલે જે જય અત્યારે દેખાય છે તે પરાજયમાં પલટાઈ જવાનો છે! અને આપણે મહાવિજય સાધીશું, એ નક્કી સમજજો!" રમતારામ બોલ્યો.

"કહો તમારી રમત શી છે?" ઈલાએ પૂછ્યું.

"તમે જાણ્યું હશે, ઈલા બહેન, કે, વસંતરાય અને લીલાદેવીનું લગ્ન નક્કી થઈ ચૂક્યું છે, પણ હું એવા પુરાવાઓ એકઠા કરી શક્યો છું કે, એ લગ્ન થતું અટકી પડે......"

"મોઢાના એવા ફડાકા તો હુંયે મારું છું!"

"ના. મારી વાતો એવી નથી. તમે મારા ખંડિયેરમાં આવો છો? અહીં વાતો કરવી સલામત નથી. ત્યાં હું તમને એવું કેટલુંક કહીશ કે, તમે અજબ થશો!"

ઈલાએ કાંઈ જવાબ દીધો નહીં. રમતારામે તેને વિશેષ આગ્રહ કરતાં એક મમરો મૂક્યો: "લીલા કોઈક ઠગારી ઓરત છે, એવું પુરવાર થાય તો તમે રાજી થાઓ કે?"

ઈલા ચોંકી. રમતારામ બોલ્યો: "હું જાઉં છું." તે તરત જ બોલી: "વારુ; જાઓ. હું તમારી પાછળ આવું છું."

અર્ધા કલાક બાદ ઈલા આમ તેમ જોતી અને કોઈ પોતાને જોતું નથી તેની ખાત્રી કરી લેતી ખંડિયેરમાં પ્રવેશી. રમતારામે એને બેસવા માટે એક પાથરણું પાથરી મૂક્યું હતું. તે ઉપર તે

બેઠી એટલે તે બોલ્યો: "તમે જાણો છો કે, હું ગુપ્તચર છું. તમને મેં કહ્યું છે કે, જાગીરદારની અસલ દીકરી શોધવાનું કામ મને તેમના ધારાશાસ્ત્રીઓએ સોંપ્યું હતું. ઢાકા આગળના રેલ્વે અકસ્માતની વાત મેં તમને કહી છે. ત્યાંથી જે બાળાનો પત્તો હું મેળવી શક્યો ન હતો તે હવે અહીંથી નજદીકમાં જ આવેલા સુંદરગામમાં મેળવી શક્યો છું. વસંતરાય જે લીલાને શોધી લાવ્યા છે, તે સાચી લીલા નથી. મેં જેને જોઈ છે તે સાચી લીલા છે!"

"એમ! તો હવે તમે પરમ દિવસે તેનું પોલ જાહેર કરી દ્યો?"

"પરમ દિવસે કેમ? લગ્ન તો વસંત પંચમીનાં ઠર્યાં છે!"

"પરમ દિવસે અમે સૌ 'પવન-ટેકરી' પર ઉજાણીએ જવાનાં છીએ. ત્યાં તમે એ છોકરીને લાવો એટલે એનું પોલ ખુલ્લું થઈ જશે!"

રમતારામ વિચાર કરવા લાગ્યો. કંઈકવાર સુધી તે ચૂપ રહ્યા પછી બોલ્યો: "ના. એવી રીતે આ કામ કરવાની મારી મરજી નથી. હવે તો બહુ ચોકસાઈથી કામ કરવાનું છે. મેં જે પુરાવાઓ આ બાબતમાં એકઠા કર્યાં છે તે બધા જ હવે તો હું એવી રીતે સુરેશરાય આગળ મૂકીશ કે, તેઓને આ લીલાના બનાવટીપણાની ખાત્રી થઈ જાય. બહેન, તમે સુરેશરાયની મર્હુમ ધર્મપત્ની વાસંતીદેવીના જીવનથી પરિચિત છો?"

"ના. એના વિષે અમે બધાં એટલું જ જાણીએ છીએ કે, તે દુ:ખમાં જીવન વિતાડતી હતી અને દુ:ખમાં જ કોઈક અજાણ્યે સ્થળે મરણ પામી હતી."

"હું એથી ઘણું વધારે જાણું છું. પણ ઇલાબહેન, તમે મને જોઈતી મદદ ના કરી! તમને મેં કામગીરી સોંપી હતી તે યાદ છે? તમને મેં લીલાદેવીનાં ખાનગી આચરણ વિષે માહિતીઓ એકઠી કરી લાવવા કહ્યું હતું. તમે એમાં હજી સુધી કશું સાધી

શકયાં નથી! તમને મોટા લોકોને એક જાતની એવી કુટેવ હોય છે કે, બીજાઓ બધું રાંધીને તૈયાર કરી આપે તે આરોગવું અને જાતે તો કાંઈ જ તસ્દી લેવી નહીં! બીજાનાં પોલ આ રીતે ખુલ્લાં પડી શકે કે? તમે જાતે શી તસ્દી લીધી એ મને કહેશો?"

"કેમ? મેં તમને લીલાના હસ્તાક્ષર મંગાવી આપ્યાને?"

"એ મેં કામ લીધા અને એનું હવે શું કરવું તેના બેત ગોઠવી રાખ્યા છે, પણ તે સિવાય, તમે શું કર્યું? કોઇવાર લીલાદેવીના એકાંત ભુવનમાં લપાઇને જવા અને તેની ખાનગી ચીજો તપાસવા આપે તસ્દી લીધી હતી કે? મેં આપને એ સૂચના આપી હતી, એ ખ્યાલમાં છે કે?"

આ સવાલો સાંભળતાં જ ઈલાને લીલાની લીલા પૂંઠાની નોંધપોથી યાદ આવી. એક દિન પોતે તેના હાથમાં એ જુની નોંધપોથી જોઇ ગઈ હતી. એ નોંધપોથી લીલાએ પોતાનાં કીંમતી વસ્ત્રોના કબાટમાં સંભાળપૂર્વક મૂકી હતી. એ નોંધપોથી વાંચ્યા પછી તેનો ચહેરો ઘણો ગમગીન બની ગયો હતો. એ નોંધપોથી તાળાકુંચીમાં કેમ રાખે છે, એ વિષે ઈલાને કુતૂહલવૃત્તિ ઉપજી હતી. એમાં કાંઈક ભેદ હોવાની શંકા ઈલાને ઉઠી હતી.

આ વાત એણે રમતારામને કહી અને ઉત્સાહભેર તે તાળી પાડી ઉઠયો: "શાબાશ, આપે એક સરસમાં સરસ ચીજની વાત મને કહી! મારી પાસે જે પુરાવાઓ છે, તેમાં એ ચીજ ઉમેરાય તો બસ બેડો પાર! એ બાઈની સુરેશભુવનમાંથી હકાલપટ્ટી! અને વસંતરાયની પત્ની તરીકે આપનો પ્રવેશ! જો આમ ના થાય તો, મારી એક મૂછ મુંડાવી નાંખું!"

"તો તે નોંધપોથી તમે મેળવી લ્યો અને સાંભળો, તમે એ મેળવીને મારી અને વસંતરાય વચ્ચેની એ આડખીલીને દૂર કરશો એટલે તમારા જે અઢીસો ગયા છે, તે હું તમને આપીશ!"

રમતારામ ઈલાનાં વાક્યોના ચાળા પાડતો બોલ્યો: "આટલું કર્યે કામ સરી ગયું? 'નોંધપોથી મેળવી લ્યો! અદીસો ગયા છે તે તમને આપીશ!' ના. ના. આ કામ તો તમારે કરવાનું છે! એ નોંધપોથી તમારે લાવી આપવી જોઈશે!"

"મારે? હું તો કાંઈ કરી શકું તેમ નથી! તમારે બાતમી જોઈતી હતી. મેં તે આપી!"

"જુઓ બહેન, અધવચ્ચ દરિયે આવીને ફસકી પડો છો, એ ઠીક નહીં! આપણા વચ્ચે પવિત્ર કરાર થયેલો છે! તમે ખાનદાન કુળનાં દીકરી છો. તમારે તમારો કરાર પાળવો જોઈએ. મેં તમને એક ચીજ લાવી આપવા કહ્યું હતું. એ ચીજ આ છે. તમે તે વખતે હા પાડી હતી. તમારો યે આમાં સ્વાર્થ છે. તમે હવે પાછાં હઠો એ તમારા મનની નબળાઇ છે. આવી નબળાઈથી કામ ના સરે!"

"પણ એ નોંધપોથી ઉપર જ શું કાંઈ છાપ મારી છે? એના વિના શું તમારું કામ અટકી પડે તેમ છે? નોંધપોથીની વાત મેં કહી તે પહેલાં તમે ક્યાં જાણતા હતા?"

"તમારા છેલ્લા સવાલનો જવાબ હું પુરાવાથી આપીશ." આમ કહીને રમતારામે ખંડીએરની જમીનમાંનો એક પથ્થર ઉખાડ્યો. એ પથ્થર નીચે લીંપેલીગુંપેલી જમીનમાં એક નોંધપોથી પડેલી હતી. તે ઉઠાવીને તેણે તેનાં પાનાં ઉથલાવ્યાં અને એક પાના પરનું લખાણ બતાવીને ઈલાને તે વાંચવા કહ્યું. ઈલા તે વાંચીને આભી બની ગઈ; અને બીજાં પાનાં વાંચવા તત્પર થતી હતી ત્યાં રમતારામે નોંધપોથી તેના હાથમાંથી ઝૂંટવી લઈને કહ્યું: "આગળનું કશું જ અત્યારે વાંચવાની જરૂર નથી. આ નોંધપોથીની વાત હું તમારા જાણવા પહેલાં જાણતો હતો એની ખાત્રી તમને થઇ ચૂકીને? મને એ નોંધપોથીની બાતમી ક્યાંથી મળી હતી, એ

પણ તમે જાણ્યું ને? બસ. હવે આ કામ પાર ઉતારી આપો. એ નોંધપોથી તમારે લાવી આપવાની છે. એ નોંધપોથી, એ અજાણી બાઈની છે. બનાવટી લીલાની નથી!"

હવે વિચાર કરવાનો વારો ઈલાનો આવ્યો. નોંધપોથી લાવી આપવી કે કેમ અને કેવી રીતે લાવી આપવી એ સંબંધી એ વિચારો હતા. રમતારામ તેના વિચારોનાં વમળ જાણી ગયો હોય તેમ બોલ્યો: "તમે કહ્યું કે, પરમ દિવસે ઉજાણી છે. હું ધારું છું કે, આખુંયે સુરેશભુવન તે દિવસે ખાલી હશે. નોકરચાકર, ગાડીવાનો તમામ જણ ઉજાણીમાં જવાનાં હશે. આ નોંધપોથી લાવી આપવાનું મંગલમુહૂર્ત તેજ દિવસે છે!"

"પણ હું તો તે ઉજાણીમાં ગઈ હોઈશ!"

"શું કામ? તમે કાંઈ ઉજાણીઓમાં આજ અગાઉ ભાગ લીધો નથી? ઉજાણી કરતાં વધારે અગત્યનું કામ સાધવાની તક આવે ત્યારે ઉજાણીનો લાભ જતો કરવો પડે, બહેન સાહેબ! તમે તે દિવસે માથું દુઃખવો! તબિયત બેચેન કરી મૂકો! ઉજાણીમાં ગેરહાજરી માટે એ પૂરતું બહાનું છે. એ પછી જુઓ, તમારે શું કરવાનું તે હું તમને બતાવું." રમતારામે ખંડિયેરના પથ્થરોની વચમાં છુપાવેલી એક નાની પેટી બહાર કાઢી. એમાંથી કૂંચીઓનો ઝુડો બહાર કાઢી, ઈલાને બતાવતાં કહ્યું:

"આ કુંચીઓ વડે સુરેશભુવન ઉઘડશે! લીલાદેવીનું કબાટ ઉઘડશે! અને તેમાંથી તેને હસ્તક કેદ પડેલી નોંધપોથીનો છુટકારો થશે!"

ઈલા આશ્ચર્ય સમેત ચોંકી ઉઠી: "એ તો ચોરનું કામ છે!"

"નહીં, શ્રીમતી, ન્યાયના વેર માટે એક પુન્ય-પ્રપંચ છે! આ કામ કરવાથી તમે એક બનાવટી બાઈને દૂર કરી શકો છો. તેનું પોલ ખુલ્લું પડવાથી તમારા ભવિષ્યના સુખી જીવનનો માર્ગ

ખુલ્લો કરો છો! એટલે કે, એ તાળાં તૂટશે તે સાથે તમારાં લગ્નજીવનની વચ્ચમાં પડેલાં વિઘ્નો પણ તૂટશે! આનાકાનીનો આ વખત નથી; અને તમારી સાથે હું હોઇશ એટલે તમને કોઈ જાતની તકલીફ પડશે નહીં."

"તમે એકલા ના જઈ શકો?"

"બહેન! મેં મોટા લોકની જે પ્રકૃતિ કહી તેજ આપ આચરી બતાવો છો! 'ચડ જા બેટા શૂળી પર' એવી રીતે જે બીજાઓ હેરાન થઇને તમારૂં મંગલકાર્ય સાધી આપતા હોય તો તમે લોકો ખુશ થાઓ છો! પૈસાથી કામ સરતું હોય તો તમે ભરપૂર પૈસા આપો છો! પણ આ દાખલામાં તમારી પાસેથી એક રાતી બદામ પણ હું લેવાનો નથી. અઢીસો શું, અઢી હઝાર આપો તોયે નહીં લઉં. મેં કાંઇ એકલા મારા માટે જ આ કામ ઉપાડયું નથી. તમને જ તેનો બધો લાભ મળે, એવી મારી ઉમેદ છે; અને તમે સહેલાઈથી તે કરી શકો તેમ છો તેથી જ તમને હું આગ્રહ કરૂં છું. તમે આ કામ નહીં કરો તો, યાદ રાખજો, એક નાલાયક ઓરત તમારા ઈચ્છેલા વરને વરી જશે અને તમે જન્મારા સુધી પસ્તાયા કરશો!"

"ઠીક. હું આ કામ માથે લઉં છું. પણ સાંભળો. હવે પછી તમારૂં ચીંધેલું એક પણ કામ હું નહીં કરૂં."

"જીવતાં રહો, બાસાહેબ, અને સદા સુખી થાઓ. બીજું કોઈ કામ, આ પછી હું તમને ચીંધીશ નહિ; અને સાંભળો. કોઇને પણ આ બાબતમાં તમારે કશું કહેવું નહીં. સાગર જેવું પેટ રાખીને તેમાં તમારે આ વાત સમાવી દેવી. લ્યો, આ કુંચીઓ. આવતી કાલે, સાંજે આપણે પાછાં મળીશું." ઈલા કુંચીઓનું ઝૂમખું લઈને ઝટઝટ ખંડિયેરમાંથી વિદાય થઇ ગઈ.

પ્રકરણ ૩૦

●

નોંધપોથીની ચોરી

●

પૂવન–ટેકરી પર ઉજાણીએ જવાની તૈયારીઓ માટે વસંત મુંબાઈ જઈને મિઠાઈની વાનીઓ તેમજ વાહનની વ્યવસ્થા કરીને સાંજ પડતા પહેલાં પાછો ફર્યો અને સુરેશ પાસે જ્યારે તે ગયો ત્યારે એક આરામ–ખુરશીમાં તેણે તેને અર્ધ–મૂર્છિત અવસ્થામાં પડેલો દીઠો. તેની પાસે કોઈ જ નહતું તેથી તે આશ્ચર્ય-ચકિત થયો. તેણે એકદમ નોકર ભીમાને ખબર આપી કે, "ડોકટરને બોલાવી લાવ. સુરેશ કાકા ઓચિંતા બિમાર પડી ગયા છે." નોકરે કહ્યું: "મને એમને જોવા દો. એમની બિમારીની દવા એમની પોતાની પાસે જ છે."

"પણ...એ તો અર્ધ–મૂર્છિત છે!..."

નોકરે વસંતની કશી દલિલો સાંભળી નહીં. તે સુરેશના ખંડમાં ગયો અને એક કબાટમાંથી એક શીશી બહાર કાઢીને તેમાંથી બે ગોળીઓ તેણે સુરેશને પાણી સાથે ગળાવી. થોડીક વાર થઈ એટલે સુરેશે સ્વસ્થતા અનુભવીને આંખો ઉઘાડી. વસંતને પોતાની સામે ચિંતાતુર મુખે ઉભેલો જોઈને તે બોલ્યો: "તું મને આ હાલતમાં જોઈ ગયો, વસંત? ચિંતા ના કરીશ. મારી બિમારીથી હું અજાણ નથી. ભીમો પણ અજાણ નથી. વર્ષોથી હું મારા દર્દને પિછાણું છું અને ભીમો 'નર્સ' બનીને તે દૂર કરે છે. ભીમા, હવે તું જા. ચિન્તાનું કોઈ કારણ નથી."

વસંત ખુરશીમાં બેઠો અને પૂછવા લાગ્યો: "શું વર્ષોથી આપને આ બિમારી છે? અમને કોઈને તેની ખબર નથી!"

સુરેશે સ્મિત કરતાં કહ્યું: "તમને કોઈને તેની ખબર નથી પડી તેનું કારણ એ કે, મેં તે છુપાવી રાખ્યું છે. હું કોઇ પણ જાતની ચર્ચાને ધિઃક્કારું છું, એ તું જાણે છે. મારી કિંચિત્ માત્ર નબળાઈ અન્ય કોઈ પારખી જાય નહીં, એ વિષે હું ખાસ કાળજી રાખું છું. ચોંકવાનું કાંઈજ કારણ નથી. હું કાંઇ આ દરદને લીધે મરી જઈશ, એમ માનીશ નહીં."

સુરેશે પાણીના પ્યાલામાંથી થોડાક ઘૂંટડા ભર્યા અને એ બાદ આગળ કહેવા માંડયું: "જ્યારથી લીલાની માતા ગૃહત્યાગ કરી ગઈ ત્યારથી મને આ 'હિસ્ટિરિયા'નું દરદ લાગુ પડયું છે. મને જ્યારે જ્યારે તેના વિષે વિચારો આવે છે અને જીવનમાં જ્યારે અટૂલાપણાથી હું મુંઝારો અનુભવું છું ત્યારે આ વાયુ વેગ મને આવરી લે છે. ગઈ કાલથી મેં લીલાને તને સોંપી. મારી એ એકની એક દીકરીને મેં બીજાની કરી—જો કે, એમ હરકોઇ પિતાને પોતાની દીકરી માટે કરવુંજ પડે છે—પણ એ પછી મને કાંઈ ગોઠયું નહીં. વિચારોનો જેમ વેગ વધ્યો તેમ આ વાયુ વેગ વધ્યો. કોઇ વાર મને કમતી જુસ્સામાં આ દરદ ઉપડે છે; કોઈ વાર વધુ વેગમાં. અત્યારનો હુમલો વિશેષ વેગનો હોવાથી હું મૂર્છિત થઇ ગયો હતો. ભીમાને હાંક મારવાની મને ઇચ્છા હતી પણ મારાથી તેમ થઇ શક્યું નહીં. હવે તો, કાંઈજ ચિંતા જેવું નથી; પરંતુ આવતી કાલની તમારી ઉજાણીમાં હું ભાગ લઈ શકીશ નહીં."

"આપ ન આવી શકો તો ઉજાણી અમે બીજા કોઈ દિવસ ઉપર મુલત્વી રાખીએ."

"ના. એવું કરશો જ નહીં. તમે સૌ બેલાશક જાઓ. મારે લીધે તમારો આનંદ તમે ગુમાવો નહીં."

"પણ લીલા આપના વિના નહીં આવે."

"કોણે કહ્યું ? શા માટે ન આવે ? તમારે એને માટે તો આ ઉજાણી રાખી છે. તમે એનાં મુખ્ય યજમાન છો. બોલાવ લીલાને. હું એને કહી દઉં કે, ઉજાણી મુલત્વી નહીં રખાય."

અને જ્યારે લીલાને વસંત બોલાવી લાવ્યો ત્યારે પોતાની પાસે તેને બેસાડીને એ વ્હાલસોયા પિતાએ એને પાંચ ક્ષણમાં મનાવી લીધી. લીલાએ પ્રથમ તો પિતાની બિમારીને કારણે પોતે પણ ઉજાણીમાં નહીં જાય એમ જણાવ્યું; પિતા પાસે રહીને તેમની સેવા કરવાની ઇચ્છા દર્શાવી; પણ પોતાની દવામાં સુરેશને પૂર્ણ વિશ્વાસ હોવાથી અને વસંતે તે દવાનો ચમત્કાર પ્રત્યક્ષ નિહાળ્યો હોવાથી આખરે લીલા મનાઈ ગઇ અને સુરેશ વિના સૌ ઉજાણીએ જશે એમ ઠર્યું.

× × × ×

સાંજે ઇલાના મકાન આગળ રમતારામ રઝળતો દેખાયો. અત્યારે તે ઘણોજ ખુશ દેખાતો હતો. હસી હસીને તે ઇલાના ગાડીવાન સાથે વાત કરતો હતો. જ્યારે ઈલા મુખ્ય દ્વાર આગળ થઈને પાછળના દ્વાર તરફ ગઈ ત્યારે તે તેની પાસે આવ્યો અને નમસ્કાર કરીને બોલ્યોઃ

"આપ ઘણાંજ ભાગ્યશાળી છો, ઇલાબહેન ! સુરેશભુવનના નોકરોના હાથ જોવા હું ગયો હતો. ત્યાંથી ખબર મેળવી લાવ્યો છું કે, એકકે એક જણ કાલે ઉજાણીએ જશે. માત્ર જાગીરદાર સાહેબ એકલા જવાના નથી."

"કેમ ? એનું કારણ શું ?"

"કારણની આપણને શી પરવા ? પણ પોતે બિમાર છે, એ જાણવું બસ થશે. બહેન સાહેબ ! તમારા માટે આ અનુકૂળ સંયોગ છે. સુરેશભુવન ખોલવા માટે તમારે પકડુંચી લાગુ કરવી નહીં પડે. માત્ર લીલાદેવીનું ખાસ કબાટ ખોલવાની માથાકૂટ તમને રહેશે !"

"પણ સુરેશ કાકા બેઠા હશે ને હું કેવી રીતે લીલાનું કબાટ ખોલી શકીશ ?"

"તેઓ ઓછા જ લીલાદેવીના ખંડમાં બેઠા હશે ! તમારે તમારી માંદગીને અંગે તે માંદા વૃદ્ધ ગૃહસ્થને જોવા જવાનું છે. તમારી માંદગી એટલે શરદીની કંપારીવાળો ૧૦૫ ડીગ્રી તાવ નહીં. માથું દુઃખવાની માંદગી ! આવું દરદ તો તમે મોટા લોકનાં જીવનદમાં ઘણું ભારે દરદ ગણાય છે !......"

"વારુ; વારુ; હવે એ બધું તમારું દરદ–પુરાણ બંધ કરો ! આવતી કાલે હું સુરેશ કાકા પાસે જઇશ, બસ ?" ઈલાએ રમતારામનું 'મોટા લોક' સંબંધી હરઘડી ચાલતું પીંજણ બંધ કરવા કહ્યું,

"સાંભળો, બહેન ! આવતી કાલે સવારે તે બધાં જશે. પછી આખો દિવસ તમે મને સુરેશભુવન આસપાસ રખડતો જોશો. તમે ત્યાં જઈ, માથું મટાડવાના ચમત્કારિક 'બામ'ને બહાને લીલાદેવીના ખંડમાંનું કબાટ ખોલીને નોંધપોથી મેળવવામાં ફત્તેહમંદ થાઓ, તો, કૃપાકરીને, બારીમાંથી રૂમાલ હલાવજો. બસ એ પછી હું અહીં આવી પહોંચીશ અને તમે મને એ નોંધપોથી અહી આપી દેજો !"

એટલું કહી નમસ્કાર કરીને તે ત્યાંથી વિદાય થયો.

બીજે દિવસે પ્રાતઃકાલ થયો અને સુરેશભુવન આગળથી ઉજાણીએ જવાની ધમાલ થઇ રહી. વસંત એક મોટરમાં બેસીને મિજબાનોને બોલાવવા માટે ઘેર ઘેર ફર્યો. જ્યારે તે રામદાસ શેઠને ત્યાં આવ્યો ત્યારે ઈલા સિવાય સર્વે જણ તૈયાર હતાં.

"ઈલા બિચારી આજે તબિયતથી હેરાન છે !" યશોધરાએ કહ્યું: "બે દહાડાથી એ ખૂબ ખુશ થઈને આ ઉજાણી ઝંખતી હતી પણ છેક છેલ્લી ઘડીએ એની તબિયત બગડી આવી છે !"

" ક્યાં છે, તેઓ ? હું તેમની પાસે જાઉં ? "

" ખુશીથી. જુઓને ડાબી બાજુના ત્રીજા ખંડમાં તે સુતી હશે. "

વસંત ઇલા પાસે ગયો ત્યારે તે એક પલંગમાં સૂઈ રહી હતી. તેણે માથા ઉપર એક ગરમ રૂમાલ વીંટેલો હતો. વસંતને જોઇને તે બોલી: " આજે જ હું દરદના પંઝામાં સપડાઈ પડી, એથી મને બહુ ખેદ થાય છે, સૌ સાથે આનંદ કરવાના આવા સંયોગ જીવનમાં ક્વચિત જ આવે છે પણ હા ! હું એમાં ભાગ લેવામાં હતભાગી નીવડી ! "

" તમને થાય છે, શું ? "

" શરીરના સાંધા જાણે એકેકે એક અકડાઈ ગયા હોય એમ લાગે છે. એમાં દુઃખાવો થયાં કરે છે. અને માથું તો જાણે કરવતથી કોઈ વહેરતું નહોય એમ સતત દુઃખ્યાજ કરે છે. વસંતરાય ! તમને અને લીલાને હું મારાં અભિનન્દન આપું છું. મારા તરફથી લીલાને ખાસ કહેજો કે, ઇલાએ અંતઃકરણથી અભિનંદન પાઠવ્યાં છે અને મારા તરફથી તમે એને ઉજાણીમાં ખૂબ ખવરાવજો... ઓહ !...હા !..." ઇલાએ માથાના સખ્ત દુઃખાવાનો ઢોંગ કરીને બિછાનામાં આમતેમ અમળાવા માંડયું.

" મને આ જાણીને અપાર નિરાશા થઈ. જે કોઇ જાણશે તે સૌને મારી પેઠેજ નિરાશા થશે. લાચાર ! અમે સૌ તમને ઉજાણી દરમ્યાન હરઘડી યાદ કરીશું " આમ શિષ્ટાચાર મુજબ વસંત કહેતો હતો ત્યાં અખિલ આવી લાગ્યો: " ઇલા ! તું બિમાર થઇ ગઇ છે ! મને નવાઇ ઉપજતી નથી. તારા માટે મારી નોંધપોથીમાં મેં લખી રાખેલું છે: 'કાયમની કષ્ટાતી કન્યા !' આજ તારું માથું દુઃખે; કાલે કમ્મર; પરમ દિવસે પગ; વળી કોઈવાર ગળું; કાન; પેટ કે નસ્કોરાં ને નખ ! "

"નસ્કોરાં ને નખ! તું યે આવી વખતે શી હાંસી કરી રહ્યો છે, ભાઈ!" ઇલાએ વાંધો દર્શાવતાં કહ્યું.

"હું સાચું કહું છું. જે બિમારી ડાકટરો પણ જાણતા ન હોય તે તને થાય છે! ડાકટરો તને કદી સાજી બનાવી શકે નહીં! તેઓ કેવળ તારા માટે 'બીલ' બનાવી શકે! ચાલ, મિત્ર વસંત, અહીં થોભતું નકામું છે!"

વસંત સ્મિત કરતો તેની સાથે વિદાય થયો.

બપોર પછી ઇલા ઘર બહાર નીકળી પડી. સુરેશભુવન આગળ જતાં એણે રમતારામને રસ્તામાં બેસીને લોકોના હાથ જોતો નિહાળ્યો. તે સુરેશભુવનમાં દાખલ થઇ. દિવાનખંડમાં જાગીરદાર આરામ–ખુરશીમાં પડેલો હતો.

"કોણ ઇલા બહેન! તું બધાંની સાથે ઉજાણીએ નથી ગઇ કે શું?"

"સહવારે મારૂં માથું ખૂબ દુખતું હતું. સાંધા પણ અકડાઈ ગયા હતા. એટલે ના જઇ શકી. આપ બિમાર છો અને નથી જઈ શક્યા એમ જાણીને હું આપની સેવા માટે આવી."

"મને હવે ઠીક છે. પણ હું તો 'ઘરડું પાન'! મારી તબિયત નરમગરમ રહે એમાં ભાગ્યેજ નવાઇ જેવું હોય. પણ એક અકસીર ઇલાજ હાલ તુર્ત તો મને હાથ લાગ્યો છે, એટલે દરદ દબાવી દઉં છું. તું મને જોવા આવી એ તેં ઠીક કર્યું. હું તારી શી આગતા–સ્વાગતા કરૂં?"

"કંઈ નહીં. મારી તે આગતાસ્વાગતા શી હોય? કદાચ આપને કૉફી કે ચહા કાંઈ બનાવી આપવાં હોય તો બનાવી આપું."

"એ ઠીક કહ્યું, બહેન," સુરેશ બોલ્યો: "જા, રસોડામાં જઈને બે પ્યાલા સરસ કૉફી બનાવ. હું પણ પીશ અને તું પણ પીજે......અને......બિસ્કિટ......"

"એની તો કંઈ જરૂર નથી, મુરબ્બી."

"ના. તમે મુંબાઇગરાં હાલતે ચાલતે 'ઓવલ્ટાઇન રસ્કસ' ખાતાં રહો છો, એ હું જાણું છું. બિસ્કિટ ક્યાં હશે?...હં...જો, તો, લીલાના ખંડમાં એની દવાઓની છાજલી ઉપર બિસ્કિટનો ડબ્બો પડયો છે? મને યાદ છે કે, તે ત્યાં રાખે છે."

"દવાઓની વાત આપે સંભારી એટલે મને એક વાત યાદ આવી. સાંધાના દુખાવાનું દરદ લીલાને ઉપડે છે ત્યારે તે કઈ દવા વાપરે છે?"

"લીલાને સાંધાનું દરદ! મેં તો તેને કોઈવાર એવી ફરિયાદ કરતી સાંભળી નથી!"

"એનું કારણ એ હશે કે, આપને એ વાત કહીને સંતાપ કરાવવા તે ઇચ્છતી નહીં હોય. બાકી, એકવાર તે મને એ વિષે કહેતી હતી અને મુંબાઈથી એક અકસીર અર્ક એ માટે તે લાવી હતી. એણે એ અર્કનું નામ દીધું હતું પણ હું તે ભૂલી ગઈ!"

"વારુ; તો તે અર્ક પણ કદાચ તેની છાજલી ઉપર હશે. તને જડે તો બેલાશક લઈ જા, બહેન!"

ઇલા ઉઠી. એના હૃદયના ધબકારા વધી ગયા. જે બદઈરાદે તે અહીં આવી હતી તે આટલી બધી સહેલાઈથી પાર ઉતરવાની તક પોતાને મળશે, એવી આશા તેણે રાખી નહતી. લીલાના ખંડમાં જતાં, દવાની છાજલીને બદલે સૌથી પહેલાં કબાટ તરફ તે ગઇ. ચાવીઓનો ઝુડો બહાર કાઢીને તેણે તેમાંથી એક ચાવી, કળના માપ અનુસાર પસંદ કરીને કળમાં નાંખી. તે સહેજ ખટકી અને ફરી નહીં. બીજી, ત્રીજી એમ ઉપરાઉપરી ચાર-પાંચ ઝીણી ચાવીઓ લાગુ કર્યા બાદ આખરે એક વડે સફળતા મળી. કબાટ ખોલીને તેણે કીમતી વસ્ત્રોની બેવડો તપાસવા માંડી. તેમાંથી જે નોંધપોથી લીલાને કાઢતાં અને

પાછી મૂકતાં તેણે જોઈ હતી તે તેના હાથમાં આવી. પણ તે સાથે એક બીજી પણ વસ્તુ પણ તેને હાથ આવી. એ એક ડબ્બી હતી. મજબુત અને સુંદર ચામડાની એ એક ચોખંડી નાનકડી ડબ્બીને 'પિચ ગોલ્ડ' ની ચાંપ હતી. એ ચાંપ દાબતાં તે ખુલી ગઇ અને તેમાં તેણે એક સુવર્ણચન્દ્રક દીઠો! એ ચકચકતા સોનાના ચંદ્રકની નકસી ઉમદા હતી. તેની વચમાં અક્ષરો કોતરેલા હતાઃ

"શ્રી નૂતન નાટયકલા મંદિર તરફથી શ્રીમતી વનમાલા કીર્તિકરને. મિતિ......"

ઇલા વિચારમાં પડી ગઈ. લીલા કોઈ નાટકીઅણ છે, એવો એને શક હતો. શું વનમાલા કીર્તિકર, એ આનું અસલ નામ હશે? અને આ ચાંદ એને ઉપર્યુક્ત નાટક કંપનીએ એના સુંદર અભિનય માટે આપ્યો હશે!

"બસ. એમ જ હોવું જોઇએ." તે મક્કમપણે બોલીઃ "આ ઓરત ઠગારી છે. આ એક નાટકીઅણ જાગીરદાર કુટુંબમાં ઘુસી ગઇ છે!"

ચંદ્રક તેણે ડબ્બીમાં પાછો મૂકી દીધો અને એ ડબ્બી એની જગ્યાએ મૂકી દીધી. બાદ તેણે પેલી લીલા પૂંઠાની જીર્ણ નોંધ-પોથી પોતાના કબજામાં છુપાવી દીધી અને ઝડપથી કબાટ વાસી દીધું.

દવાની છાજલી પર 'ઑવલ્ટાઇન રસ્કસ' નો ડબ્બો હતો. તેમાંથી થોડાંક 'રસ્કસ' લઇને એ સદર ખંડમાંથી બહાર નીકળી. રસોડામાં જઇને કૉફી બનાવતાં તેનું અંતર્ આનંદથી ભારે ઉછાળા મારી રહ્યું: "આજ આ બાઈ મારા હાથમાં એવડી સપડાઈ છે! એ લીલા નથી એ માટે નોંધપોથીમાંથી લખાણ મળી શકશે. અને એ કોણ છે, એ માટે એનો સુવર્ણચંદ્રક જ બધું કહી આપશે!"

અર્ધો કલાક બાદ જ્યારે તે ઈલા સુરેશભુવનમાંથી ર નીકળી ત્યારે રમતારામને તેણે બહારના ભાગમાં તે ટપકાની નજરે તેના સામે જોઈ રહ્યો હતો. ઈલાને યાદ યું કે, એણે કહ્યા મુજબ, પોતે રૂમાલ હલાવવો ભૂલી ગઈ હતી!

ઈલાએ તેની દરકાર કરી નહીં. પોતાને ઘેર તે પહોંચી અને જામાંજ તેણે નોંધપોથી કાઢીને રસ્તામાં ફેંકી. તે ઉઠાવતાં ારામ બોલ્યોઃ "બે મિનિટ સબુર, બહેન! આપે એ કબાટમાં કોઈ ચીજ જોઈ હતી?"

"વનમાલા કીર્તિકર નામે કોઈ નાટકીઅણનું નામ તમે ભ્યું છે?" ઈલાએ સામો સવાલ કર્યો.

"મારાથી એ બાઈ અજાણી નથી!"

"શું લીલા તેના પૂર્વજીવનમાં વનમાલા હતી?"

"તમે શા ઉપરથી એમ પૂછો છો? શું તમે એને કોઈ જોયેલી છે? અથવા તો, તેનો ફોટો જોયેલો છે?"

"મેં લીલાના કબાટમાં એક સુવર્ણચંદ્રક જોયો. તે શ્રી નાટ્યકલા મંદિર તરફથી વનમાલા કીર્તિકરને મળેલો છે!"

"ઓહો! એ ઉપરથી કાંઈ લીલા, વનમાલા ઠરી શકે? ગ્રો કદાચ તેણે ચોરેલો ચંદ્રક હોય! અથવા, તે નાટકીઅણ સખી હોય! પણ હવે તમે આ બાબતમાં કાંઈ ચિંતા કરશો . સદંતર ચૂપકીદી પકડી રાખશો, કોઈની આગળ કશી જ કરશો નહીં. વખત આવ્યે હું એવો ભડો ફોડી દઈશ કે ા ચકિત જ થઈ જશે!"

આમ કહીને તે કૂદકા મારતો ત્યાંથી જતો રહ્યો.

પ્રકરણ ૩૧

●

અકસ્માત

●

પવન ટેકરી તરફ જવા માટે પાંચ સાત મોટરોની હારકતાર નીકળી પડી હતી. સૌથી મોખરે જે મોટર હતી તેમાં વસંત અને લીલા બેઠેલાં હતાં. એની પછી રામદાસ શેઠ અને તેની પત્ની યશોધરા હતાં. પછીની મોટરોમાં અખિલ, હેડ માસ્તર, પોસ્ટ માસ્તર અને બીજાઓ હતા. એ ઉપરાંત, તેઓનાં કુટુંબીઓ હતાં. મોટરો સુન્દરગામ આગળ આવી પહોંચતાં, વસંતે તેના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાથી અને તેમાં સુરેશરાયની મૃતપત્ની વાસંતીદેવીની તખતી જડાવેલી હોવાથી મોટરો રોકાવી અને સૌને મંદિરમાં ફેરવ્યાં. લીલાએ આ વખતે મજબુત મન રાખ્યું. તે તખતી જોઇને ગભરાઇ ગઇ નહીં; અથવા તો 'મને મળતા ચહેરાની કન્યા અહીં આવી લાગશે તો મારી શી વલે થશે' એવી બીક તેણે રાખી નહીં.

સૌ મંદિરમાં ફરતાં હતાં તે દરમ્યાન વસંત હરમતિ માની ઝુંપડી નજીક ગયો પરંતુ તેને નિરાશા મળી. એ ઝુંપડીને તાળું વાસેલું હતું. ન તો હરમતિ મા ત્યાં હતાં; કે ન તો ભાગીરથી. વસંત વિચારમાં પડી ગયો કે એ બે ક્યાં હશે ? તેણે અનુમાન કર્યું કે, કદાચિત ભાગીરથી વધુ બિમાર થઈ ગઇ હોય અને બંગાળી વૈદરાજના આશ્રમમાં તેને લઈ જવામાં આવી હોય તો ? તેણે મિજબાનો સમક્ષ સૂચના રજૂ કરી: " આપણે બંગાળી વૈદરાજનો આશ્રમ જોવા જઇશું ? "

" માંદાં માણુસોમાં શું જોવાનું હોય ? " યશોધરા બોલી: " કોઈ 'ઓહ્' કહે, કોઈ 'ઉહ્' કહે, અને એવી ચીસાચીસ

સાથે વાંકાંચૂંકાં મોં કરે! આમતેમ કદાચ અફાડપછાડ પણ કરે! આવાંઓને જોઇને શા માટે આપણા જીવને કલેશ કરાવવો? હું તો ત્યાં કંઈ આવતી નથી!"

યશોધરાએ ના પાડી એટલે રામદાસ શેઠે પણ ના પાડી અને જે બીજો સ્ત્રીવર્ગ તેઓ સહિત આવેલો હતો તેણે યે ના પાડી. અખિલ વસંતની વારે ધાયો ને બોલ્યોઃ "વસંત, આપણો મિત્ર કંદર્પકુમાર એ આશ્રમમાં જ છેને?"

"હમણાં તો હું ત્યાં જઈ શક્યો નથી; પણ મારું માનવું છે કે, તે ત્યાં જ છે."

"તો ચાલ, આપણે બે જણ તેને જોવા જઈએ. જો તે સાજો થયો હશે અને ફરીહરી શકતો હશે તો તેને આપણી સાથે આપણે ઉઠાવી લાવીશું."

અમૃતનગરની શાળાના હેડમાસ્તરે પવન–ટેકરી પર સર્વને સહિસલામતીથી લઇ જવાનું માથે લીધું; તેથી વસંતની આશ્રમમાં જવાની ઇચ્છાને વધુ પુષ્ટિ મળી. તે અને અખિલ આશ્રમ તરફ ગયા અને બીજાં બધાંઓ ટેકરી તરફ જવા ઉપડયાં.

આશ્રમ તરફ જતાં અખિલે વસંતને કહ્યુંઃ "આપણી સાથે જો જગદીશ હોત તો ઘણી મઝા પડત."

"હું તો એને વિસરી જ ગયો છું!" વસંત બોલ્યોઃ "બે ત્રણ દિવસ ધમાલમાં ગયા તે દરમ્યાન મેં એને સુરેશકાકાને ત્યાં દીઠો જ નથી; અને તેમણે કે લીલાએ તેના સંબંધી મારી આગળ કેમ કાંઈ ઉલ્લેખ નહીં કર્યો હોય?"

"તું એના વિષે કંઈ નથી જાણતો?" અખિલે કહ્યુંઃ "એ તો મુંબાઈ ગયો છે. એને વેપાર સંબંધી કોઇ અગત્યનું કામ આવી પડયાથી ત્રણ દિવસથી જવું પડેલું છે!"

"એ વળી શેનો વેપાર કરે છે ? મેં તો એને નાટકો ભજવતો; ઠઠ્ઠા મશ્કરીઓ કરતો અને સ્ત્રીઓનાં ચિત્રો દોરતો જ જોયો છે ! કદાચ, એનો અગત્યનો વેપાર એજ હશે !"

"ના. ના. એના વિષે હું જેટલું જાણું છું એટલું કોઇ જાણતું નથી. જગદીશ એટલે એક સંસ્કારી વિદ્વાન. જગદીશ એટલે આધુનિક યુગના સદ્‌ગૃહસ્થનું પ્રતીક. જગદીશ મારી સાથે કૉલેજમાં ભણતો હતો. એના પિતાને અને મારા પિતાને મૈત્રિ હતી. મને અને એને મૈત્રિ છે. એ હસમુખો અને મિલનસાર છે. તે કોઇક વાર શેરોને લગતો ધંધો કરે છે. કોઈક વાર રૂની ગાંસડીઓનો વેપાર કરે છે. પરંતુ તે મર્યાદામાં રહીને જ."

"મને તેના આ બધા ગુણ કે લક્ષણ ઉપરથી એના વિષે ખાસ માન ઉત્પન્ન થયું નહીં !"

"એનું કારણ છેઃ 'અભિલાષી એક બાત કો તામેં હોત બિરોધ !' તેમ તું અને તે ઢાલની સામસામી બાજુએ રહ્યા છો. એમાં નવાઇ નથી !"

"એટલે ? તારૂં કહેવું હું સમજ્યો નહીં."

"શું મારે તે સ્પષ્ટ રીતે સમજાવવું જોઈશે ? વારૂ; હવે તે સમજાવવાનો વખત આવી લાગ્યો છે તો સાંભળ, મિત્ર ! તે પ્રેમપંથગામી હતો. તું યે તેજ પંથનો પથિક હતો. તેનું જે પાત્ર હતું તેજ તારૂં હતું. તું જીત્યો તે હાર્યો. હવે કહે, તમે બે એક બીજાને દુશ્મન તરીકે જુઓ એમાં શી નવાઇ ? પણ મિત્ર વસંત ! માઠું ના લગાડીશ. એ એક એવો વિશાળહૃદયી ખેલાડી છે, કે, પોતાના પ્રતિસ્પર્ધીને એ વિનયવિવેકથી આદરમાન આપવામાં પાછો ના હઠે. જેને અંગ્રેજીમાં 'sportsman' કહે છે તેવા તમામ ગુણો તેનામાં છે અને તારા વિષે કહું તો......"

"કહે, કહે, કેમ અચકાયો ?"

"માઠું ના લગાડીશ. તારા વિષે મારો એવો અભિપ્રાય નથી બંધાઈ શકયો. હું તાજુંજ દૃષ્ટાંત આપું. તેં કહ્યું કે, 'તેના વિષે મને માન ઉત્પન્ન થયું નથી.' હવે તારા વિષે જો એને પૂછવામાં આવે તો તે કહેશે કે, 'તું એક અત્યંત લાયક યુવક છે!' તારામાં અને તેનામાં આ તફાવત છે."

"એ તો પ્રકૃતિ–ભેદ છે. કોઇ મીઠાબોલા મશ્કરાખોર હોય છે. કોઈ આખાબોલા હોય છે. મીઠું મીઠું બોલીને કેટલાકો સત્ય છુપાવી જાણે છે. મારા જેવા આખાબોલા સાફ સાફ વાતો કહી દે છે."

"આ વિષયની ચર્ચા આપણે બંધ કરીએ, એજ ઠીક થઈ પડશે. હું તો જીવન સુખી કરવાની એક જ ચાવી જોઉં છું: 'હસો ખેલો અને દુઃખ દાબી દો.' જગદીશ પણ એજ ચાવીથી જીવન વિતાડે છે એથીજ મારે અને તેને મિત્રતા જામેલી રહી છે."

તેઓ આ વખતે વૈદરાજના આશ્રમ પાસે આવી પહોંચ્યા. વસંત એક બે વાર કંદર્પ પાસે ગયો હતો. તેથી જ્યાં તેનો વાસ હતો ત્યાં પહોંચતાં તેઓને વાર લાગી નહી.

કંદર્પકુમાર હવે સાજો થઈ ગયો હતો. તે સારી પેઠે ફરી હરી શકતો હતો અને બે–ત્રણ દિવસ બાદ આશ્રમ છોડી જનાર હતો. વસંત અને અખિલ આગળ તેણે અને તેનાં માતપિતાએ વૈદરાજનાં ખૂબજ વખાણ કરવા માંડયાં; એમની સારવાર પદ્ધતિ અને ચિકિત્સા–પદ્ધતિ અજોડ હોવાનું કહ્યું અને વૈદક–શાસ્ત્રના આવા સહૃદયી તથા અભ્યાસી પારંગતોથીજ આયુર્વેદની મહત્તા જળવાઇ રહી છે, એમ જણાવ્યું.

કંદર્પની માતાએ કહ્યું: "આ વૈદરાજ મરેલાં મડદાંને સજીવન કરે છે! આવી કાબેલિયત આજ સુધી મેં કયાંયે જોઈ નથી!"

" શી ગપ ફેંકો છો ?" અખિલે હસતાં હસતાં કહ્યું: 'મરેલાં મડદાંમાં પ્રાણ મૂકવાની શક્તિ કોઈ માનવીમાં હોઇ જ શકે નહીં !"

" પાંચ દિવસ ઉપર વીસેક વર્ષની એક છોકરીને એક વૃદ્ધ બાઈ અહીં લાવી હતી. ન બોલે. ન ચાલે. જાણે એકાદ લાકડાનું જડ ઠુંઠું હોય એવી એ દેખાતી હતી ! અમે સૌએ અમારી આંખે એને જોઇ હતી. અમે તો તે વખતે એમ જ માની લીધું કે, એ મરી ગયેલી છે ! અને ડોશીની આંખમાંનાં આંસુ તો ખાળ્યાં ખળતાં નહતાં. એ છોકરીને વૈદરાજે એક દવા ચટાડી કે તરત જ તેનામાં ભાન આવ્યું. અને જો કે એની અવાચકતા દૂર થઈ નથી તોપણ દિવસે દિવસે એનામાં સારો સુધારો થતો જાય છે. મરેલાં મડદાંને વૈદરાજ જીવતાં કરે છે, એ આનું નામ !"

" છોકરી કેવી છે ? " વસંતે પૂછ્યું.

" લગભગ સુરેશરાય જાગીરદારની પુત્રી લીલાદેવી જેવી !" કંદર્પકુમાર બોલ્યો: " પ્રથમ તો હું ભ્રમમાં જ પડ્યો હતો કે શું તે એજ છે ? પણ પછીથી એને લાવનાર વૃદ્ધા પાસેથી મેં જાણ્યું કે, તે કોઇ અનાથ બાલા છે. એ બિચારી મૂગી થઇ ગઈ છે !"

" એમ શાથી થયું ?"

" એ પેલી વૃદ્ધા સાથે જ સુન્દરગામના મંદિર સામે રહેતી હતી. એક રાતે અંધારામાં તે મંદિરમાં ગઈ અને ત્યાંથી પગથીઆં ઉતરતાં ઉતરતાં તે પડી ગઈ ! એણે પાડેલી ચીસથી ડોસીમા ઘર બહાર નીકળ્યાં અને જોયું તો તે કચ્ચરઘાણ થઈ ગઈ હતી. જો કે, પડી જવાથી એના શરીરે કાંઇ જખમ થયો નહતો: પણ હૃદયને કંઈક આઘાત પહોંચ્યાથી મૂર્ચ્છિત થઇ ગઈ હતી. અને એની અસર હજી સુધી એના અવાચકપણામાં કાયમ રહી છે."

"આપણે એને જોવા જઈશું ?" વસંતે અખિલને પૂછ્યું.

કંદર્પકુમાર બોલ્યો: "વૈદરાજ કોઈને તેની પાસે જવા દેતા નથી. તેમજ વૃદ્ધાને પણ તેમણે મનાઈ કરી છે કે, એના સંબંધી કોઈ જાતની વાતચીત કોઈને કરવી નહીં. પોતે પણ કોઈને એના વિષે કશું કહેતા નથી. આ બાળાની અદ્ભુત સારવારને લીધે વૈદરાજ માટે લોકોમાં ઉત્તમ અભિપ્રાય બંધાયો છે; અને એ બાળાની સુધરતી જતી પ્રકૃતિ જાતે નિહાળવા ઘણા લોકો ઇચ્છે છે; પણ વૈદરાજ મક્કમ છે. દરદીના હિતાર્થે એને કોઈ જાતની ખલેલ પહોંચાડવી નહીં, એવું એમનું કડક ફરમાન છે."

"ત્યારે તો લાચાર !" વસંત બોલ્યો અને કંદર્પને આગ્રહ કરીને તેણે પવન ટેકરી પરની ઉજાણીમાં આવવા માટે પોતાની સાથે લીધો.

× × × ×

પવન ટેકરી એક વિશાળ અને ઉંચી ટેકરી હતી. એની ઉપર ચઢનારાઓને કઠણ પથરીલા અને ખાડાખૈયાવાળા ભાગોમાંથી જવું પડતું. એમાં પગદંડીઓ નહતી. એમાં ક્યાંક ક્યાંક નાનાં મોટાં ઝાડવાં ઉગેલાં હતાં. એ સીધી સપાટ ટેકરી નહતી. એની વચ્ચે ક્યાંક ખુલ્લા મોટા પટ હતા; તો ક્યાંક સાંકડા માર્ગ હતા.

એક બીજાના હાથ ઝાલીને અને લાકડીઓના ટેકા રાખીને આ ટેકરી પર અમૃતનગરનાં મહેમાનો ચઢયાં. સુરેશભુવનના નોકરોએ અને મોટરગાડીઓના હાંકનારાઓએ તેઓને તેમાં મદદ કરી. સ્ત્રીઓ, બાળબચ્ચાં અને નાની મોટી વયના પુરુષો મળીને લગભગ ત્રીસેક જણનો એ જમેલો બન્યો હતો.

એક વિશાળ પટ પસંદ કરીને ત્યાં પાથરણાં પાથરવામાં આવ્યાં અને ઉપાહાર માટે આણેલી વાનીઓ ત્યાં લાવીને મૂકવામાં આવી. એ ટેકરીની તળેટીમાં એક કુવો હતો એટલે

પાણીની મુંઝવણ પડે તેમ નહતી. સૌ ઉપર ચઢ્યાં, પણ લીલા વસંતના આવતા સુધી તળેટીએ થોભી. જ્યારે તે, અખિલ અને કંદર્પકુમાર સહિત આવી પહોંચ્યો ત્યારે લીલાને મોટરગાડીમાંજ બેસી રહેલી જોઈને આશ્ચર્યચકિત થયો.

લીલાએ તેને જોઇને સ્મિત કર્યું એટલે તેણે પૂછ્યું: "કેમ, ઉપર ચઢતાં ભય લાગતો હતો ?"

"ના; ના; ભય કોનો હોઈ શકે ? પણ સર્વ મહેમાનોમાં મારૂં સમોવડીઉં કોઈજ નહતું એટલે હું નીચે થોભી હતી."

"પેલી 'કાયમની કષ્ટાતી કન્યા', મારી બહેન ઇલા તમારી સાથે હોત તો સાત સમોવડી સહીપણીઓની ગરજ સારત. પણ આજ એનું માથું દુઃખી આવ્યું !" અખિલે કહ્યું.

"ઓચિંતી અસ્વસ્થતા માટે કોઇનો ઓછો દોષ કાઢી શકાય છે ?" લીલાએ કહ્યું: "પણ, બેશક, તે હોત તો મને ઘણો આનંદ પડત !"

"અને બીજાયે તમારા સહવાસમાં આવેલા કોઈ અહીં નહતા એટલે તમને ના ગોઠે એ કુદરતી હતું." વસંત બોલ્યો.

"દાખલા તરીકે, એમના પિતાજી, હું, કંદર્પકુમાર......" અખિલે ટાપશી પૂરી.

"જગદીશ રહી ગયો !" વસંતે કહ્યું.

"પણ તે તો મુંબાઈ ગયો છે, એ ક્યાં લીલાદેવીથી અજાણ્યું છે ? ચાલો, હવે આપણે ઉપર ચઢીએ. વસંત, તું લીલાદેવીનો હાથ ઝાલ."

"અને તું તથા કંદર્પ એક બીજાના હાથ ઝાલીને ચઢો."

તેઓ ટેકરી પર ચઢવા લાગ્યાં. વસંતે અગાઉ પોતાના પિતા સહિત પોતે અહીં આવતો અને ટેકરીની જમીન ખોદતો તેને

લગતાં સંસ્મરણો કહેવા માંડયાં. ઘણીવાર ખોદકામ કરતાં માટીનાં કે પથ્થરનાં મોટાં ગચીઆં ધસી પડતાં અને કોઇકવાર પગ લપસી જતા, એ વિષે તેણે યાદ આપી. આ ટેકરી પર જીવલેણ અકસ્માતો થયાનાં દષ્ટાંત પણ તેણે ટાંકી બતાવ્યાં. ઉંચે ને ઉંચે ચઢવાનો લોભ રાખનારા ઘણાઓ, ઘણીક વખતે ઉપરથી નીચે જમીન પર પટકાઈ પડયા હોવાના અને તેઓએ પોતાના હાથ પગનાં હાડકાં ભાગ્યાંના અથવા તો જાન ગુમાવ્યાના કંઇક દાખલાઓ આ ટેકરી પર બનેલા હોવાનું તેણે કહ્યું.

એ સાંભળીને લીલા સહેજ કંપી. એની કંપારીનો અનુભવ વસંતને થયો અને તેણે કહ્યું: " પણ મારા જેવો અનુભવી સંરક્ષક તમને મળ્યો છે, એટલે તમારે ચિંતા કરવા જેવું નથી. તમે લગીરે કંપશો નહીં."

" ના. ના હું કંપતી નથી !" લીલાએ કહ્યું: " પણ આ આ ટેકરી ભયંકર તો છે જ. અકસ્માત થવાનો અહીં પૂરેપૂરો સંભવ છે—જો કે, હું મારી સાથે અકસ્માત વખતે લગાડવાનો લેપનો ડબ્બો અને રૂ તથા પાટાનું કપડું પણ લાવી છું."

" ત્યારે તો, હું તમને ઉંચે ને ઉંચે જરૂર લઇ જઈશ. આ આખીયે ટેકરી મારાથી અજાણી નથી."

આ વખતે તેઓ એ સ્થળે આવી લાગ્યાં. જ્યાં મહેમાનોએ પડાવ નાંખ્યો હતો. સૌ જુદા જુદા જથ્થાઓમાં વહેંચાઈ ગયેલાં હતાં. કોઇ સ્ત્રીઓ સોગઠાંબાજી રમતી હતી. કોઈક છોકરાં પથરાનાં ઘર બનાવતાં હતાં; તો કોઈ માટી અને પાણી મેળવીને તેનાં મંદિર બનાવતાં હતાં; કેટલાક પુરુષો ગંજીફાં રમતા હતા તો થોડાક વાતોમાં પ્રવૃત્ત હતા. યજમાન–દંપતી અને તેના સાથીદારો આવી લાગ્યાથી સૌ તેમની આસપાસ ટોળે મળ્યાં. થોડીવાર વાતચીત કર્યા બાદ વસંતે નોકરોને નાસ્તા

માટે તૈયારી કરવા વરદી આપી. સૌને વાસ્તે અલગ અલગ હિસ્સા પાડવાનું કામ ચાલુ હતું તે દરમ્યાન અચાનકજ એક કારમી ચીસ સંભળાઈ......અને કંઈક તૂટી પડતું સંભળાયું...

"શું થયું? આપણામાંથી કોઈને કાંઈ અકસ્માત થયો કે શું?" એકદમજ અખિલ બોલી ઉઠયો.

દરેક જણ પોતપોતાનાં સ્વજન કુટુંબીઓની ગણત્રી કરવા લાગ્યાં; એક બીજાને સંભાળી લેવા લાગ્યાં. દરમ્યાન, અખિલે કંદર્પ અને વસંતને કહ્યું: "ચાલો, આપણે તજવીજ કરીએ કે, એ ચીસ કોની સંભળાઈ? મને એ સ્વર તો પરિચિત લાગ્યો... પછી મારો ભ્રમ હોય તો કોણ જાણે?"

"હું પણ તમારી સાથે આવું છું." લીલા એકદમ બોલી ઉઠી.

"તમે? ના. ના. તમારૂં આ કામ નથી." વસંતે કહ્યું અને તે પોતાના મિત્રો તથા થોડાક નોકરો સહિત ટેકરી પર તપાસ માટે નીકળી પડયો.

તેઓ એક બાજુ ગયા એટલે તક સાધીને લીલા બીજી બાજુએ નીકળી પડી. તે એવી ભાનભૂલી બનીને નીકળી પડી કે, તેના હાથમાં પાણીનો એક લોટો હતો તે પણ મૂકી દેવો વિસરી ગઈ. અખિલે કહ્યું હતું કે, 'મને એ સ્વર તો પરિચિત લાગ્યો...' લીલાનું મન કહેવા લાગ્યું કે, 'એ સ્વર મારો યે પરિચિત છે. પણ એ અહીં કયાંથી હોઈ શકે? કેટલાયે માઈલ દૂર દૂર ગયેલાનો અને કેટલાયે કલાકોથી સંભળાતો બંધ પડેલો એ સ્વર અહીં સંભળાવો કયાંથી સંભવે? પણ...કશું કહેવાય નહીં. ન બનવાનું બને એવો આ યુગ છે......' લીલા આ વિચારોમાં ટેકરીના સાંકડા માર્ગોમાં થઈને સંભાળભેર ઉપર ચઢવા લાગી.

તે આશરે સોએક ડગલાં ચાલી હશે એવામાં એક ઉંહુંકાર સંભળાયો. આમ તેમ જોતાં માટીના એક મોટા ગચીઆ નીચે તેણે એક આકારને ઉંધો પડેલો દીઠો. ઉંહુકારનો સ્વર તેનો હતો

અને તે સ્પષ્ટ સંભળાતો હતો. એ સ્વર તે પારખી શકી. એ આકારને આંખથી જોતાં એને કાંઈક સંભ્રમ પેદા થયો. કોઈક પરિચિત વ્યક્તિનો એ આકાર છે, એમ એને ચોક્કસ લાગ્યું. તે આમ તેમ જોવા લાગી. અચાનક જ પોતાના હાથમાં પાણીનો લોટો રહી ગયો છે, એવું એના ખ્યાલમાં આવ્યું. એણે લોટો જમીન પર મૂક્યો અને પછી હિંમત એકઠી કરીને એણે માટીનું ગચીઉં દૂર ધકેલી દીધું. તે જમીન પર બેસી પડી અને ઉંધા પડેલા આકારને તેણે ચત્તો કર્યો, તેના ચહેરા પર માટી અને ધૂળ વળગેલાં હતાં. પોતાની સાડીના છેડાથી તેણે તે લુછી નાંખ્યાં. ચહેરો ખુલ્લો થતાં લીલાનો સંભ્રમ તત્કાળ દૂર થયો.

એ જગદીશ હતો !

જે જગદીશને એણે ' જાઓ ' કહ્યું હતું અને તેથી જે જતો રહ્યો હતો, તે જગદીશ પુનઃ અહીં ટેકરી પર આવી લાગ્યો હતો ! —નિમંત્રિત મહેમાન તરીકે નહીં ; એક અજાણ્યા મુસાફર તરીકે; કદાચને છુપી રીતે કોઇને જોવા માટે એક ચોર તરીકે ! ચાહે તે રીતે તે આવ્યો હતો ; ચાહે તે કારણસર આવ્યો હતો ; પણ અત્યારે તેને અકસ્માત થયો છે અને અકસ્માત વખતે દુશ્મન પ્રત્યે દાનાઈ રાખીને જુની વાતો વિસરી જવી ઘટે છે : આ ન્યાયે લીલાએ એકદમ જ એને મદદગાર થવાની કાળજી લીધી. ભૂલથી પાસે રહી ગયેલો પાણીનો લોટો એને આ વખતે ખરેખરો કામ લાગ્યો. એણે જગદીશના મોંપર પાણી છાંટયું. એના મોંમાં થોડાક ચાંગળાં ભરીને પાણી રેડયું.

અને થોડીવારે એણે આંખ ઉઘાડી.

" ના...ના...એ મિથ્યા મૂર્ત્તિ છે ! સ્વપ્ન છે !...એ મારી સમીપ...સંભવે જ...નહીં ! " તે ગણગણ્યો.

" આ સ્વપ્ન નથી. સત્ય છે. હું...હું...લીલા જાગીરદાર તમારી સમીપે છું."

"લીલા!" જગદીશે તેનો હાથ ઝાલી લીધો અને ફરીથી પૂછ્યું: "શું સાચેજ તમે લીલા છો?"

પોતાનો હાથ તેના હાથમાંથી છોડાવવા મથતી લીલા બોલી: "છોડો, મારો હાથ છોડો. મને જવા દો. હું બીજાઓને બોલાવી લાવું. તમને ઘણું વાગ્યું હોવું જોઇએ. તમને સારવારની જરૂર છે."

"ના. મને કોઈજ સારવાર સાજો નહીં કરે; મારા ઘા કોઈજ નહીં રૂઝવી શકે—સિવાય કે તમે!"

"તમને ભાન નથી! રખેને તમારો સન્નિપાત વધી જશે—"

"હું પૂરા ભાનમાં છું; કારણકે, તમે મારી નજદીક છો. હું તમારાં આખરી દર્શન માટે આવ્યો હતો. એ પછી હું દરિયાપારના દેશોમાં પ્રવાસે ઉપડી જનાર હતો. તમે મને 'જા' કહ્યું અને સાચેજ હું સદાને માટે તમારી દૃષ્ટિથી દૂર થવા ચાલ્યોજ જવાનો હતો; પણ હતવિધિનો સંકેત જુઓ! મને અહીં ઘસડી લાવીને એણે અકસ્માત કર્યો. લીલા! એ અકસ્માતમાંથી મને ઉગારનાર તમે નીવડયાં! મારૂં જીવન તમારી સાથે સંકળાયલું છે, તેનો આ પ્રત્યક્ષ પડછો છે! હું તમારો કૃતજ્ઞ બન્યો છું. તમે મને બચાવ્યો છે." અને એમ કહીને તેણે તેનો હાથ પોતાની આંખે અરકાડયો.

"જગદીશ!" લીલા ગદ્‌ગદ્ કંઠે બોલી: "તમે પાગલ છો. તમને કશી ખબર નથી કે, આપણા વચ્ચે કેવો અખાત છે? વસંતરાય સાથે મારૂં વેવિશાળ થઈ ચૂક્યું છે. મેં તેને સંમતિ આપી છે..."

જગદીશના હાથમાંથી અભિનેત્રીનો હાથ છૂટી ગયો. તે ડોળા ફાડીને ટગર ટગર જોઇ રહ્યો અને બોલ્યો: "આવો દ્રોહ! પ્રેમને ચાકે ચઢાવીને આખરે આવો પછાડયો! નફ્ફટ! ક્રૂર!..."

અને એ બેહોશ થઈ ગયો. લીલા બીજાઓને તેના સંબંધી જાણ કરવા માટે દોડી ગઈ.

પ્રકરણ ૩૨

વૈદરાજના આશ્રમમાં

"વનમાલા! વનમાલા! હું તને ચાહું છું. હું તારા પ્રેમનો પૂજારી છું. મારા પ્રેમની કિંમત તું આંકી શકે તેમ નથી. તારે ખાતર હું પહાડજંગલ ભેદવા અને નદીનાળાં તરવા તૈયાર છું. મારું તપ તું જો. મને ના તરછોડ. વનમાલા! વિશ્વના ઇતિહાસના અજોડ પ્રેમીઓમાંનો હું એક છું..."

વૈદરાજના આશ્રમમાં એક ઝૂંપડીમાં પડયો પડયો જગદીશ આ લવારો કરતો હતો. એની પાસે અખિલ અને તેનો એક નોકર ઉભેલા હતા અને વૈદરાજ તેની ચિકિત્સા જોતા બેઠા હતા.

પવન-ટેકરી પર જગદીશ અકસ્માતથી પડી ગયો અને લીલાની તાત્કાલિક સારવારથી શુદ્ધિમાં આવ્યા પછી અને તેની સાથેની વાતચીત પછી પુનઃ બેહોશ થઈ ગયા બાદ તેની આ સન્નિપાત-પરિસ્થિતિ થઇ ગઇ હતી. લીલાએ વસંત અખિલ આદિને બૂમો મારીને બોલાવ્યાથી તેઓએ જગદીશ પાસે આવી પહોંચીને નોકરોની મદદથી તેને ટેકરી પરથી ઉતાર્યો હતો અને મોટરમાં નાંખીને તેઓ તેને અહીં લાવ્યા હતા. એની ચિકિત્સા કરીને વૈદરાજે કહ્યું હતું કે, મગજના આઘાતથી તે ચિત્તભ્રમ થઇ ગયો છે. એ સિવાય એને શારીરિક ઈજા બહુ થઈ નથી. ફક્ત તહીં થોડાક ઘસરકા પડેલા છેઃ એક પગ લગીર કરમોડાઈ ગયેલો છે; અને એક હાથ ઉતરી ગયો છે.

વૈદરાજે એને જેમ બને તેમ જલ્દીથી સાજો કરવા હિંમત આપી હતી. અખિલે મિત્ર-ઋણ બરાબર પાર ઉતાર્યું હતું.

દરદીની ઝૂંપડીમાં તે વસવા આવ્યો હતો. આજ આઠ આઠ દિવસ થયાં તે પોતાના નોકર સહિત રાતના અખંડ ઉજાગરા કરીને દરદીની સારવારમાં ખડે પગે હાજર રહ્યો હતો. ખોરાકમાં દરદીને કાંઈજ અપાતું ન હતું. ચહા પણ નહીં કે દૂધ પણ નહીં. તુલસીનાં પાંદડાંને ઉકાળીને તેનું પાણી અવારનવાર તેને આપવામાં આવતું. ઉપરાંત વૈદરાજની દવા હતી.

શરૂઆતમાં થોડાક દિવસ વસંત તેને જોવા આવતો પણ હવે તેણે આવવું મૂકી દીધું હતું; કારણ કે, તે લગ્નની તૈયારીની ધમાલમાં પડયો હતો. અનેક વસ્તુઓ લાવવા માટે તેને મુંબાઈ ખાતે જવું પડતું અને તેમાં તે રોકાયલો રહેતો. અખિલનાં માતા-પિતા અને બ્હેન, એકાદ વખત આવી ગયાં હતાં. બીજાઓ પણ આવી ગયા હતા પરંતુ નહોતી આવી એકજ વ્યક્તિઃ લીલા. જ્યારે એણે સાંભળ્યું કે, કોઇક 'વનમાલા' સંબંધી તે બહુ બોલ બોલ કરે છે ત્યારે તેની સમક્ષ ઉપસ્થિત થવાની તેનામાં હિંમત રહી નહીં. લીલાનું નામ તેણે કદાપિ ઉચ્ચાર્યું નહતું એમ પણ તેના જાણવામાં આવ્યું.

સુરેશને કાને જ્યારે જગદીશના અકસ્માતની વાત આવી ત્યારે તે બહુ દિલગીર થયો. તેણે મુંબાઈથી ફળોના કંડીઆઓ મંગાવીને જગદીશ માટે મોકલી આપ્યા. પરંતુ એને માટે એ નકામા હતા. અખિલે તે ફળો આશ્રમમાંના બીજા દરદીઓમાં વહેંચી દીધા. સુરેશ જગદીશને જાતે જોવા ઇચ્છતો હતો પરંતુ 'હિસ્ટિરિયા'ના છેલ્લા હુમલા પછી તેનામાં શારીરિક શિથિલતા આવી ગઈ હતી. કંદર્પકુમારનાં માતાપિતાને આશ્રમમાં બહુ વખત રહ્યાથી મુંબઈ જવા ઇચ્છા થઈ હતી તેથી, જગદીશના અકસ્માત પછી, તત્કાળ તે તેઓની સાથે ગયો હતો. પરંતુ થોડાક દિવસ બાદ તે તેને જોવા માટે આવ્યો ત્યારે તેને જગદીશની સ્થિતિમાં કાંઈ ફેર માલુમ પડયો નહીં. જગદીશે કંદર્પને

ઓળખ્યોજ નહીં. પરિચય પૂછતાં તે ભળતાજ લવારા કરવા લાગ્યો અને બાહુકની માફક તે આમ તેમ જોઇ રહેવા લાગ્યો.

"હું કંદર્પ. મને ઓળખ્યો ?" કંદર્પે કંઇવાર તેને એનો એ સવાલ કર્યો.

"કામદેવ ?" જગદીશ બોલ્યો: "તને કેમ ના ઓળખું ? તારાં કાતિલ બાણથી ઘવાઇને તો હું આ સ્થિતિમાં આવી પડયો છું ! તેં વનમાલાને ક્યાં છુપાવી છે ? શા માટે તેને મારી સમક્ષ આવવા દેતો નથી ! પણ...હું ભૂલ્યો...દુનિયામાં પ્રેમીઓને બાળવાનું જ તારે માટે સર્જાયું છે ને ? તું પોતે શિવજીના પ્રકોપથી બળી ગયો છે. તું અનંગ છે એટલે બીજાનાં શરીરમાં પેસીને તેમને બાળી રહે તેમાં કંઈ નવાઈ નથી ! જો એક વાર મને તારી તસ્વીર મળશે, તો તે તોડીફોડી નાંખીશ..."

તે આવા કંઈ ને કંઈ અસંબદ્ધ લવારા કરતો: કોઈવાર હસતો; કોઇવાર રડતો અને કોઈવાર જડની પેઠે બેસી રહેતો. કંદર્પના દેખતાં એકદિન વૈદરાજ જગદીશની ચિકિત્સા માટે આવ્યા. એમણે તેની ચિકિત્સા કરીને કહ્યું: "એને પ્રસન્ન રાખો. જે જે વસ્તુઓનો એને શૉખ હોય તે તેની આગળ લાવો. વાદ્ય, સંગીત, ચિત્રકામ, કે તેના પ્રિય વિષયના પુસ્તકોનાં વાચન: જે કાંઇ બાબતથી તેનું ચિત્ત બીજી દિશામાં દોરાય અને તે ખુશ રહે તેમ કરો."

કંદર્પ મુંબાઈ ગયો અને ત્યાંથી ફોનોગ્રાફ અને રેકર્ડો લઈ આવ્યો. તે દિલરૂબા સરસ વગાડી જાણતો હતો. તે પણ લઇ આવ્યો. જગદિશને પ્રસન્ન કરવા એણે ફોનોગ્રાફમાં નદ્દન નવાં સંગીતની રેકર્ડો મૂકી; પણ તેનું બાહુકપણું દૂર થયું નહીં. તેણે દિલરૂબા વગાડી, એ વ્યર્થ નીવડી. સંગીતથી જગદીશને ખુશ રાખવાના અખ્તરા નિષ્ફલ ગયા. તેનાં પ્રિય સંસ્કૃત નાટકોમાંનાં કાવ્યો

આ બે કૉલેજીઅનોએ લલકાર્યાં; કેટલાંક નાટકોના સંવાદો બોલી બતાવ્યા; પણ જગદીશનું મૂઢત્વ ના ચળ્યું.

અખિલને એક નવો વિચાર સુઝયો અને તેથી એક દિન તે અમૃતનગર ગયો. સુરેશભુવનમાં તે લીલા પાસે ગયો ત્યારે તે પોતાનાં લગ્નનાં વસ્ત્રો તૈયાર કરાવવાની ધમાલમાં રોકાયેલી હતી.

"બે મિનિટ મારી સાથે વાત કરી શકશો ? આપની પાસે હું એક વસ્તુ માગવા આવ્યો છું." તેણે કહ્યું.

"ખચિતજ." તે બોલી; અને તેની સાથે પોતાના ખંડમાં તે ગઇ. એ ખંડમાં એક ખૂણામાં લાકડાની ઘોડી ઉપર લીલાની જગદીશે દોરેલી તસ્વીર લાલ વસ્ત્રથી ઢાંકેલી હાલતમાં રાખેલી હતી. તેના તરફ આંગળી ચીંધીને અખિલ બોલ્યો: "આ ચિત્ર મારા મિત્રે મંગાવ્યું છે."

"પણ એ તો પૂરૂં થઇ ગયું છે."

"મારો મિત્ર કહે છે કે તે ચિત્ર અધૂરૂં છે. ચિત્રકારોની દૃષ્ટિમાં અને આપણી દૃષ્ટિમાં તફાવત જ હોય ને ? એને તેમાં કાંઇક રંગ પૂરવાની જરૂરીઆત લાગી છે. એ બહાને એનો વખત જશે. અત્યારે તો એની ઝંખના જ એ છે કે—ચિત્રમાં રંગ પૂરવા છે. પરવાનગી આપો તો લઇ જાઉં."

લીલાએ થોડોક વખત વિચાર કર્યા બાદ તે લઇ જવા પરવાનગી આપી અને રંગને લગતા સરસામાનની જગદીશની પેટી તેના ખંડમાં પડેલી હતી તે પણ તેણે નોકરડી મારફત મંગાવી આપી.

અખિલ એ તસ્વીર સંભાળપૂર્વક ગાડીમાં મૂકીને જગદીશની મઢૂલીમાં લાવ્યો, અને જગદીશના બિછાનાની સામે તે ઢાંકેલી હાલતમાં ઘોડી પર મૂકી. જગદીશ તે ઘોડી તરફ ટગર ટગર જોઇ રહ્યો. અખિલે કહ્યું: "જગદીશ, આ શું છે તે તું જાણે છે ?"

" લાલ પડદો છે."

" તેં બરાબર કહ્યું, મિત્ર! લાલ પડદાની નીચે તને પસંદ પડે એવી ચીજ છે. તેંજ તે મંગાવી હતી અને તેથી હું લાવ્યો છું."

" મૂર્ખ! મારે તો જોઈએ છે, વનમાલા. તું તેને લાવી શકયો છે? બીજી કોઈ ચીજ મેં મંગાવી નથી."

" તારી યાદદાસ્તી કસી જો, મિત્ર! સુરેશભુવનમાં તું ઉત્સાહથી જે તસ્વીર દોરતો હતો તે એ છે. લીલા જાગીરદારની એ તસ્વીર......"

જગદીશે પોતાના બિછાનામાંથી ઉશીકું લઈને અખિલ તરફ ફેંકયુંઃ " ચૂપ! વનમાલા સિવાય બીજાં કોઈ નામ મારી આગળ દેતો નહીં. કોઈની તસ્વીર મેં મંગાવી નથી. લઈ જા, હટાવ, મારી આગળથી એને..."

રખેને એ ચિત્ર પર કોઈ ચીજ ફેંકીને તેનો સર્વનાશ કરે એ બીકે અખિલે ઘોડી ત્યાંથી લઈ જઇને બીજા ખંડમાં મૂકી. પણ આ પ્રસંગથી અખિલને એક જાતનો આનંદ થયો. જગદીશની પ્રકૃતિમાં આ નોંધવાજોગ ફેરફાર હતો. અત્યાર સુધી તે જડવત્ રહેતો અને નકામા લવારા કરતો. હવે તેને અમુક પસંદગી–નાપસંદગીનું ભાન આવ્યું છે. તે ચિડાય છે. તે કોઈને કોઇ ચીજો ફેંકવા જેવો ઉશ્કેરાટ બતાવે છે. આ ચિહ્નોને કાંઈક વધુ વેગ મળે તો કેમ? એ વિચારથી તે વૈદરાજની સલાહ લેવા તેમની પાસે ગયો. એ વખતે એક બાળાની નાડી વૈદરાજ તપાસતા હતા અને હરિમતિ મા તેની પાસે બેઠેલાં હતાં.

અખિલ એ બાળાનો ચહેરો જોઈને ચોંકયો. કંદર્પે જે ચહેરો લીલા જાગીરદારને મળતો હોવાનું કહ્યું હતું તે જ એ ચહેરો હતો! જે મૂઢ જડવત્ મડદા જેવી છોકરીને વૈદરાજે સજીવન કર્યાનું કંદર્પે કહ્યું હતું તેજ છોકરીનો એ ચહેરો હતો!

વૈદરાજ તેની ચિકિત્સા કરતા રહ્યા ત્યાં સુધી અખિલ બેઠો અને એ બાળાનો ચહેરો જ જોઈ રહ્યો.

“હવે તને ઘણું જ સારું થઈ ગયું, ભાગીરથી બહેન, ખરુંને ?” વૈદરાજે તે બાળાને તપાસી રહ્યા પછી પૂછ્યું.

“હા. હવે મને ઠીક લાગે છે.” તે બોલી.

“તો પેલી સંસ્કૃત સ્તુતિ ગા, બહેન !”

“બહુ દિવસ થયા મેં તે ગાઈ નથી એટલે ભૂલ પડશે તો ?”

“મારા શિષ્યો પણ તારી સાથે ગાવા લાગશે.”

વૈદરાજે એમ કહીને આશ્રમમાંના શિષ્યોને બોલાવ્યા અને તેઓ હારબંધ બેસી ગયા એટલે ભાગીરથીને સ્તુતિનો પ્રારંભ કરવા તેમણે કહ્યું.

અખિલે જોયું કે, કંદર્પે જેને સાવ અવાચક થઈ ગયેલી બાળા તરીકે વર્ણવી હતી તે પલાંઠી વાળીને બેઠી. તેણે હાથ જોડ્યા. અને નિર્દોષ ગંભીર ભાવે મંજુલ સ્વરે તે ગાવા લાગી:

विश्वसृष्टि विघायिनं पुनरेव पालनतत्परम् ।
संहरन्तमपि प्रपंचमशेषलोकनिवासिनम् ॥

કેદાર રાગની એ સ્તુતિના શબ્દો પ્રથક્ પ્રથક્ પણ રાગના સાદા ઢાળમાં આલાપ રહિત તે લલકારતી હતી. પ્રત્યેક ચરણ તે બોલી રહે એટલે શિષ્યો અને વૈદરાજ પોતે પણ તે ઝીલતા હતા.

સાયંકાલનો શાંત સમય હતો. ગામડાગામની આછેરી વસતિમાં એ સમયે ચોમેર નિવરતા છવાઈ હતી. મંદ મંદ પવન સવી રહ્યો હતો. સંગીતના સૂરો, એ પવન દ્વારા દૂર દૂર પ્રસરવા લાગ્યા. એકવાર એ કન્યા એક ચરણ ગાતી. સમૂહગીત તરીકે બીજાઓ તે ચરણ ઝીલીને બીજીવાર ગાતા; અને એમ બબ્બેવાર એકનું એક ચરણ લલકારાતું હતું. ત્યાં બેઠેલાં તમામ જણ ભક્તિભાવમાં એવાં

તલ્લીન હતાં કે, એ ગીતના શબ્દો અને સૂર સિવાય બીજું કાંઈ સંભળાતું નહતું.

क्रीडयंतमहर्निशम् गणनाथयूथसमन्वितम् ।

भेषजं भयरोगिणामखिलापदामपहारिणम् ॥

આટલે સુધી એ ગીત આવ્યું અને છેલ્લું ચરણ જ્યારે તે બાળા બોલી રહી ત્યારે શિષ્યગણ બીજી વાર તે લલકારતો હતો તે દરમ્યાન અચાનક જ દિલરૂબાના સૂર તેની સાથે ભળતા હોય એમ અખિલને લાગ્યું. કોઇક નજદીકની એકાદ ઝૂંપડીમાંથી ગીતના સૂર મુજબ દિલરૂબાના તાર છેડી રહ્યું હતું.

પાંચમું ચરણ એ બાલા લલકારવા લાગી :

दक्षयज्ञविनाशिनं त्रिगुणात्मकम् त्रिविलोचनम्

દિલરૂબાના તાર એવા તો એ વખતે આ બાલાના કંઠના સ્વર સહિત ભળી ગયા કે, કોઈ કાબેલ બજવૈયો એ વાદ્ય બજાવે છે એમ અખિલને લાગ્યું.

भुक्तिमुक्तिफलप्रदं सकलाघसंघ निबर्हिणम्

એ ય વાર એ ચરણ ગવાતાં દિલરૂબાના તાર તેમાં ભળી રહ્યા

त्वामहं प्रणितोस्मि शंकर चन्द्रशेखर रक्ष माम् ।

चन्द्रशेखर चन्द्रशेखर चन्द्रशेखर पाहि माम् ॥

ગીત બંધ થયું અને તોપણ દિલરૂબાના રણકાર સંભળાતા જ રહ્યા. એ ગીતની છેલ્લી સહેલી કડી, થોડીવારે તો, દિલરૂબા સાથે કોઈકના તરફથી ગવાતી સંભળાઇ :

चन्द्रशेखर चन्द्रशेखर चन्द्रशेखर पाहि माम् ॥

"જગદીશ ગાય છે!" અખિલ મોં પર હર્ષના ભાવ લાવીને મનોગત બોલી ઉઠયો : "આખરે આ ગીતે એના પર અસર કરી!"

જ્યારે શિષ્યગણ વિદાય થયો ત્યારે વૈદરાજે હરિમતિ ને કહ્યું : "હવે ભાગીરથીને ખુશીથી તમારી મઢૂલીમાં લઈ જાઓ. એના જીવનનો ભય જતો રહ્યો છે. એ તદ્દન સાજી થઈ ગઇ છે." અને એમ કહીને વૈદરાજે અખિલ તરફ જોઈને પૂછયું : "શા સમાચાર છે, આપણા દરદીના ?"

"આશ્ચર્યજનક સમાચાર છે !" અખિલ બોલ્યો : "હમણાં આ સ્તુતિ સાથે જે દિલરૂબા વાગતી હતી અને હજીયે જેના સ્વર સંભળાય છે તે એ પોતેજ વગાડે છે ! છેલ્લી કડી એ પોતેજ ગાતો હતો ! સંગીતે એના હૃદયના તાર ઝંઝણાવી મૂકયા છે. ઉપરાંત—" અને તેણે ચિત્ર સંબંધી બનેલો પ્રસંગ વૈદરાજને કહી બતાવ્યો.

"એ કેડીએ કેડીએ હવે જાઓ. એને ઉત્તેજીત કરો. એને જાગૃત કરો. એની લાગણીઓ પર ચાહે તેવી અસર કરો. આ પછી એના ખોરાકમાં ગાયનું દૂધ અથવા મગની દાળનું નીતર્યું પાણી આપી શકાશે."

અખિલ વૈદરાજનો આભાર માનીને વિદાય થયો. જ્યારે તે જગદીશ પાસે આવ્યો ત્યારે જગદીશ દિલરૂબા વગાડતો હતો. એને જોઈને જગદીશે દિલરૂબા વેગળી મૂકીને કહ્યું : "અખિલ, હમણાં કોઇક બાળાને તેં કેદારો ગવરાવતી સાંભળી ?"

"હા. એને મેં સાંભળી એટલુંજ નહીં પણ દીઠી. અને સાથે સાથે તારૂં યે ગીતગૂંજન સાંભળ્યું."

"હું એની પાસે જવા માગું છું. ફરીથી એ ગીત એના મુખથી સાંભળવા માગું છું. મારા હૃદયમાં એનાથી બહુજ શાન્તિ વળે છે."

"અત્યારે તો તે ગઈ છે. અને જો, રાત્રિ પડવાની તૈયારી છે. આવતી કાલે પ્રાતઃકાલમાં એને હું બોલાવી લાવીશ. તેની પાસે જવાની તારે જરૂર નથી."

"ઘણું ઠીક" એમ કહીને એણે પુનઃ દિલરૂબા હાથમાં લીધો અને એ રાગના સૂર છેડયા.

નિશ્ચેતનમાં જ્યારે ચેતન આવે ત્યારે કિયો સહૃદયી મિત્ર હર્ષિત ન થાય ? અખિલને જગદીશમાં આવેલું ચેતન આવો આનંદ ઉપજાવી રહ્યું.

●

પ્રકરણ ૩૩

ભાગીરથીની કહાણી

બીજે દિવસે અખિલ ભાગીરથી અને હરમતિ પાસે ગયો ત્યારે ભાગીરથી સ્વસ્થ જણાતી હતી. અખિલે ભાગીરથીની પ્રાર્થનાની વાત કાઢી. વૈદરાજને ત્યાં ગઈ કાલે તે ગાતી હતી ત્યારે પોતે બેઠો હતો એમ કહ્યું. એ પ્રાર્થના ગાવાની ભાગીરથીની ઢબનાં વખાણ કર્યાં અને પછી હરમતિને વિનતિ કરી કે, "સુરેશભુવન-માંથી એક વ્યક્તિ અહીં વૈદરાજના આશ્રમમાં દરદી તરીકે આવી છે. એને આ પ્રાર્થના સાંભળવી છે. ગઈ કાલે તેના દરદનો ઘણો ભાગ તે સાંભળવાથી દૂર થઇ ગયો હતો."

ભાગીરથી અખિલની વાત સાંભળતી હતી. તેણે સુરેશભુવન સંબંધી ઉલ્લેખ સાંભળીને કહ્યું: "શું સુરેશભુવનમાંથી લીલાદેવી અહીં આવ્યાં છે?"

"શું લીલાદેવીને તમે ઓળખો છો?" અખિલે પૂછ્યું,

"ના. પણ મેં સાંભળ્યું છે કે, તેઓને ગરીબો પ્રત્યે પ્રેમ છે. હરમતિ મા ઘણીવાર તેમનાં વખાણ કરે છે." ભાગીરથીએ કહ્યું.

"લીલાદેવી તો અહીં નથી આવ્યાં પણ તેમનો એક મહેમાન અને મારો એક મિત્ર કે જે તેમનું ચિત્ર દોરવા સુરેશભુવનમાં આવ્યો હતો તેને પવન-ટેકરી પર અકસ્માત નડયાથી તે અહીં આવેલો છે. વૈદરાજની સારવારથી તેને ઠીક થવા લાગ્યું છે."

અત્રે હરમતિએ પૂછ્યું: "પવન ટેકરી પર સુરેશભુવનમાંથી સૌ ઉજાણીએ જવાનાં હતાં, એમ વસંત શેઠ એક વાર કહેતા હતા. શું બધાં ત્યાં જઈ આવ્યાં?"

"હા. સૌ ત્યાં જઇ આવ્યાં પણ એ ઉજાણી બગડી ગઈ. મારા મિત્રને અકસ્માત નડયો. અમારી મઝા મારી ગઈ. દશ-બાર દિવસ ઉપર એ બનાવ બની ગયો. અકસ્માત પછી મારો મિત્ર ગઈ કાલ સુધી સન્નિપાતથી પીડાતો હતો. એને ખુશ કરવા અમે ઘણા યત્ન કર્યા હતા. એમાંનો એક યત્ન એ હતો કે, લીલાદેવીની તસ્વીર કે જે તેણે પોતે શ્રમ લઈને ચીતરી હતી તે હું સુરેશભુવનમાંથી લઈ આવ્યો અને તેની સમક્ષ તે મૂકી; પણ..."

અધવચ્ચ જ ભાગીરથીએ પૂછ્યું: "લીલાદેવીની તસ્વીર શું તમે અહીં લાવ્યા છો ?"

"હા. તમે જો કૃપા કરીને મારા મિત્રની ઝૂંપડીમાં આવશો તો એ તસ્વીર હું તમને બતાવીશ. પણ તમે આવો ત્યારે તમારા કંઠથી પ્રાર્થના ગાશો, એટલી વિનતિ કરૂં છું; કારણ કે, એ પ્રાર્થનાથી એનો સનેપાત દૂર થયો છે. ગઈ કાલે જે દિલરૂબા વાગતી હતી એ તેજ વગાડતો હતો. બાર દિવસે એના દરદમાં એ પ્રાર્થનાએ ફેરફાર કર્યો."

હરિમતિ સામે ભાગીરથી જોઈ રહી. હરિમતિએ કહ્યું: "જો એ દરદીને મારી ભાગુ બહેનની પ્રાર્થના સાંભળીને આરામ થતો હશે તો એ જરૂર આવશે. દરદીનાં દરદ મટાડવાં એ તો દરેક જણની ફરજ છે."

"સિવાય, એમનાથી લીલાદેવીની તસ્વીર જોઈ શકાશે." અખિલ બોલ્યો.

"બહેન, તું જા, તને તો તેથી એવડો લાભ થશે."

હરિમતિએ કહ્યું અને ભાગીરથીની પોતાની યે ઈચ્છા હતી એટલે ભાગીરથીએ હા પાડી. અને તે અખિલની સાથે જગદીશની ઝૂંપડીમાં ગઈ. એ ઝૂંપડી બહુ દૂર નહતી.

તેઓ ઝૂંપડીમાં પેઠાં ત્યારે પ્રથમ ખંડના ખુલ્લા બારણામાંથી

જોઈ શકાતું હતું કે, જગદીશ ઉંઘતો હતો, અખિલે ભાગીરથીને તેનું ગીત લલકારવા કહ્યું કે જેથી જગદીશ જાગે તો આનંદિત થાય. તેણે તેનું કહેવું માન્યું. જમીન પર બેસીને તેણે પલાંઠી વાળી. હાથ જોડીને તેણે આંખો મીંચી અને ગીતની શરૂઆત કરી. બે ટૂંક તે બોલી હશે એવામાં જગદીશ જાગી ઉઠયો. બિછાનામાં બેઠો થઈને ગાનાર તરફ તે ટગર ટગર નિહાળી જ રહ્યો. તેણે પાંચ–સાતવાર આંખો ચોળી જોઈ. પોતે ભ્રમણામાં તો અથડાતો નથી, એવી તેણે ખાત્રી કરી જોઈ, અને તે હસ્યો. એના હૃદયમાં એક અનેરો પ્રકાશ પડયો હતો. સામેનો ચહેરો જાણે એક આયનો હોય એમ એને લાગ્યું. અમુક તર્ક, અમુક અનુમાન અને અમુક પ્રેરણાઓ એ ચહેરાએ એના દિલમાં જાગૃત કર્યાં. એના મગજ ઉપરથી જાણે એક મોટો બોજો ઉતરી ગયો હોય એમ એને લાગ્યું.

ગીત પૂરૂં થતાં સુધી તે શાંતિથી બેસી રહ્યો અને પછી ધીમેથી બહાર આવીને તેણે તેને કહ્યું: “બહેન, હું તમારો બહુ જ ઋણી થયો છું. મને કોઈ બહેન નથી. આજથી તમે મારાં ધર્મનાં બહેન છો. તમારી સર્વ વિપદ્ ટાળવા હું સદાયે તૈયાર રહીશ. કહો, હું તમારી શી સેવા કરૂં?”

“તમે લીલાદેવીનું એક ચિત્ર દોર્યું છે, એમ આ બાઇ કહેતા હતા. મને એ ના બતાવો?”

“જરૂર, પણ એક જ શરતે. તમે એ ચિત્ર જુઓ અને તમારા મનમાં જે કાંઈ વિચારો ઉઠે તે અકળાયા વિના કહી દેવા. હું એનો ઈલાજ કરીશ. તમારી સર્વ વિપદ્ હું ટાળીશ.”

“એમ કેમ કહો છો? ચિત્ર જોઈને હું કદી ગભરાતી નથી. તેમાંયે લીલાદેવી તો ગરીબોનાં બેલી કહેવાય છે. એમનું ચિત્ર જોઈને હું કદી ના ગભરાઉં.”

“વારૂ; તો જરાક વાર થોભો.” એમ કહીને જગદીશે

અખિલના કાનમાં કાંઈક કહ્યું, જે સાંભળીને અખિલ ચોંક્યો અને થોડીવારે જગદીશે પોતાનો હાથ ચત્તો કરીને તેના તરફ ધર્યો ત્યારે તેમાં તેણે પોતાનો હાથ ઉંધો મૂકીને તેને એક કોલ આપ્યો.

સસ્મિત જગદીશે લાકડાની ઘોડી પાસે જઈને લાલ પડદો ધીમે ધીમે હટાવ્યો. એમાંનું ચિત્ર ખુલ્લું થતાં ભાગીરથી ચોંકી ઉઠી. જાણે તેની આંખે તમ્મર આવતાં હોય એવી તેની સ્થિતિ થઇ ગઈ. અખિલ તુર્તજ તેની પાસે બેસી ગયો અને બોલ્યોઃ

"ના, ગભરાશો, બહેન. કોઈ જાતની ચિન્તા કરવા જેવું નથી. શ્રી ચન્દ્રશેખર ભગવાન તમારી સહાયે છે. તે તમારું રક્ષણ જ કરે છે અને તમને પવિત્ર રાખે છે, એ ના ભૂલશો."

"હા. તમે ખરું કહો છો." તે સ્વસ્થ બનતાં બોલીઃ "ભગવાન મારો રક્ષક છે."

જગદીશે અત્રે કહ્યુંઃ "બહેન, એ તસ્વીર જોઈને તમને વનમાલા યાદ આવી ને ?"

"તમે વનમાલા બહેનને ઓળખો છો ? એમણે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો હતો. જ્યારે ઢાકા આગળ રેલ્વે અકસ્માતમાં મારું કોઈ સાથી ન હતું, જ્યારે હું મરવા પડી હતી, જ્યારે હું નિરાધાર હતી, ત્યારે મારી સારવાર એમણે કરી હતી. આ તસ્વીર શું વનમાલા બહેનની નથી ?" તે અખિલ તરફ જોઈને બોલીઃ "સાચું કહેજો, આ વનમાલા બહેન છે કે નહીં ? તમે તો એને લીલાદેવીની તસ્વીર કહી છે ! પણ એ લીલાદેવી ના હોઈ શકે. તમારી ભૂલ થતી હશે." અને જગદીશ તરફ વળીને તેણે પૂછ્યુંઃ "શું તમે આ તસ્વીર વનમાલા બહેનની નથી દોરી ?"

"મારા એક જ સવાલનો જવાબ આપો અને હું તમારો ભ્રમ ભાંગીશ. આ સન્નારી પાસે તમારે જવું હશે તો હું તમને લઈ જઈશ."

"મને જોઇને એ જરૂર ખુશ થશે; કારણકે, મારા પ્રત્યે એમણે એક સાચી બહેનના જેવો વહાલ બતાવ્યો હતો. તમારે મને શું પૂછવું છે? પૂછો."

"તમારૂં સાચું નામ શું છે? તમારૂં સાચું નામ ભાગીરથી નથી. તમે એ ધારણ કરેલું નામ હોય એમ મને લાગે છે. બહેન, તમને દુઃખ ઉપજાવવા હું આ પૂછતો નથી. તમારૂં દુઃખ ટાળવા હું આ સવાલ પૂછું છું. અને એ પૂછતાં મારા હૃદયમાં સ્ત્રીજાતિ પ્રત્યે ઘણું માન ઉપજે છે; સ્ત્રીજાતિની સહનશક્તિ માટે અંતરથી વંદન કરી જવાય છે. સ્ત્રીજાતિને ઈશ્વર પર દૃઢ વિશ્વાસ હોય છે. સ્ત્રીજાતિ ઠગાય છે—છેતરાય છે—તોપણ ઇશ્વરપરની શ્રદ્ધા લગીરે ડગાવતી નથી. અમે પુરુષો ઇશ્વરમાં અવિશ્વાસી બની જઈ શકીએ છીએ. મારો જ દાખલો આપું. હું ઠગાઇનો ભોગ થઈ પડયો છું. પ્રેમના દ્રોહનો ભોગ થઇ પડયો છું. વિશ્વાસે રહેવામાં હું પારાવાર ઠગાયો છું અને તેથી ઈશ્વર પરથી મારી શ્રદ્ધા ઉઠી ગઈ હતી પણ આજ તમને જોયાં અને મને વિશ્વાસ બેઠો છે કે—ઈશ્વરની કરુણા અપાર છે. ઈશ્વર સર્વ પ્રાણીમાત્ર પર અપરિમિત કૃપા રાખે છે—સમાન પ્રેમ રાખે છે."

"હા ઈશ્વર કૃપાળુ છે. વૈદકાકા હંમેશાં મને એમ કહેતા આવ્યા છે. હરિમતિ મા પણ એમ જ કહે છે. તમે પણ તેમ કહો છો."

"અને તમારૂં સાચું નામ મને કહીને ઇશ્વરની કૃપાનો પ્રભાવ તમે જરૂર જોઈ શકશો."

ભાગીરથીએ મૌન ધારણ કર્યું. તેના મનમાં ગડભાંગ ઉઠી રહી. પોતાનું સાચું નામ આમને કહેવું કે નહીં, એ વિષે તે વિચાર કરી રહી. અચાનક તેણે સામો સવાલ કર્યો: "પણ તમે એ તો કહો કે, આ તસ્વીર તમે વનમાલાની દોરી છે કે નહીં?"

જગદીશે અખિલ તરફ જોયું. અખિલે આંખની ઈશારત કરી અને જગદીશે 'હા' પાડી. એ સાંભળીને થોડીવાર બાદ ભાગીરથી બોલી: "જો એ વનમાલા છે તો હું ભાગીરથી નથી; પણ લી..."

"તમે લીલા જાગીરદાર છો." જગદીશ બોલ્યો.

"તમારાં માતુશ્રીનું નામ વાસંતીદેવી હતું." અખિલે કહ્યું: "તમે અસાધારણ દુઃખમાં દિવસો વિતાડયા હતા. તમે શાંતિથી તમારો પૂર્વવૃત્તાંત કહેશો? લગીરે મુંઝાશો નહીં. તમારી વિપત્તિ હવે દૂર થશે. તમને સુરેશરાય જાગીરદારની મર્હુમ ધર્મપત્ની વાસંતીદેવીની દીકરી તરીકે..."

ભાગીરથી એકદમ રોઈ પડી. પોતાની સાડીના છેડાથી તેણે પોતાનું મોં છુપાવ્યું. અને એના મગજપર ગમગીનીનો છવાએલો બોજો દૂર કરવાનો ઇલાજ જગદીશ પાસે હવે મોજુદ હતો. અંદરના ખંડમાં દોડી જઇને તેણે દિલરૂબા ઉઠાવી. તેણે તેના તાર ઝંઝણાવ્યા. એ કેદારના સૂર છોડયા. એને માત્ર એક જ લીટી આવડતી હતી; કારણકે તે સહેલી હતી. એણે એ જ લીટી લલકાર્યે રાખી:

चन्द्रशेखर चन्द्रशेखर चन्द्रशेखर पाहि माम्

એ લીટીના છેલ્લા શબ્દોમાં पाहि माम् ને બદલે रक्ष माम् પણ તે કોઈ કોઈવાર બોલતો રહ્યો.

યકીન, ઇતબાર, શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ એ બધાં શબ્દજાળ છે; પણ એનો અર્થ એક જ છે અને એ અર્થ મનની દઢતા છે મનની દઢતાને યોગે જે રઢ લાગે તે રઢને ચાહે તે નામ આપી શકાય છે.

એ બાળાને ઇશ્વરની રઢ લાગી હતી. જગદીશનું ગાનગૂંજન થતું હતું તે સાથે તે પણ ગૂંજન કરવા લાગી અને પછી સાડીને

છેડો મોં પરથી દૂર કરીને તે બોલી: " તમે ખરૂં કહો છો. મારૂં ખરૂં નામ મેં માત્ર બે જ જણને કહ્યું છે. એકવાર વનમાલાને અને બીજીવાર વૈદકાકાને. આજ તમે ચન્દ્રશેખર ભગવાનના નામે વાત કરી છે, તો ત્રીજીવાર તે કહું છું."

" અને વિશ્વાસ રાખજો. આ ત્રીજીવાર તમે તે દીધું છે તો હવે તમારાં કષ્ટ દૂર થશે. શાંતિથી કહેજો. વનમાલા સાથેના તમારા મેળાપની વખતે તમારે તેની સાથે શી શી વાત થયેલી ?" જગદીશે પૂછ્યું.

" મેં મારી અનાથ માતાની કલંકકથા વનમાલા બહેનને કહી હતી. અમે–મેં અને મારી બાએ અપાર દુઃખ વેઠ્યાં હતાં, એ વાત કહી હતી. મારી માતાએ મારા જન્મથી માંડીને મને ઉછેરતાં પોતાને જે દુઃખ પડેલાં તે બધાં મને કહ્યાં હતાં. મેં એની નોંધ રાખી હતી. એક નોંધપોથીમાં મેં એ બધી નોંધ કરી લીધી હતી. મારી માતાના મૃત્યુ પછી એ નોંધપોથીને આધારે મારાં સગાંને શોધવા હું ઢાકાથી અમૃતનગર આવતી હતી. ઢાકાથી હું જે રેલ્વે ગાડીમાં બેઠી તે ગાડીને અધવચ્ચ અકસ્માત નડયો. ગાડી ભાંગી ગઇ. ત્યારે વનમાલા મારી સાથે હતી. વનમાલાએ મારો હાથ ઝાલીને મને એ વખતે ખેંચી હતી. અમે કૂદી પડયાં હતાં. મને ઘણું વાગ્યું હતું. પણ વનમાલા બહેને મને બહાદુરીથી બચાવી લીધી હતી. એક એકાંત જગ્યાએ લઇ જઇને મારી ઘણી સરસ સારવાર કરી હતી. મને બરાબર યાદ છે કે, તે વખતે બહુ જ વહાલથી તે મારી સારવાર કરતાં હતાં. મને જીવતદાન આપનાર એ બહેનની હું બહુ ઋણી થઈ હતી. મને તો તે વખતે એમ લાગ્યું હતું કે, હું મરી જઇશ. અને તેથી મારી યાદગીરી તરીકે મેં મારી નોંધપોથી એમને આપી હતી. પછી તો, મને કશું ભાન રહ્યું નહતું. જ્યારે મને ભાન આવ્યું ત્યારે ખબર પડી કે, પંદર દિવસે હું બરાબર શુદ્ધિમાં આવી હતી, અને

વૈદકાકાએ તે દરમ્યાન મને રેલ્વે અકસ્માતવાળા સ્થળેથી પોતાની સાથે રાખીને મારી માવજત કરી હતી. હું શુદ્ધિમાં આવી તે પછી મારી હકીકત મેં એમને કહી. મારા પિતા સુરેશરાય જાગીરદાર હતા, એમ કહ્યું. મારી માતાનું નામ મેં એમને દીધું અને એમણે મને ખબર આપી કે, "બેટા, તારૂં કહેવું કોઇ નહીં માને, કારણ કે, સુરેશરાયની દીકરી લીલા તેમને મળી ગઇ છે અને હવે તો, તે તેમની સાથે સુરેશભુવનમાં રહેવા લાગી છે. એમણે મને મારૂં નામ 'ભાગીરથી' રાખવા કહ્યું: અને કોઈની આગળ મારી વાત લગીરે પણ કહેવી નહીં, એવી સલાહ આપી. તે વખતથી હું તે સલાહ પ્રમાણે ચાલું છું પણ ઘણી વાર મને મારી માતા યાદ આવે છે; એનાં દુઃખ યાદ આવે છે. અને......"

"હવે કંઈ જ કહેવાની જરૂર નથી, બહેન." જગદીશ બોલ્યો: "તમે વનમાલાને એક નોંધપોથી આપી હતી એ વાત તો ખરી છે ને?"

"હા. એમણે તો કદાચ તે ફાડીને ફેંકી દીધી હશે."

જગદીશ હસ્યો. એણે અખિલ સામે જોયું. અખિલ પણ હસ્યો. "એ નોંધપોથી કેવડી હતી? એના ઉપર પૂઠું હતું કે?"

"મારા હાથની અર્ધી વેંત જેવડા કદની એ નોંધપોથી હતી. એના પર લીલા રંગનું પૂઠું હતું. એનાં પાનાં જૂનાં હતાં. નોંધપોથીનો દેખાવ સારા માણસોને તો લગીરે ગમે નહીં એવો હતો. પૈસાદાર માણસોના હાથમાં તે લગીરે શોભે નહીં એવી હતી."

"બસ. તમે આટલું કહ્યું તે પૂરતું છે. આવો, બહેન, એક વાર આપણે ભગવાનની પ્રાર્થના કરી લઇએ અને પછી અખિલ તમને હરિમતિ મા પાસે મૂકી આવશે, અને હું તમને વચન આપું છું કે, થોડાક જ દિવસોમાં તમારી સર્વ મનોયાતના દૂર થઇ જશે. પણ વૈદકાકાએ તમને સલાહ આપી હતી તે જ

હું આપું છું. કોઇને મારી રજા સિવાય તમારી ખરી વાત કહેશો નહીં. તમે ઘરબહાર ઝાઝું નીકળશો નહીં. કોઈની નજરે પડશો નહીં. કહો, એમ કરી શકશો ? ”

જગદીશના પ્રશ્નનો જવાબ તેણે માથું હલાવીને ‘હ’કારમાં આપ્યો.

જ્યારે એ ગીત ગાઇને અખિલ સહિત તે વિદાય થઈ ત્યારે જગદીશ મનોગત બોલ્યો; “ અભિમાનીની વનમાલા ! તેં પચાવી પાડેલી સાહેબી ઉપરથી તું ગબડી પડે નહીં એટલા વાસ્તે તેં મારી સાથે દ્રોહ કર્યો ? લીલાની નોંધપોથીની વિગતો જાણી લઈને તેના હક્કના સિંહાસને તું ચઢી બેઠી; પણ મને વિશ્વાસમાં લેતાં તું ડરી ગઈ! તને ખ્યાલ છે કે, જગદીશચન્દ્ર પંડિત બી. એ. ઓનર્સ કોઇનાં પોલ ખોલતો નથી પણ ઢાંકે છે ? વિદાય વેળા મેં તને કહ્યું હતું કે, ભવિષ્યમાં તને મારી જરૂર પડયા વિના રહેશે નહીં. મારી એ ચેતવણી ખરી પડી છે. તને મદદની સખ્ત જરૂર છે—નહીં તો, તું બેઆબરૂ થાય એવી જે પરિસ્થિતિમાં તું મૂકાઈ ગઇ છે તેમાંથી એકલે હાથે બહાર નીકળવું સહેલું નથી. પણ મેં કહ્યું હતું તેમ, હું તારી આ આપદ્ વખતે તારી વહારે ધાઈશ. તારી બેપરવાઈ, તારી મગરૂરી, કે તારી ખુમારી હું ખ્યાલમાં લેતો નથી. ”

પ્રકરણ ૩૪

●

હૃદયનો ડંખ

●

પવન ટેકરીની ઉજાણી વેરવિખેર થઈ ગઈ, એ પછી અભિનેત્રીના હૃદયના ઉંડાણમાં કંઈ ન સમજાય એવી ચિંતા ઉપજ્યા કરતી હતી. ઘેર આવ્યા પછી લગ્ન અંગે વસ્ત્રાભૂષણો કરાવવાની ધમાલમાં તે રોકાયેલી રહેતી હતી, ત્યારે તેને એ વિષે ખાસ ખ્યાલ આવતો નહીં પરંતુ એકાંત મળતાં તે ખૂબ ચિંતાઓના ભારથી દબાઈ જતી; વિચારોના તરંગ તેને ઘેરી વળતા; અને મોટે ભાગે બે ચહેરાઓ તેની સામે ઉપસ્થિત થતા. બન્ને ચહેરાઓ દુઃખ અને યાતનાથી ઘેરાયલા દેખાતા. એમાંનો એક ચહેરો હતો જગદીશનો. પવન–ટેકરી પર માટીના ગચીઆ નીચેથી અભિનેત્રીએ તેને બચાવ્યો અને તેનો ચહેરો સાફ કરીને પાણી વડે તેની સારવાર કરી તે પછીના તેના ચહેરામાંના ભાવ તે વિસરી શકતી નહતી; તેના બોલ તે ભૂલી જઈ શકતી ન હતી—ખાસ કરીને જ્યારે એને અભિનેત્રીના વસંત સાથેના વેવિશાળની જાણ થઈ ત્યારે જે ક્રોધ તેના ચહેરા ઉપર દેખાયો હતો, તેની યાદ તે હજીયે ભૂલી શકતી નહતી. એ વખતના એના શબ્દોમાંથી ' નફ્ફટ ! ક્રૂર ! ' એ શબ્દો અભિનેત્રીને ખૂબ સાલતા હતા. એકાંતમાં જ્યારે એનો ચહેરો સમીપે તરવરી રહીને એ શબ્દો કહેતો દેખાતો ત્યારે અભિનેત્રીને કમકમાં આવી જતાં; મોં છુપાવીને તે રડી પડતી. શા માટે તેને આમ થતું હતું એની સમજણ એને પડતી ન હતી.

બીજો જે ચહેરો એને રડાવતો હતો તે તેની માતા યમુનાનો હતો. એ મૃત્યુપર્યંક પરનો દુઃખી ચહેરો તે જોતી ને તેને પોતાની પ્રતિજ્ઞા યાદ આવતી. એ યાદ સાથે પોકળ પ્રકટ થઈ જવાની ભીતિ અને

ધીમે ધીમે તેના વધતા જતા સંયોગો તેને સાંભરતા. તે પોતાની વેણીમાં નાંખેલી ચાક જોતી. તેમાંનું નામ વાંચતી. તે નામ કોનું છે, એ વિચારતી અને કોણ કેવા સંયોગમાં આપી ગયો છે, એ વિષે એને ખ્યાલ આવતો ત્યારે તે ધ્રુજી ઉઠતી હતી. તેને લાગતું કે, 'મારી પ્રતિજ્ઞા નિષ્ફળ જશે' અત્યાર સુધી જો કે તેણે એક ફાટેલા ચંદરવાને થીગડાં મારીને છાંયો કરી રાખ્યો છે અને એથી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ એમ પોતાના મનને તે મનાવી શકે છે, પણ રખેને એ 'ચાર દિનની ચાંદની' નિવડે અને ચંદરવો થીગડાંમાંથી જ ફાટી જાય! અભિનેત્રીની આકુળવ્યાકુળતા જ્યારે એકાંતમાં આમ વધી જતી ત્યારે કોઈવાર મનને બીજી દિશામાં વાળવા માટે તે પુસ્તકો વાંચતી.

એક વેળા તેણે સંસ્કૃત સુભાષિતોનું એક પુસ્તક વાંચવા માટે અધવચ્ચથી ઉઘાડ્યું. અચાનક એના હૃદયને ડંખ દે એવું એક સુભાષિત તેના વાંચવા આવ્યું:

> अधर्मेणैधते तावत् ततो भद्राणि पश्यति ।
> ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति ॥

માણસ અધર્મથી સંપત્તિવાન, સુખી અને હરીફો પર વિજય મેળવનારો બને છે પરંતુ પછી તો તે સમૂળગો નાશ પામે છે—આ અર્થનું એ સુભાષિત જાણે પોતાને લાગુ પડે છે, એમ એને લાગ્યું. તે વિચારવા લાગી: "શું હું અધર્મ–આચરણ કરી રહી છું? શું મારા પિતા સુરેશરાય જાગીરદાર નથી? મારા પિતાની ગોદમાં સમાવા હું આવી છું અને મારી મેળે ન્યાય મેળવી રહી છું એ શું અધર્મ છે?" તેને બીજો વિચાર આવ્યો: "હા. એમાં અધર્મ ત્યાં રહેલો છે કે, ખરી માતાનું નામ આપ્યું નથી. મારું પોતાનું ખરું નામ આપ્યું નથી, અને બીજીને નામે હું અહીં સ્થાન જમાવી બેઠી છું! એટલું જ નહીં, પણ બીજીની

માતાને મારી માતા ગણાવવાનું કપટ આચરી રહી છું! જો પિતા એ વાત જાણે તો ?......"

અહીં જ એના હૃદયની વ્યથા વધી ગઈ. પિતા પરમ પ્રેમાળ છે. પાણીને બદલે દૂધ આપે છે. એક બોલ બહાર પડયો કે, તેને આચરી બતાવવા આકાશપાતાળ એક કરે છે. પિતાએ પૈસો આપ્યો. મિલ્કત આપી. કોને ? વાસંતીની દીકરી લીલાને !–નહીં કે, યમુનાની દીકરી વનમાલાને !...પિતા યમુનાની દીકરી વનમાલાને પોતાની દીકરી તરીકે કબૂલ કરવા તૈયાર થશે કે ? ખરી ગૂંચ આ મુદ્દામાં હતી. અને એને યોગે જ્યારે અભિનેત્રી મુંઝાઇ ત્યારે એનાથી સુભાષિતોનું પુસ્તક આગળ વાંચી શકાયું નહીં. ક્યાંથી એ અમંગલકારક સુભાષિત જ એની નજરે પહેલવહેલું પડયું ? પુસ્તક તેણે દૂર નાંખી દીધું પણ समूलस्तु विनश्यति એ ચરણ એના મનમાંથી એ દૂર નાંખી દઈ શકી નહીં. 'અધર્મ' શબ્દ અને 'ધર્મ' શબ્દ વચ્ચે એના મનમાં ઝઘડો થઇ રહ્યો. ઘડીમાં એક પક્ષ કહેવા લાગ્યોઃ "આમાં કશો જ અધર્મ નથી. પિતાની દીકરી છું એ સત્ય છે. એ સત્ય પ્રતિપાદન કરનારૂં જે આચરણ હું આચરી રહી છું એ વાજબી જ છે. સીધી રીતે પિતા કદી મને ન્યાય આપે નહીં. પૈસા આપીને મારી માતા યમુનાનું મોં બંધ કરવા આવ્યું હતું. લગ્ન બંધ રાખીને તેને દૂર મોકલી દેવામાં આવી હતી. જીવનભર તે અલગ્નિત–રહી. મૃત્યુ પણ એ દશામાં પામી. હવે, પિતા, મને–એ અલગ્નિતાની દીકરીને સ્વીકારે ખરા કે ? નહીં. કદાપિ ના સ્વીકારે. આથી મેં લીધેલો માર્ગ ઉચિત છે. એમાં હું મારી માનું વેર લઉં છું. શા માટે હક્કદારની સાથે લગ્ન કરવામાં આવ્યાં નહીં ? પિતાના દોષ......"

તે અટકી ગઈ. "ના. ના. પિતાનો દોષ શી રીતે કહાય ? પિતા–આવા સજ્જન રૂપ, સ્નેહની ખાણ રૂપ, દૈવી ગુણોવાળી દિવ્ય વ્યક્તિરૂપ, પિતાનો એમાં દોષ નથી. દોષ બીજા ખટપટી-

આઓનો છે, જેઓએ બે પ્રેમીઓમાં વિચ્છેદ કરાવ્યો; તેમનાં લગ્ન ના થવા દીધાં; અને તેઓને જુદી જુદી દિશાઓમાં હડસેલી દીધાં. એ પિતા સામે હું પ્રપંચ ખેલી રહી છું એ નક્કી અધર્મ છે. મારે ખુલ્લા દિલથી એમની આગળ પહેલે જ દિવસે, અથવા તો, એમની પ્રકૃતિનો પૂરેપૂરો પરિચય મેળવ્યા પછી એકરાર કરવો જોઈતો હતો કે ' હું લીલા નથી. વનમાલા છું. વાસંતીની દીકરી નથી. યમુનાની દીકરી છું. અને છતાં ય ' ઓ દયાત્મા પિતા ! હું તમારી દીકરી છું. તમારા જ લોહીની છું. તમે મારા જનક છો. તમારો આશ્રય ત્યજી હું બીજે કયાં જાઉં ? માટે અહીં આવી છું. ' મેં આમ કહ્યું નથી માટે આ અધર્માચરણ છે અને માટે જ અત્યારની સર્વ સાહેબી છતાં આખરે વિનાશ છે !..."

અભિનેત્રી અકળાઈ ઉઠી. તે ઝરૂખામાં જતી રહી. હૃદયની આકળવિકળતાને અંગે આમતેમ ફરવા લાગી. એને કશું જ ચેન પડયું નહીં. ઝરૂખામાં થોડીવાર ટહેલીને તે એક ખુરશીમાં બેસી પડી. ખુરશીના હાથા પર પોતાના બે હાથ વચ્ચે માથું રાખીને તે પડી રહી.

કંઈ વારે " લીલા બેટા ! કયાં ગઈ ? " એ શબ્દો સાંભળીને તે ચેતનમાં આવી. એ વખતે હવામાં પલ્ટો થઇ ગયો હતો. પવનના સખ્ત સુસવાટા આવતા હતા. ધૂળ અને કાંકરા ઉડતા હતા.

અભિનેત્રીએ જોયું કે, જાણે કુદરત કોપી રહી છે. પવનના સુસવાટા અસાધારણ હતા. જાણે એ આંધી હતી. એ આંધીમાં રસ્તા પરની ચીજો દેખાતી નહતી; ઝાડ કે મકાન દેખાતાં નહતાં ગામના લોકો કદાચ એ આંધીથી હેરાન થઇ ગયા હોવા જોઈએ; કારણ કે, મોટા શોરબકોર, ચીસાચીસ અને ગભરાટના સ્વરો સંભળાતા હતા. કદાચ ઝૂંપડાં અને મકાનો પડતાં હોવાં જોઇએ, કારણ કે, ભારે ખખડાટ અને ખળભળાટ થતાં હતાં.

લીલા ઝરૂખામાંથી ખંડમાં જવા વિચાર કરવા લાગી. ત્યાં પવનના તુફાનમાં મેઘમાલાની ગર્જનાઓ ઉમેરાઈ અને થોડીવારે તો, વરસાદ તૂટી પડયો. ચણીઓર જેવડા કરાઓ પડવા માંડયા.

ચોમાસાની ઋતુ નહતી. કકડતો શિયાળો હતો, મહા માસ હતો; મહા મહીનાનું એ માવઠું હતું. પણ સામાન્ય પ્રકારનું નહતું. જાણે કુદરત રૂઠી હોય એવું એ માવઠું હતુ.

લીલા પોતાના ખંડમાં જઇને બેઠી ત્યાં તો મકાન જાણે ધ્રુજતું હોય એમ લાગવા માંડયું. બહાર તો ગાજવીજ અને તુફાન વચ્ચે મકાનો પડી રહ્યાં હતાં અને તે અંગે ગભરાટભર્યો કોલાહલ મચી જ રહ્યો હતો. શું સુરેશભુવન પણ આ વરસાદમાં તૂટી પડશે ! હજી તો, લીલાને આ વિચાર આવ્યો ત્યાં અચાનક જ કાંઇક તૂટી પડયું. કડુડુભુસ કરતું એ શું તૂટી પડયું તે જોવા લીલા ખંડ બહાર જવા લાગી. એક અવાજ આવ્યો: “ લીલા બેટા, તું કયાં ગઈ ! ”

એ અવાજ ચિત્રસંગ્રહાલયની દિશામાંથી આવતો હતો. વરસાદ અને ગાજવીજના અવાજ આગળ તે ક્ષીણ અવાજ હતો. તે ચિત્રસંગ્રહાલય તરફ ગઈ. અચાનકજ તે ઉંબરમાં થંભી ગઈ. એ ખંડની એક દિવાલ તૂટી પડી હતી. એ દિવાલમાં જે કબાટ હતુ તે પણ તેની સાથે તૂટી પડયું હતું. એ કબાટમાંની મોટી તસ્વીર સુરેશે અખંડિત રીતે બહાર કાઢી હતી. એક બીજી દિવાલ કે જે નહોતી પડી ગઇ, તેને આધારે એ તસ્વીર ટેકવી રાખીને સુરેશ તેની સામે ઘૂંટણભેર બેઠો હતો; અને ટગર ટગર તે તસ્વીર તરફ જોઈ રહ્યો હતો.

આ તસ્વીરના બંધ કબાટની જે ચાવી આજસુધી લીલાએ કોઇને આપી નહતી તેની જરૂર આજે રૂઠેલી કુદરતને લાગી ન હતી ! આ તસ્વીરને અચાનક જ આજ બંધ કબાટમાંથી કુદરતે મુક્ત

કરી અને સુરેશને હસ્તક તે આવી. જેની ઝંખનાથી સુરેશ દુઃખી થતો રહ્યો હતો તે તેની નજરે પડતાં જાણે તેને દેવીમૂર્તિની પેઠે વંદન કરતો હોય તેમ તે તેની સામે ઘૂંટણભેર બેઠો હતો. કુદરતે વેર લીધું. લીલા આભી બની ગઈ. તે ઉંબરામાંથી ન પાછળ હઠી શકી. ન આગળ વધી શકી.

ઘૂંટણીએ પડેલો સુરેશ તે તસ્વીર સામે જોઇને બોલવા લાગ્યોઃ "શા માટે તું સ્મિતથી મારા તરફ જોતી નથી? શા માટે મારા પ્રત્યે ક્રોધયુક્ત નજરે તું નિહાળી રહી છે? જો, જો, વર્ષો બાદ મેં તારી પુત્રીને ન્યાય આપ્યો છે......"

રખેને પિતાજી ધૂની પાગલપણાના આવેશમાં આવી જશે, એ ભયથી લીલા એકદમ ખંડમાં પેઠી અને સુરેશ નજદીક જઈ બોલીઃ "પિતાજી! અહીં શું કરો છો? ચાલો, હું તમને દીવાનખંડમાં લઈ જાઉં."

"કોણ? તું? સાંભળ, સાંભળ, મારી સ્વર્ગસ્થ ધર્મપત્ની મને ઠપકો આપી રહી છે! લીલા બેટા, શું હું ઠપકાને પાત્ર છું?..." ચિત્ર તરફ જોઇને તે પાછો કહેવા લાગ્યોઃ "તારી ગુમ થયેલી પુત્રીને મેં શોધાવી મંગાવી છે. હું ઠપકાને પાત્ર હવે રહ્યો નથી. મેં એને સર્વ સુખ આપ્યું છે. સ્વર્ગમાં તારા આત્માને હવે શાંતિ મળવી જોઈએ. તારી પુત્રી પર તારે સ્વર્ગમાંથી આશીર્વાદ વરસાવવા જોઇએ......"

તૂટેલી દિવાલની બાજુએથી આ વખતે પવનના ઝપાટા સાથે વરસાદના ફરા ધસી આવ્યા. લીલા આઘી ખસી ગઈ. સુરેશ અને તસ્વીર પર એ ફરા વરસ્યા. તે બેઉ ભીંજાઇ ગયાં.

"ના રોઈશ, વાસંતીદેવી! મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરી છે. તારી પુત્રી લીલાને અહીં લાવીને આ ગૃહરાજ્યમાં સ્થાપી છે; એટલું જ નહીં પણ એને લાયક પતિ વસંતને નક્કી કર્યો છે.

વસંતપંચમીએ વસંતલીલાનાં લગ્ન થશે. તારો આત્મા તેથી ઠરવો જોઇએ. ક્રોધ દૂર કર. રૂદન બંધ કર.......અરેરે ! એનાં આંસુ કેમ ખળતાં નથી !...હું શું કરૂં ?..."

તેણે આમતેમ જોયું. લીલાને એક બાજુ ઉભેલી જોઇને તે બોલ્યો: "લીલા બેટા, અહીં આવ. તારી માને તારા મુખથી તું ખાત્રી કરી આપીશ તોજ તેનું રૂદન ખળશે. તસ્વીર સન્મુખ આવ અને એને કહે કે, હું તારા પર કેટલું બધું વાત્સલ્ય બતાવું છું ? તને સ્વપ્નમાંએ દુઃખ પડે નહીં, તે માટે હું કેટલી બધી કાળજી રાખું છું ? એને સ્પષ્ટ કહે, એને ખાત્રી કરી આપ કે, તું કોણ છે અને કેવી રીતે તને અહીં લાવવામાં આવી છે ?..."

એક ચિત્કાર સમેત લીલા તેના પિતા પાસે આવીને બેસી પડી અને તેના ખોળામાં તેણે પોતાનું મોં છુપાવી દીધું. સુરેશે એની પીઠ પર હાથ ફેરવવા માંડયો. ગદ્દગદ કંઠે તે બોલ્યો: "શા માટે દુઃખી થાય છે. બેટા ? તારી માનું રૂદન તું જોઇ શકતી નથી, એ હું સમજી શકું છું. કોઈ પુત્રીથી એ રૂદન જોયું જાય નહીં; પણ મારા સામે જો, બેટા ! મેં હૃદય કઠણ રાખ્યું છે. મારા મનની લગીરે નબળાઈ મેં કદી દાખવી નથી. અત્યારે પણ હું કઠણ મન રાખી રહ્યો છું. હું રોતો નથી. પણ મારાથી એનો ક્રોધભાવ જોયો જતો નથી. એનું સક્રોધ રૂદન દીઠું જતું નથી. તું મારા જેવું કઠણ કાળજું રાખ; કેવળ મારી ખાતર—તારા પિતા પર તને પ્રેમ હોય તો તેને ખાતર......"

"પિતાજી ! પિતાજી !" અભિનેત્રી એના તરફ જોયા વિના જ ખોળામાંથી મોં સહેજ ઉંચું કરીને બોલી: "હું શું કહું ? મારાથી કહ્યું ન જાય એવી એ વાત છે. એનો ક્રોધ મારા પર આજના વરસાદની પેઠે તૂટી પડે એમાં નવાઈ નથી; કારણ કે, હું એની

પુત્રી નથી !" અને પિતાના ખોળામાં પુનઃ માથું નાંખી દઈને એ ડુસ્કે ડુસ્કે રડવા લાગી.

સુરેશ ચોંક્યો નહીં. એણે અભિનેત્રીની પીઠ પર હાથ ફેરવવો ચાલુ રાખ્યો. એના મસ્તક પર એનો બીજો હાથ પણ ફરવા લાગ્યો. ઘડીભર ત્યાં ચૂપકીદી પ્રસરી રહી, જેમાં કેવળ અભિનેત્રીનાં ડુસ્કાં સંભળાતાં હતાં. સુરેશ ફિક્કું હસ્યો અને બોલ્યોઃ

"લીલા બેટા, તેં શું કહ્યું? વસંત સાથે તારાં લગ્નનો મંગલ દિન આવે છે, એ તું જાણે છે ને? એજ વસંત તને શોધી લાવ્યો છે. એજ વસંતે મને ખાત્રી કરી આપી છે કે, તારૂં મોં આબેહુબ મને મળતું છે. હવે તું આ શું કહે છે, એનો તને ખ્યાલ છે?"

"હા. મેં કહ્યું છે તે ખરૂં છે. પિતાજી, તમારા અનહદ પ્રેમને લીધે હવે હું તમને આંધીમાં રાખી શકું નહીં."

"તો આ ખંડમાંથી ચાલ. અહીં આંધીનું જોર વિશેષ છે." પુત્રી ઉઠી. પિતા–પુત્રી એકમેકની સાથે રહીને દીવાનખંડમાં આવ્યાં. સુરેશ એક કૉચમાં બેઠો અને એની સામે અભિનેત્રી ઘૂંટણભેર બેઠી અને બોલીઃ "મારા મોં સામે જુઓ, પિતાજી! તમને પોતાને ખાત્રી થઈ છે કે, તમારૂં અને મારૂં મોં એકસરખું છે?"

"બરાબર એકસરખું છે, બેટા? મારા પિતાનું પણ આવુંજ હતું. પણ તેનું શું છે?"

"એ મુખ્ય બાબત છે, પિતાજી! તમારા જેવું મારૂં મોં છે તેથી હું તમારે ત્યાં આવી છું. પણ તેથી હું વાસંતીદેવીની દીકરી ઠરી શકતી નથી. હું તમારી દીકરી છું. તમે મારા પિતા છો. પણ તેથી કાયદેસર રીતે મને આ ભુવનમાં આવવાનો હક્ક નથી........"

"જો તું વાસંતીદેવીની દીકરી નથી, તો તેની દીકરી ક્યાં છે?"

"મને એની ખબર નથી."

"તો હું તારો પિતા છું, એમ શી રીતે તું કહે છે?"

"કારણ કે, જેની કુખે મેં જન્મ ધારણ કર્યો હતો તેની સાથે આપનું કાયદેસર લગ્ન થયું નહતું......"

"તારી માતાનું નામ શું હતું?"

"મારી માતાનું નામ યમુનાદેવી હતું. પિતાજી! મેં તમને ઠગ્યા છે. ગેરકાયદેસર સંતાને કાયદેસર સંતાન થવા કોશિષ કરી છે......" તે રોઈ પડી.

સુરેશે એકદમ પોતાના હાથ લાંબા કર્યા. અભિનેત્રીનું મસ્તક પોતાના એ બેઉ હાથમાં લીધું અને તે સૂંઘતાં તે બોલ્યોઃ "આવ, બેટા, ઓછું ના લાવીશ. તું મારી દીકરી છે. તારી માતાની તું યાદગીરી છે. મારા હૃદયમાં તારૂં જે સ્થાન આ ખુલાસા પહેલાં હતું તેજ રહેશે!"

"તમે મારા ઉપર ગુસ્સે નથી થયા? તમને મારા છળકપટ ઉપર ધિઃક્કાર નથી ઉપજ્યો?"

"ના. કારણ કે, મારી દીકરીને, એની માની માફક, મારી પાસેથી હવે કોઈજ છીનવી લે નહીં, એવી કાળજી રાખવા મેં ઠરાવ કર્યો છે. આવ, યમુનાની યાદ, આવ. હું તને સ્વીકારૂં છું."

પિતાએ પુત્રીને કૉચમાં પોતાની પાસે બેસાડી. અને થોડીકજ વાર બાદ બહારથી એક સ્વર સંભળાયોઃ "ભાઈ સુરેશ, હું અંદર આવું કે?"

સુરેશે એ સ્વર પારખ્યો. પાકટ ઉમરનો વૃદ્ધ યદુરાય આવ્યો હતો. કોઈ વાર નહીં અને આજ એ અહીં હાલીચાલીને કેમ આવ્યો?

સુરેશે અંદરથી જવાબ દીધોઃ "આવો, આવો, યદુરાયકાકા, આપે આ ઉમરે અહીં પધારવા કેમ તસ્દી લીધી?"

પ્રકરણ ૩૫

●

સ્ફોટ

●

યદુરાયે લાકડીને ટેકે સુરેશના દીવાનખંડમાં પગ મૂક્યો અને અભિનેત્રીને સુરેશ સાથે કોચમાં બેઠેલી જોઇને કહ્યું: "ભાઈ સુરેશ, મેં તો જાણ્યું કે, તું એકલોજ અહીં હોઇશ. પણ તારી સાથે તો કોઇક બેઠું છે! કોણ છે એ ?"

"એ મારી પુત્રી છે" સુરેશે કહ્યું:

એક આરામ–ખુરશી પર બેસતાં યદુરાયે પોતાની ભમ્મર ઉપર હાથનો પંજો ઉંધો ધરી રાખીને અભિનેત્રીને થોડીવાર સુધી ટગર ટગર નિહાળ્યા કરી અને પછી કહ્યું: "સુરેશ, એને બીજા ખંડમાં મોકલી દે. હું તને જે કાંઈ કહેવા આવ્યો છું તે એને કાને જવું જોઈએ નહીં."

"યદુરાય કાકા, એવી કશીજ જરૂર નથી. એ મારી ગોદમાંજ યોગ્ય છે. હું એને મારી પાસેથી બીજે ક્યાંયે જવા દઈ શકું નહી. તમે ચાહે તેવું ખાનગી કે અગત્યનું કથન કહેશો તોપણ તેનાથી હું તે છુપું સાંભળવા ઇચ્છતો નથી."

અભિનેત્રીએ પિતાના ખભા પર હાથ મૂક્યો અને તે સહેજ તેની સરસી બેઠી–જાણે એ પિતાને છોડવા પોતે પણ રાજી નથી એવી એની ઈચ્છા આ વર્ત્તનથી એ પ્રકટ કરતી હતી.

"પણ...પણ...એ હકીકત કાંઇક તેની વિરૂદ્ધ છે–જો કે, હું તો એ મશ્કરી જ માનું છું અને ભાઇ સુરેશ, તું અને તે પણ એક રમુજ રૂપે જ તે માનજો."

"સ્વાર્થીઓ ચાહે તેવું વિરૂદ્ધ બોલે, એમાં નવાઇ નથી; એટલે એવી કોઈ પણ હકીકત તમે કહેશો તે હું એક કાને સાંભળીને બીજે કાનેથી કાઢી નાંખીશ."

"બરાબર છે." યદુરાય બોલ્યોઃ "હું પણ એમજ ઇચ્છું છું કે, તું એ વાત પર ધ્યાન ન આપે. પણ મારી આગળ તો તે રજુ કરવામાં આવી અને તે તારે કાને નાંખવી જોઇએ એટલે હું ખાસ અહીં આવ્યો."

"મને આપને ત્યાં બોલાવ્યો હોત અને આપે તસ્દી લીધી નહોત તો ઠીક થાત."

"એમાં કાંઈ વાંધો નથી, ભાઈ, હવે મારૂં કહેવું શાંતિથી સાંભળ. તું પણ, બહેન સાંભળ. એક કલાક ઉપર આપણા મુંબાઇના સોલીસીટર્સ મેસર્સ જમુભાઈ બળવંતરાય એન્ડ કું. તરફથી એક પરિચય-પત્ર લઈને રમરારામ નામે એક ગુપ્તચર એટલે કે ખાનગી ગુનાશોધક મારી પાસે આવ્યો. સુરેશ, એ તેજ માણસ હતો, જેને આપણા સોલિસિટરોએ લીલાની માતાની શોધનું કામ તારા તરફથી સોંપેલું હતું. એ જે વિગતો સોલિસિટરોને મોકલતો તે તને મોકલાતી અને કોઇવાર તેના હાથ દસ્કતના પત્રો પણ તને મોકલાતા. આ માણસે મારી આગળ લાંબી લાંબી વાતો કરીને કહ્યું કે-આ છોકરી તારી પુત્રી નથી..."

"એ માણસ જુઠ્ઠો છે. એ પાગલ હોવો જોઈએ."

"મેં પણ એને એવો જ ગણ્યો છે, પણ આપણે ન્યાયની રીતે સર્વનું કહેવું તો સાંભળવું જોઈએને ? વળી, તે સોલિસિટર્સ તરફથી આવેલો છે......"

"એ કાયદાપંડિતો કાયદાનાં ચાહે તેવાં ગૂંચળાં મારી સામે મૂકશે તોપણ મારા હૃદયના અવાજ આગળ હું કોઈની કશી ગણત્રી કરવાનો નથી. યદુરાય કાકા, મારા મનની નબળાઈ હું કદાપિ જાહેર થવા દેતો નથી, એ તમે જાણો છો."

"પણ આમાં અકળાવા જેવું કશું નથી. આ પાગલ માણસની વાતો આપણે મશ્કરી રૂપે જ માની લઇએ છીએ અને એના

પર આપણે ખૂબ હસવાનું છે. પણ જરા સાંભળ તો ખરો, એ મૂર્ખો કહે છે શું ? એ કહે છે કે, તારી આ પુત્રી એક નાટકીઅણ હતી. કલકત્તામાં તે રંગભૂમિ ઉપર ઉતરેલી હતી. તેનું નામ હતું વનમાલા કીર્તિકર......"

"બેટા, લગીરે બેચેન ના બનીશ." અધવચ્ચજ સુરેશે અભિનેત્રીના શરીરનો કંપ અનુભવીને તેની પીઠ પર હાથ ફેરવતાં ધીમેથી કહ્યું.

"વારૂ; આપ આગળ કહો." સુરેશે યદુરાયને કહ્યું.

"એ મૂર્ખો કહે છે કે હું એ બધું પુરવાર કરી આપું તેમ છું કે, આ એક નાટકીઅણ હતી. એનું મૃત્યુ જાહેર થયું છે, પણ એ મૃત્યુ એટલા જ વાસ્તે તેણે જાહેર કરાવ્યું છે કે, પોતે લીલા જાગીરદાર તરીકે જાહેર થઇ શકે." અત્રે યદુરાય ખડખડાટ હસ્યો અને બોલ્યો: "મારૂં તો હસવું ખાળ્યું ખળતું નથી. એ દિવાનો વળી કહે છે કે, સાચી લીલા જાગીરદારને આ નાટકીઅણના સાથીદારોએ છુપાવી રાખી છે. એને તેઓ દુનિયાની નજરે પડવા દેતા નથી. એટલે, જો પોલિસખાતાની મદદ મેળવીને તેના સાથીદારો ઉપર ઝડતીનું 'વૉરંટ' કઢાવવામાં આવે તો તેઓની પાસેથી તેનો પત્તો મળી શકે તેમ છે !"

"તો એ થોભ્યો છે શા સારૂ ? વૉરંટ કઢાવે અને એનું કામ પૂરૂં કરે !" સુરેશે આમ કહેતાં કહેતાં વનમાલાના ખભા ઉપર ધીમે ધીમે આશ્વાસન રૂપ ટપલીઓ મારવી ચાલુ રાખી.

"સામાન્ય માણસોના દાખલામાં તેને આવું કરવા માટે સોલિસિટરોએ જ પરવાનગી આપી હોત. પણ સોલિસિટરો આપણા હોવાથી અને આ ગુનાશોધક પણ આપણો માણસ હોવાથી ઘરમેળે આ બાબત પતવી વા માટે, ભાઇ સુરેશ, તારી આગળ એને આખોયે કિસ્સો રજુ કરવાની અને તારે હાથેજ ન્યાય કરાવવાની

સોલિસિટરોએ આ માણસને સલાહ આપી. તે માણસને મારી સાથે હું લાવ્યો છું. બોલાવું ? "

"હા. હું જોઉં તો ખરો કે, એ ચંદ્રપ્રદેશના આદમીની સિકલ કેવી છે ? "

"વસંત !" યદુરાયે દીવાનખંડમાંથી મોટો ઘાંટો પાડીને કહ્યું: "પેલા પાગલ રમતારામને તારા સુરેશકાકા આગળ હાજર કર."

થોડીવારે રમતારામ અંદર આવ્યો. એણે હાથ જોડેલા જ રાખ્યા હતા. એ પોતાનું માથું નમાવતો, "જય હો, જાગીરદાર સાહેબનો ! " એમ કહેતો સુરેશની નજદીક આવ્યો. એની પાછળ વસંત હતો અને તેની પાછળ એક ત્રીજો યુવક પણ હતો.

"અરે, આ તો પેલો 'ફરતો જોષી' ! " સુરેશે કહ્યું. અને તેની પાછળ આવતા વસંતને ઉદ્દેશીને તે બોલ્યો: "આવ, વસંત, આવ ભાઈ બેસ. અહીં ખુરશી પર અને અહો ! " ત્રીજા યુવકને જોઈને સુરેશે કહ્યું: "રામદાસ શેઠનો પુત્ર અખિલ પણ સાથે આવ્યા છેને શું ? તુંયે આ નાટકનો એકાદ પુરાવો છે કે શું ભાઈ? આવ, આવ, તું પણ બેસ. "

"ના, ના. અખિલ તો સહેજ આવી ચઢ્યો હતો. " વસંતે કહ્યું: "રમતારામ રસભરી ઘટનાઓ કહેવાનો છે, તે અખિલ પણ સાંભળે અને એકાદ 'જ્યુરર' જેવો તે યે અભિપ્રાય આપી શકે એટલા માટે હું તેને મારી સાથે લાવ્યો, અને આ ગુપ્તચર તો પેલો વેષધારી 'ફરતો જોષી 'જ છે ! "

"સેવક સાચો જોષી નથી. " રમતારામ બોલ્યો.

"આવા બનાવટી ધંધા જ તું કરે છે કે શું ? " સુરેશે તેને પૂછ્યું.

"જાગીરદાર સાહેબ ! અમને લોકોને ચોસઠે કળાઓ આવડવી જોઈએ. અમારે ઘડીમાં હજામ, મોચી કે ચમાર થવું પડે. ઘડીમાં

બંગાળી બાબુ કે મારવાડી શેઠજી યે બનવું પડે કે ઘડીમાં ઈરાની યા સુલતાની પણ થવું પડે. અમારે સ્ત્રી પણ બનવું પડે. ભેદ શોધવા માટે, અમારે હરેક ધંધાદારી બનવું પડે છે, તેથી તો અમને 'ડીટેક્ટિવ' કહો. જાસુસ કહો, ગુનાશોધક કહો, ગુપ્તચર, ગુપ્તદૂત, ખાનગી છુપી પોલિસ, બાતમીદાર કે બહુરૂપી અથવા બહુરંગી જે કહો તે ચાલી શકે તેમ છે. 'ફરતા જોષી' નો વેષાંતર મેં એ કક્ષામાં લીધો હતો, શ્રીમાન! હવે મુદ્દાની વાત—"

"હા. મુદ્દાની વાતજ કહે; પણ એક વાત ખ્યાલમાં રાખજે કે, મારી પાસે બેઠેલી વ્યક્તિ મારી દીકરી છે એ તો સો વસા સાચી વાત જ છે."

"આકળા કાં થાઓ, મારા બાપ!" રમતારામ હાથ જોડીને દયામણું મોં કરતો બોલ્યો: "મારે જે કહેવાનું છે તે રજેરજ સાચું છે અને તેના સચોટ પુરાવા મારી પાસે છે. એ પછી આપ આપની મેળે જ આપનો ચાહે તે ચુકાદો આપજો ને, સરકાર!"

"સોલિસિટર્સ જમુભાઈ વગેરેની કું. એ મારા તરફથી તને ગુપ્તદૂત તરીકે શહેરેશહેર ભ્રમણ માટે રોક્યો હતો?"

"હા. શ્રીમાન એજ હું. આપને અમૃતનગરમાં આવીને વસવાની સલાહ આપનાર હું જ હતો. મારા હાથદસ્કતના રિપોર્ટો સોલિસિટર્સ પાસે મોજુદ છે—"

"તારા કેટલાક અસલ કાગળો પણ મને તેઓએ મોકલી આપેલા. વારૂ; પણ તારે હવે મારી પુત્રી સામે તકરાર શી છે?"

"આપે વસંતરાયને ઢાકા ખાતે તપાસ માટે મોકલ્યા હતા. પરંતુ ઢાકા નજીક રેલ્વે અકસ્માતમાં ગાડીઓ અથડાઈ પડી તેથી તેઓ ઢાકા પહોંચતાં અટકી ગયા. હું તે વખતે આપના કામસર જ ઢાકામાં હતો. મને ખબર મળી હતી કે, આપની પુત્રી લીલાદેવી ઢાકામાં હતી. તેનું રહેઠાણ હું જાણી શક્યો હતો. હું તેને મળવા

અને બધી હકીકત કહીને આપની પાસે મારી સાથે લાવવાનો ઈરાદો રાખતો હતો, તેવામાં અધવચ્ચ મને ત્રણ દિવસ સખ્ત ટાઢીઓ તાવ આવી ગયો. હું હોસ્પિટલમાં બિછાનાવશ રહ્યો. ડાકટરોએ મને હોસ્પિટલ છોડવા ના પાડી. જ્યારે મને ઠીક થયું ત્યારે હું તેમના રહેઠાણે ગયો તો તે મુસાફરીએ ઉપડી ગયેલાં હતાં. પણ એ અરસામાં મારી કમનસિબીએ રેલ્વેઅકસ્માતને લીધે ટ્રેનો ઉપડતી ન હતી. મારૂં એક અઠવાડીઉં ભાંગી ગયું. ટ્રેનોનો વહેવાર ચાલુ થતાં હું અકસ્માતવાળી જગ્યાએ ઉતરી પડયો. અને મેં તજવીજ ચલાવી. એ સ્થળે કોઇનો વસવાટ જણાતો નહતો. પણ ૫૦૦ કદમ દૂર એક છાપરી આવેલી હતી તેમાં જતાં મેં જમીન પર સુકાયેલા લોહીના ડાઘ જોયા અને અંગ્રેજી અક્ષર ‘V’ ની એક નાજુક સુંદર વીંટી પડેલી જોઇ. એ કોની વીંટી હશે એ હું તે વખતે જાણતો નહતો.”

અત્રે તેણે એ વીંટી પોતાના ગજવામાંથી કાઢીને સુરેશના હાથમાં મૂકી અને આગળ કહેવા માંડયું: “હું તહેકીક ચલાવતો આગળ ચાલ્યો. અધવચ માર્ગમાં મને એક ખેડુતનું ઝૂંપડું દેખાયું. ત્યાં જતાં, અકસ્માતના દિવસ સંબંધી વાતચીત કરતાં હું તેની પાસેથી જાણવા પામ્યો કે, ઉમદા કપડાંમાં સજ્જ થયેલી જાગીરદારની એક દીકરીને લઇને એક જુવાને આ ઝૂપડામાં વિસામો લીધો હતો. એ બેહોશ હતી. તેને હોશમાં લાવ્યા પછી તેની સાથે વાત કરતાં જુવાને તો તેને જાગીરદારની દીકરી તરીકે જ ગણી લીધી પણ એ તેની ભૂલ હતી. ખેડૂતનું કહેવું એવું નીકળ્યું કે, થોડાક દિવસ ઉપર તે એક કામ પ્રસંગે કલકત્તા ગયો હતો ત્યારે એ બાઈને તેણે કલકત્તામાં એક નાટકશાળામાં એક નાટકમાં ઉતરેલી દીઠી હતી. એનું નામ ‘વ’ અક્ષરથી શરૂ થતું હતું પણ શું હતું તે ખેડૂતને યાદ ન હતું. ખેડૂતના વધુ

કથનથી એમ માલુમ પડયું કે, એ બાઈ જ્યારે ખેડૂતની ઝૂંપડીના અંદરના ખંડમાં જઈને સુતી હતી ત્યારે તે ખંડના બારણા આગળ ખેડૂત પણ જરા વાર આરામ લેતો સુતો હતો. તે વખતે એણે બાઈને અંદરથી ગણગણાટ કરતી સાંભળી હતી. ખેડૂતે બારણાની ફાટમાંથી નજર કરી હતી ત્યારે તેણે તેને લીલા પૂંઠાની એક નોંધપોથી વાંચતી જોઈ હતી. એ પછી તે નોંધપોથી ખિસ્સામાં મૂકી દઈને તે બાઈએ કોઈક બે નામ દીધાં હતાં. ખેડૂતને તે યાદ નથી. પણ એટલું યાદ છે કે, એકને બદલે બીજા નામે ઓળખાવીને પોતે ઉંડા પાણીમાં પગ મેલે છે, એમ એ બાઈ ગણગણતી હતી."

અત્રે રમતારામ થોભી ગયો અને પોતાના ખિસ્સામાંથી લીલા પૂંઠાની નોંધપોથી બહાર કાઢીને સુરેશ તરફ ધરતાં બોલ્યો: "એ નોંધપોથી આ છે, જાગીરદાર સાહેબ !"

"આ નોંધપોથી તારી પાસેથી નીકળે છે, છતાં તું એમ કેમ કહે છે કે, ખેડૂતની ઝૂંપડીમાંની બાઈએ તે પોતાના ખિસ્સામાં મૂકી હતી ?"

"એ...તો...સાહેબ" રમતારામ સહેજ ખચકાઈને બોલ્યો: "ખરી વાત એમ છે કે, આ નોંધપોથી આ બાઈ હસ્તકથી જ મેં અમારી જાસૂસી પદ્ધતિથી મેળવી લીધી છે."

"જાસૂસી પદ્ધતિ એટલે ?"

"છુપી રીતે" રમતારામ બોલ્યો.

"અર્થાત્ જે ચોસઠ કળાનો જાણકાર હોવાનો તું દાવો કરે છે, તેમાંની તસ્કર કળા વાપરીને તેં આ નોંધપોથી મેળવી છે ?"

"એટલું જ નહીં પણ સાહેબ, લીલાદેવીના કબાટમાં હજી પણ આપ એક સોનાનો ચાંદ જોઈ શકશો કે, જે એક નાટક કંપની તરફથી વનમાલા નામની નાટકીઅણને અપાયલો હતો..."

"તું મારા મૂળ સવાલનો જવાબ આપવાને બદલે બીજી ભળતી વાતો શા માટે કરે છે ?"

અત્રે અખિલ બોલ્યો: "એને જે કાંઈ કહેવું હોય તે એની રીતે કહેવા દો. પણ એનાં છેલ્લાં વાક્યોમાંથી એક વાત પુરવાર થઈ જાય છે કે, એ કોઈકવાર લીલાદેવીના ખંડમાં ચોરની પેઠે ઘુસ્યો હોવો જોઈએ..."

"ખરું છે કે, રમતારામ ?" સુરેશે પૂછ્યું.

"આ નોંધપોથી મેં મેળવી છે તેનું મહત્વનું કારણ મારે આપને જણાવવાનું છે તે સાંભળી લ્યો, સાહેબ" રમતારામે કહ્યું: "આ નોંધપોથીમાંના અક્ષરો અસલ લીલા જાગીરદારના લખેલા છે; અને આ વનમાલા નાટકીઅણના અક્ષરો નથી કે જેણે પોતાને લીલા જાગીરદાર તરીકે ઓળખાવી છે. આ સન્નારીના અક્ષરો અને નોંધપોથીમાંના અક્ષરો આપને સરખાવવા માટે મારી વિનતિ છે. હું આ સન્નારીના અક્ષરો રજુ કરું છું. પ્રથમ તો, એમણે એમની એક સહીપણી પર લખેલી ચિઠ્ઠી છે..."

સુરેશના હાથમાં રમતારામે એ ચિઠ્ઠી મૂકી. એમાંનો મજકુર વાંચીને સુરેશે કહ્યું: "અખિલ, આ તો તારી બહેન ઈલા ઉપર લખાયલી ચિઠ્ઠી છે!"

"શું આ ચિઠ્ઠી તેં ઈલા પાસેથી યે ચોરી લીધી છે?" અખિલે તે ચિઠ્ઠી જોઈને રમતારામને પૂછ્યું.

"ના, રે, મારા મહેરબાન, મને તો એ રસ્તામાંથી જડી હતી!"

"તું યે જબરો જણાય છે! તને જે જોઈતું હોય તે રસ્તામાંથી જડે છે! મને તો શક છે કે, તેં તે ચોરી લીધી છે!" અખિલે કહ્યું.

"પણ એમાંના અક્ષરોનો અને તેની નીચેની લીલા જાગીરદારની સહીનો મુદ્દો મહત્વનો છે. એજ સહી બેંકમાંના ચેકોમાં છે. એવો એક ચેક હું અહીં રજૂ કરું છું કે, જે મને અપાયલો છે, પણ મેં વટાવ્યો નથી." રમતારામે સુરેશના હાથમાં ચેક મૂકતાં કહ્યું.

"આ તો મુંબાઇમાં બેંક આગળ તને અપાયો હતો તે જ ચેક છે!" સુરેશે કહ્યુંઃ

"હા. સાહેબ, આપ પણ તે વખતે ગાડીમાં બેઠેલા હતા અને જગદીશચન્દ્ર પણ આપની સાથે હતા. હવે આ નોંધપોથીમાંના લીલાના અક્ષરો અને ચિઠ્ઠી તથા ચેકમાંના લીલાના અક્ષરો સરખાવો. ખુલ્લો તફાવત માલુમ પડશે. નોંધપોથીમાં લીલાદેવીનું આખુંયે જીવનવૃત્ત લખેલું છે. એ ઉપરથી એ સાચી લીલાની ચોપડી જણાય છે; જ્યારે ચિઠ્ઠી અને ચેકમાંના અક્ષરો બનાવટી છે, એમ પુરવાર થાય છે. એ અક્ષરો આ સન્નારીના હોવાથી તેઓ અસલ લીલાદેવી નથી એવું તહોમત હું તેમના ઉપર મૂકું છું."

સુરેશે બન્ને અક્ષરોની સરખામણી કરી અને વસંત તથા અખિલ પણ તે નિહાળી રહ્યા. થોડીવાર બાદ સુરેશે રમતારામને પૂછ્યુંઃ "હજી તારે કાંઈ કહેવાનું છે?"

પ્રકરણ ૩૬

સ્વીકાર

રમતારામ બોલ્યો: "આ તો પાશેરામાં પહેલી પૂણી થઇ. હવે આગળ સાંભળો. હું કલકત્તા ગયો અને તે વખતે છાપામાં મેં વાંચ્યું કે, જાણીતી નાટકીઅણ વનમાલા અકસ્માતમાં મરણ પામી છે. મને જે 'વી' અક્ષરવાળી વીંટી મળી હતી તે સદર વનમાલાની હોવી જોઈએ એમ લાગ્યું. પણ ખેડૂતે કહેલી વાતે મને ગૂંચવાડામાં નાંખ્યો. વનમાલા મરી ગઈ છે એમ છાપું કહેતું હતું પણ વનમાલા નોંધપોથીને યોગે જાગીરદારની દીકરી તરીકે ગોઠવાઈ ગઈ છે, એ સત્ય હકીકત હોવી જોઈએ એવી મને શંકા ઉપજી. વનમાલા કિયા નાટકમાં કામ કરતી હતી તે વિષે હકીકત મેળવીને હું તે નાટક કંપનીના માલેકને મળ્યો. તે બિચારો ભારે ગમગીન થઇ ગયો હતો. મેં જાણેલી બાતમી તેને આપી નહીં પણ તેની પાસે એવું બીડું ઝડપ્યું કે, હું તેને જીવતી શોધી આપું તો મને શું ઈનામ આપશો? તેણે મને ખુશી કરવા વચન આપ્યું. અને મેં વનમાલા નાટકીઅણનો ફોટો તેની પાસેથી મેળવ્યો. તેની પાસે એકજ હતો પણ તેણે શોધખોળને ખાતર મને આપ્યો."

અત્રે રમતારામે 'કેબીનેટ' કદનો એક ફોટોગ્રાફ સુરેશના હાથમાં મૂક્યો. સુરેશે તે જોઈને એક બાજુએ ઉંધો મૂકી દેતાં પૂછ્યું: "હવે તું બધું કહી રહ્યો?"

"હવે હું અહીંની વાત કહીશ. જાગીરદારની દીકરી એટલે આપની જ દીકરી, એ તો મને આપના મુંબાઇના સોલિસિટરોએ આપેલા કેસથી હું જાણતો હતો. એટલે કલકત્તાથી હું અહીં આવ્યો અને 'ફરતા જોષી' ના સ્વાંગમાં મેં તપાસ આદરી. હું આપ લોકોના સમાગમમાં આવ્યો. મારી પાસેના ફોટાથી મેં આ

સન્નારીને પારખી લીધાં પણ અસલ બહેનનો પત્તો મેળવવાનો હતો. એમનું શું થયું એ મારે જાણવું હતું. અહીં તહીં ભટકતાં ભટકતાં સુંદરગામમાં આવેલા બંગાળી વૈદરાજના આશ્રમ તરફ મેં એક ઝૂંપડીમાં એક બાળાને એક વૃદ્ધ સ્ત્રી સાથે વસતી જોઇ. એજ સાચી લીલા જાગીરદાર હશે એમ મને લાગ્યું અને એક દિન મદ્રાસીના વેષમાં હું ઝૂંપડી આગળ ગયો. અને એક જણને એ બાઈ પોતાની હકીકત કહેતી હતી તે છુપી રીતે સાંભળી ગયો. એ ગૃહસ્થ ઘણા સારા અને પ્રતિષ્ઠાપાત્ર યુવક હતા અને એ બાઈને દુઃખી હાલતમાંથી ઉગારવા ઇચ્છતા હતા. એ બાઇની માતાની તસ્વીરને મળતો જ એનો ચહેરો છે એવી વાત એણે કહી હતી. હું તે સાંભળી ગયો હતો અને પછી નાસી ગયો હતો. પાછળથી મેં જાણ્યું કે, એની માતાનું નામ શ્રીમતી વાસંતીદેવી હતું; અને સુન્દરગામના મંદિરમાં ચોઢેલી એમની તખતીની પૂજા કરતી મેં એને દીઠી હતી."

"હજી પણ એ પેલી ઝૂંપડીમાં વસે છે કે ?" અત્રે વસંતે રમતારામને પૂછ્યું.

રમતારામે તેના તરફ જોઈ તેને વંદન કર્યું અને કહ્યું: "હા. વસંત શેઠ, આપ એને મળ્યા તે પછી તે માંદી થઈ ગઈ હતી; પણ હવે તે સાજી થયેલી છે પણ એને એના સાથીદારોએ બહાર નીકળવા મનાઇ કરી છે..."

"સાથીદારો એટલે ? વૃદ્ધ ડોશી અને કદાચ મૂર્ખાઇથી તું વિદ્વાન્ વૈદ્યરાજને પણ તેના સાથીદાર કહેતો હોઇશ !" વસંતે પૂછ્યું.

"નહીં જી." રમતારામ હસીને બોલ્યો: "એના સાથીદારોમાંના એક અત્રે મોજુદ છે: શ્રીમાન અખિલચન્દ્ર. અને બીજા શ્રીમાન જગદીશચન્દ્ર અહીં હાજર નથી !"

"વાહ ! તું આશ્ચર્યજનક વાતો કરે છે ! પણ તારા એ બધા લવારા સંબંધે મારો અંતિમ નિર્ણય સાંભળી લે." સુરેશે કહ્યું: "આ કન્યાને મારી બનાવટી દીકરી કહેવામાં તું સદંતર ભૂલ

કરી રહ્યો છે. તે મારી દીકરી જ છે. તેને મેં સત્તા આપી હતી કે, લીલા જાગીરદાર નામ તેણે વાપરવું. એટલે એણે બીજું કોઈ નામ વાપર્યું નથી. એની સામે તારા બીજા કોઈ આરોપો ટકતા નથી. તારી વાતો સાચી હોવાની હું સાફ સાફ ના પાડું છું."

"ભાઇ સુરેશ." યદુરાયે કહ્યું: "તેં તો વિચિત્ર નિર્ણય આપ્યો! આમાં લેશમાત્ર વહેવારૂપણું નથી અને આ બાબતમાં સોલિસિટર્સ મને અને તને બન્નેને મૂરખ ઠરાવે! જે બીજી છોકરીને આ ગુપ્તચરે જોઈ છે, તે લગતો સવાલ તો મહત્વનો છે. સિવાય, આને તું તારી દીકરી તરીકે સ્વીકાર્યાની વાત કરે છે; પણ જો બીજી કન્યા લીલા તરીકે પુરવાર થઈ, તો આ કન્યાના કાવતરામાં આપણે બન્ને જણ સામેલ હતા, એવી કાયદાની તકરાર ઉભી થશે. એમાં વસંત પણ સંડોવાશે અને અખિલ તથા જગદીશ પણ! માટે મારી તો સલાહ છે કે, એ કન્યાને શોધવા વસંતને મોકલ; અને આ સન્નારી "લીલા નથી" એ વાત જાહેર કર."

"યદુરાયકાકા, તમે આ છોકરીને ટીકીટીકીને કેટલોયે વખત સુધી જોઈ છે. તમે હૃદયપર હાથ મૂકીને કહી શકો છો કે તે મારી દીકરી નથી?"

"ના. તે તારી દીકરી નથી." યદુરાયે મક્કમ અવાજે કહ્યું.

"શું તમે એમ કહી શકો છો કે, વર્ષો અગાઉ એની માતાને એની સાથે તમે કલકત્તા તરફ મોકલી ન હતી?"

"એ તો રાજીખુશીનો સોદો હતો. હવે એમાં કાંઈ તકરાર ચાલે નહીં. કાયદાની અદાલતમાં પણ તે તારી પાસેથી એક પાઈ પણ માગી શકે નહીં."

"યદુરાયકાકા, કાયદાગેરકાયદાની ભાંજગડ મને નહીં જોઈએ. આ હૃદયનો સવાલ છે."

"તું અવહેવારૂ વાત કરે છે. તારૂં હૃદય કાયદા વિરૂદ્ધ વાતો ઉચ્ચારે, એ ના ચાલે. લીલા બીજી છે. તે જીવે છે. આ લીલા

નથી અને તેથી વસંત સાથે તેનાં લગ્ન નહીં થાય; એટલું જ નહીં પણ એને અહીંથી તારે તાબડતોબ રજા આપી દેવી જોઈશે. તેને હું વસંતનાં લગ્ન વખતે પણ હાજર રહેવા નહીં દઉં."

આ કઠોર શબ્દો સાંભળતાં સમેત વનમાલા બેહોશ થઈને કૉચ પર ઢળી પડી. અખિલ અને વસંત તેની પાસે દોડી ગયા અને તેની સારવાર કરવા લાગ્યા.

સુરેશે કહ્યું: "યદુરાયકાકા, તમે આ અબળાનું હૃદય ભાંગતા અચકાયા, નથી એથી મને દુઃખ થાય છે. આ બિચારીના હૃદય પર તમે કેવો આઘાત કર્યો છે તેનો તમને ખ્યાલ છે? વર્ષો અગાઉ આવી જ રીતે તમે તેની માતાના હૃદયને ભાંગી નાંખ્યું હતું. મેં જે માનસિક નબળાઈ તે વખતે બતાવી હતી તે હવે હું બતાવવા માગતો નથી. તમારું કહેવું હું માન્ય કરીશ નહીં. 'જા' એવું એને મારા મુખથી હું કદાપિ કહી શકું નહીં. એનું સ્થાન અહીં જ છે. મારા સુરેશભુવનમાં જ છે. તમે કાયદાની જે વાત કરો છો તેનો યોગ્ય ઇલાજ થઈ શકશે; કારણ કે, એ મારી દીકરી છે, એમાં શંકા જ નથી. હું સર્વાંતર્યામીની સાક્ષીએ કહું છું કે, એનો સ્વીકાર હું મારી દીકરી તરીકે કરીશ. એની મરનાર માતાને તમારા અને મારા ઉપરાંત જોનાર કોઈ ત્રીજી વ્યક્તિ અહીં હાજર હોત તો ઘણું ઠીક થાત!"

એ વખતે એક વ્યક્તિ તે ખંડમાં આવી અને તેણે કહ્યું: "મેં આપની પુત્રીની માતાને નજરોનજર દીઠેલાં છે."

"કોણ જગદીશ?" સુરેશે કહ્યું: "તેં તેને દીઠી હતી? ઘણું સરસ! ક્યાં દીઠી હતી?"

"કલકત્તામાં એમના મૃત્યુની પહેલી રાતે. એમના મકાનમાં એ બિછાનામાં સુતેલાં હતાં. એમના મુખમાંથી "સુરેશ! આવું પાપ! દયા! દયા! વનમાલાને ખાતર દયા!" એવા શબ્દો નીકળતા મેં સાંભળ્યા હતા."

"સાંભળો છો, યદુરાયકાકા. કલકત્તામાં તમે જેને મોકલેલી તેની દીકરી આ વનમાલા છે. તમે એને લગ્નથી મારી સાથે

જોડાવા ના દીધી, એ પાપ હતું, એમ મરતી વખતે પણ તે બોલી હતી. વનમાલાને પુત્રી તરીકે સ્વીકારવાની તેણે દયા માગી હતી. બસ, મારો નિર્ણય હવે નહીં ફરે." સુરેશે રમતારામ તરફ જોઇને કહ્યું: "જા, જાસુસ, તારૂં કામ પૂરૂં થયું. આ વનમાલા હોય કે લીલા હોય તે સાથે તને કે મારા સોલિસિટર્સને કાંઈ સંબંધ નથી. એ મારી દીકરી છે. અને મારી પાસે જ રહેશે."

"પણ...જાગીરદાર સાહેબ..."

"જા, તું જાય છે કે નહીં ?"

તે ગયો એટલે સુરેશે પૂછ્યું: "હવે કહે કે, જે કન્યાને તું, અખિલ અને વસંત ઓળખો છો અને જેનું મેં મારી મરનાર પત્ની જેવું છે એમ મને કહેવાયાં આવે છે તે ક્યાં છે ?"

જગદીશ કાંઈ જવાબ દેવા જાય એટલામાં રમતારામે પુનઃ પ્રવેશ કર્યો અને નાચતોકૂદતો તે બોલવા લાગ્યો: "આ રહ્યાં, લીલા જાગીરદાર આ રહ્યાં !"

ખરે જ, સૌનું ધ્યાન દીવાનખંડના પ્રવેશદ્વાર તરફ ગયું તો તેમાં શ્વેતવસ્ત્રધારિણી એક કન્યાને તેઓએ ઉભેલી જોઈ. તે ભાગીરથી હતી. તે બીકણપણે ઉભી હતી. તેના મુખપર ક્ષોભના ભાવ દેખાતા હતા. તે ઉંબરામાંથી આગળ આવવા હિંમત કરી શકતી નહતી.

વનમાલાએ નાચતાકૂદતા રમતારામના બુમબરાડા સાંભળ્યા અને કૌચમાંથી ઉંચું મુખ કરીને તેણે પ્રવેશદ્વાર તરફ જોયું. તેની અને ભાગીરથીની નજર એક થઇ. અને જેમ એક હરિણી ફાળ ભરીને દોડે તેમ ભાગીરથી વનમાલા પાસે દોડી ગઈ. તેના કંઠને પોતાના ઉભય બાહુપાશથી ઘેરી લઇને તે બોલી: "બહેન ! બહેન ! તમે મને ઓળખીને ? તમે મને ભૂલી ગયાં નથી ને ? તમે તો મારો પ્રાણ બચાવ્યો હતો ! તમારો ઉપકાર હું કેમ ભૂલી શકું ?" અને તેણે અત્યંત વહાલથી વનમાલાના વદનસરોજ પર ચૂમીઓ પર ચૂમીઓ લીધી.

સુરેશ આ દૃશ્ય અનિમિષ નયને નિહાળી રહ્યો. વસંત, જગદીશ અને અખિલ પણ ત્યાં ઉભા ઉભા આ સરળ બાળાની સરળતા પર ચકિત થતા રહ્યા. રમતારામ તો અનહદ ખુશાલીમાં આવી જઈને હસતો હસતો આ દૃશ્ય જોઇ રહ્યો.

વનમાલા, ભાગીરથીના સવાલોના જવાબમાં એક પણ હરફ ઉચ્ચારી શકી નહીં. તે દિગ્મૂઢ બની ગઇ હતી. વસંતે સુરેશ પાસે જઈને કહ્યું: "આપની પરવાનગી હોય તો, વાસંતીદેવીની તસ્વીર હું અહીં લાવું."

"નહીં. આ બાબતમાં હવે કોઇજ મુકાબલાઓની કે કોઈ જ જુની તવારિખોની જરૂર નથી. આ પણ મારી પુત્રી છે. એ પણ મારી પુત્રી છે. મારૂં તો, એ ખુશનસિબ છે કે, એક સાથે મને મારી બે ગુમ થયેલી પુત્રીઓ મળી! યુવકો!" તેણે વસંત, અખિલ અને જગદીશને ઉદ્દેશીને કહ્યું: "મારા જેવો ભાગ્યશાળી કોઈજ નહીં હોય. મારે હર્ષને લીધે હસવું કે રોવું એની મને સમજ પડતી નથી. આ બન્ને પુત્રીઓની માતાઓને મેં અન્યાય કર્યો હતો. મારી પ્રકૃતિ તે માટે જવાબદાર છે. પણ મને તે બન્નેનાં ઋણ અદા કરવાનો મોકો આજ ઘણે વર્ષે મળ્યો છે. સારે નસિબે તેઓ બન્ને એક બીજાથી પરિચિત છે. તેઓ વચ્ચે બહેનોનો સાચો પ્રેમ છે. આવો, બન્ને પુત્રીઓ, મારી પાસે આવો."

ભાગીરથી હર્ષઘેલી બની ગઇ. તે પિતાની ગોદમાં સમાવા ઇચ્છતી હતી તેથી વનમાલા કરતાં વહેલી સુરેશ તરફ જવા લાગી. સુરેશે હાથ લાંબા કર્યા પણ અચાનક જ તેનાથી દુઃખનો ચિત્કાર પાડી જવાયો. તે આંચકા સમેત કૉચમાં ઢળી પડયો. તેણે ડોળા ફટારી દીધા. તેનું મુખ પહોળું થઈ ગયું. તે જડ લાકડા જેવો બની ગયો.

અખિલે ભાગીરથીને અને વનમાલાને એક બાજુએ ખસેડી લીધી.

સૌ સુરેશની આસપાસ ટોળે મળ્યા. હૃદય બંધ પડવાથી તેનો આત્મા દેહપિંજર છોડીને ચાલ્યો ગયો હતો!

પ્રકરણ ૩૭

ચૂપકીદીની ખરીદી

અતિ હર્ષને પરિણામે સુરેશભુવનના માલિકનો પ્રાણ ચાલ્યો ગયો તેને બીજે દિન જગદીશ પ્રાતઃકાલમાં ખંડિયેર આગળ પહોંચ્યો. બહારથી નજર કરતાં તેણે જોયું કે, રમતારામ એક 'ફુલ્સકેપ' કાગળ ઉપર કોઈક અરજી લખવામાં રોકાઇ ગયેલો હતો. બહુજ સાવધાનીથી ધીમે પગલે તે તેની નજદીક ગયો. અને પાછળથી ઉભો રહીને તે અરજીનો મજકુર વાંચવા લાગ્યો. એને ખ્યાલ આવી ગયો કે, આ માણસ બડો જીદ્દી છે. વનમાલાને પૂરેપૂરી બેઆબરૂ કરવા માટે તે મુંબાઈના પોલિસ કમિશનર ઉપર અરજી લખતો હતો અને પોતાનો પરિચય અને પોતાની અત્યાર સુધીની કામગિરી રજુ કરીને તે વૉરંટની માગણી કરતો હતો.

જગદીશે પાછળ ઉભે ઉભે પોતાનો હાથ લંબાવીને એ કાગળની એક કિનાર પકડી અને તે ખેંચ્યો. કાગળમાં ચિરાડો પડયો. રમતારામે આશ્ચર્યસમેત મોં પાછું વાળીને જોયું અને કહ્યું: "વાહ ભઇ! આ શું કરો છો?"

"તારો ઇરાદો ઉંધો વાળું છું!" જગદીશે હસીને કહ્યું અને અને પોતાના હાથમાં આવેલા કટકાના ફાડીને કટકા કરી નાંખ્યા.

"મારા સાહેબ, તમે ગુનો ઢાંકવા માગો છો. એ કેમ ચાલે? તમેજ કહો કે, મરનાર ગણાએલી બાઈએ જાગીરદારની દીકરીનો સ્વાંગ લીધો નહતો? ખોટા ચેકો પર તેના નામે સહી કરી નહતી? એવા ગુનાઓ જો જતા કરવામાં આવે તો દુનિયામાં અસત્યનું જોર વધી ના જાય?"

"પણ મરનાર જાગીરદારે નહોતું કહ્યું કે, તે મારી દીકરી છે? તેને તે નામ વાપરવા અને ચેકોમાં સહી કરવા તેમણે સત્તા આપી નહતી?"

"મરનારનું ભૂંડું બોલવું એ પાપ છે; પણ મારે કહેવું જોઈએ કે, તેમણે જાણી બુઝીને ગુનાનો ઢાંકપિછોડો કર્યો હતો."

"કારણ કે, તે તેની દીકરી હતી. રમતારામ! તેં શીખ્યું છે તે કરતાં હું વિશેષ જાણું છું. કોઈપણ આબરૂદાર માણસ પોતાની એબ ખુલ્લી થવા દે નહીં. સત્યની પૂછડી તો તુંયે નથી. હુંયે નથી અને દુનિયામાં કોઈ જ નથી. પ્રત્યેકનાં જીવનમાં, પેલી અંગ્રેજી કહેવત મુજબ, 'કબાટમાં હાડપિંજર હોય છે!' સમજી જા, કે, મરનાર જાગીરદારે એ રીતે પોતાની એક દીકરીને ન્યાય આપ્યો છે. બીજીને પણ હવે તેમણે ન્યાય આપ્યો છે. બસ. હવે કાંઈ ગુનો રહેતો નથી."

"પણ, મારા બાપ! મારી તો બધીયે ફી જતી રહી, તેનું શું? મરનારના સોલિસિટરોએ મારા અઢીસો નથી આપ્યા. પેલી બાઈ પાસેથી પણ......" તેણે પોતાનું મોં દાબી દીધું.

"પેલી બાઈ એટલે રોજ તું જેને મળતો હતો તે ઈલાને?"

"ના. ના. એ નહીં. બીજી...શું એનું નામ?...હું ભૂલી ગયો..." અને તે યાદ કરતો હોય તેમ હડપચી પર આંગળી મૂકી રહ્યો.

"નામ ગયું ખાડમાં, સમજ્યો?" જગદીશે સહેજ કડકસ્વરે કહ્યું: "તું એમ માનતો હોઈશ કે, તારાં અહીંનાં કારસ્થાન કોઈએ દીઠાં નથી, તો તારી એ ભૂલ થાય છે. તેં ઈલા પાસે લીલાના કબાટમાંથી નોંધપોથીની ચોરી કરાવી હતી! તેં ઈલા પાસેથી લીલાના હસ્તાક્ષરની ચિઠ્ઠી મેળવી હતી! તું લીલાને વાસંતી દેવીની માથામાં નાંખવાની ચાક ચોરી લાવીને આપી ગયો હતો!......"

"તમે ભાઇસા'બ, આ બધું શું કહો છો ?"

"તું જાણે નહીં એવી રીતે મેં તારી પૂંઠ પકડીને તને આ બધી ગડમથલ કરતો દીઠો છે ! તું એક ગુપ્તચર છે તો હું દોઢ ગુપ્તચર છું, સમજ્યો ?"

રમતારામ આશ્ચર્યચકિત થતો તેના સામે જોઇ રહ્યો. જગદીશે કહ્યું: "એ ખાનદાન છોકરીની પાસે આવાં મૂર્ખાઈભરેલાં કામ તેં કેવળ મૃગજળ લેવા માટે કરાવ્યાં, એ ગુપ્તચરને છાજતું નહતું. ગુપ્તચર પણ અમુક નિયમનથી બંધાયલો હોય છે. એના પોતાનાથી કોઈ ગુનો થઈ શકે નહીં. કોઈ ગુનાનો તે સાગરીત બની શકે નહીં; અને..."

"હવે એ બધી પરડ મેલશો, મારા મહેરબાન ? તમારો ઉદ્દેશ શો છે, એ તો કહો ?"

"મારો ઉદ્દેશ ?" અને જગદીશે પોતાના ખિસ્સામાંથી એક પાકીટ કાઢ્યું. તેમાંથી હજાર રૂ. ની નોટોનો એક થોકડો કાઢીને તેણે રમતારામ સામે ધર્યો અને કહ્યું: "આ લે. પહેલાં ટ્રેનમાં બેસીને અહીંથી ચાલ્યો જા. ફરી કોઈવાર વનમાલા, લીલા કે ઇલાનું નામ તારે દેવું નહીં. અહીં જ આ બાબત દાબી દેવી."

"મને શું આપ લાંચ આપવા માગો છો ? મારી ચૂપકીદી ખરીદી લેવા માગો છો ? હું નોટો લેવા ના પાડું છું !"

"તું ના પાડે છે ?" ઘણાજ ક્રોધભર્યા ભાવથી જગદીશ તેના સામે જોઇ રહ્યો.

"એટલા જ માટે હું ના પાડું છું કે, મારો કેસ મજબુત છે. મને તેથી મોટી કીર્તિ મળે તેમ છે. છાપાંમાં મોટાં બીબાંથી આ પોલંપોલનાં મથાળાં છપાશે. લોક આતુરતાથી તે વાંચશે અને રમતારામનું નામ સર્વને હોઠે ચઢી જશે. જાઓ મારા સાહેબ, તમે બીજીવાર બીજી કોઈ ભલામણ કરજો. તમારૂં કામ કરી આપીશ. મને ફરજ બજાવતો ના રોકો."

"ફરજ? તેં હજી વૉરંટ મેળવ્યું નથી. તું હજી તો હોળી સળગાવવાનો છે. તેં જે લાકડાં અને સળગી ઉઠે એવા પદાર્થો ભેગા કર્યાં છે, તેનો પાયો સત્યના આધાર પર નથી. તારા પગ પણ ભીના છે. એક ખાનદાન બાળાને તેં લગ્ન કરાવવાની લાલચ આપી છે પણ તે કદી પૂરી પડે એમ નથી. તારો દ્રોહ ખુલ્લો થશે ત્યારે તેનું હૃદય ભાંગી જશે અને તેણે તારાં કામમાં કરેલી હલકટ મદદની વાત ખુલ્લી થતાં તે બિચારી બદનામી મેળવશે અને પોસ પોસ આંસુએ રોશે. એના કરતાં બહેતર છે કે, મારી વાત માની જા..."

તે સહેજ વિચાર કરવા લાગ્યો એટલે જગદીશે પોતાન પાકીટમાંથી પાંચસોનો એક વધુ થોકડો કાઢીને કહ્યું: "સાંભળ. ત્રણ પક્ષ તરફથી તને દરેકના અઢીસો મળવાના હતા. હું તેનાથી બેવડા દામ આપું છું, આ પંદરસોની નોટો લે અને ચાલ્યો જા..."

તે ઘડીકમાં નોટો તરફ તો ઘડીકમાં જગદીશ તરફ જોવા લાગ્યો. જગદીશે આગળ કહ્યું: "અને જો હવે 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે ત્યારે તું મોઢું ધોવા જઈશ' તો હું ગૃહસ્થ–ગુંડો બનીશ. આ એક એકાંત ખંડિયેર છે. મવાલીઓનું રહેઠાણ છે; અહીં મવાલીઓ જ મળે છે, અને તેઓ છરી ચપ્પાં..."

"મેલો ને ભાઈસા'બ એ બધું પીંજણ?" રમતારામે કહ્યું: "તમે પંદરસો આપવાના હતા, એ પહેલેથી કહ્યું હોત તો હું તમારી વાત ક્યારનો માની ગયો હોત!" અને તેણે ચલણી નોટો પર હાથ મૂક્યો.

"મારી શરતો ખ્યાલમાં છે ને?" જગદીશે કહ્યું.

"ચાહે તો મને આપ સ્ટેશને મેલી જજો! પછી તો વાંધો નથી, મારા મહેરબાન!" તે હસતાં હસતાં બોલ્યો. જગદીશે નોટો પરનું દબાણ ઓછું કર્યું. રમતારામે તે સરકાવી લીધી; ગણી

જોઇ અને કહ્યું: "આપનું કલ્યાણ થજો અને મારો આશીર્વાદ છે કે, વનમાલા સાથે આપનું લગ્ન થજો..."

"ચલ, જા અહીંથી, ગાંડા !..."

"મેં મંદિર આગળ આપને તેની સાથે પ્રેમ કરતા એક રાતે દીઠા'તા. મારા સાહેબ ! આપનું અને તેનું જુગતે જોડું છે. એ શ્રીમતીને ખેલમાં ઉતરેલાં પણ મેં દીઠેલાં અને ત્યારે આપના અને એમના કામથી મારા પૈસા વસૂલ થયેલા. આપનું કુશળ થાઓ..."

"તારાં ગાંસડાં પોટલાં અહીંથી ઉઠાવે છે કે નહીં, ચલ !" એમ કહેતાં જગદીશ પેલી પોલિસ કમિશનરની અરજીનો બાકી રહેલો ટુકડો ઉઠાવીને તેના ચિરાડા કર્યા અને રમતારામ પોતાની વસ્તુઓ એક ઝોળીમાં ભરીને ત્યાંથી વિદાય થયો તે બાદ જ તે ખંડિયેરમાંથી બહાર નીકળ્યો.

× × × ×

જગદીશે એક કાંટો દૂર કર્યો અને તેથી ચિત્તની કાંઈક શાંતિ અનુભવીને તે, સુરેશભુવન તરફ ગયો. બાગમાં વસંત એક મૂડા પર ચિંતાતુર મુખે બેઠેલો હતો. જગદીશ તેની પાસે ગયો અને નમસ્કાર કરીને બોલ્યો: "સુરેશકાકાના ઓચિંતા અવસાને તમારા હૃદયને સખ્ત આઘાત કર્યો છે, એ હું કલ્પી શકું છું. પરંતુ, માનવીના હાથની એ વાત નથી..."

"ભાઈ જગદીશ !" વસંતે કરુણાર્દ્ર સ્વરે કહ્યું: "હું તમારી સાથે એક બે વાત કરવા ઇચ્છતો હતો. તમને હમણાં ફુરસદ છે ?"

જગદીશ તેની સાથે એક બીજા મૂડા પર બેઠો અને બોલ્યો: "કહો, મને ઘણી ફુરસદ છે."

"તમે જાણો છો કે, મેં લીલા સાથે લગ્ન કરવાનું વચન મેળવ્યું હતું."

"હવે નામોના છબરડા ના થાય તે માટે ભાગીરથી અને વનમાલા નામોથી વાત કરીએ."

"એ સૂચના બરાબર છે. હું અપાર મુંઝવણમાં પડયો છું. આજ સુધી પિતાજી વનમાલા સાથે મારાં લગ્ન થાય એમ ઇચ્છતા હતા. હવે ભાગીરથી આવી એટલે તેની સાથે લગ્નની જીદ લઈ બેઠા છે. મારા પ્રશ્ન છે કે, વચન કયાં ગયું? કરાર કયાં ગયો?..."

"તમે તમારા પિતાજી સાથે નવેસરથી આ વાત કરી જોઈ?"

"હા. એક કલાક ઉપર તેમણેજ એ વાતના ઉલ્લેખ કર્યો. તેમણે મને બોલાવીને કહ્યું કે, ત્રણ માસ બાદ તારૂં લગ્ન હવે સાચી લીલા કે જે વાસંતીદેવીની દીકરી છે તેની સાથે થશે."

"તમે એમને કાંઈ કહ્યું?"

"હા. મેં સ્પષ્ટ કહી દીધું કે, એ નહીં બને."

"તમે કારણો શાં આપ્યાં?"

"વચન! સુરેશકાકાએ અને મારા પિતાજીએ જે વ્યક્તિ સાથે મારૂં લગ્ન કરવા પરસ્પર વચન આપ્યાં હતાં, જે વચનમાં હું પણ સામેલ હતો, તે હવે શાં રીતે તોડાય? પિતાજી આગળ મેં આ મુદ્દો રજુ કર્યો એટલે તેમણે કહ્યું: 'વચન લીલા સાથે લગ્નનું છે અને તે પાર પાડવાનું છે. એમાં વ્યક્તિઓના પ્રશ્ન નથી' પણ..."

"તેઓના દૃષ્ટિબિન્દુથી જોતાં, તેમનું કહેવું વાજબી છે..."

"જગદીશ! તમે પણ આવું કહો છો?"

"હું તો એક બીજું દૃષ્ટિબિન્દુ તમારી આગળ મૂકું છું. તમે અંતઃકરણથી ભાગીરથીને ચાહો છો......"

"કોણે કહ્યું?"

જગદીશ હસ્યો: "પ્રેમ કદી ઢાંકયો રહેતો નથી." તે સહેજ વાર થોભ્યો અને પછી બોલ્યો: "બીજી હકીકત એ છે કે, હું તમારા કરતાંયે ઘણો વહેલો વનમાલાને ચાહું છું." વસંત તેના

તરફ ટગર ટગર જોઈ રહ્યો. જગદીશે આગળ ચલાવ્યું: "તમે વચનને ખાતર જો વનમાલા સાથે લગ્ન કરો તો તે કેવળ દેહલગ્ન હશે–પ્રેમલગ્ન નહીં હોય. તમે તેના દેહ કરતાં તેના આત્માને જીતી શકો તો ઘણું ઉત્તમ; પણ તે માટે હજી તમારે બારાખડીથી શરૂઆત કરવાની છે. એથી ઉલ્ટું, ભાગીરથીના આત્માને તમે જીતી શક્યા છો..."

"જગદીશ ! તમારા દૃષ્ટિબિન્દુથી જોતાં, મને નવો ઉજાસ મળ્યો. આપણે એ યુગમાં વસીએ છીએ જેમાં આત્માના અવાજની કીંમત છે. વનમાલાનો પ્રેમ તમારા ઉપર હતો, એમ હું ઘણા વખતથી નિહાળી શકયો છું..."

"બસ, તો હવે સ્પષ્ટતા કરી લઈએ. વનમાલા મારી. ભાગીરથી ઉર્ફે સાચી લીલા તમારી." જગદીશ ઉભો થયો અને પોતાનો હાથ લંબાવીને બોલ્યો: "આવો, આપણે હાથેહાથ મેળવીએ. આજથી આપણે એક બીજાના પરમ મિત્રો બનીએ છીએ. આપણા હૃદયમાં એક બીજા વિષે કશોજ કચવાટ રહેતો નથી. તમે ઈચ્છયું છે તે તમને; અને મેં ઈચ્છયું છે તે મને મળ્યું છે......"

બંગલામાંથી એ વખતે અખિલહાંફળો ફાંફળો આવતો દેખાયો. તેની પાછળ વનમાલાની નોકરડી રાધા હતી. જગદીશે અખિલને પૂછયું: "કેમ, શું થયું ?"

"તમે વનમાલાને દીઠી ?" અખિલે સામો સવાલ કર્યો.

"એમના ખંડનાં બારણાં અત્યાર સુધી બંધ હતાં. મેં તેમના ઉઠવાની રાહ જોઈને છેક હમણાંજ તે ખખડાવ્યાં, ત્યારે તે ખુલ્લી ગયાં. પણ જોઉં છું તો, બાસાહેબ તેમાં નહતાં ! અખિલ શેઠ તેજ વખતે ત્યાં આવ્યા: અમે બન્નેએ તપાસ કરી. ઘરમાંયે બધે શોધાશોધ કરી પણ તેઓ કયાંયે નથી !" રાધા બોલી.

"નથી ? તો શું તે સ્વમાનિની ચાલી ગઈ ?" જગદીશ બોલ્યો. અને બીજી કાંઇ વધુ પૂછપરછ ના કરતાં તે ગાડીઓના

તબેલા તરફ દોડયો. થોડીવારે તે એક ગાડીમાં બેસીને આવ્યો. વસંત અને અખિલ, ગાડી પાસે ગયા. જગદીશે કહ્યું: "પાછલી રાતના ચારેક વાગ્યાને શુમારે એક ગાડી જોડાવીને તે ગઈ છે. મીઠો નામનો તે ગાડીનો ગાડીવાન કહે છે કે, તેણે જીદ્દ કરી હતી. કોઈ ને જગાડવાની ના કહી હતી. જોઈએ તો, પાંચસો રૂપીઆ આપવા માગણી કરી હતી. તેની એટલી બધી તાલાવેલી જોઈને મીઠાએ ગાડી જોડી આપી હતી. તેની સાથે જવા તેણે વિનતિ કરી હતી પણ તેણે ના પાડી હતી. હું તેને શોધવા જાઉં છું."

"તમે તેને શોધવા કયાં જશો ?" વસંતે પૂછ્યું.

"આકાશ પાતાળ કે પછી જ્યાં જવાશે ત્યાં જઈશ." અને એમ કહીને જગદીશે ગાડી હાંકી મૂકી.

અખિલે વસંતને કહ્યું: "એનો પ્રેમ વનમાલા પ્રત્યે અથાગ છે. મિત્ર ! તું માઠું ના લગાડીશ પણ મને લાગે છે કે, સુરેશકાકાના મૃત્યુ પહેલાં તારા પિતાએ તેના દેખતાં જે અવિચારી વેણ ઉચ્ચાર્યા હતાં તે પછી કોઇ સ્વમાનશીલ સન્નારી અહીં ના રહે."

"મેં મારા પિતાજીને એ બદલ બહુ જ સાફ સાફ શબ્દોમાં સુણાવી દીધું છે કે, તમારે એ શબ્દો માટે વનમાલા આગળ દિલગીરી જાહેર કરવી જોઈશે; અને એમને હવે જ મનમાં પશ્ચાત્તાપ થશે કે, એવાં કઠોર વેણ કહેવામાં તેમણે મોટી ભૂલ કરી હતી."

"પણ મને તો ભય છે કે, એમને વનમાલા કુવોહવાડો ગોઝારો કરી બેસશે તો ?"

"આપણા યુગનાં યુવકયુવતીઓનાં દિલ ચંચળ હોય છે; તેથી જ મિત્ર ! તારો એ ભય ખોટો નથી. જગદીશ એવી કોઈ શંકાથી જ ગયો લાગે છે. આપણે પણ બીજી દિશાઓમાં તપાસે જઈશું ?"

"મને તો આપણી એ ફરજ લાગે છે." અને એ બન્ને જણ વસંતને ઘેરથી વસંતની ગાડી જોડાવીને નીકળી પડયા.

●

પ્રકરણ ૩૮

●

અમર પ્રેમ

●

સમયદેવ કૂચ કરતાં કોઈને માટે થોભતો નથી. વનમાલા જે દિવસે ગુમ થઈ તે દિવસથી લગભગ છ માસ વીતી ગયા, છતાંપણ કોઈને તેનો પત્તો લાગ્યો નહીં. અમૃતનગરનાં લોકવૃન્દ એ દરમ્યાન ઉદાસ રહ્યાં. તેઓ વનમાલા કે લીલાનો ભેદ જાણતાં નહતાં. પણ વનમાલાને 'મોટી લીલા બહેન' અને લીલાને 'નાની લીલા બહેન' કહેતાં હતાં. તેઓ સૌ એટલુંજ જાણતાં હતાં કે, એકસરખા ચહેરાની એ બહેનો અગાઉ ગુમ થઈ હતી તે એક પછી એક જાગીરદારને મળી હતી. લોકોને મોટી લીલા બહેન હમેશાં યાદ આવતી; કારણ કે, તે તેઓનાં મકાનોમાં જઈ તેમને સહાય કરતી. તેમની નિરાશામાં આશાનો સંચાર કરતી. તેમનાં દુઃખે દુઃખી થતી અને તેમને સુખી કરતી ત્યારે જંપતી.

મોટી લીલા બહેનની યાદ સુરેશભુવનના નોકરો પણ વિસરી શકતા ન હતા. તે સુરેશભુવનનો પ્રાણ હતી. નોકરોને તે હમેશાં માયાલુતાથી કામકાજ બતાવતી. તેઓને તે કંઈને કંઈ કામમાં રોકાયલાં રાખતી, પણ તેથી તેઓને કંટાળો નહોતો આવતો, કેમકે તેઓ જાણતા હતા કે, એ કામ બતાવનારનો આત્મા મહોબતવંતો છે.

ચોમેર છવાયલી આ ઉદાસીનતાનો ભાસ વૃદ્ધ યદુરાયને થયો. જેને અહીંથી કાઢી મૂકવાની સલાહ એણે મર્હુમ સુરેશરાયને આપી હતી તેણે તો અહીંના લોક–સમૂહના હૃદયમાં વાસ કરેલો છે; એમનાં અંતઃકરણ જીતી લીધેલાં છે અને એની ગેરહાજરી લોકને ખૂબ સાલે છે, એવું તે નિહાળી શક્યો. એને જ્યારે આ વસ્તુ-

સ્થિતિ સમજાઈ ત્યારે એની પાસે એનું પશ્ચાત્તાપથી પીગળેલું હૃદય ખુલ્લું કરવા કોઇ જ નહતું; કારણ કે, વસંત અને અખિલ પણ વનમાલાને શોધવા ગયા હતા તે પાછા ફર્યા નહતા. તેઓ ગામે-ગામ, શહેરેશહેર, અને વનજંગલ ખૂંદી વળતા હતા. તેઓના પત્રો યદુરાય પર આવતા અને તેઓ આગેકૂચ કરી રહ્યા છે એમ તે ઉપરથી તે જાણતો. પણ ઘણીવાર તેના જવાબો તેઓને વખતસર મળતા નહીં. તેઓ મથુરા હોય અને ત્યાં યદુરાય જવાબ લખે તો તેઓ તે વેળા મદુરા જવા ઉપડી ગયા હોય.

યદુરાય એકલો પડી ગયો. તે કોઈકવાર ભાગીરથી પાસે જતો પણ તે યે "મોટી બ્હેન ક્યારે આવશે ?" એ પ્રશ્ન કરતી અને વનમાલાની યાદ તેના અંતઃકરણમાં જાગૃત કરતી. યદુરાય અકળાઈ ઉઠતો. એના ચિત્તની સ્વસ્થતા ખોઈ બેસતો. તે વસંતને પાછો બોલાવવા બહુ ઈચ્છતો પણ વસંતનો ઠપકો તેને યાદ આવતો અને તે થંભી જતો. વસંતના દેખતાં વનમાલાનું થયેલું અપમાન વસંતને ગમ્યું નહતું. વસંતને વનમાલા સાથે લગ્ન નહીં કરવા યદુરાયે કહ્યું હતું ત્યારે તેણે જીદ પકડીને 'વચન ન ફરે' એમ કહ્યું હતું. વસંતને અને જગદીશને તે પછી થયેલી વાતચીત વિષે યદુરાયને જાણ કરવાનો વસંતને મોકો મળ્યો ન હતો; અને પત્રોમાં તો લગ્ન સંબંધી તે કશો ઉલ્લેખ જ કરતો ન હતો. યદુરાય અકળાતો કે, "એ છોકરો માનશે કે નહીં ?" અને અદ્ધર રહેલા એ પ્રશ્નમાં ખાત્રીભેર ભાગીરથી આગળ પણ તે કશું કહી શકતો નહીં.

સમય વહ્યો અને એણે એની મનોયાતનામાં જ પોતાનો દેહ છોડયો. બે દિવસ તેને સખ્ત તાવ આવ્યો. ડાકટરી સારવાર છતાં યે જીવ્યો નહીં. વસંત તે વખતે કલકત્તા હતો. ત્યાં તેને તાર કરવામાં આવ્યો પણ તાર 'સદરહુ ઈસમનો પત્તો નથી' એવા શેરા સાથે પાછો આવ્યો.

ભાગીરથીને સુરેશભુવનમાં હવે ગમ્યું નહીં. એ આલીશાન મહેલ તેને ખાવા ધાતો હતો. મોટી બહેન નહતાં. વસંતરાય નહતા; કે બીજું કોઇ સરખી ઉંમરનુંયે તેનું સાથી નહતું. રામદાસ શેઠનું કુટુંબ હવે અમૃતનગરમાં વધુ વખત 'હવા ખાવા માટે' થોભી શક્યું નહતું. ઈન્દ્રાની તબિયત અહીં ખરાબ થવા માંડી હતી; એટલે તેઓ પુનઃ મુંબાઇ જતાં રહ્યાં હતાં. ભાગીરથી સુન્દરગામમાં ગઈ. તે હરિમતિ માની ઝૂંપડીમાં પુનઃ વસવા લાગી. પણ હવે તે લીલા જાગીરદાર હતી, એથી મા તેને ઘણું માન આપતી.

× × × ×

જગદીશ છ માસ સુધી ખૂબ સ્થલોએ રખડયો હતો. વનમાલાની ખૂબ તજવીજ કરી ચૂક્યો હતો પણ એને નિરાશા મળી હતી. એમ છતાં, એ હિંમત હાર્યો નહતો. જે નગરોમાં તે ગયો નહતો ત્યાં જઇને શોધખોળ ચાલુ રાખવા તેણે ઠરાવ કર્યો હતો.

એક દિન તે પ્રયાગમાં હતો તેવામાં તેને ટપાલમાં એક પત્ર મળ્યો; "શેઠજી, આપ જેને શોધો છો તે બનારસમાં શ્રી કાશી વિશ્વનાથના મંદિરમાં છે." લખનારનું નામ નહોતું. તેમ સંબોધનમાં પણ નામ હતું. અથવા કોના વિષે લખવામાં આવ્યું છે તેનો સ્ફોટ પણ તેમાંથી થતો નહતો. જગદીશને હસ્તાક્ષર પરિચિત લાગ્યા. પણ કોના હતા, એ સંબંધી તે ખ્યાલ કરી શકયો નહીં.

તે બનારસ ઉપડયો. શ્રીકાશીવિશ્વનાથના મંદિરમાં જતાં અનેક ભક્તજનોની ભીડમાં તે વનમાલાને શોધવા લાગ્યો. આમ તેમ તપાસ કરતાં આખરે એક ખૂણામાં તેણે એક યોગિની નિહાળી. ભગવાં વસ્ત્રમાં સજ્જ થયેલી, એ યોગિનીએ પોતાના મુખ પર રાખ ચોળેલી હતી; કંઠમાં રૂદ્રાક્ષની માળા પહેરેલી હતી અને હાથમાંની એક માળા આંખો મીંચીને તે ફેરવતી હતી.

" કર્મ ધુપે નહિ ભભૂત લગાયો." એ તરુણ યોગિનીને જગદીશ પિછાની ગયો.

એજ વનમાલા હતી. તેને હર્ષ થયો. તે ધીમે પગલે તેની પાસે ગયો અને તેની સામે બેસીને બોલ્યોઃ " નમસ્તે, દેવી યોગિની !"

એણે આંખો ઉઘાડી, જગદીશ પર નજર પડતાં તે બોલીઃ " તમે અહીં ? શા વાસ્તે ? "

" તેજ ત્યાં છાયા " જગદીશે જવાબ દીધો.

" પણ મને સંસારમાં વાસના નથી. "

" શા માટે ? "

" સંસાર આપત્તિ છે. શ્રી ભગવાનનું સાન્નિધ્ય સુખકર છે."

" વનમાલા ! તમને તમારી ઉગતી જુવાનીમાં આવું બોલતાં હું ન સાંભળી શકું. સંસાર કોને આપત્તિ છે ? જે આપત્તિ માને તેને. સંસારને જે પ્રેમમય જુએ છે, તે સંસારનો પ્રેમ પામે છે. એકવાર તમે સંસાર તરફ પ્રેમદૃષ્ટિથી જુઓ. મારૂં કહેવું સાચું લાગશે. "

" જગદીશ ! પ્રેમનો પંથ ઠોકરોથી ભરપૂર છે. કઠોર જગત સાચા પ્રેમને ફાવવા દેતો નથી. "

" કોણે કહ્યું ? છ–છ માસથી હું શહેરે શહેર ફરીને આખરે મારા પ્રેમદેવતાની સાન્નિધ્યમાં આવી લાગ્યો છું. મારાં ધન્યભાગ્ય છે કે, શ્રી ભગવાનની સાક્ષીએ હું મારાં સાચા પ્રેમની વાત સુણાવી શકું છું. વનમાલા ! તમે આ વેષ છોડી દો. તમે જેવાં છો તેવાં મારાં આરાધ્યદેવી છો.

" જગદીશ ! એમ ન કહો. " તે ગદ્‌ગદ્ કંઠે બોલીઃ " ક્યાં નરરત્ન સમા તમે; અને ક્યાં હું છળકપટ આચરવારી ! તમારે યોગ્ય થવા માટે તો મારે હજી વધુ તપ કરવું જોઈએ ! "

"તપ ? મેં કદી તમારી પાસે તપ માંગ્યું નથી. મેં કદી તમને અયોગ્ય વેણુ કહ્યાં નથી; કે ભૂતકાળની કોઇ ભૂલની યાદ સુદ્ધાંત દેવરાવી નથી. મને આ મૂર્ત્તિ જેવી છે તેવી જોઇએ."

"જગદીશ ! તમે સાચું કહો છો. તમારી આ સચ્ચાઈ તમારી સાથેના પ્રથમમિલન વખતે મેં તમારી આંખમાં નિહાળી હતી. હું તેજ [redacted]ીએથી તમને ચહાતી રહી છું. આખરે હું હારી. તમારી દૃઢતા [redacted]ામારી જીત......"

અને એજ વખતે મંદિરમાં આરતિ થવા લાગી. ઘંટાનાદ સાંભળીને વનમાલા બોલીઃ "જુઓ, મારૂં કથન સાચું ઠર્યું !" અને એ ઉઠીને ઉભી થઈ. "આવો, આપણે એક સાથે ભગવાનને વંદના કરીએ." જગદીશ બોલ્યો.

આરતિ પછી તેઓ મંદિરમાંથી વિદાય થતાં હતાં ત્યાં કોઇકે પાછળથી તેમના બન્નેના કંઠમાં પુલમાળાઓ આરોપી. બન્નેએ મોં પાછું વાળીને જોયું. રમતારામ નમસ્કાર કરતો હસતો હસતો ઉભો હતો.

"પાછો તું અહીં દેખાયો ?" જગદીશે પૂછ્યું.

"શેઠજી, આપના હૃદયના ચોરને શોધવામાં આપ સફળ થયા તેની મુબારકબાદી દેવા આવ્યો છું." રમતારામ બોલ્યો.

હવે જગદીશના ખ્યાલમાં આવી ગયું કે, યોગિનીનો પત્તો આપનારી ચિઠ્ઠી કોણે લખી હતી. રમતારામે આ એક વધારાની સુંદર સેવા બજાવી હતી. જગદીશે તેને સો રૂપીઆ આપીને ખુશ કર્યો.

× × × ×

પુનઃ એક વાર ફરીથી સુરેશભુવન આનંદથી ગાજીવાજી રહ્યું. તેની રોશનીનો ભપકો દૂર દૂર સુધી દેખાતો હતો અને સેંકડો

મહેમાનો તે સ્થળે આવ્યાં હતાં. ગરીબોની હારકતાર ત્યાં ભોજન લેવા બેસી ગઈ હતી.

મર્હૂમ જાગીરદારની બે પુત્રીઓનાં લગ્નનો એ મંગલ પ્રસંગ હતો. જગદીશ વનમાલા સાથે અને વસંત લીલા સાથે લગ્નિત થઇ ગયાં અને ચોમેરથી તેઓને મુબારકબાદી અપાઈ.

અગાશીમાંથી જગદીશ અને વનમાલા રોશની નિહાળતાં હતાં. ચોમેર હાસ્યકિલ્લોલ છલકી રહ્યાં હતાં. આખું યે અમૃત-નગર આજ ઉત્સવની મનોદશામાં હતું. વનમાલા ઘડીકમાં રોશની જોતી, ઘડીકમાં સૌનાં હાસ્યધ્વનિ સાંભળતી; અને ઘડીકમાં જગદીશના મુખ તરફ જોતી હતી. એના વદન પરનું હાસ્ય સમાતું નહતું. એનું હૃદય નાચી રહેતું હતું.

"જગદીશ." એકાએક તેની અડોઅડ આવીને ઉભી રહેતાં તે બોલી: "આજ આખરે હું મારા મનની મુરાદ પાર પાડી શકી."

"એનું કારણ જાણે છે, વનમાલા ?"

"હા. એનું કારણ તમે છો–તમારો અટલ પ્રેમ છે."

"પ્રેમ ! અહા ! પ્રેમ ! વનમાલા, મારા જ પ્રેમની વાત કેમ કરે છે ? તારો પ્રેમ પણ આ સુખને આભારી છે. તેં સંસાર તરફ પ્રેમની દૃષ્ટિથી જોયું તેનું આ પરિણામ છે. પ્રેમની દૃષ્ટિ જ્યાં સુધી તારી પાસે નહતી–એમ કહું કે, પ્રેમની પ્રતિજ્ઞા નહતી, ત્યાં સુધી તારી ઈચ્છા ફળીભૂત થઇ નહીં."

"તમે સાચું કહો છો. પ્રેમની પ્રતિજ્ઞાજ સર્વદા સફળ થાય છે. અને વેરની પ્રતિજ્ઞા નિષ્ફળ નીવડે છે. હું કલકત્તાથી વેરની જ્વાલાથી સળગતી આવી હતી. અહીં આવી તો પિતાજીના પરમ પવિત્ર શીતલ જલધર સમાન પ્રેમની વૃષ્ટિ થઈ રહેલી હતી. એ પ્રેમ-વૃષ્ટિએ મારૂં વેર ઠંડું પાડી દીધું. નિષ્ફળ બનાવ્યું. બીજી

બાજુ, જગદીશ, તમારો અડગ પ્રેમ હતો. મારી વેરની પ્રતિજ્ઞા થીજી ગઈ–ઠરી ગઈ–નાશ પામી ! અને જ્યારે મેં શ્રી કાશીવિશ્વનાથના મંદિરમાં પ્રેમની પ્રતિજ્ઞા લીધી ત્યારથી હું સકળ સુખ પામી. શાણાઓ કહે છે કે, સંપૂર્ણ સુખસમૃદ્ધિ ટકતી નથી. શું મારું આ સુખ ટકશે ? "

"અવશ્ય. જ્યાં સુધી પ્રેમ હશે ત્યાં સુધી તે ટકશે જ."

"કહો જોઈએ, તમારો પ્રેમ ક્યાં સુધી ટકશે ? "

"જિંદગી પર્યંત."

"બસ ? એટલી જ ટૂંકી મુદ્દત !" વનમાલા હસી. જગદીશની સામે તે ઉભી રહી. તેના બે ખભાપર તેણે પોતાના કોમળ કર મૂક્યા અને તેની સામે અનિમિષ નયને નિહાળી રહેતી તે કહેવા લાગીઃ "વનમાલાનો પ્રેમ જગદીશ કરતાં વધારે ચઢીઆતો છે; કારણ કે, તે યાવચ્ચંદ્રદિવાકરૌ ટકશે !"

જગદીશ હસ્યોઃ "અહો ! એ તો ઘણું ઉત્તમ ! એ અમર પ્રેમને અંગે તો હું જન્મોજન્મ તારો જ સાથી રહી શકીશ !"*

સમાપ્ત

* વસ્તુ 'ચાર્લ્સ ગૅર્વિસ'ની 'લૉર્ડ ઑફ હીમસેલ્ફ' નવલપરથી સૂચિત. —લેખક